Gujarati/ગુજરાતી

सत्यमेव जयते

# રાષ્ટ્રીય શિક્ષણ નીતિ ૨૦૨૦

## શિક્ષણ મંત્રાલય

### ભારત સરકાર

# અનુક્રમણિકા


| પ્રકરણ | વિષયવસ્તુ | પાના નંબર |
|---|---|---|
| | **પ્રસ્તાવના** | 3 |
| | **વિભાગ I. શાળા શિક્ષણ** | |
| 1 | પ્રારંભિક બાળસંભાળ અને શિક્ષણ (ECCE): અધ્યયનનો પાયો | 8 |
| 2 | મૂળભૂત સાક્ષરતા અને સંખ્યાજ્ઞાન: અધ્યયનની તાતી અને આવશ્યક પૂર્વશરત | 10 |
| 3 | અપવ્યય (ડ્રોપઆઉટ) દર ઘટાડવો અને તમામ સ્તરે શિક્ષણનું સાર્વત્રીકરણ સુનિશ્ચિત કરવું | 12 |
| 4 | શાળામાં અભ્યાસક્રમ અને અધ્યાપનશાસ્ત્ર: અધ્યયન સર્વાંગી, અનુબંધિત, આનંદપ્રદ અને પ્રવૃત્તિમય હોવું જોઈએ | 14 |
| 5 | શિક્ષક | 26 |
| 6 | સમાન અને સર્વસમાવેશક શિક્ષણઃ સર્વોપલબ્ધ અધ્યયન | 32 |
| 7 | શાળા સંકુલ/જૂથ (Cluster)ની સહાયથી કાર્યક્ષમ પ્રશાસન અને અસરકારક રીતે સંસાધનો પૂરા પાડવાની પ્રક્રિયા | 37 |
| 8 | શાળા શિક્ષણ માટે ધારાધોરણો અને પ્રમાણીકરણ | 40 |
| | **વિભાગ II. ઉચ્ચ શિક્ષણ** | |
| 9 | ગુણવત્તાયુક્ત વિશ્વવિદ્યાલયો અને મહાવિદ્યાલયો: ભારતીય ઉચ્ચ શિક્ષણ વ્યવસ્થાપન માટે એક નવો અને ભવિષ્યોન્મુખ દ્રષ્ટિકોણ | 43 |
| 10 | સંસ્થાકીય પુનર્ગઠન અને એકત્રીકરણ | 45 |
| 11 | સર્વાંગી અને બહુવિદ્યાશાખાકીય શિક્ષણ તરફ | 47 |
| 12 | શ્રેષ્ઠત્તમ અધ્યયન વાતાવરણ અને વિદ્યાર્થીઓ માટે સહાયતા | 50 |
| 13 | પ્રેરિત, ઉત્સાહિત અને સક્ષમ અધ્યાપકો | 52 |
| 14 | ઉચ્ચ શિક્ષણમાં સમાનતા અને સમાવેશન | 54 |
| 15 | શિક્ષક પ્રશિક્ષણ | 55 |
| 16 | વ્યાવસાયિક શિક્ષણનું પુન:ગઠન | 57 |
| 17 | નવા રાષ્ટ્રીય સંશોધન પ્રતિષ્ઠાન દ્વારા દરેક ક્ષેત્રમાં ગુણવત્તાયુક્ત શૈક્ષણિક સંશોધનને ઉત્પ્રેરણા | 59 |
| 18 | ઉચ્ચ શિક્ષણની નિયમનકારી પ્રણાલીમાં આમૂલ પરિવર્તન | 61 |
| 19 | ઉચ્ચ શિક્ષણ સંસ્થાઓ માટે અસરકારક પ્રશાસન અને નેતૃત્વ | 65 |
| | **વિભાગ III. અન્ય કેન્દ્રવર્તી શિક્ષણક્ષેત્રો** | |

| | | |
|---|---|---|
| 20 | વ્યવસાયિક શિક્ષણ | 66 |
| 21 | પ્રૌઢ શિક્ષણ અને આજીવન અધ્યયન | 67 |
| 22 | ભારતીય ભાષાઓ, કલા અને સંસ્કૃતિનું સંવર્ધન | 70 |
| 23 | તકનીકીનો ઉપયોગ અને સંકલન | 75 |
| 24 | ઓનલાઇન અને વિજાણું (digital) શિક્ષણઃ તકનીકીનો ન્યાયપૂર્ણ ઉપયોગ સુનિશ્ચિત કરવો | 77 |
| **વિભાગ IV : અમલીકરણ વ્યૂહરચના** | | |
| 25 | કેન્દ્રીય શિક્ષણ સલાહકાર બોર્ડનું સશક્તિકરણ | 80 |
| 26 | નાણાંકીય વ્યવસ્થાઃ બધાને પરવડે તેવું ગુણવત્તાયુક્ત શિક્ષણ | 80 |
| 27 | અમલીકરણ | 81 |
| | ટૂંકાક્ષરી | 83 |

## પ્રસ્તાવના

માનવી સક્ષમ બને, સમાન અને ન્યાયી સમાજનો વિકાસ થાય અને રાષ્ટ્રીય વિકાસને પ્રોત્સાહન મળે તે માટે શિક્ષણ એ રાજ્યની મૂળભતૂ જરૂરિયાત છે. ગુણવત્તાયુક્ત સર્વવ્યાપી શિક્ષણ માટે પ્રવેશ ઉપલબ્ધ કરાવવો, આર્થિક વૃદ્ધિ, સામાજિક ન્યાય અને સમાનતા, વૈજ્ઞાનિક પ્રગતિ, રાષ્ટ્રીય એકતા અને સાંસ્કૃતિક સંરક્ષણ વગેરે બાબતો વૈશ્વિક સ્તર પર નેતૃત્વના સંદર્ભમાં ભારતની સતત પ્રગતિ માટે ચાવીરૂપ છે. ઉચ્ચ ગુણવત્તાયુક્ત સર્વવ્યાપી શિક્ષણ એ દેશની સમૃદ્ધ માનવપ્રતિભા અને સંસાધનોનો ઉત્તમ વિકાસ અને સંવર્ધન કરવા માટે તેમજ વ્યક્તિ, સમાજ, રાષ્ટ્ર અને વૈશ્વિક કલ્યાણ માટેનું શ્રેષ્ઠ માધ્યમ છે. આગામી દાયકામાં ભારતમાં વિશ્વના સૌથી વધુ યુવાન લોકોની વસતિ હશે અને તેમને ઉચ્ચ ગુણવત્તાયુક્ત શૈક્ષણિક તકો પ્રદાન કરવાની આપણી ક્ષમતા જ આપણા દેશના ભવિષ્યને નિર્ધારિત કરશે.

સાતત્યપૂર્ણ વિકાસ લક્ષ્યાંકો (Sustainable Development Goals) ૨૦૩૦ (સંયુક્ત રાષ્ટ્રો) ના લક્ષ્યાંક ક્રમાંક ૪ માં પ્રતિબિંબિત અને ભારત દ્વારા ૨૦૧૫ માં અપનાવાયેલ વૈશ્વિક શૈક્ષણિક વિકાસ કાર્યસૂચિ આ પ્રમાણે છે - "વર્ષ ૨૦૩૦ સુધીમાં વિશ્વના બધા જ લોકોને સમાવિષ્ટ અને સમાન ગુણવત્તાયુક્ત શિક્ષણ ઉપલબ્ધ કરાવવું અને જીવનપર્યંત અધ્યયન માટેની તકો ને પ્રોત્સાહન આપવું". આવો ઉચ્ચ ધ્યેય સિદ્ધ કરવા માટે સમગ્ર શિક્ષણ પ્રણાલીના માળખાને નવેસરથી તૈયાર કરવું પડશે જેથી વધુ અસરકારક અધ્યયન કૌશલ્યોનો વિકાસ કરી શકાય અને સાતત્યપૂર્ણ વિકાસ લક્ષ્યાંક ૨૦૩૦ના બધા ધ્યેયો પ્રાપ્ત કરી શકાય.

જ્ઞાન ફલક પર વિશ્વ ઝડપથી બદલાઈ રહ્યું છે. વૈશ્વિક સ્તરે ઉપલબ્ધ બિગ ડેટા, મશીન લર્નિંગ અને આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સ જેવા ક્ષેત્રોમાં થઈ રહેલા ઘણા બધા વૈજ્ઞાનિક અને તકનીકી વિકાસને કારણે એક બાજુ સમગ્ર વિશ્વમાં અયોગ્ય કામદારોની જગ્યાએ યંત્રો કામ કરવા લાગશે અને બીજી બાજુ ડેટા વિજ્ઞાન, કમ્પ્યૂટર સાયન્સ અને ગણિતના ક્ષેત્રોમાં એવા કુશળ વ્યક્તિઓની જરૂરિયાત અને માંગ વધશે કે જેઓ વિજ્ઞાન, સામાજિક વિજ્ઞાન અને માનવ વિદ્યાશાખાના એકથી વધુ ક્ષેત્રનું જ્ઞાન અને લાયકાત ધરાવતા હોય. જળવાયુ પરિવર્તન, વધતા પ્રદૂષણ અને ઘટતા પ્રાકૃતિક સંસાધનોને કારણે આપણે ઊર્જા, પાણી, સ્વચ્છતા વગેરેની આવશ્યકતાઓ પૂરી કરવા માટે નવા નવા માર્ગો શોધવા પડશે અને આ જ કારણથી જીવવિજ્ઞાન, રસાયણવિજ્ઞાન, ભૌતિકવિજ્ઞાન, કૃષિ, જળવાયુવિજ્ઞાન અને સમાજવિદ્યાના ક્ષેત્રમાં નવા કુશળ કામદારોની જરૂર રહેશે. વૈશ્વિક મહામારી અને દેશવ્યાપી રોગચાળાઓનો વધતો ઉપદ્રવ, ચેપી રોગો તેનો સામનો કરવા માટે રસીની શોધ કરવાના ક્ષેત્રમાં સંશોધન માટે બધાં જ રાષ્ટ્રોને એકબીજાના સહકારથી કામ કરવા પ્રેરે છે. બીજી બાજુ આ ઉપદ્રવને કારણે ઊભી થતી સામાજિક સમસ્યા ઓ એટલી સંકુલ છે કે તેના ઉકેલ માટે બહુવિદ્યાશાખાકીય અધ્યયન અનિવાર્ય બનતું જાય છે. માનવ વિદ્યાશાખા અને કલાઓની માંગ વધશે કારણ કે, ભારત એક વિકસિત દેશ બનવાની સાથે સાથે દુનિયાની સૌથી મોટી ત્રણ અર્થવ્યવસ્થા ઓ પૈકીની એક બનવા તરફ અગ્રેસર છે.

રોજગાર ક્ષેત્ર અને વૈશ્વિક વ્યવસ્થા (Ecosystem)માં તીવ્ર ગતિથી આવતાં પરિવર્તનોને કારણે તે જરૂરી થઈ ગયું છે કે બાળકોને જે કંઈ શીખવવામાં આવી રહ્યું હોય તે તો શીખે જ, પણ સાથે સાથે તેઓ શીખતાં રહેવાની કલા પણ શીખે. એટલા માટે શિક્ષણમાં વિષયવસ્તુમાં વધારો કરવાની જગ્યાએ એ વાત પર વધુ ભાર આપવાની જરૂર છે કે બાળકો સમસ્યા ઉકેલ, વિવેચનાત્મક વિચારણા, સર્જનાત્મક વિચારણા કરતાં શીખે તેમજ વિવિધ વિષયો વચ્ચેના આંતરસંબંધો સમજી શકે, કંઈક નવું વિચારતા થાય અને નવી બાબતો અને જ્ઞાનને કેવી રીતે આત્મસાત્ કરવું અને બદલાતી પરિસ્થિતિઓમાં અથવા ક્ષેત્રોમાં તેનો ઉપયોગ કેવી રીતે કરવો તે શીખે. અધ્યાપનશાસ્ત્ર એવું હોવું જોઈએ કે જેથી શિક્ષણ પ્રક્રિયા વધુ અધ્યેતાકેન્દ્રી, વધુ પ્રયોગશીલ, સર્વગ્રાહી, સંકલિત, અન્વેષણ આધારિત, શોધ-પ્રેરિત, ચર્ચા આધારિત, લચીલી અને આવશ્યક પણે રુચિપૂર્ણ હોય. શિક્ષણ અધ્યેતાઓના જીવનના વિવિધ

પાસાઓ અને ક્ષમતાઓનો સંતુલિત વિકાસ કરે તેના માટે અભ્યાસક્રમમાં વિજ્ઞાન અને ગણિતના વિષય સિવાય વિવિધ કલાઓ, શિલ્પ, માનવવિદ્યાશાખાના વિષયો, રમતગમત અને શારીરિક સ્વાસ્થ્ય, ભાષાઓ, સાહિત્ય, સંસ્કૃતિ અને મૂલ્યનો અચૂક સમાવેશ કરવામાં આવે. શિક્ષણથી ચારિત્ર્યનિર્માણ થવું જોઈએ. વિદ્યાર્થીઓમાં નૈતિકતા, તાર્કિકતા, કરુણા અને સંવેદનશી લતા વિકસિત થવી જોઈએ અને તેની સાથે સાથે રોજગાર માટે પણ સક્ષમ બનાવવા જોઈએ.

અધ્યયન નિષ્પત્તિની પ્રવર્તમાન સ્થિત અને શું અપેક્ષિત છે, તે બન્ને વચ્ચેની ખાઈને પૂરવા માટે પૂર્વ -પ્રાથમિક શિક્ષણથી ઉચ્ચ શિક્ષણ સુધી શિક્ષણના તંત્રમાં એકસૂત્રતા લાવવા ઉચ્ચતમ ગુણવત્તા, સમાનતા અને ઐક્ય સાધવા માટે મહત્વના સુધારાઓ પ્રયોજવા પડશે.

વર્ષ ૨૦૪૦ સુધીમાં ભારતમાં એક એવી શિક્ષણ પ્રણાલીનું નિર્માણ કરવાનું લક્ષ્ય હોવું જોઈએ કે, જે વિશ્વની અન્ય કોઈ પણ શિક્ષણ વ્યવસ્થાથી પાછળ ન હોય અને તે ધ્યેયસિદ્ધિ માટે એક એવી વ્યવસ્થાનું નિર્માણ કરીએ કે જેમાં કોઈ પણ સામાજિક અને આર્થિક પરિવેશમાંથી આવતાં વિદ્યાર્થીઓને સમાન રૂપે સર્વોચ્ચ ગુણવત્તાયુક્ત શિક્ષણ ઉપલબ્ધ હોય.

રાષ્ટ્રીય શિક્ષણ નીતિ ૨૦૨૦ એકવીસમી સદીની પહેલી શિક્ષણ નીતિ છે કે, જેનું લક્ષ્ય આપણા દેશના વિકાસ માટેની અનિવાર્ય જરૂરિયાતો પૂરી કરવાનું છે. આ નીતિ ભારતીય શિક્ષણવ્યવસ્થા ના બધા જ પાસાઓ, નિયમન અને શાસકીય પાસાઓ સહિતના, સુધાર અને તેની પુનઃરચના દ્વારા ભારતીય સંસ્કૃતિ અને મૂલ્યો આધારિત, એ ૨૧ મી સદીના શિક્ષણને લગતા ધ્યેયોને અનુરૂપ સાતત્યપૂર્ણ વિકાસ લક્ષ્યાંકો (Sustainable Development Goals) (SDG-4) માટે એક નવી શિક્ષણનીતિનું સર્જન કરવાનો પ્રસ્તાવ રજૂ કરે છે. રાષ્ટ્રીય શિક્ષણ નીતિ પ્રત્યેક વ્યક્તિમાં સમાવિષ્ટ સર્જનાત્મક ક્ષમતાઓના વિકાસ પર વિશેષ ભાર આપે છે. આ નીતિ એ સિદ્ધાંતો પર આધારિત છે કે જેમાં શિક્ષણથી માત્ર સાક્ષરતા અને સંખ્યાજ્ઞાનનું જ નહિ પણ સાથે સાથે ઉચ્ચસ્તરીય તાર્કિક અને સમસ્યા સમાધાન સંબંધી બોધાત્મક ક્ષમતાઓનો પણ વિકાસ થવો જોઈએ. એટલું જ નહિ, પરંતુ તેની સાથે સાથે નૈતિક, સામાજિક અને સાંવેગિક સ્તર પર પણ વ્યક્તિનો વિકાસ આવશ્યક છે.

પ્રાચીન અને સનાતન ભારતીય જ્ઞાન અને વિચારોની સમૃદ્ધ પરંપરાના માર્ગ દર્શનના આધારે નીતિ તૈયાર કરવામાં આવી છે. જ્ઞાન, પ્રજ્ઞા અને સત્યને ભારતીય વિચાર પરંપરા અને ફિલસૂફીમાં સદાય સર્વોચ્ચ માનવલક્ષ્ય માનવામાં આવતું હતું. પ્રાચીન ભારતમાં શિક્ષણનું લક્ષ્ય સાંસારિક જીવન અથવા શાળા બાદના જીવનની તૈયારી માટે માત્ર જ્ઞાન પ્રાપ્ત કરવું એટલું જ નહિ, પરંતુ સંપૂર્ણ આત્મજ્ઞાન અને મુક્તિના રૂપમાં માનવામાં આવતું હતું. તક્ષશિલા, નાલંદા, વિક્રમશિલા અને વલભી જેવા પ્રાચીન ભારતના વૈશ્વિક કક્ષાના સંસ્થાનોમાં અધ્યયનના વિવિધ ક્ષેત્રોમાં શિક્ષણ અને શોધના ઊંચા માનદંડો પ્રસ્થાપિત કરવામાં આવેલા. આ જ શિક્ષણ વ્યવસ્થાએ ચરક, સુશ્રુત, આર્યભટ્ટ, વરાહમિહિર, ભાસ્કરાચાર્ય, બ્રહ્મગુપ્ત, ચાણક્ય, ચક્રપાણિ, દત્તા, માધવ, પાણિની, પતંજલિ, નાગાર્જુન, ગૌતમ, પિંગળા, શંકરદેવ, મૈત્રેયી, ગાર્ગી અને થિરુવલ્લુવર જેવા અનેક મહાનવિદ્વાનોને જન્મ આપ્યો છે. આ વિદ્વાનોનું વૈશ્વિક કક્ષાએ જ્ઞાનના વિવિધ ક્ષેત્રો જેવા કે ગણિત, ખગોળવિજ્ઞાન, ધાતુવિજ્ઞાન, ચિકિત્સાવિજ્ઞાન અને શલ્યચિકિત્સા, બાંધકામ, ઇજનેરી, સ્થાપત્ય, જહાજ નિર્માણ અને દિશાજ્ઞાન, યોગ, લલિતકલા, શતરંજ વગેરેમાં સંરચનાત્મક યોગદાન છે. ભારતીય સંસ્કૃતિ અને દર્શનનો વિશ્વમાં ઘણો પ્રભાવ રહ્યો છે. વૈશ્વિક મહત્વ ધરાવતા આવા સમૃદ્ધ વારસાને ભાવિ પેઢીઓ માટે માત્ર જાળવણી કે સંરક્ષિત ન કરતા આપણી શિક્ષણ વ્યવસ્થા દ્વારા તેના ઉપર સંશોધનકાર્ય થવાં જોઈએ, તેમજ તેને વધુ ને વધુ સમૃદ્ધ કરવી જોઈએ અને તેના અદ્યતન ઉપયોગો વિશે પણ વિચારવું જોઈએ.

શિક્ષણ વ્યવસ્થામાં થઈ રહેલ મૂળભૂત પરિવર્તનના કેન્દ્રમાં આવશ્યકપણે શિક્ષક જ હોવો જોઈએ. શિક્ષણની નવી

નીતિ નિશ્ચિતપણે પ્રત્યેક સ્તર પર શિક્ષકોને સમાજના સર્વાધિક સન્માનપાત્ર અને અનિવાર્ય સભ્યના રૂપમાં પુનઃસ્થાપન કરવામાં મદદ કરશે. કારણ કે, શિક્ષક જ નાગરિકોને, આવનાર પેઢીઓને સાચા અર્થમાં આકાર આપે છે. આ નીતિ દ્વારા શિક્ષકોને સક્ષમ બનાવવા માટે પ્રત્યેક સંભવ પ્રયત્ન કરવાની આવશ્યકતા છે. જેથી તેઓ પોતાના કાર્ય ને અસરકારકપણે કરી શકે. નવી શિક્ષણ નીતિ એ પ્રત્યેક સ્તરે શિક્ષણના વ્યવસાયમાં સૌથી સારા અને તેજસ્વી વ્યક્તિઓની પસંદગી કરવામાં સહાય કરવી પડશે. જેનામાટે તેમની આજીવિકા, સન્માન, માન-મર્યાદા અને સ્વાયત્તતા સુનિશ્ચિત કરવાની સાથે-સાથે વ્યવસ્થામાં ગુણવત્તા નિયંત્રણ અને જવાબદારીની મૂળભૂત પ્રક્રિયાઓ પણ સ્થાપિત કરવી પડશે.

નવી શિક્ષણ નીતિમાં તમામ વિદ્યાર્થીઓ માટે, તેમનું રહેઠાણ ગમે ત્યાં હોય તો પણ, ગુણવત્તાયુક્ત શિક્ષણ વ્યવસ્થા ઉપલબ્ધ કરાવવી પડશે. આ કાર્ય માં દીર્ઘકાળથી હાંસિયામાં ધકેલાઈ ગયેલા સમુદાયો, વંચિતો અને લઘુમતી સમૂહો પર વિશેષ ધ્યાન આપવાની જરૂરિયાત રહેશે. શિક્ષણ એ સમાનતા સુનિશ્ચિત કરવા માટેનું મોટું માધ્યમ છે અને તેના દ્વારા સમાજમાં સમાનતા, સમાવશેન તથા સામાજિક - આર્થિક સ્વરૂપે ગતિશીલતા પ્રાપ્ત કરી શકાય છે. આવા સમુદાયોના તમામ બાળકો માટે પરિસ્થિતિજન્ય મુશ્કેલીઓ હોવા છતાં, પ્રત્યેક શક્ય પ્રયાસ કરવામાં આવે જેના દ્વારા તેઓ શિક્ષણ વ્યવસ્થામાં પ્રવેશ મેળવે અને ઉત્કૃષ્ટ દેખાવ કરી શકે.

આ તમામ બાબતોનો નીતિમાં સમાવેશ કરતી વખતે ભારતનાં સમૃદ્ધ વૈવિધ્ય અને સંસ્કૃતિ પ્રત્યે સન્માન તથા તેની સાથે સાથે દેશની સ્થાનિક અને વૈશ્વિક જરૂરિયાતોને સામેલ કરવી જરૂરી છે. ભારતીય યુવાનોમાં દેશ વિશેની જાણકારી અને તેના વૈવિધ્યપૂર્ણ સામાજિક, સાંસ્કૃતિક અને તકનીકી જરૂરિયાતોના સંદર્ભમાં તેનું કલાવિષયક, ભાષા અને રીતિથી જ્ઞાત અને સબળ મૂલ્યોનું સિંચન કરવા કે જે થકી રાષ્ટ્ર ગૌરવ, આત્મસન્માન, આત્મજ્ઞાન, સહકાર અને ઐક્યને સૂચક પ્રાધાન્યતા આપે.

## અગાઉની શિક્ષણ નીતિઓ

અગાઉની શિક્ષણ નીતિઓમાં શિક્ષણની તકો અને સમાનતાના મુદ્દાઓ પર ધ્યાન કેન્દ્રીત કરવામાં આવ્યું હતું. ૧૯૮૬ ની રાષ્ટ્રીય શિક્ષણ નીતિની અધુરી કાર્યસૂચિને ૧૯૯૨માં સંવર્ધિત કરવામાં આવી કે જેમાં રહેલી અપૂર્તતાઓની પૂર્તિ કરવાનો આ ૧૯૯૨ (એનપીઇ ૧૯૮૬/૯૨) ની નીતિ દ્વારા પૂર્ણ કરવાનો પ્રયત્ન કરવામાં આવ્યો. ૧૯૮૬/૯૨ની શિક્ષણ નીતિ પછી એક મુખ્ય બદલાવ બાળકોને મફત અને ફરજિયાત શિક્ષણના અધિકારનો કાયદો ૨૦૦૯ છે, કે જે સાર્વત્રિક પ્રારંભિક શિક્ષણના ધ્યેયને સૂચક કાયદાકીય અધિકાર આપવા માટેનો હતો.

## આ શિક્ષણ નીતિના સિદ્ધાંતો

શિક્ષણ પ્રણાલીનો ઉદ્દેશ્ય સારા વ્યક્તિત્વને વિકસાવવાનો છે કે જેઓ તર્કસંગત વિચાર અને કાર્ય કરવામાં સક્ષમ હોય, તેમનામાં કરુણા અને સહાનુભૂતિ હોય, સાહસિક અને અડગ હોય, વૈજ્ઞાનિક અભિગમ અને સર્જનાત્મક કલ્પનાશક્તિ હોય, નૈતિક મૂલ્યો પ્રત્યે નિષ્ઠા હોય અને આ સર્વે મૂલ્યો તેમના વ્યક્તિત્વના પાયામાં હોય. આનો ઉદ્દેશ્ય એવા કર્મઠ લોકોને તૈયાર કરવાનો છે કે જેઓ આપણા બંધારણ દ્વારા સૂચિત સમાવેશી અને વૈવિધ્યસભર સમાજના નિર્માણમાં પોતાનું સર્વોત્તમ યોગદાન આપી શકે.

સારી શૈક્ષણિક સંસ્થા એ છે કે જેમાં પ્રત્યેક વિદ્યાર્થીને ભાવપૂર્ણ આવકાર મળે અને તેની વ્યક્તિગત કાળજી લેવાય, જ્યાં એક પ્રકારનું સુરક્ષિત અને પ્રેરણાત્મક શૈક્ષણિક વાતાવરણ હોય, જ્યાં તમામ વિદ્યાર્થીઓને શીખવા માટે વિવિધ પ્રકારના અનુભવો ઉપલબ્ધ કરાવવામાં આવતા હોય, જ્યાં શીખવા માટે સારા મૂળભૂત માળખા અને જરૂરી સંસાધનો ઉપલબ્ધ હોય. આ બધું પ્રાપ્ત કરવું એ પ્રત્યેક શૈક્ષણિક સંસ્થાનું લક્ષ્ય હોવું જોઈએ અને આ સાથે જ વિવિધ સંસ્થાઓ વચ્ચે અને શિક્ષણના પ્રત્યેક સ્તર પર પરસ્પર સાહજિક જોડાણ અને સહકાર આવશ્યક છે.

વ્યાપક સ્તરે શિક્ષણ પ્રણાલીની સાથેસાથે પ્રત્યેક સંસ્થાના માર્ગદર્શન માટેના મૂળભૂત સિદ્ધાંતો નીચે મુજબ છે :

- પ્રત્યેક બાળકની વિશિષ્ટ ક્ષમતાઓની સ્વીકૃતિ, ઓળખ અને તેમના વિકાસ માટે પ્રયત્ન કરવો. - શિક્ષકો અને વાલીઓને પણ વિદ્યાર્થીઓની શૈક્ષણિક અને અન્ય ક્ષમતાઓના સર્વાંગી વિકાસને પ્રોત્સાહન આપવા માટે સંવેદનશીલ બનાવવામાં આવે;
- તમામ વિદ્યાર્થીઓને ધોરણ 3 સુધીમાં મૂળભૂત સાક્ષરતા અને સંખ્યાજ્ઞાન પ્રાપ્ત થાય તે બાબતને સર્વાધિક પ્રાથમિકતા આપવી;
- શિક્ષણ વ્યવસ્થામાં એવી લવચિકતા હોય કે જેથી અધ્યેતાઓ પાસે તેમની શીખવાની રીતો અને અભ્યાસક્રમો પસંદ કરવાની ક્ષમતા હોય અને એ જ રીતે તેઓ પોતાની પ્રતિભા અને રુચિને આધારે જીવનનો માર્ગ પસંદ કરી શકે;
- વિનયન અને વિજ્ઞાન વચ્ચે, શૈક્ષણિક અને સહશૈક્ષણિક પ્રવૃત્તિઓની વચ્ચે, વ્યાવસાયિક અને શૈક્ષણિક વિદ્યાશાખાઓ વચ્ચે કોઈ સ્પષ્ટ ભેદરેખા ઊભી કરવામાં ન આવે, જેથી જ્ઞાનના ક્ષેત્રોમાં જોવા મળતા હાનિકારક ભેદભાવો, અંતરાયોને તથા એકબીજા વચ્ચેની અસંબદ્ધતાને દૂર કરી શકાય;
- સમગ્ર જ્ઞાનના સમન્વય અને એકસૂત્રતાને સુનિશ્ચિત કરવા માટે એક બહુવિદ્યાશાખાકીય જગત માટે વિજ્ઞાન, સામાજિક વિજ્ઞાન, વિવિધ કલાઓ, માનવ વિદ્યાશાખાઓ અને રમતગમતને જોડતું સર્વાંગી અને બહુવિદ્યાશાખાકીય શિક્ષણ;
- ગોખણિયા અને પરીક્ષાલક્ષી અધ્યયનને બદલે સંકલ્પનાત્મક સમજ પર ભાર મૂકવો;
- તાર્કિક નિર્ણયશક્તિ અને નવાચારને પ્રોત્સાહિત કરવા સર્જનાત્મક તથા વિવેચનાત્મક ક્ષમતાનો વિકાસ;
- નૈતિકતા, માનવીય અને બંધારણીય મૂલ્યો જેવા કે સહાનુભૂતિ, સૌજન્ય, બીજાઓ માટે સન્માન, સ્વચ્છતા, લોકશાહી ની ભાવના, સેવાની ભાવના, સાર્વજનિક સંપત્તિ પ્રત્યે સન્માન, વૈજ્ઞાનિક અભિગમ, સ્વતંત્રતા, જવાબદારી, બહુલતાવાદ, સમાનતા અને ન્યાય;
- અધ્યયન-અધ્યાપનના કાર્યમાં બહુભાષિતા અને ભાષાની ભૂમિકાને પ્રોત્સાહન આપવું;
- જીવન કૌશલ્યો જેવા કે પ્રત્યાયન, સહકાર, જૂથકાર્ય અને પરિસ્થિતિને અનુરૂપ કાર્ય કૌશલ્ય;
- વર્તમાન 'કોચિંગનીઆદત' ને પ્રોત્સાહિત કરતી વાર્ષિક પરીક્ષા પદ્ધતિને બદલે નિયમિત અને સતત પરીક્ષણ પર ભાર મૂકવો;
- અધ્યયન-અધ્યાપન, ભાષા સંબંધી મુશ્કેલીઓને દૂર કરવા, દિવ્યાંગ વિદ્યાર્થીઓને વધુ સુલભતા આપવા શૈક્ષણિક આયોજન અને પ્રબંધનમાં ટૅકનૉલૉજીના ઉપયોગ પર ભાર;
- શિક્ષણ એક સહવર્તી વિષય છે તે હંમેશાં ધ્યાનમાં રાખીને તમામ પાઠ્યક્રમ, અધ્યાપનશાસ્ત્ર અને નીતિઓમાં વિવિધતા, સ્થાનિક સંદર્ભો માટે સન્માન;
- તમામ શૈક્ષણિક નિર્ણયોના મૂળમાં સંપૂર્ણ સમાનતા અને સમાવેશ ન હોવા જોઈએ જે શિક્ષણ વ્યવસ્થામાં દરેક વિદ્યાર્થીની સફળતા સુનિશ્ચિત કરે;
- બાળસંભાળથી શાળા શિક્ષણ અને ઉચ્ચ શિક્ષણ એમ શિક્ષણના તમામ સ્તરે અભ્યાસક્રમમાં સંવાદિતા;
- શિક્ષકો અને અધ્યાપકોને અધ્યયન પ્રક્રિયાનું હાર્દ માનવા એટલે તેમની નિયુક્તિ, તેમનો સતત વ્યાવસાયિક વિકાસ, કામના સ્થળે સકારાત્મક વાતાવરણ તથા સેવાવિષયક જોગવાઈ;


- શિક્ષણ પ્રણાલીની નિષ્ઠા, પારદર્શિતા અને સંસાધન કાર્ય ક્ષમતાઓનું અન્વેષણ અને સાર્વજનિક ઉપલબ્ધતા સુનિશ્ચિત કરવા માટે એક સરળ છતાં ચુસ્ત નિયમન માળખું રચવું. સાથેસાથે સ્વાયત્તતા, સારું પ્રશાસન અને સશક્તિકરણના માધ્યમથી નવા વિચાર અને ઘરેડ બહારના વિચારોને પ્રોત્સાહિત કરવા;
- ગુણવત્તા પૂર્ણ શિક્ષણ અને વિકાસ માટે ઉત્કૃષ્ટ કક્ષાના સંશોધન;
- સાતત્યપૂર્ણ સંશોધન અને નિયમિત પરીક્ષણ આધારિત પ્રગતિની શિક્ષણ ક્ષેત્રના તજ્જ્ઞો દ્વારા સતત સમીક્ષા;
- ભારતના સમૃદ્ધ, વૈવિધ્યસભર, પ્રાચીન અને આધુનિક સંસ્કૃતિ અને જ્ઞાન રીતરિવાજો તેમજ પરંપરાઓ પ્રત્યે ગર્વ અને ઘનિષ્ઠતા;
- શિક્ષણ એક જાહેર સેવા છે; ગુણવત્તાયુક્ત શિક્ષણ મેળવવુ એ દરેક બાળકનો મૂળભતૂ અધિકાર છે;
- સબળ અને ઊર્જાવાન જાહેર શિક્ષણ વ્યવસ્થા માં મૂડીરોકાણ માટે સેવાભાવી ખાનગી એકમો અને સમુદાયિક સહભાગીતાને પ્રોત્સાહન અને સુવિધાઓ આપવી.

### આ શિક્ષણ નીતિ નું દર્શન

રાષ્ટ્રીય શિક્ષણ નીતિનુ એવુ દર્શન છે કે શિક્ષણ વ્યવસ્થા ના પાયામાં ભારતીય સંસ્કૃતિના મૂલ્યો હોય, જે તમામ નાગરિકો ને ઉચ્ચ ગુણવત્તાયુક્ત શિક્ષણ પૂરું પાડી શકે, ભારતને વિશ્વની જ્ઞાન મહાશક્તિ બનાવીને ભારતને એક જીવંત અને ન્યાયી જ્ઞાનાર્જિત સમાજમાં પરિવર્તિત કરવામાં પ્રત્યક્ષ યોગદાન આપવું. રાષ્ટ્રીય શિક્ષણ નીતિ સુનિશ્ચિત કરવા માગે છે કે આપણી શિક્ષણ સંસ્થાઓના અભ્યાસક્રમ અને શિક્ષણ પદ્ધતિઓ દેશના વિદ્યાર્થીઓમાં ભારતના બંધારણમાં નિહિત મૂળભૂત ફરજો અને મૂલ્યો પ્રત્યે અત્યંત આદરની ભાવના વિકસાવે,તેમજ સતત પરિવર્તનશીલ વિશ્વ અને દેશના પરિપ્રેક્ષ્યમાં પોતાની જવાબદારીઓ અને ભૂમિકાઓ પ્રત્યે તેમને સભાન બનાવે અને સાથેસાથે તેઓ દેશ સાથેનું પોતાનું વ્યક્તિગત તાદત્મ્ય અનુભવે. રાષ્ટ્રીય શિક્ષણ નીતિ ભારતના વિદ્યાર્થીઓમાં ભારતીય હોવાની એક ઊંડા ગૌરવની ભાવના કેળવવા માગે છે,માત્ર વિચારોમાં જ નહીં પરંતુ મન, વચન અને કર્મમાં સદૈવ આ ભાવના જળવાઈ રહેવી જોઈએ તેમજ એવા કૌશલ્યો, જ્ઞાન, મૂલ્યો અને મનોવલણોનો વિકાસ કરવો કે જેથી તે માનવ અધિકારો, સાતત્યપૂર્ણ વિકાસ અને વિશ્વબંધુત્વ જેવા સંવેદનશીલમુદ્દાઓ પ્રત્યે જવાબદારીપૂર્ણ પ્રતિબદ્ધતા કેળવે અને સાચા અર્થમાં વિશ્વ માનવ બને.

## વિભાગ - I. શાળા શિક્ષણ

આ નીતિ વર્તમાન શાળા શિક્ષણના ૧૦+૨ ના માળખાને ૩-૧૮ વર્ષ નાં વિદ્યાર્થીઓ માટે નવા અભ્યાસક્રમ અને અધ્યાપનશાસ્ત્રના આધાર પર ૫+ ૩+ ૩+૪ ની નવી વ્યવસ્થા માં પુનઃગઠિત કરવાનો નિર્દેશ કરે છે જે નીચેની આકૃતિમાં દર્શાવેલ છે અને તેની વિસ્તૃત સમજ પ્રકરણ ૪ માં આપવામાં આવી છે.




વર્તમાન ૧૦+૨ શૈક્ષણિક માળખામાં ૩-૬ વયજૂથનાં બાળકોનો સમાવેશ થતો નથી. કારણ કે, ધોરણ ૧ માં પ્રવશે લેતી વખતે વિદ્યાર્થીઓ ૬ વર્ષનાં હોય છે નવા ૫+ ૩+ ૩+૪ માળખામાં, ૩ વર્ષ ની ઉંમરથી જ પ્રારંભિક બાળ સંભાળ અને શિક્ષણનો સમાવશે કરવામાં આવ્યો છે જેનો ધ્યેય શરૂઆતથી જ બાળકના સર્વાંગી અધ્યયન, વિકાસ, સુખાકારીનો છે.

## ૧. પ્રારંભિક બાળસંભાળ અને શિક્ષણ (ઈસીસીઈ ECCE): અધ્યયનનો પાયો

**૧.૧.** બાળકના મગજનો ૮૫% વિકાસ ૬ વર્ષ ની ઉંમર સુધીમાં જ થઈ જાય છે.બાળકના મગજનો યોગ્ય વિકાસ તથા શારીરિક વૃદ્ધિ માટે શરૂઆતના ૬ વર્ષ મહત્વપૂર્ણ માનવામાં આવે છે વર્તમાન સમયમાં ખાસ કરીને સામાજિક, આર્થિક રૂપે વંચિત પૃષ્ઠભૂમિ ધરાવતાં કરોડો બાળકો માટે ગુણવત્તા યુક્ત પ્રારંભિક બાળ સંભાળ અને શિક્ષણ ઉપલબ્ધ નથી. એટલે પ્રારંભિક બાળ સંભાળ અને શિક્ષણમાં મૂડીરોકાણ કરવાથી તે દેશના તમામ બાળકોને ઉપલબ્ધ થઈ શકે. જેથી બધાં બાળકોને શિક્ષણ વ્યવસ્થા માં ભાગ લેવાનો અને પ્રગતિ કરવાનો સમાન અવસર મળી શકે સંભવ છે કે, પ્રારંભિક બાળસંભાળ અને શિક્ષણ સમાનતા સ્થાપિત કરવામાં સૌથી શક્તિશાળી માધ્યમ બની શકે ભારતના દરેક બાળકને મોડામાં મોડું ૨૦૩૦ સુધીમાં ગુણવત્તાયુક્ત પ્રારંભિક બાળ સંભાળ અને શિક્ષણ મળી રહે, જેથી સુનિશ્ચિત કરી શકાય કે પહેલા ધોરણમાં પ્રવેશ મેળવનાર દરેક બાળક શાળા શિક્ષણ માટે પૂર્ણ રીતે સજ્જ હોય.

**૧.૨.** પ્રારંભિક બાળ સંભાળ અને શિક્ષણમાં બહુસ્તરીય, બહુઆયામી, લવચિક, પ્રવૃત્તિ આધારિત, રમતગમત અને શોધ આધારિત શિક્ષણનો સમાવશે કરવામાં આવ્યો છે. જેમ કે, મૂળાક્ષરો, ભાષા, સંખ્યા અને ગણતરી, રંગ અને આકાર, વિવિધ રમતો, ઉખાણા અને તાર્કિક વિચારણા તેમજ સમસ્યા ઉકેલની કળા, ચિત્રકામ, વિવિધ હસ્તકલાઓ, નાટક અને કઠપૂતળી, સંગીતકલા તથા અન્ય પ્રવૃત્તિઓનો સમાવેશ થાય છે. આ ઉપરાંત અન્ય પ્રવૃત્તિઓ જેવી કે સામાજિક કાર્ય, માનવસંવેદનશીલતા, યોગ્ય વ્યવહાર, શિષ્ટાચાર, નીતિમત્તા, વ્યક્તિગત અને જાહેર સ્વચ્છતા, સમૂહકાર્ય કરવાની અને પરસ્પર સહકારની ભાવના વિકસાવવા પર ધ્યાન કેન્દ્રીત કરવામાં આવ્યું છે. પ્રારંભિક

બાળસંભાળ અને શિક્ષણનો સમગ્ર ઉદ્દેશ્ય શારીરિક અને મનોશારીરિક વિકાસ, બોધાત્મક વિકાસ, સામાજિક, સાંવેગિક અને નૈતિક વિકાસ, કલાકૌશલ્યો અને સાંસ્કૃતિક વિકાસ, તથા પ્રત્યાયન માટે પ્રારંભિક ભાષા સાક્ષરતા અને સંખ્યા જ્ઞાનના વિકાસમાં મહત્તમ પરિણામો મેળવવાનુ છે.

**૧.૩.** એનસીઇઆરટી દ્વારા ૮ વર્ષ સુધીના બાળકો માટે National Curriculum and Pedagogical Framework for Early Childhood Care and Education (એનસીપીએફસીસીઇ) તૈયાર કરવામાં આવશે. જે બે ભાગમાં વહેંચાયેલુ હશે, ૦-૩ વર્ષ ના બાળકો માટે અને ૩-૮ વર્ષ ના બાળકો માટેનુ માળખુ. જેમાં ઉપરના દિશાનિર્દેશ અનુસાર પ્રારંભિક બાળ સંભાળ અને શિક્ષણના ક્ષેત્રમાં થયેલા રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય નવાચાર અને ઉત્કૃષ્ટ કાર્યપ્રણાલી પરના નવા સંશો ધનોનો સમાવેશ કરવામાં આવશે. ખાસ કરીને ભારતમાં સદીઓથી બાળ શિક્ષણના વિકાસમાં સમૃદ્ધ પરંપરાઓ છે જે સ્થાનિક કક્ષાએ પ્રચલિત છે જેવીકે કે કલા, વાર્તા, કવિતા, રમત, ગીત, અને એવું ઘણું બધું ઉપલબ્ધ છે જેનો સમાવેશ આ માળખામાં કરવામાં આવશે. શિક્ષણનું આ માળખું માતાપિતાની સાથેસાથે આંગણવાડીઓ માટે પણ એક માર્ગદર્શક ના રૂપમાં કામ કરશે.

**૧.૪.** દેશમાં ઉચ્ચ ગુણવત્તા વાળી પ્રારંભિક બાળ સંભાળ અને શિક્ષણ (ઈસીસીઈ ECCE) આપતી સંસ્થાઓની લોકો સુધીની પહોંચ સુનિશ્ચિત કરવા માટે તબક્કાવાર તેને તમામ બાળકો સુધી લઈ જવાનું મહત્ત્વાકાંક્ષી લક્ષ્યછે. સામાજિક અને આર્થિક રીતે પછાત પ્રદેશો અને જિલ્લા ઓ પર વિશેષ ધ્યાન અને પ્રાથમિકતા આપવામાં આવશે. (ક) શરૂઆતથી જ સફળતાપૂર્વક ચાલી રહેલી આંગણવાડીઓ; (ખ) પ્રાથમિક શાળાસંકુલોમાં આવેલી આંગણવાડીઓ; (ગ) પૂર્વ પ્રાથમિક અને પ્રાથમિક સંયુક્ત શાળાસંકુલો; અને (ઘ) બાલમંદીરના માધ્યમથી એમ પ્રારંભિક બાળ સંભાળ અને શિક્ષણ (ઈસીસીઈ ECCE) આપવામાં આવશે. આ બધી જ સંસ્થાઓમાં પ્રારંભિક બાળ સંભાળ અને શિક્ષણના ક્ષેત્રમાં ખાસ તાલીમ પામેલા કર્મચારી/શિક્ષકોઓની ભરતી કરવામાં આવશે.

**૧.૫**. પ્રારંભિક બાળ સંભાળ અને શિક્ષણને સાર્વત્રિક રીતે ઉપલબ્ધ બનાવવા માટે આંગણવાડી કેન્દ્રોને ઉચ્ચ ગુણવત્તા વાળા ભૌતિક સંસાધનો, રમતગમતના અદ્યતન સાધનો અને ઉત્કૃષ્ઠ તાલીમ પામેલા કર્મચારી/શિક્ષકોઓથી સુસજ્જ કરવામાં આવશે. દરેક આંગણવાડીમાં ઉત્તમ કક્ષાના બાંધકામ અને હવાઉજાસવાળાં મકાન તેમજ બાળકોનાં રસરુચિ અને જરૂરિયાતને અનુરૂપ અધ્યા પનના વાતાવરણનું નિર્માણ કરવામાં આવશે. આંગણવાડી કેન્દ્રોનાં બાળકો જુદી જુદી પ્રવૃત્તિ દ્વારા ત્યાંની સ્થાનિક પ્રાથમિક શાળાઓના વિદ્યાર્થી અને શિક્ષકોની મુલાકાત લેશે. જથી આંગણવાડી કેન્દ્રોમાંથી પ્રાથમિક શાળામાં પ્રવેશની તેમની પ્રક્રિયા વધુ સુગમ બને. આંગણવાડીઓને શાળાસંકુલો અને શાળાસમૂહ સાથે સમાવિષ્ટ કરવામાં આવશે. શાળાસમૂહો ના કાર્યક્રમોમાં આંગણવાડીના બાળકો, શિક્ષકો અને વાલીઓને આમંત્રિત કરવામાં આવશેઅને તે જ રીતે આંગણવાડીના કાર્યક્રમોમાં શાળાસમૂહોના બાળકો, શિક્ષકો અને વાલીઓને આમંત્રણ આપવામાં આવશે.

**૧.૬.** પાંચ વર્ષ થી ઓછી વયનું દરેક બાળક એક "પૂર્વ પ્રાથમિક વર્ગ" અથવા "બાલવાટિકા"માં (ધોરણ ૧ પહેલાં) પ્રવેશ કરશે કે જ્યાં પ્રારંભિક બાળ સંભાળ અને શિક્ષણ માટે તાલીમ પામેલા શિક્ષકો અધ્યયન કરાવતા હશે. આ વર્ગો માં મુખ્યત્વે રમતગમત દ્વારા અધ્યયન પર ભાર મુકવામાં આવશે. જનો દ્વારા બાળકોના બૌદ્ધિક, સાંવેગિક અને મનોશારીરિક વિકાસ તેમજ વાચન, લેખન અને ગણન કૌશલ્યો ના વિકાસ પર ધ્યાન આપવામાં આવશે. પ્રાથમિક શાળાઓમાં પૂર્વ પ્રાથમિક વર્ગો ને પણ મધ્યાહ્ન ભોજન યોજનામાં સમાવિષ્ટ કરાશે. આંગણવાડીમાં ચાલતા સ્વાસ્થ્ય તપાસ કાર્યક્રમ તેમજ બાળકના વૃધ્ધિ અને વિકાસની દેખરેખ માટેના કાર્યક્રમો પૂર્વ પ્રાથમિક વર્ગ અને પ્રાથમિક શાળાના વિદ્યાર્થીઓ માટે લાગું કરવામાં આવશે.

**૧.૭.** આંગણવાડીમાં પ્રારંભિક બાળ સંભાળ અને શિક્ષણ (ઈસીસીઈ ECCE) ના શિક્ષક સંવર્ગને તૈયાર કરવા માટે હાલમાં આંગણવાડીમાં કાર્યરત કાર્યકર્તાઓ/શિક્ષકોને એનસીઈઆરટી (NCERT) દ્વારા તૈયાર કરાયેલ અભ્યાસક્રમ

અને શૈક્ષણિક માળખાને અનુરૂપ તાલીમ આપવામાં આવશે. ૧૦+૨ કે તેથી વધારે શૈક્ષણિક લાયકાત ધરાવતા આંગણવાડી શિક્ષકો/ કર્મ ચારીઓને પ્રારંભિક બાળ સંભાળ અને શિક્ષણનો ૬ મહિનાનો સર્ટિફિકેટ કોર્સ કરાવવામાં આવશે. જેમની શૈક્ષણિક લાયકાત ૧૦+૨ કરતાં ઓછી હોય તેમને પ્રારંભિક બાળ સંભાળ અને શિક્ષણમાં ૧ વર્ષ નો ડિપ્લોમા કોર્સ કરાવવામાં આવશે. જેમાં પ્રારંભિક સાક્ષરતા સંખ્યા, અને પ્રારંભિક બાળ સંભાળ અને શિક્ષણ (ઈસીસીઈ ECCE)ના પાસાને આવરી લેવામાં આવશે. આ કાર્ય ક્રમોને દૂરવર્તી શિક્ષણના સ્વરૂપે DTH ચેનલ્સ તેમજ સ્માર્ટ ફોનના માધ્યમથી ચલાવવામાં કરવામાં આવશે, જેથી કર્મચારીઓ રોજિંદા કાર્યો સાથે સરળતાથી યોગ્યતા પ્રાપ્ત કરી શકે. પ્રારંભિક બાળ સંભાળ અને શિક્ષણના આ તાલીમી કાર્યક્રમોનું નિરિક્ષણ શાળા શિક્ષણ વિભાગના Cluster Resource Centers (સીઆરસી CRC) દ્વારા કરવામાં આવશે. જ્યાં મહિનામાં ઓછામાં ઓછું એક વખત આ શિક્ષકો માટે સંપર્ક વર્ગ આયોજન કરશે, જેથી સતત મૂલ્યાંકન થઈ શકે. આવનાર વર્ષોમાં રાજય સરકારો પ્રારંભિક બાળ સંભાળ અને શિક્ષણ માટે જરૂરી વ્યાવસાયિક લાયકાત ધરાવતા શિક્ષકો તૈયાર કરશે અને તે માટે જુદા જુદા સ્તરે જરૂરી વ્યાવસાયિક તાલીમ, સલાહ,માર્ગદર્શન વ્યવસ્થા અને કારકિર્દી માર્ગદર્શનનું આયોજન અને અમલીકરણ કરશે. આ શિક્ષકોને તેમના વ્યવસાય માટે, સુસજ્જ બનાવવા તેમજ તેમના સતત વ્યાવસાયિક વિકાસ માટે જરૂરી સગવડો અને સવલતો પૂરી પાડવામાં આવશે.

**૧.૮.** પ્રારંભિક બાળ સંભાળ અને શિક્ષણને આદિવાસી વિસ્તારોમાં આવેલી આશ્રમ શાળાઓ તેમજ વૈકલ્પિક શિક્ષણની તમામ વ્યવસ્થાઓમાં તબક્કાવાર શરૂ કરવામાં આવશે.પ્રારંભિક બાળ સંભાળ અને શિક્ષણની આશ્રમ શાળાઓમાં સંકલન અને અમલીકરણ ઉપર જણાવેલ પદ્ધતિથી કરવામાં આવશે.

**૧.૯.** પ્રારંભિક બાળ સંભાળ અને શિક્ષણની અભ્યાસક્રમ સંરચના અને શિક્ષણ વ્યવસ્થા નક્કી કરવાની જવાબદારી માનવ સંસાધન વિકાસ મંત્રાલય (MHRD)ની રહેશે. કારણ કે, પ્રાથમિક શાળાના માધ્યમથી પૂર્વ પ્રાથમિક શાળા સુધીની એકસૂત્રતા સુનિશ્ચિત થઈ શકે અને શિક્ષણની મૂળભૂત બાબતો પર ધ્યાન કેન્દ્રીત કરી શકાય. પ્રારંભિક બાળ સંભાળ અને શિક્ષણનું આયોજન અને અમલીકરણ માનવ સંસાધન વિકાસ મંત્રાલય (MHRD), મહિલા અને બાળ વિકાસ મંત્રાલય (Women and Child Development), આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રાલય (Health and Family Welfare) તથા આદિ જાતિ મંત્રાલય (Tribal Affairs) દ્વારા સંયુક્ત રીતે હાથ ધરવામાં આવશે. પ્રારંભિક બાળ સંભાળ અને શિક્ષણને શાળા શિક્ષણમાં દાખલ કરવાની પ્રક્રિયામાં સતત માર્ગદર્શન મળી રહે તે માટે એક ટાસ્ક ફોર્સ (Task Force)ની રચના કરવામાં આવશે.

## ૨. મૂળભૂત સાક્ષરતા અને સંખ્યાજ્ઞાન: અધ્યયનની તાતી અને આવશ્યક પૂર્વશરત

**૨.૧.** તમામ વિદ્યાર્થીઓ માટે વાચન, લેખન અને ગણન કૌશલ્યો એ બધા જ પ્રકારના શાળાકીય શિક્ષણ અને જીવનપર્યંત અધ્યયન માટેની મૂળભૂત અને અનિવાર્ય પૂર્વશરત છે. જોકે, વિવિધ સરકારી અને બિનસરકારી સર્વેક્ષણો સૂચવે છે કે, આપણે હાલમાં અધ્યયન સંબંધિત એક ગંભીર સમસ્યાનો સામનો કરી રહ્યા છીએ; વર્તમાન સમયમાં પ્રાથમિક શાળાઓમાં અભ્યાસ કરતાં ૫ કરોડથી પણ વધુ બાળકો આજે પણ મૂળભૂત સાક્ષરતા અને સંખ્યાજ્ઞાન ધરાવતાં નથી. એટલે કે એવાં બાળકો સરળ લેખનું વાચન અને અર્થગ્રહણ અને ભારતીય અંકના સરવાળા અને બાદબાકી જેવી સાદી ગણન ક્રિયાઓ કરી શકતાં નથી.

**૨.૨.** તમામ બાળકો મૂળભૂત સાક્ષરતા અને સંખ્યાજ્ઞાન પ્રાપ્ત કરે તે દેશનું તાકીદનું રાષ્ટ્રીય અભિયાન બની રહેશે. આ માટે વિવિધ સ્તરે તાત્કાલિક પગલાં લેવામાં આવશે અને સ્પષ્ટ લક્ષ્યાંકોને ટૂંકા સમયમાં સિદ્ધ કરવામાં આવશે. (જેમાં પ્રત્યેક વિદ્યાર્થી ધોરણ ૩ સુધીની મૂળભૂત સાક્ષરતા અને સંખ્યાજ્ઞાન જરૂરથી પ્રાપ્ત કરે તે સમાવિષ્ટ છે). વર્ષ

૨૦૨૫ સુધીમાં પ્રાથમિક શાળાઓનાં બાળકો સાર્વત્રિક મૂળભૂત સાક્ષરતા અને સંખ્યાજ્ઞાન પ્રાપ્ત કરે તે બાબત શિક્ષણ પ્રણાલીની સર્વોચ્ચ પ્રાથમિકતા હશે. શીખવાની મૂળભૂત જરૂરિયાતો (અર્થાત્ મૂળભૂત વાચન, લેખન અને અંકગણિત)ને સિદ્ધ કરવાથી જ આપણા વિદ્યાર્થીઓ માટે બાકીની નીતિ પ્રાસંગિક રહેશે. આ માટે માનવ સંસાધન વિકાસ મંત્રાલય (**MHRD**) દ્વારા તાત્કાલિક ધોરણે **National Mission on Foundational Literacy and Numeracy (એનએમએફએલએન)** ની સ્થાપના કરવામાં આવશે. તે અનુસાર બધી જ રાજ્ય/કેન્દ્રશાસિત પ્રદેશની સરકારો તમામ પ્રાથમિક અને ઉચ્ચતર પ્રાથમિક શાળાઓમાં વર્ષ ૨૦૨૫ સુધીમાં સાર્વત્રિક મૂળભૂત સાક્ષરતા અને સંખ્યાજ્ઞાન પ્રાપ્ત કરવા માટે સિદ્ધ કરવા જરૂરી એવાં જુદાજુદા સ્તરે લક્ષ્યો નિર્ધારિત કરશે અને તેના અમલીકરણની યોજના તાત્કાલિક ધોરણે તૈયાર કરશે. આ આખી પ્રક્રિયાનું ખૂબ કાળજીપૂર્વક દેખરેખ અને મૂલ્યાંકન થશે.

**૨.૩.** શિક્ષકોની ખાલી જગ્યાઓને સૌપ્રથમ તાત્કાલિક ધોરણે સમયબદ્ધ રીતે ભરવામાં આવશે. ખાસ કરીને પછાત તેમજ એવા વિસ્તારો કે જ્યાં શિક્ષકો દીઠ વિદ્યાર્થીઓનું પ્રમાણ વધુ છે, અથવા જ્યાં સાક્ષરતા દર ઓછો છે, એવી શાળાઓમાં સ્થાનિક શિક્ષક અથવા સ્થાનિક ભાષાથી પરિચિત શિક્ષકોને નિયુક્ત કરવા ભારતીય શિક્ષક પ્રશિક્ષણ સંસ્થાન પર વિશેષ ધ્યાન આપવામાં આવશે. દરેક શાળામાં વિદ્યાર્થી-શિક્ષક ગુણોત્તર (**pupil-teacher ratio પીટીઆર)** ૩૦:૦૧ થી ઓછો હોય તેવી વ્યવસ્થા કરવામાં આવશે; એવા ક્ષેત્રમાં કે જેમાં મોટી સંખ્યામાં સામાજિક- આર્થિક રીતે વંચિત વિદ્યાર્થીઓ છે, તે ક્ષેત્રની સંસ્થાઓમાં વિદ્યાર્થી-શિક્ષક ગુણોત્તર (**Pupil-Teacher Ratio પીટીઆર)** ૨૫: ૦૧ ની નીચે રાખવાનું લક્ષ્ય રખાશે. મૂળભૂત સાક્ષરતા અને સંખ્યાજ્ઞાન આપવા માટે, સતત વ્યાવસાયિક વિકાસ સાથે - શિક્ષકોને તાલીમ આપવામાં આવશે, પ્રોત્સાહિત કરવામાં આવશે અને વિશેષ સહકાર આપવામાં આવશે.

**૨.૪.** અભ્યાસક્રમમાં મૂળભૂત સાક્ષરતા અને સંખ્યાજ્ઞાન પર વિશેષ ધ્યાન અપાશે જેમાં ખાસ કરીને વાચન, લેખન, કથન, ગણતરી, અંકગણિત, અને ગાણિતિક વિચારનો સમાવેશ થાય છે. સમગ્ર પૂર્વપ્રાથમિક, પ્રારંભિક અને ઉચ્ચ પ્રાથમિક શાળાના દરેક વિદ્યાર્થીના વ્યક્તિગત અધ્યયન ધ્યેયોને સિદ્ધ કરવા માટે તેમજ તેમની અધ્યયન પ્રગતિની દેખરેખ રાખવા માટે સતત સર્વગ્રાહી અધ્યયનલક્ષી મૂલ્યાંકનની એક કાર્યક્ષમ પ્રણાલી ઊભી કરવામાં આવશે. દરરોજ નિયત કરેલા કલાકો અને જે તે વિષયોને લગતી પ્રવૃત્તિઓ તેમજ વર્ષભરના નિયમિત કાર્યક્રમો વિદ્યાર્થીઓને સતત પ્રોત્સાહન આપતા રહેશે. મૂળભૂત સાક્ષરતા અને સંખ્યાજ્ઞાન પર નવો ભાર મૂકવા માટે શિક્ષક પ્રશિક્ષણ અને પ્રાથમિક ધોરણોના અભ્યાસક્રમની સંરચના નવેસરથી તૈયાર કરવામાં આવશે.

**૨.૫.** હાલમાં, પ્રારંભિક બાળસંભાળ અને શિક્ષણ (**ઈસીસીઈ ECCE)**ની સાર્વત્રિક ઉપલબ્ધિ ન હોવાને કારણે, ધોરણ ૧ ના મોટાભાગનાં બાળકો શરૂઆતના થોડાં અઠવાડિયામાં જ પોતાના સાથી વિદ્યાર્થીઓથી અભ્યાસમાં પાછળ રહી જાય છે. આ સમસ્યાનો ઉકેલ લાવવા **એનસીઈઆરટી** અને **એસસીઈઆરટી** દ્વારા ટૂંકા ગાળાનું ૩ મહિનાનું રમતગમત આધારિત 'શાળા તૈયારી મોડ્યુલ' ધોરણ ૧ ના બધા વિદ્યાર્થીઓ માટે વિકસિત કરવામાં આવશે. જેમાં, મૂળાક્ષરો, ધ્વનિ, શબ્દ, રંગ, આકાર અને સંખ્યા આધારિત પ્રવૃત્તિઓ અને વર્કબુકનો સમાવેશ થાય છે. આ મોડ્યુલના અમલીકરણ માટે સહપાઠીઓ તથા માતાપિતાનો સહયોગ લેવામાં આવશે. આ પ્રક્રિયાથી વિદ્યાર્થીઓને શાળા શિક્ષણ માટે તૈયાર થવામાં મદદ મળશે.

**૨.૬.** મૂળભૂત સાક્ષરતા અને સંખ્યાજ્ઞાન શીખવા માટેના ઉચ્ચ ગુણવત્તાવાળા સંસાધનો ડિજિટલ પ્લૅટફૉર્મ લાગુ કરવામાં કરવામાં આવશે. **(Digital Infrastructure for Knowledge Sharing – DIKSHA દીક્ષા)** પર રાષ્ટ્રીય જ્ઞાન ભંડાર તરીકે ઉપલબ્ધ કરાવવામાં આવશે. શિક્ષકો અને વિદ્યાર્થીઓ વચ્ચેના કોઈપણ ભાષા અને પ્રત્યાયન સંબંધી અવરોધોને દૂર કરવા માટે પ્રાયોગિક તબક્કામાં શિક્ષકોને વિશિષ્ટ તકનીકી સહાય કરવામાં આવશે.

**૨.૭.** પ્રવર્તમાન અધ્યયન સંકટની ગંભીરતાને કારણે સાર્વત્રિક મૂળભૂત અક્ષરજ્ઞાન અને સંખ્યાજ્ઞાનના ધ્યેયને સિદ્ધ કરવાના અભિયાનમાં શિક્ષકોને દરેક રીતે મદદ કરવામાં આવશે. વિશ્વમાં ઉપલબ્ધ સંશોધનો પરથી સાબિત થયું છે કે

પોતાના વર્ગમાં સહપાઠી સાથે વાતચીત કે પ્રવૃત્તિ દ્વારા થતું અધ્યયન (**One-to-One Peer Tutoring)** ફક્ત અધ્યેતાઓને જ નહિ પણ શિક્ષકના પક્ષે પણ ખૂબ અસરકારક સાબિત થઇ શકે છે. આમ, પીઅર ટ્યૂટરિંગને સ્વેચ્છાએ, તાલીમી શિક્ષકની દેખરેખ હેઠળ, સલામતીનું સંપૂર્ણ ધ્યાન રાખી સહપાઠીઓ સાથે મળીને કરવામાં આવતી આનંદદાયક પ્રવૃત્તિ તરીકે અપનાવી શકાય. શિક્ષણના ઉચ્ચ કક્ષાના ધ્યેયોમાં સામેલ થવા સ્થાનિક સમુદાય અને તે સિવાયના તાલીમ પામેલા સ્વયંસેવકોને માટે પણ સરળ બનાવી શકાય. સમુદાયની દરેક સાક્ષર વ્યક્તિ એક વિદ્યાર્થી/વ્યક્તિને વાચન શીખવવા માટે સંકલ્પિત બને તો દેશનું ચિત્ર ખૂબ ઝડપથી બદલાઈ જાય. રાષ્ટ્રીય મૂળભૂત અક્ષરજ્ઞાન અને સંખ્યાજ્ઞાનના ધ્યેયને પ્રોત્સાહિત કરવા રાજ્ય સરકારો સહપાઠીસહઅધ્યયન અને સ્વૈચ્છિક પ્રવૃત્તિઓને વેગ આપવા માટે નવીન મોડેલ વિકસાવવાનું સુનિશ્ચિત કરી શકે.

**૨.૮.** બધા જ સ્તરના વિદ્યાર્થીઓ માટે તમામ સ્થાનિક અને ભારતીય ભાષાઓમાં ઉચ્ચ ગુણવત્તાવાળા અનુવાદ (જરૂર મુજબ તકનીકી સહાય) દ્વારા આનંદપ્રદ અને પ્રેરણાદાયી પુસ્તકો વિકસાવવામાં આવશે અને તેમને શાળાના તથા સ્થાનિક જાહેર પુસ્તકાલયોમાં વ્યાપકપણે ઉપલબ્ધ કરાવવામાં આવશે. દેશભરમાં વાચનનું વાતાવરણ ઊભું કરવા માટે જાહેર અને શાળાના પુસ્તકાલયોનું નોંધપાત્ર રીતે વિસ્તરણ કરવામાં આવશે. ડિજિટલ લાઇબ્રેરીઓ પણ સ્થાપિત કરવામાં આવશે. શાળા સિવાયના કલાકો દરમિયાન સમુદાયની સેવા માટે - ખાસ કરીને ગામડાઓમાં - શાળા પુસ્તકાલયો સ્થાપવામાં આવશે, અને બહોળા વાચનને પ્રોત્સાહન આપવા માટે બુક ક્લબ સ્થાપી તેના સભ્યો જાહેર તથા શાળા પુસ્તકાલયોમાં આ અંગે સભાનું આયોજન કરી શકે છે. એક રાષ્ટ્રીય પુસ્તક પ્રોત્સાહન નીતિ ઘડવામાં આવશે અને દેશભરમાં ભાષાઓ, સ્તરો અને શૈલીઓ પર પુસ્તકોની પ્રાપ્યતા, ઉપલબ્ધતા, ગુણવત્તા અને વાચકોની વ્યવસ્થા કરવા માટે વ્યાપક પહેલ કરવામાં આવશે.

**૨.૯.** બાળકો કુપોષિત અથવા અસ્વસ્થ હોય ત્યારે શ્રેષ્ઠ રીતે શીખવામાં અસમર્થ હોય છે. તેથી તાલીમબદ્ધ સામાજિક કાર્યકરો, સલાહકારો અને શાળા પ્રણાલીમાં સમુદાયની સહભાગિતાથી પૌષ્ટિક ભોજન દ્વારા બાળકોના પોષણ અને આરોગ્ય (માનસિક સ્વાસ્થ્ય સહિત) પર ધ્યાન આપવામાં આવશે. આ ઉપરાંત અન્ય વિવિધ ઉપાયોના માધ્યમથી કાર્ય કરવામાં આવશે. તમામ શાળાઓના બાળકો શાળા દ્વારા આયોજિત નિયમિત આરોગ્ય ચકાસણીમાં ભાગ લેશે અને તે માટે બાળકોને આરોગ્ય કાર્ડ આપવામાં આવશે. આ સિવાય ઘણા સંશોધનોથી ધ્યાનમાં આવ્યું છે કે, સવારના પૌષ્ટિક નાસ્તા પછી કેટલાક કલાકોમાં ઘણા અઘરા વિષયોનું અધ્યયન વધુ અસરકારક રહે છે. જો સવાર અને બપોરના ગાળા દરમિયાન પૌષ્ટિક નાસ્તો અને ભોજન આપવામાં આવે તો, આ ઉત્પાદક અને પ્રભાવી સમયનો લાભ લઈ શકાય. જ્યાં રાંધેલા ગરમ ભોજનની વ્યવસ્થા શક્ય નથી ત્યાં એક સરળ પણ પૌષ્ટિક ભોજન, દા.ત. મગફળી કે ચણા ગોળ સાથે અને/અથવા સ્થાનિક ફળ આપી શકાય. બધા સ્કૂલનાં બાળકો માટે, ખાસ કરીને શાળાઓમાં ૧૦૦% રોગપ્રતિકારક શક્તિ વિકસાવવા માટે નિયમિત આરોગ્ય તપાસ કરવામાં આવશે અને તેનું નિરીક્ષણ કરવા માટે આરોગ્ય કાર્ડ આપવામાં આવશે.

## 3. અપવ્યય (ડ્રોપઆઉટ) દર ઘટાડવો અને તમામ સ્તરે શિક્ષણનું સાર્વત્રીકરણ સુનિશ્ચિત કરવુ

**૩.૧.** શાળાકીય શિક્ષણના મુખ્ય લક્ષ્યોમાંથી આપણે એ સુનિશ્ચિત કરવું આવશ્યક છે કે બાળકો શાળામાં દાખલ થાય અને તેઓને શાળામાં નિયમિત મોકલવામાં આવે. સર્વ શિક્ષા અભિયાન (હવે સમગ્ર શિક્ષા અભિયાન) અને શિક્ષણનો અધિકાર અધિનિયમ (આરટીઈ) જેવી પહેલ થકી, ભારતે છેલ્લા કેટલાક વર્ષોમાં પ્રાથમિક શિક્ષણમાં પ્રવેશનું સાર્વત્રીકરણ સિદ્ધ કરવામાં નોંધપાત્ર પ્રગતિ કરી છે. તેમ છતાં, સર્વેના આંકડા શિક્ષણ પ્રણાલીમાં બાળકોને ટકવા અંગે કેટલાક ગંભીર મુદ્દાઓ સૂચવે છે. ધોરણ ૬-૮ માટેનો કુલ નોંધણી ગુણોત્તર (જીઈઆર **GER**) ૯0.૯% છે, જ્યારે ધોરણ ૯-૧૦ અને ૧૧-૧૨ માટે તે અનુક્રમે માત્ર ૭૯.3% અને ૫૬.૫% હતો. આ આંકડા દર્શાવે છે કે નોંધપાત્ર

પ્રમાણમાં વિદ્યાર્થીઓ ધોરણ ૫ પછી અને ખાસ કરીને ધોરણ ૮ પછી શાળા છોડી દે છે. **NSSO** દ્વારા ૨૦૧૭-૧૮માં કરવામાં આવેલા પંચોતેરમાં ઘરેલું સર્વે મુજબ ભારતમાં ૬ થી ૧૭ વર્ષની વય જૂથના અને શાળા છોડી દીધી હોય કે ના આવતા હોય એવાં બાળકોની સંખ્યા ૩.૨૨ કરોડ છે. આ બાળકોને વહેલી તકે શિક્ષણ પ્રણાલીમાં પાછા લાવવાની પ્રાથમિકતા રહેશે અને તેની સાથે ૨૦30 સુધીમાં પૂર્વપ્રાથમિકથી માધ્યમિક સ્તરે ૧૦૦% કુલ નોંધણી ગુણોત્તર (જીઈઆર **GER**) ને પ્રાપ્ત કરવાના લક્ષ્ય સાથે, વધુ વિદ્યાર્થીઓને બહાર જતા અટકાવવાના લક્ષ્ય સાથે આગળ વધવું પડશે. અને ભવિષ્યમાં વિદ્યાર્થીઓનો અપવ્યય (ડ્રોપઆઉટ) દર પૂર્વપ્રાથમિકથી લઈને ધોરણ ૧૨ સુધીના શિક્ષણ અને વ્યાવસાયિક શિક્ષણ સહિતના - ગુણવત્તાયુક્ત સર્વાંગી શિક્ષણ મેળવવા માટે, દેશનાં તમામ બાળકોને શિક્ષણ પ્રણાલીમાં પ્રવેશ ઉપલબ્ધ કરાવવા માટે, સમાન તકો આપવા માટે સંગઠિત રાષ્ટ્રીય પ્રયાસ કરવામાં આવશે.

**૩.૨.** શાળા છોડી ગયેલા બાળકોને શાળાએ પાછા લાવવા અને અત્યારે શાળામાં અધ્યયન કરતાં બાળકોને શાળા છોડી જતા અટકાવવા માટે કુલ બે અભિયાન હાથ ધરવામાં આવશે. પ્રથમ અસરકારક અને પૂરતી માળખાકીય સુવિધાઓ પૂરી પાડવી જેથી તમામ વિદ્યાર્થીઓ પૂર્વપ્રાથમિક શાળાથી ધોરણ- ૧૨ સુધીના તમામ સ્તરે સલામત અને અસરકારક શાળા શિક્ષણ મેળવી શકે. શાળા શિક્ષણના દરેક સ્તરે કાયમી પ્રશિક્ષિત શિક્ષકની વ્યવસ્થા કરવા ઉપરાંત, કોઈ પણ શાળામાં માળખાગત સુવિધાઓની ઊણપ ન રહે તે માટે ખાસ કાળજી લેવામાં આવશે. સરકારી શાળાઓની વિશ્વસનીયતા ફરીથી સ્થાપિત કરવામાં આવશે અને આ ધ્યેય સિદ્ધ કરવા માટે જે શાળાઓ પહેલેથી અસ્તિત્વમાં છે તે શાળાઓને અદ્યતન અને વિસ્તૃત કરવામાં આવશે. જ્યાં શાળાઓ અસ્તિત્વમાં નથી ત્યાં વધારાની ગુણવત્તાવાળી શાળાઓનું નિર્માણ કરવામાં આવશે. સલામત અને યથાયોગ્ય વાહનવ્યવહાર અને/અથવા છાત્રાલયોની વ્યવસ્થા ઊભી કરવામાં આવશે (ખાસ કરીને કન્યાઓ માટે), જેથી તમામ બાળકોને ગુણવત્તાવાળી શાળામાં ભાગ લેવાની અને યોગ્ય સ્તરે શીખવાની તક મળે. પ્રવાસી મજૂરોનાં બાળકો અને વિવિધ સંજોગોને લીધે શાળા છોડી દેનારા અન્ય બાળકોને ફરીથી મુખ્ય શિક્ષણપ્રવાહમાં લાવવા માટે વૈકલ્પિક અને નાવીન્યપૂર્ણ શિક્ષણ કેન્દ્રો, સમાજના સહયોગથી ઊભા કરવામાં આવશે.

**3.3.** વિદ્યાર્થીઓના અધ્યયન અને શાળામાં હાજરીની ઝીણવટભરી અને ચોકસાઈપૂર્વક દેખરેખ રાખીને શિક્ષણમાં સાર્વત્રીકરણનું ધ્યેય સિદ્ધ કરવું એ દ્વિતિય અભિયાન રહેશે જેના માટે બે બાબતો જરૂરી બનશે જેવી કે (ક) શાળામાં જે વિદ્યાર્થીઓ દાખલ થાય છે અને તે ઉપસ્થિત રહે (ખ) ડ્રોપઆઉટ બાળકો પાછાં આવે અને ભણવામાં પાછળ રહ્યા હોય તો તેમને મુખ્ય ધારામાં પુનઃ જોડવા માટે પર્યાપ્ત સુવિધાઓ ઉપલબ્ધ કરાવવી. ૧૮ વર્ષ સુધીની વયના તમામ બાળકોને પૂર્વપ્રાથમિકથી ધોરણ ૧૨સુધી સમાન અને ઉચ્ચ ગુણવત્તાયુક્ત શિક્ષણ આપવા માટે આવશ્યક અને યોગ્ય સહાયરૂપ પ્રણાલીઓ ઊભી કરવી. શાળાઓ કે શાળા સંકુલો અને શિક્ષકો સાથે જોડાયેલા સલાહકારો અથવા સારી રીતે પ્રશિક્ષિત સામાજિક કાર્યકરો વિદ્યાર્થીઓ અને તેમના માતાપિતા સાથે સતત કાર્ય કરશે અને શાળામાં શિક્ષણ પ્રાપ્તિને અનુરૂપ વય ધરાવતા બધા બાળકો શાળામાં હાજર રહે અને અધ્યયન કરે તેની તપાસ જુદાજુદા સમુદાયોના લોકો સાથે સંપર્ક કરીને કરાશે. આ મહત્વપૂર્ણ કાર્ય હાથ ધરવામાં મદદ કરવા માટે જાગૃત નાગરિકો, સામાજિક સંસ્થાઓ, સરકારના સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગના પ્રશિક્ષિત અને લાયક સામાજિક કાર્યકરો અને રાજ્ય અને જિલ્લા કક્ષાએ વિકલાંગોના સશક્તિકરણ સાથે કામ કરતા સરકારી કાર્યકરો, રાજ્યની/કેન્દ્રશાસિત પ્રદેશની સરકાર દ્વારા અપનાવવામાં આવતી વિવિધ નવીન યોજનાઓ દ્વારા શાળાઓ સાથે જોડાઈ શકે છે.

**૩.૪.** જરૂરી ભૌતિક સંસાધનોની સગવડ થાય અને વિદ્યાર્થીઓની સક્રિય ભાગીદારીના લક્ષ્યો સિદ્ધ થાય પછી, ગુણવત્તા સુધારણા એ વિદ્યાર્થીઓને ટકાવી રાખવામાં મહત્વની બાબત બની રહેશે જેથી તેઓ (ખાસ કરીને કન્યાઓ અને અન્ય સામાજિક-આર્થિક રીતે વંચિત જૂથોની વિદ્યાર્થિનીઓ) અને તેમના વાલીઓ શાળાએ જવાનો અને સહભાગિતાનો રસ ન ગુમાવે. આ ધ્યેય સિદ્ધ કરવા માટે અપવ્યયનું પ્રમાણ (**Drop Out Rate**) વધુ હોય એવા

વિસ્તારોમાં એવા શિક્ષકની નિમણૂક કરવામાં આવશે કે જે ત્યાંની લોકબોલીથી પરિચિત હોય સાથે સાથે અભ્યાસક્રમમાં પણ ફેરફાર કરીને તેને વધુ રસપ્રદ અને રોજિંદા જીવનમાં ઉપયોગી બનાવવો પડે.

**૩.૫.** સામાજિક-આર્થિક રીતે વંચિત જૂથો (એસડીજીએસ **SEDGs**) પર વિશેષ ભાર મુકીને તમામ વિદ્યાર્થીઓ માટે શીખવાની સુવિધા આપવા માટે, ઔપચારિક અને બિનઔપચારિક બંને શિક્ષણ પદ્ધતિઓનો સમાવેશ કરીને બહુમાર્ગીય અધ્યયન પ્રણાલી ઊભી કરવા માટે શાળા શિક્ષણનો વિસ્તાર વધારવામાં આવશે. મુક્ત દૂરસ્થ અધ્યયન (ઓડીએલ), નેશનલ ઇન્સ્ટિટ્યૂટ ઓફ ઓપન સ્કૂલિંગ (એનઆઇઓએસ **NIOS**) ના વિવિધ શૈક્ષણિક કાર્યક્રમો અને અભ્યાસક્રમો અને સ્ટેટ ઓપન સ્કૂલ (એસઓએસ) નું વિસ્તૃતીકરણ કરી વધુ સક્ષમ અને બળવત્તર બનાવવામાં આવશે જેથી રૂબરૂ શાળામાં હાજર રહી અધ્યયન કરવા સક્ષમ ન હોય તેવા ભારતના યુવાનોની શિક્ષણની જરૂરિયાતોને સંતોષી શકાય. એનઆઇઓએસ **NIOS** અને **State Open Schools** (એસઓએસ **SOS**) હાલના કાર્યક્રમો ઉપરાંત નીચે આપેલા શૈક્ષણિક કાર્યક્રમો વિદ્યાર્થીઓને ઉપલબ્ધ કરાવશે: એ, બી અને સી સ્તરના અભ્યાસક્રમ કે જે ઔપચારિક શાળા શિક્ષણના ધોરણ ૩,૫ અને ૮ની સમકક્ષ; કે ૧૦ અને ૧૨ માધ્યમિક શિક્ષણ અભ્યાસક્રમો; વ્યાવસાયિક શિક્ષણ અભ્યાસક્રમો અને પુખ્ત વયના સાક્ષરતા અને જીવન-સમૃદ્ધિ કાર્યક્રમો. રાજ્યોને સ્ટેટ ઈન્સ્ટિટ્યૂશન્સ ઓફ ઓપન સ્કૂલીંગ (એસઆઇઓ **SIOs**)ની નવી સ્થાપના કરીને અથવા જો પહેલેથી જ હોય તો તેનો વધુ વિકાસ કરીને પ્રાદેશિક ભાષાઓમાં આ તકનો વિકાસ કરવા પ્રોત્સાહિત કરવામાં આવશે.

**૩.૬.** રાજ્ય અને કેન્દ્ર સરકાર તેમજ બિનસરકારી લોકકલ્યાણ માટેની સંસ્થાઓ માટે શાળાઓનું નિર્માણ સરળ બનાવવા; સાંસ્કૃતિક, ભૌગોલિક અને વસ્તીવિશ્લેષણના પરિપ્રેક્ષ્યમાં સ્થાનિક વૈવિધ્યને પ્રોત્સાહિત કરવા માટે; શિક્ષણના વૈકલ્પિક મોડેલોને અમલમાં મૂકવા માટે શાળાઓના આવશ્યકતા સંબંધિત ધારાધોરણો હળવા કરવામાં આવશે. ઇનપુટ કરતાં ક્ષમતા આધારિત અધ્યયન નીપજોરૂપી આઉટપુટ પર વધુ ધ્યાન કેન્દ્રિત કરાશે. ઈનપુટ માટેના અધિનિયમો પ્રકરણ ૮માં દર્શાવેલ કેટલાક ચોક્કસ ક્ષેત્રો સુધી મર્યાદિત રહેશે. શાળાઓ માટેના અન્ય મોડેલોને પણ (જાહેર સંસ્થાઓની તથા લોકકલ્યાણ માટે સંસ્થાઓની ભાગીદારી જેવા) પ્રયોગાત્મક રીતે કામ કરતી શરૂ કરવામાં આવશે.

**૩.૭.** બાળકોના અધ્યયનમાં સુધાર માટે ભૂતપૂર્વ વિદ્યાર્થીઓને સમુદાયના સ્વયંસેવી પ્રયાસોને પ્રોત્સાહિત કરવામાં આવશે. જેમાં શાળાના દરેક વિદ્યાર્થી માટે ટ્યૂટરિંગ, સાક્ષરતા શિક્ષણ અને બીજી મદદ માટે વધારાના વર્ગો આયોજિત કરવા શિક્ષકોને માર્ગદર્શન અને મદદ ઉપલબ્ધ કરાવવામાં આવશે. વિદ્યાર્થીઓને વ્યવસાય સંબંધિત માર્ગદર્શન આપવું, પ્રૌઢ શિક્ષણ કેન્દ્રને પણ સહયોગ આપવામાં આવશે . આ દૃષ્ટિથી શાળાના ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ અને સ્થાનિક સમુદાયના સ્વસ્થ વરિષ્ઠ નાગરિકો દ્વારા વ્યક્તિઓની ઓળખ કરવામાં આવશે. આ હેતુ માટે સાક્ષર સ્વયંસેવકો, સેવાનિવૃત્ત વૈજ્ઞાનિકો/સરકારી/અર્ધ સરકારી કર્મચારીઓ, ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ અને શિક્ષકોની વિસ્તૃત માહિતીનો સંકલિત સંગ્રહ (Data Bank) બનાવવામાં આવશે.

## ૪. શાળામાં અભ્યાસક્રમ અને અધ્યાપનશાસ્ત્ર: અધ્યયન સર્વાંગી, અનુબંધિત, આનંદપ્રદઅને પ્રવૃત્તિમય હોવું જોઈએ

### નવી ૫+૩+૩+૪ સંરચનામાં શાળા અભ્યાસક્રમ અને અધ્યાપનશાસ્ત્રનું પુનર્ગઠન

**૪.૧.** ૩-૮, ૮-૧૧, ૧૧-૧૪ અને ૧૪-૧૮ વર્ષ વયની શ્રેણીને અનુરૂપ, અધ્યેતાના વિકાસના વિવિધ તબક્કે વિકાસ સંબંધિત જરૂરિયાતો અને રસ, રુચિ અને અધ્યયન જરૂરિયાતોને અનુરૂપ તથા સુસંગત શાળાશિક્ષણના અભ્યાસક્રમ અને અધ્યાપનસ્તરના માળખાનું પુનર્ગઠન કરવામાં આવશે. શાળા શિક્ષણના અભ્યાસક્રમ અને અધ્યાપનસ્તરનું માળખું ૫+૩+૩+૪ પ્રમાણે તૈયાર થશે જેમાં; પ્રથમ સોપાન એ પૂર્વપ્રાથમિક એટલે કે મૂળભૂત કે પાયાનું સોપાન છે તે

બે ભાગમાં, એટલે કે, આંગણવાડી/પ્રિ-સ્કૂલમાં ૩ વર્ષ અને પ્રાથમિક શાળામાં ૨ વર્ષ ધોરણ ૧ અને ૨; બંને ભાગ મળીને વિદ્યાર્થીઓના ૩-૮ વર્ષના વયજૂથને આવરી લે છે; દ્વિતીય સોપાન એટલે કે પ્રાથમિક સોપાન ધોરણ ૩-૫ તથા ૮-૧૦ વર્ષના વયજૂથને આવરી લે છે; તૃતીય સોપાન એટલે ઉચ્ચ પ્રાથમિક સોપાન કે જે ૧૧-૧૪ ના વયજૂથ અને ધોરણ ૬-૮ ને આવરી લે છે; અને ચતુર્થ સોપાન એટલે કે માધ્યમિક શિક્ષણ જે ૧૪-૧૮ વર્ષના વયજૂથને તથા ધોરણ ૯-૧૨ને બે તબક્કામાં આવરી લે છે, પ્રથમમાં ૯ અને ૧૦ અને બીજામાં ૧૧ અને ૧૨.

**૪.૨.** એનઇપી NEPના મુદ્દા ક્રમાંક ૧.૨. માં જણાવ્યા પ્રમાણે, પૂર્વપ્રાથમિક સોપાનમાં ૪ વર્ષ પરિવર્તનક્ષમ, બહુસ્તરીય, રમતગમત, પ્રવૃત્તિ આધારિત શિક્ષણ અને પ્રારંભિક બાળ સંભાળ અને શિક્ષણ (ઈસીસીઈ ECCE) ને અનુરૂપ અભ્યાસક્રમ અને અધ્યાપન પદ્ધતિ હશે. પ્રાથમિક શિક્ષણના ૩વર્ષોમાં પૂર્વપ્રાથમિક શિક્ષણના રમતગમત, અન્વેષણ અને પ્રવૃત્તિ આધારિત અભ્યાસક્રમ અને અધ્યાપન પદ્ધતિને ચાલુ રાખવામાં આવશે અને એ ઉપરાંત તેમને ઔપચારિક શિક્ષણથી પરિચિત કરાવવા માટે કેટલાક હળવા વિષયવસ્તુવાળા પાઠ્યપુસ્તકો શીખવવામાં આવશે અને હળવું વર્ગકાર્ય પણ કરાવવામાં આવશે જેમાં વાચન, લેખન, ગણન જેવા ભાષા કૌશલ્યો તેમજ શારીરિક શિક્ષણ, વિવિધ કલાઓ, ગણિત અને વિજ્ઞાન જેવા વિષયનો સમાવેશ કરવામાં આવશે. ઉચ્ચ પ્રાથમિક તબક્કામાં પ્રાથમિક તબક્કાના અધ્યાપનશાસ્ત્ર અને અભ્યાસક્રમની શૈલીને અનુસરીને જ ત્રણ વર્ષ શિક્ષણકાર્ય કરવામાં આવશે, પરંતુ દરેક વિષયમાં વધુ અમૂર્ત ખ્યાલો શીખવવા અને ચર્ચા માટે વિષય નિષ્ણાંત શિક્ષકોની ખાસ નિમણૂક કરવામાં આવશે જેમાં વિજ્ઞાન, ગણિત, વિવિધ કલાઓ, સામાજિકવિજ્ઞાન અને માનવવિદ્યાશાખાના વિષયોનો સમાવેશ થશે. જુદાજુદા વિષયોને અલગ રીતે વિશિષ્ટ પદ્ધતિથી શીખવવા તેમજ આ માટે ખાસ વિષય નિષ્ણાત શિક્ષકોની નિમણૂક કરવા છતાં વિવિધ વિષયો વચ્ચેના આંતરસંબંધો અને જે તે વિષયના અનુભવ આધારિત અધ્યયન પર પણ એટલો જ ભાર મૂકવામાં આવશે. માધ્યમિક શિક્ષણના ચાર વર્ષમાં બહુવિદ્યાશાખાકીય અભ્યાસ પર વધુ ભાર મૂકાશે. ઉચ્ચ પ્રાથમિક સોપાનની અધ્યાપન પદ્ધતિ અને અભ્યાસક્રમને અનુસરવામાં આવશે પરંતુ આ સોપાનમાં દરેક વિષય વધુ ઊંડાણપૂર્વક, વધુ વિવેચનાત્મક અને વિશ્લેષણાત્મક વિચારણા સાથે, જીવનના ઉચ્ચ ધ્યેયો સાથે અનુસંધાન સાધીને તેમજ વિદ્યાર્થીને કેટલાક વિષયોની પસંદગીની તક આપીને શિક્ષણકાર્ય કરવામાં આવશે. ખાસ કરીને જો કોઈ વ્યાવસાયિક કોર્સ કરવો હોય તો વિદ્યાર્થીઓ પાસે ધોરણ ૧૦ પછી બહાર નીકળવાનો વિકલ્પ રહેશે અને તે પછી જો ફરીથી તેમની ઈચ્છા હોય તો ધોરણ ૧૧- ૧૨માં માં પણ જોડાઈ શકશે.

**૪.૩.** ઉપરોક્ત વર્ણવેલ તબક્કાઓ સંપૂર્ણ રીતે અભ્યાસક્રમ અને અધ્યાપનશાસ્ત્ર સંબંધિત છે, જે બાળકોના બોધાત્મક વિકાસના આધારે વિદ્યાર્થીઓના અધ્યયનને શ્રેષ્ઠ બનાવવા માટે રચાયેલ છે; આ સોપાનો દરેક તબક્કે રાષ્ટ્રીય અને રાજ્ય અભ્યાસક્રમ અને અધ્યયન-અધ્યાપન વ્યૂહરચનાના વિકાસને માર્ગદર્શિત કરશે, પરંતુ ભૌતિક સંસાધનોમાં સમાંતર ફેરફારોની જરૂર રહેશે નહીં.

## અધ્યેતાઓનો સર્વાંગી વિકાસ

**૪.૪.** શાળા વ્યવસ્થાના બધા સોપાનોમાં અભ્યાસક્રમ અને અધ્યાપનશાસ્ત્ર સુધારણાનો મુખ્ય હેતુ શિક્ષણ પ્રણાલીની વધુ અસરકારક સમજ અને કેવી રીતે શીખવું તે શીખવાની દિશા તરફ લઈ જવાનો અને વર્તમાન ગોખણપટ્ટી આધારિત અધ્યયનને દૂર કરવાનો છે. શિક્ષણના મુખ્ય ધ્યેય માત્ર બોધાત્મક વિકાસ જ નહીં, પણ ચારિત્ર્યનું નિર્માણ, સર્વાંગી વિકાસ અને ૨૧મી સદી માટે જરૂરી બધા કૌશલ્યોથી સજ્જ વ્યક્તિઓનું નિર્માણ કરવાનો રહેશે. જ્ઞાન એ અંતરના ઊંડાણમાં રહેલો ભીતરનો ખજાનો છે જે વ્યક્તિમાં પહેલેથી જ છે અને શિક્ષણ તેને સંપૂર્ણ રીતે અભિવ્યક્ત થવામાં મદદ કરે છે. આ નિર્ણાયક લક્ષ્યોને પ્રાપ્ત કરવા માટે અભ્યાસક્રમ અને અધ્યાપનશાસ્ત્ર ના તમામ પાસાઓને પુનર્ગઠિત કરવામાં અને સુધારવામાં આવશે. પૂર્વપ્રાથમિક શાળાથી ઉચ્ચ શિક્ષણ સુધીના દરેક તબક્કે એક ચોક્કસ પ્રકારના મૂલ્યો અને કૌશલ્યોની યાદી તૈયાર કરવામાં આવશે જેને અભ્યાસક્રમ અને અધ્યાપન પદ્ધતિ સાથે સાંકળી

લેવામાં આવશે. અધ્યયન અધ્યાપન પદ્ધતિઓ અને વર્ગવ્યવહારોમાંથી આ કૌશલ્યો અને મૂલ્યો વિદ્યાર્થીઓના જીવનમાં ઉતરે એ માટે વિશિષ્ટ રીતે અભ્યાસક્રમ માળખું અને શિક્ષણ પ્રક્રિયાઓ વિકસિત કરવામાં આવશે. NCERT આ આવશ્યક કૌશલ્યો અને મૂલ્યોની યાદી તૈયાર કરશે અને રાષ્ટ્રીય અભ્યાસક્રમ માળખા દ્વારા સમગ્ર શાળા શિક્ષણમાં તેને સમાવવા માટે તેમને વિદ્યાર્થીઓના જીવનમાં ઉતારવા માટેની પદ્ધતિઓનો દિશા નિર્દેશ કરશે.

આવશ્યક અધ્યયન અને નિર્ણાયક વિચારસરણીને વધારવા માટે અભ્યાસક્રમની સામગ્રીમાં ઘટાડો કરશે.

૪.૫. વિશ્લેષણ આધારિત, ચર્ચા આધારિત, અન્વેષણ આધારિત, પ્રશ્નપદ્ધતિ આધારિત, વિવેચનાત્મક વિચારણા આધારિત અને સર્વાંગી અધ્યયન માટે જરૂરી સમય મળે તે માટે અભ્યાસક્રમના વિષયવસ્તુને ઘટાડી માત્ર ચાવીરૂપ અને અતિઆવશ્યક બાબતોનો જ સમાવેશ કરાશે. આ અતિઆવશ્યક વિષયવસ્તુ મુખ્ય સંકલ્પનાઓ, વિચારો, તેના ઉપયોજન અને સમસ્યા નિરાકરણ પર ધ્યાન કેન્દ્રિત કરશે. અધ્યાપન અને અધ્યયન વધુ દ્વિપક્ષી પ્રત્યાયન દ્વારા હાથ ધરવામાં આવશે; જેમાં પ્રશ્નો પૂછવા પ્રોત્સાહિત કરવામાં આવશે, અને વર્ગખંડના સત્રોમાં વિદ્યાર્થીઓના ઊંડાણપૂર્વક અને અનુભવ આધારિત અધ્યયન માટે નિયમિતપણે વધુ મનોરંજક, સર્જનાત્મક, સહયોગી, અન્વેષણાત્મક અને વધુ પ્રાયોગિક પ્રવૃત્તિઓનું આયોજન કરવામાં આવશે.

## અનુભવ આધારિત અધ્યયન

૪.૬. શાળા શિક્ષણના બધા તબક્કાઓમાં, અનુભવ આધારિત અધ્યયન અપનાવવામાં આવશે સાથેસાથે ક્રિયામૂલક શિક્ષણ, વિવિધ કલાઓ અને રમતોનો શિક્ષણમાં સમાવેશ, વાર્તાકથન દ્વારા અધ્યયન, વિવિધ વિષયો સાથેનો અનુબંધ સાધીને શિક્ષણ વિગેરે આવશે. અધ્યયન નિપજોને સિદ્ધ કરવામાં જે અધૂરપ રહી જાય છે તેને દૂર કરવા માટે ક્ષમતા આધારિત શિક્ષણ પદ્ધતિને અનુસરવામાં આવશે અને મૂલ્યાંકન પણ દરેક વિષય માટે નક્કી કરેલી ક્ષમતાઓ અને અધ્યયન નીપજોના આધારે જ કરવામાં આવશે.

૪.૭. કલા દ્વારા શિક્ષણ એ આંતર-અભ્યાસક્રમ અધ્યાપન અભિગમ છે જેમાં વિવિધ વિષયોની જુદી જુદી સંકલ્પનાઓ સમજવા માટે કલા અને સંસ્કૃતિના વિવિધ પાસાઓ અને સ્વરૂપોનો ઉપયોગ થાય છે. આનુભવિક અધ્યયનના ભાગ રૂપે, કલા દ્વારા શિક્ષણને વર્ગખંડમાં થતાં અધ્યયનને વધુ આનંદપ્રદ બનાવવા માટે રોજબરોજના વર્ગવ્યવહારમાં સામેલ કરવામાં આવશે જેથી અધ્યયન અને અધ્યાપનમાં ભારતીય સંસ્કૃતિ અને મૂલ્યોને જોડીને વિદ્યાર્થીઓના જીવનમાં તેને ઉતારી શકાય. કલા દ્વારા શિક્ષણનો આ અભિગમ શિક્ષણ અને સંસ્કૃતિના સંબંધને વધુ મજબૂત કરશે.

૪.૮. રમતગમત દ્વારા શિક્ષણ એ બીજો આંતર-અભ્યાસક્રમ અધ્યાપન અભિગમ છે જેમાં રમતગમતનો ઉપયોગ સંઘભાવના, સહકાર, સ્વ-પહેલ, સ્વાવલંબન, સ્વ-શિસ્ત, જવાબદારી, નાગરિકતા વિગેરે જેવા કૌશલ્યો વિકસાવવા માટે કરવામાં આવે છે. રોજિંદા વર્ગવ્યવહારમાં રમતગમત દ્વારા શિક્ષણને સામેલ કરીને વિદ્યાર્થીમાં જીવનભર શારીરિક રીતે સક્ષમ રહેવાનો, જીવનભર નિરોગી અને સ્વસ્થ રહેવાનો અભિગમ કેળવવામાં આવશે જે Fit India Movement અંતર્ગત નક્કી કરેલા બીજા જીવન કૌશલ્યો સિદ્ધ કરવામાં પણ મદદરૂપ થશે. શિક્ષણમાં રમતગમતનું આગવું મહત્વ સર્વવિદિત છે કારણ કે તેનાથી વિદ્યાર્થી શારીરિક અને માનસિક રીતે સ્વસ્થ રહે છે તેમજ તેની કેટલીક બૌદ્ધિક ક્ષમતાઓનો પણ વિકાસ થાય છે.

## અભ્યાસક્રમમાં પસંદગીમાં લવચિકતા મારફતે વિદ્યાર્થીઓને સક્ષમ બનાવવા

૪.૯. વિદ્યાર્થીઓને અભ્યાસ માટે, ખાસ કરીને માધ્યમિક શાળામાં અભ્યાસ માટે વિષયોની વધુ અનુકૂળતા અને પસંદગી આપવામાં આવશે. જેમાં શારીરિક શિક્ષણ, કલા અને હસ્તકલા અને વ્યાવસાયિક કૌશલ્યોનો સમાવેશ થાય છે. જેથી તેઓ તેમના પોતાના અભ્યાસ અને ભાવિ જીવનનું આયોજન જાતે કરી શકે. સર્વાંગી વિકાસ અને દર વર્ષે

વિષયો અને અભ્યાસક્રમોની વ્યાપક પસંદગી માધ્યમિક શાળા શિક્ષણની નવી વિશેષતા બની રહેશે. 'અભ્યાસિક પ્રવૃત્તિઓ', 'સહ- અભ્યાસિક પ્રવૃત્તિઓ' અથવા 'અભ્યાસેત્તર પ્રવૃત્તિઓ' વચ્ચે વધુ અંતર નહીં રહે, 'કલા', 'માનવવિદ્યાઓ' અને 'વિજ્ઞાન' વચ્ચે વધુ અંતર નહીં રહે; 'વ્યાવસાયિક' અથવા 'શૈક્ષણિક' વિદ્યાશાખાઓ વચ્ચે પણ બહુ અંતર નહીં રહે. વિદ્યાર્થીઓની વયને અનુરૂપ, તેમની રસ, રુચિ અને સલામતીને ધ્યાનમાં રાખીને સમગ્ર શાળા શિક્ષણના બધા સોપાનો કે તબક્કાઓમાં ગણિત, વિજ્ઞાન અને માનવવિદ્યાઓ જેવા ફરજિયાત વિષયો ઉપરાંત શારીરિક શિક્ષણ, કલા અને હસ્તકલા અને વ્યાવસાયિક કૌશલ્ય જેવા વિષયોનો સમાવેશ કરવામાં આવશે.

૪.૧૦. શાળા શિક્ષણના ચાર તબક્કામાંથી પ્રત્યેકમાં, વિવિધ પ્રદેશોમાં જો શક્ય હોય તો, એક સત્ર અથવા અન્ય એવી પ્રણાલી તરફ આગળ વધવા પર વિચાર થઇ શકે છે જેમાં નાના એકમ દ્વારા શિક્ષણ શક્ય બને અને આ કોર્સ એકાંતર દિવસોમાં ચલાવી શકાય જેથી વધારે વિષયો અને વધુ વિષય પસંદગીની તકો સુનિશ્ચિત કરી શકાય. કલા, વિજ્ઞાન, માનવવિદ્યાઓ, ભાષાઓ, રમતો અને વ્યાવસાયિક વિષયો સહિતના ક્ષેત્રોમાં કોર્સની એક વિશાળ શ્રેણી અને તેમાં વિપુલ પ્રમાણમાં વિષય પસંદગીની તકો ઊભી કરવા માટે રાજ્ય સરકારો તેમની રીતે કોઈ નવીન પદ્ધતિઓ કે પ્રણાલીઓ વિકસાવે તે ઇચ્છનીય છે.

## બહુભાષાવાદ અને ભાષાની ક્ષમતા

૪.૧૧. એ સર્વવિદિત છે કે નાના બાળકો તેમના ઘરમાં બોલાતી ભાષા એટલે કે માતૃભાષામાં મહત્ત્વના મૂર્ત કે અમૂર્ત ખ્યાલોને વધુ ઝડપથી શીખે છે અને ગ્રહણ કરે છે. ઘરોમાં સામાન્ય રીતે માતૃભાષા અથવા સ્થાનિક સમુદાયો દ્વારા બોલવામાં આવતી ભાષાનો ઉપયોગ થાય છે. જો કે, કેટલીક વખત બહુભાષી કુટુંબોમાં, કુટુંબના અન્ય સભ્યો દ્વારા બોલાતી ભાષા ઘરેલુ ભાષા હોઈ શકે છે, જે ક્યારેક માતૃભાષા અથવા સ્થાનિક ભાષાથી અલગ હોઈ શકે છે. જ્યાં સુધી શક્ય હોય ત્યાં સુધી ઓછામાં ઓછા ધોરણ ૪ સુધી, પણ વધુ યોગ્ય તો ધોરણ ૮ સુધી, શિક્ષણનું માધ્યમ ઘરની ભાષા/માતૃભાષા/સ્થાનિક ભાષા/પ્રાદેશિક ભાષા હશે. આ ધોરણો પછી પણ ઘર/સ્થાનિક ભાષાને શક્ય હોય ત્યાં સુધી શાળામાં એક વિષય તરીકે શીખવવામાં આવશે. સરકારી અને ખાનગી બંને પ્રકારની શાળાઓએ આ સૂચનાનું પાલન કરવાનું રહેશે. વિજ્ઞાન સહિત દરેક વિષયોના ઉચ્ચ ગુણવત્તાયુક્ત પાઠ્યપુસ્તકોને ઘરમાં બોલાતી ભાષા કે માતૃભાષામાં ઉપલબ્ધ કરાવવામાં આવશે. બાળક દ્વારા બોલાતી ભાષા અને શિક્ષણના માધ્યમ વચ્ચે કોઈ પણ અંતર હોય તો તેને સમાપ્ત કરવાના તમામ પ્રયાસો તાત્કાલિક ધોરણે કરવામાં આવશે. જ્યાં ઘરની ભાષા/માતૃભાષામાં પાઠ્યપુસ્તક સામગ્રી ઉપલબ્ધ ન હોય તેવા કિસ્સાઓમાં શિક્ષકો અને વિદ્યાર્થીઓ વચ્ચે વ્યવહારની ભાષા, શક્ય હોય ત્યાં ઘરેલુ ભાષા/માતૃભાષા રહેશે. એવા વિદ્યાર્થીઓ જેના ઘરની ભાષા/માતૃભાષા શિક્ષણના માધ્યમથી ભિન્ન છે, તેમના માટે દ્વિભાષી અધ્યયન-અધ્યાપન સામગ્રી સહિત દ્વિભાષી અભિગમનો ઉપયોગ કરવા માટે શિક્ષકોને પ્રોત્સાહિત કરવામાં આવશે. બધી જ ભાષાઓ તમામ વિદ્યાર્થીઓને ઉચ્ચ ગુણવત્તા સાથે શીખવવામાં આવશે; એક ભાષાને સારી રીતે શીખવવા અને શીખવા માટે તેને શિક્ષણનું માધ્યમ બનાવવું જ પૂરતું નથી તેને એક વિષય તરીકે ઊંડાણપૂર્વક શીખવવી જોઈએ.

૪.૧૨. સંશોધનો સ્પષ્ટપણે દર્શાવે છે કે બાળકો ૨ થી ૮ વર્ષની ઉંમર વચ્ચે અત્યંત ઝડપથી ભાષાઓ શીખી લે છે અને બહુભાષિકતાથી આ ઉંમરના વિદ્યાર્થીઓને ઘણા બધા જ્ઞાનાત્મક લાભો થાય છે, પૂર્વપ્રાથમિક સોપાનની શરૂઆત અને તેના પછીથી જ બાળકોને વિભિન્ન ભાષાઓ(પરંતુ માતૃભાષા પર વિશેષ જોર આપવાની સાથે) શીખવવાની શરૂઆત કરવામાં આવશે. દરેક ભાષાઓને એક મનોરંજક અને સંવાદાત્મક શૈલીમાં ભણાવવામાં આવશે, જેમાં ઘણી બધી સંવાદાત્મક વાતચીત હશે અને શરૂઆતના વર્ષોમાં વાંચવા અને ત્યારબાદ માતૃભાષામાં લખવાની સાથે ધોરણ 3 અને આગળની કક્ષાઓમાં અન્ય ભાષામાં વાંચવા અને લખવા માટે કૌશલ્યો વિકસિત કરવામાં આવશે. કેન્દ્ર અને રાજ્ય બંને સરકારો તરફથી સમગ્ર દેશની તમામ પ્રાદેશિક ભાષાઓમાં અને વિશેષરૂપે બંધારણની આઠમી અનુસૂચિમાં

વર્ણિત તમામ ભાષાઓમાં મોટી સંખ્યામાં ભાષાશિક્ષકોની ભરતી કરીને ભાષા શિક્ષણને વધુ સુદ્રઢ બનાવવાનો એક મહાપ્રયાસ થશે.

રાજ્ય, વિશેષરૂપે ભારતના વિભિન્ન ક્ષેત્રોના રાજ્ય, પોતપોતાના રાજ્યોમાં ત્રિ-ભાષા સૂત્રને અપનાવવા માટે અને સાથે જ દેશભરમાં ભારતીય ભાષાઓના અધ્યયનને પ્રોત્સાહિત કરવા માટે મોટી સંખ્યામાં શિક્ષકોની નિયુક્તિ કરવા માટે એકબીજા સાથે દ્વિપક્ષીય સમજૂતી કરી શકે છે. વિવિધ ભાષાઓને શીખવા માટે તથા ભાષા શિક્ષણને લોકપ્રિય બનાવવા માટે તકનીકીનો વ્યાપક ઉપયોગ કરવામાં આવશે.

**૪.૧૩**. બંધારણીય જોગવાઈઓ, લોકોની આકાંક્ષાઓ, પ્રદેશો અને સંઘની આકાંક્ષાઓ અને બહુભાષાવાદ અને રાષ્ટ્રીય એકતાને પ્રોત્સાહિત કરવાની જરૂરિયાતને ધ્યાનમાં રાખીને ત્રિ-ભાષા સૂત્રનો અમલ ચાલુ રહેશે. જો કે, ત્રિ-ભાષા સૂત્રમાં વધુ લવચિકતા રાખવામાં આવશે અને કોઈ પણ રાજ્ય પર કોઈ ભાષા લાદવામાં આવશે નહીં. બાળકો દ્વારા શીખવામાં આવતી ત્રણ ભાષાઓના વિકલ્પ રાજ્યો, ક્ષેત્રો અને નિશ્ચિત રીતે વિદ્યાર્થીઓના પોતાના જ હશે, જેમાંથી ઓછામાં ઓછી ત્રણમાંથી બે ભાષાઓ ભારતીય ભાષાઓ હોવી જોઈએ. ખાસ કરીને, જે વિદ્યાર્થીઓ ત્રણમાંથી એક અથવા વધારે ભાષાને બદલવા માંગે છે, તેઓએ ધોરણ ૬ અથવા ૭ માં કરી શકે છે પરંતુ આમ કરવા માટે એમણે ત્રણે ભાષામાંથી, કોઈપણ એક ભારતીય ભાષાને એના સાહિત્યના સ્તર પર અધ્યયન કરી પ્રાવીણ્ય મેળવવું ફરજિયાત રહેશે છે જે માધ્યમિક સોપાનના અંત સુધીમાં પ્રાપ્ત કરવાનું રહેશે.

**૪.૧૪**. વિજ્ઞાન અને ગણિતના અધ્યયન અને અધ્યાપન માટે ઉચ્ચ ગુણવત્તાયુક્ત દ્વિભાષિક પાઠ્યપુસ્તકો અને અધ્યયન-અધ્યાપન સામગ્રી તૈયાર કરવા માટે તમામ પ્રયાસો કરવામાં આવશે, જેથી વિદ્યાર્થીઓ બંને વિષયો વિશે વિચારવા અને અભિવ્યક્ત કરવા માટે તેમની ઘરની ભાષા/માતૃભાષા અને અંગ્રેજી બંનેમાં સક્ષમ બની શકે.

**૪.૧૫**. વિશ્વના ઘણા વિકસિત દેશોમાં આ જોવા મળ્યું છે કે, પોતાની ભાષા, સંસ્કૃતિ અને પરંપરાઓમાં સુશિક્ષિત હોવું એ કોઈ અડચણ નથી પરંતુ ખરેખર શૈક્ષણિક, સામાજિક અને તકનીકી પ્રગતિ માટે એનો મોટો ફાયદો મળે છે. ભારતની ભાષાઓ વિશ્વમાં સૌથી સમૃદ્ધ, સૌથી વધુ વૈજ્ઞાનિક, સૌથી સુંદર અને સૌથી વધુ અભિવ્યક્તિ વૈભવ ધરાવનારી છે જેમાં પ્રાચીન તેમજ આધુનિક સાહિત્ય (ગદ્ય અને પદ્ય બંને) ના વિશાળ ભંડાર છે. આ ભાષામાં ફિલ્મ, સંગીત અને લખાયેલ સાહિત્ય ભારતની રાષ્ટ્રીય ઓળખ અને ધરોહર છે. સંસ્કૃતિના સંરક્ષણ અને સંવર્ધન માટે, રાષ્ટ્રીય એકતાની ભાવના જગાડવા માટે દરેક યુવા ભારતીયને પોતાના દેશની ભાષાઓ અને સાહિત્યરૂપી વિશાળ અને સમૃદ્ધ ખજાના વિશે માહિતીગાર અને સભાન થવું જોઈએ.

**૪.૧૬.** આમ, દેશનો દરેક વિદ્યાર્થી ૬-૮માં 'ભારતની ભાષાઓ' પર, ક્યારેક *'એક ભારત શ્રેષ્ઠ ભારત'* પહેલ હેઠળ'ભારતની ભાષાઓ' પર ફન પ્રોજેક્ટ/પ્રવૃત્તિમાં ભાગ લેશે. આ પ્રોજેક્ટ/પ્રવૃત્તિમાં, વિદ્યાર્થીઓ મોટા ભાગની મુખ્ય ભારતીય ભાષાઓની નોંધપાત્ર એકતા વિશે શીખશે જેની શરૂઆત તેમના (ભાષાઓના) સામ્ય ધરાવતા ધ્વનિ એકમો અને વૈજ્ઞાનિક રીતે ગોઠવાયેલા મૂળાક્ષરો અને લિપિઓ, તેમના સામ્યતા ધરાવતા વ્યાકરણ માળખાઓ, સંસ્કૃત અને અન્ય શાસ્ત્રીય ભાષાઓમાંથી શબ્દભંડોળના સ્રોતોથી શરૂ થશે. તેઓ એ પણ શીખશે કે કયા પ્રદેશમાં કઈ ભાષા બોલાય છે, આદિવાસી ભાષાઓના પ્રકાર અને માળખાનો ખ્યાલ પણ મેળવશે અને ભારતની દરેક મુખ્ય ભાષામાં સામાન્ય રીતે બોલાતા વાક્યોને બોલતા પણ શીખશે અને દરેક ભાષાના સમૃદ્ધ અને ઊંચી કક્ષાના સાહિત્ય વિશે ભાષાંતર દ્વારા જાણકારી અપાશે). આવી પ્રવૃત્તિ તેમને ભારતની એકતા અને સુંદર સાંસ્કૃતિક વારસા અને વિવિધતા બંનેનો અહેસાસ કરાવશે અને ભારતના અન્ય ભાગોના લોકોને મળશે ત્યારે તેમનું સમગ્ર જીવન એકબીજા સાથે આત્મીયતાપૂર્ણ બની રહેશે. આ પ્રોજેક્ટ/પ્રવૃત્તિ હશે અને તેમાં કોઈ પણ પ્રકારના મૂલ્યાંકનનો સમાવેશ થશે નહીં.

**૪.૧૭.** ભારતની શાસ્ત્રીય ભાષાઓ અને સાહિત્યના મહત્વ, પ્રાસંગિકતા અને સૌંદર્યને પણ નજરઅંદાજ ન કરી શકાય. સંસ્કૃત, જેનો ભારતના બંધારણની આઠમી અનુસૂચિમાં એક મહત્તવપૂર્ણ આધુનિક ભાષા તરીકે ઉલ્લેખ કરવામાં આવ્યો છે તે ખૂબ મોટા પ્રમાણમાં શાસ્ત્રીય અને પૌરાણિક સાહિત્ય ધરાવે છે જે લેટિન અને ગ્રીક કરતાં વધુ પ્રમાણમાં છે. જેમાં ગણિત, તત્વજ્ઞાન, વ્યાકરણ, સંગીત, રાજકારણ, ચિકિત્સા,સ્થાપત્ય, ધાતુશાસ્ત્ર, નાટક, કવિતા, વાર્તા અને બીજું ઘણું (જેને સંસ્કૃત જ્ઞાન પ્રણાલી કહેવામાં આવે છે) સમાવિષ્ટ છે અને જેના સર્જનમાં બધા જ ધર્મોના લોકો, બધી જ જ્ઞાતિ જાતિના લોકો, જુદાજુદા આર્થિક અને સામાજિક સ્તરોમાંથી આવતા લોકો તેમજ કોઈ પણ ધર્મમાં ન માનનારા લોકો એમ તમામ પ્રકારના લોકોનું અમૂલ્ય યોગદાન રહેલું છે. આમ ત્રિ-ભાષા સૂત્રમાં વિકલ્પ સહિત વિદ્યાર્થીઓ માટે એક મહત્તવપૂર્ણ, સમૃદ્ધ વિકલ્પ તરીકે શાળા અને ઉચ્ચ શિક્ષણના તમામ સ્તરે સંસ્કૃત આપવામાં આવશે. તેને રસપ્રદ અને અનુભવી તેમજ સમકાલીન અને પ્રસ્તુત રીતે શીખવવામાં આવશે, જેમાં સંસ્કૃત જ્ઞાન પ્રણાલીનો ઉપયોગ અને ખાસ કરીને ધ્વનિ એકમો અને ઉચ્ચારણશુદ્ધિનો પણ ઉપયોગ થશે. પૂર્વપ્રાથમિક અને માધ્યમિક શાળા સ્તરે સંસ્કૃત પાઠ્યપુસ્તકો સાદા અને સરળ સંસ્કૃતમાં લખવામાં આવશે જેથી સંસ્કૃત દ્વારા જ સંસ્કૃત શીખવાનો આનંદ વિદ્યાર્થીઓને મળી શકે.

**૪.૧૮.** ભારત સંસ્કૃત સિવાયની અન્ય શાસ્ત્રીય ભાષાઓમાં પણ અત્યંત સમૃદ્ધ સાહિત્ય ધરાવે છે, જેમાં શાસ્ત્રીય તમિલ, તેલુગુ, કન્નડ, મલયાલમ, ઉડિયાનો સમાવેશ થાય છે. આ શાસ્ત્રીય ભાષાઓ ઉપરાંત પાલી, ફારસી અને પ્રાકૃત; અને તેમની સાહિત્ય કૃતિઓની પણ ભારત અને વિશ્વની ભાવિ પેઢીના આનંદ અને વિચારસમૃદ્ધિ માટે જાળવણી થવી જોઈએ. જેમ જેમ ભારત સંપૂર્ણપણે વિકસિત દેશ બનશે તેમ તેમ નવી પેઢી ભારતના વ્યાપક અને સુંદર શાસ્ત્રીય સાહિત્યથી સમૃદ્ધ બનતી જશે. સંસ્કૃત ઉપરાંત તમિલ, તેલુગુ, કન્નડ, મલયાલમ, ઉડિયા, પાલી, ફારસી અને પ્રાકૃત સહિત ભારતની અન્ય શાસ્ત્રીય ભાષાઓ અને સાહિત્ય પણ વિદ્યાર્થીઓ માટે વિષયોના વિકલ્પો તરીકે વ્યાપકપણે ઉપલબ્ધ થશે. સમૃદ્ધ મૌખિક અને લેખિત સાહિત્ય, સાંસ્કૃતિક પરંપરાઓ અને જ્ઞાન ધરાવતી તમામ ભારતીય ભાષાઓ માટે પણ આવા જ પ્રયાસો કરવામાં આવશે.

**૪.૧૯.** બાળકોની જ્ઞાનસમૃદ્ધિ માટે અને આ સમૃદ્ધ ભાષાઓ અને તેમના કલાત્મક ખજાનાની જાળવણી માટે, તમામ સરકારી કે ખાનગી શાળાઓમાં, તમામ વિદ્યાર્થીઓ પાસે ભારતની શાસ્ત્રીય ભાષા અને તેનું સાહિત્ય શીખવા માટે ધોરણ ૬-૧૨ ના સમયગાળા દરમિયાન ઓછામાં ઓછા બે વર્ષનો વિકલ્પ રહેશે અને જો તે ઈચ્છે તો માધ્યમિક શાળા દરમિયાન પણ તે ભાષાનો ઉચ્ચ અભ્યાસ ચાલુ રાખી શકશે અને આ વિશિષ્ટ વિકલ્પના અમલીકરણ માટે જરૂર પડયે તકનીકીની પણ મદદ લેવામાં આવશે.

**૪.૨૦.** એવા વિદ્યાર્થીઓ કે જેમને વિશ્વની બીજી ભાષાઓ અને સંસ્કૃતિઓ વિષે જાણવું છે કે જેમને વિશ્વ કક્ષાનું જ્ઞાન પ્રાપ્ત કરવામાં રસ છે તેમણે ભારતીય ભાષાઓ અને અંગ્રેજીમાં ઉચ્ચ ગુણવત્તાયુક્ત શિક્ષણ પૂરું પાડવા ઉપરાંત કોરિયન, જાપાનીઝ, થાઈ, ફ્રેન્ચ, જર્મન, સ્પેનિશ, પોર્ટુગીઝ અને રશિયન જેવી વિદેશી ભાષાઓ શીખવાનો વિકલ્પ પણ માધ્યમિક શાળા શિક્ષણના સ્તરે આપવામાં આવશે.

**૪.૨૧.** ફિલ્મો, નાટક, વાર્તા, કવિતા અને સંગીત જેવા ભાષાઓના સાંસ્કૃતિક પાસાંઓનો ઉપયોગ કરીને તેમજ ભાષારમતો અને ભાષા અધ્યયન માટેની એપ્લિકેશન્સ સહિતની નવીન અને અનુભવી પદ્ધતિઓનો ઉપયોગ કરીને, ભાષાઓને વિદ્યાર્થીઓના રોજબરોજના જીવન અનુભવો અને બીજા વિષયો સાથે સાંકળીને તમામ ભાષાઓના શિક્ષણને વધુ અસરકારક બનાવવામાં આવશે. આમ, ભાષાઓનું શિક્ષણ પણ આનુભવિક શિક્ષણના અધ્યાપનશાસ્ત્ર પર આધારિત હશે.

**૪.૨૨.** સાંભળવાની ખામી ધરાવતા વિદ્યાર્થીઓ માટે સમગ્ર દેશમાં ભારતીય સાંકેતિક ભાષા (Indian Sign Language)ની પ્રમાણીકરણ કરેલી આવૃત્તિ તૈયાર કરવામાં આવશે. સાથેસાથે જ્યાં શક્ય હોય અને પ્રસ્તુત હોય ત્યાં સ્થાનિક સાંકેતિક ભાષાનું પણ સન્માન કરવામાં આવશે અને શીખવવામાં આવશે.

**અભ્યાસક્રમમાં આવશ્યક વિષયો, કૌશલ્યો અને ક્ષમતાઓનું સંકલન**

**૪.૨૩.** વિદ્યાર્થીઓને તેમના વ્યક્તિગત અભ્યાસક્રમની પસંદગીમાં વધારે વિકલ્પ પસંદગીની તકો હોવી જોઈએ પરંતુ આજના ઝડપથી બદલાતા વિશ્વમાં સારા, સફળ, નવીન, અનુકૂલનશીલ અને કર્મઠ વ્યક્તિ બનવા માટે તમામ વિદ્યાર્થીઓએ કેટલાક વિષયો, કૌશલ્યો અને ક્ષમતાઓ શીખવી જોઈએ. ભાષાઓમાં કુશળતા ઉપરાંત, આ કૌશલ્યોમાં વૈજ્ઞાનિક અભિગમ અને તાર્કિક પુરાવા આધારિત વિચારણાનો સમાવેશ થાય છે;સર્જનાત્મકતા અને નવીનતા; સૌંદર્યશાસ્ત્ર અને કલાની ભાવના; મૌખિક અને લેખિત પ્રત્યાયન; સ્વાસ્થ્ય અને પોષણ; શારીરિક શિક્ષણ, તંદુરસ્તી, શારીરિક અને માનસિક સ્વાસ્થ્ય અને રમતગમત; સહયોગ અને સંઘભાવના; સમસ્યાનું સમાધાન અને તાર્કિક વિચારણા; વ્યાવસાયિક અનુભવો અને કૌશલ્યો; ડિજિટલ સાક્ષરતા, કોડિંગ અને ગાણિતિક વિચારણા કૌશલ્યો; નીતિગત અને નૈતિક તર્ક; માનવીય અને બંધારણીય મૂલ્યોનું જ્ઞાન અને વાણી-વર્તન-વ્યવહારમાં તેનું ઉપયોજન; જાતીયતા પ્રત્યે સંવેદનશીલતા; મૂળભૂત ફરજો; નાગરિકતા કૌશલ્ય અને મૂલ્યો; ભારતીય જ્ઞાન; પર્યાવરણીય જાગૃતિ જેમાં જળ અને પર્યાવરણ સંસાધન સંરક્ષણ, સ્વચ્છતાનો સમાવેશ થાય છે, સ્થાનિક સમુદાયો, રાજ્યો, દેશ અને દુનિયા સામેના પડકારો, પ્રશ્નો અને વર્તમાન જગતમાં બનતી ઘટનાઓના જ્ઞાનનો પણ સમાવેશ થાય છે.

**૪.૨૪.** શાળા શિક્ષણના યોગ્ય તબક્કે કૃત્રિમ બુદ્ધિમત્તા (AI), સંરચના વિચારણા, સર્વાંગીણ સ્વાસ્થ્ય, પ્રાકૃતિક જીવનશૈલી, પર્યાવરણ શિક્ષણ, વૈશ્વિક નાગરિકત્વનું શિક્ષણ (GCED) વગેરે જેવા સમકાલીન વિષયોની રજૂઆત સહિત સંકલિત અભ્યાસક્રમ અને અધ્યાપનશાસ્ત્ર ને લગતી પહેલ હાથ ધરવામાં આવશે.

**૪.૨૫.** એક માન્યતા એવી પણ છે કે ભારતના ભવિષ્ય અને અસંખ્ય આગામી ક્ષેત્રો અને વ્યવસાયોમાં ભારતના નેતૃત્વની ભૂમિકા માટે ગણિત અને ગાણિતિક વિચારસરણી અત્યંત મહત્તવપૂર્ણ બની રહેશે, જેમાં કૃત્રિમ બુદ્ધિમત્તા (એઆઈ AI), યંત્ર આધારિત અધ્યયન (મશીન લર્નિંગ) અને માહિતી વિજ્ઞાન (ડેટા સાયન્સ) વગેરેનો સમાવેશ થશે. વિવિધ નવીન અધ્યાપન પદ્ધતિઓ દ્વારા શાળા શિક્ષણના પૂર્વ પ્રાથમિક તબક્કાથી જ ગણિત અને ગાણિતિક કૌશલ્યો શીખવવાની શરૂઆત કરવામાં આવશે તેમજ સમગ્ર શાળા શિક્ષણ સોપાનોમાં તેના પર વધુ ધ્યાન આપવામાં આવશે ઉદાહરણ તરીકે, ગાણિતિક વિચારોને વધુ આનંદદાયક અને આકર્ષક બનાવતા કોયડાઓ અને રમતોના નિયમિત ઉપયોગ. માધ્યમિક તબક્કામાં કોડિંગ સાથે સંકલાયેલી પ્રવૃત્તિઓ શરૂ કરવામાં આવશે.

**૪.૨૬.** દરેક વિદ્યાર્થી ધોરણ ૬-૮ દરમિયાન એક આનંદપ્રદ અને રસપ્રદ અભ્યાસક્રમ દ્વારા મહત્તવપૂર્ણ વ્યાવસાયિક હસ્તકલાના નમૂના જેવા કે સુથારીકામ, ઇલેક્ટ્રિક વર્ક, મેટલ વર્ક, બાગકામ, માટી કામ વગેરેનો સર્વે કરશે તેમજ હાથવગો અનુભવ મેળવશે જે અંગે રાજ્ય સરકારો અને સ્થાનિક સમુદાયો નિર્ણય લેશે અને માળખું તૈયાર કરશે. એનસીએફએસઇ ૨૦૨૦-૨૧ રચના કરતી વખતે એનસીઈઆરટી NCERT દ્વારા ધોરણ ૬-૮ માટે પ્રેક્ટિસ આધારિત અભ્યાસક્રમ તૈયાર કરવામાં આવશે. તમામ વિદ્યાર્થીઓ ધોરણ ૬-૮ દરમિયાન ૧૦ દિવસના દફ્તર વગરના તાસ (Bag less Period)માં ભાગ લેશે, જ્યાં તેઓ સુથાર, માળી, કુંભાર, કલાકારો વગેરે જેવા સ્થાનિક વ્યાવસાયિક નિષ્ણાતોના માર્ગદર્શનમાં તાલીમ મેળવશે. વ્યાવસાયિક વિષયો શીખવા માટે આવી જ બીજી ઘણી ઇન્ટર્નશીપની તકો ધોરણ ૬-૧૦ માં વિદ્યાર્થીઓને ઉપલબ્ધ કરાવી શકાય જેમાં રજાના સમયગાળાનો પણ સમાવેશ થાય છે. વ્યાવસાયિક અભ્યાસક્રમો ઓનલાઇન માધ્યમથી પણ ઉપલબ્ધ કરાવવામાં આવશે. કલા, ક્વિઝ, રમતગમત અને વ્યાવસાયિક હસ્તકલા સહિત વિવિધ પ્રકારની ક્ષમતાઓ વિકસિત કરનારી અથવા વધારનારી પ્રવૃત્તિઓ માટે સમગ્ર વર્ષ દરમિયાન

દફ્તર વગરના (bag less) દિવસોને પ્રોત્સાહન આપવામાં આવશે. બાળકો ઐતિહાસિક, સાંસ્કૃતિક અને પ્રવાસનની દ્રષ્ટિએ મહત્તવના સ્થળો/સ્મારકોની મુલાકાત લેશે, સ્થાનિક કલાકારો અને કારીગરોને મળશે અને તેમના ગામ/તાલુકા/જિલ્લા/રાજ્યમાં ઉચ્ચ શૈક્ષણિક સંસ્થાઓની મુલાકાત લેશે.

**૪.૨૭.** "ભારતનું જ્ઞાન" વિષય અંતર્ગત પ્રાચીન ભારતના જ્ઞાન અને આધુનિક ભારતમાં તેના યોગદાન, તેની સફળતાઓ અને પડકારોનો સમાવેશ કરાશે તેમજ શિક્ષણ, આરોગ્ય, પર્યાવરણ વગેરે અંગે ભારતની ભવિષ્યની આકાંક્ષાઓની સ્પષ્ટ સમજનો પણ તેમાં સમાવેશ થશે. આ બાબતોને શાળાના સમગ્ર અભ્યાસક્રમમાં જ્યાં પ્રસ્તુત હોય ત્યાં સચોટ અને વૈજ્ઞાનિક રીતે સામેલ કરવામાં આવશે; ખાસ કરીને આદિવાસી લોકોનું જ્ઞાન અને સ્થાનિક તેમજ પરંપરાગત શિક્ષણ પદ્ધતિઓ સહિત ભારતીય જ્ઞાન વ્યવસ્થાઓને ગણિત, ખગોળશાસ્ત્ર, તત્વજ્ઞાન, યોગ, સ્થાપત્ય, ચિકિત્સા, કૃષિ, ઇજનેરી, ભાષાશાસ્ત્ર,સાહિત્ય, રમતગમત, રમતોમાં તેમજ પ્રશાસન, રાજકારણ અને સંરક્ષણમાં આવરી લેવામાં આવશે. આદિવાસી લોકોની ઔષધિય પદ્ધતિઓ, વન વ્યવસ્થાપન, પરંપરાગત (ઓર્ગેનિક) પાકની ખેતી, કુદરતી ખેતી વગેરેના વિશિષ્ટ અભ્યાસક્રમો પણ ઉપલબ્ધ કરાવવામાં આવશે. ભારતીય જ્ઞાન પ્રણાલી પર એક આકર્ષક અભ્યાસક્રમ પણ માધ્યમિક શાળાના વિદ્યાર્થીઓને પસંદગી તરીકે ઉપલબ્ધ કરાવવામાં આવશે. શાળાઓમાં આનંદપ્રદ અને સ્વદેશી રમતો મારફતે વિવિધ મુદ્દાઓ અને વિષયો શીખવા માટે સ્પર્ધાઓ યોજવામાં આવશે. સમગ્ર શાળા અભ્યાસક્રમમાં ભારતના પ્રેરણાદાયી મહાનુભાવો, પ્રાચીન અને આધુનિક, વિજ્ઞાન અને તેના સિવાયના વિષયો પર દસ્તાવેજી ફિલ્મ કે વિડીયો શાળા શિક્ષણના દરેક તબક્કે વિદ્યાર્થીઓને બતાવવામાં આવશે. સાંસ્કૃતિક આદાન-પ્રદાન કાર્યક્રમોના ભાગરૂપે વિદ્યાર્થીઓનેવિવિધ રાજ્યોની મુલાકાત લેવા માટે પ્રોત્સાહિત કરવામાં આવશે.

**૪.૨૮.** વિદ્યાર્થીઓને નાની ઉંમરે "જે યોગ્ય છે તે કરવાનું મહત્વ" શીખવવામાં આવશે અને નૈતિક નિર્ણયો લેવા માટે તાર્કિક માળખું આપવામાં આવશે. પછીના વર્ષોમાં છેતરપિંડી, હિંસા, લખાણચોરી, ગંદકી કરવી વગેરે જેવી બદીઓ અને સહિષ્ણુતા, સમાનતા, સમાનુભૂતિ વગેરે જેવા મૂલ્યોને આવરી લેવામાં આવશે જેથી બાળકોને પોતાના જીવનનું સંચાલન કરવામાં, નીતિગત/નૈતિક મૂલ્યોને અપનાવવા સક્ષમ બનાવી શકાય; પોતાના નૈતિક મુદ્દાઓ અંગેનો મત/દલીલને બહુવિધ દ્રષ્ટિકોણથી સમજી શકે. આવા મૂળભૂત નૈતિક તર્કના પરિણામો તરીકે, પરંપરાગત ભારતીય મૂલ્યો અને તમામ મૂળભૂત માનવ અને બંધારણીય મૂલ્યો (જેવા કે સેવા, અહિંસા, સ્વચ્છતા, સત્ય, નિષ્કામ કર્મ, શાંતિ, બલિદાન, સહિષ્ણુતા, વિવિધતા, બહુવચનવાદ, સાચું વર્તન, જાતિયતા પ્રત્યે સંવેદનશીલતા, વડીલો પ્રત્યે આદર, તમામ વ્યક્તિઓ અને તેમની જન્મજાત ક્ષમતાઓનો તેમની પૃષ્ઠભૂમિ ધ્યાને લીધા વિના આદર આપવો, પર્યાવરણ પ્રત્યે આદર, મદદરૂપ થવાની ભાવના, સૌજન્ય, ધીરજ, ક્ષમા, સમાનુભૂતિ, કરુણા, દેશભક્તિ, લોકશાહી દૃષ્ટિકોણ, સત્યનિષ્ઠા, સ્વાતંત્ર્ય, સમાનતા અને બંધુત્વ)નો વિદ્યાર્થીઓમાં વિકાસ કરવામાં આવશે. બાળકોને પંચતંત્ર, જાતક, હિતોપદેશ અને ભારતીય પરંપરાની અન્ય રમૂજી કથાઓ અને પ્રેરણાદાયક વાર્તાઓ વાંચવાની અને શીખવાની તક મળશે અને વૈશ્વિક સાહિત્ય પર તેમના પ્રભાવો વિશે શીખવા મળશે. ભારતીય બંધારણના અંશોને તમામ વિદ્યાર્થીઓ માટે આવશ્યક વાચનમાં સમાવેશ કરવામાં આવશે. આરોગ્યની મૂળભૂત તાલીમ, જેમાં નિવારણાત્મક આરોગ્ય, માનસિક સ્વાસ્થ્ય, સારું પોષણ, વ્યક્તિગત અને જાહેર સ્વચ્છતા, આપત્તિ પ્રતિચાર અને પ્રાથમિક સારવારનો પણ અભ્યાસક્રમમાં સમાવેશ કરવામાં આવશે, તેમજ આલ્કોહોલ, તમાકુ અને અન્ય નશાઓની હાનિકારક અને નુકશાનકારક અસરોના વૈજ્ઞાનિક ખુલાસાઓનો સમાવેશ કરવામાં આવશે.

**૪.૨૯.** પૂર્વપ્રાથમિક તબક્કાથી લઈને ઉચ્ચ શિક્ષણ સુધીના તમામ અભ્યાસક્રમો અને શિક્ષણને સંસ્કૃતિ, પરંપરાઓ, વારસા, રીત-રિવાજ, ભાષા, તત્વજ્ઞાન, ભૂગોળ, પ્રાચીન અને સમકાલીન જ્ઞાન, સામાજિક અને વૈજ્ઞાનિક જરૂરિયાતો, સામાજિક અને પરંપરાગત રીતે સુનિશ્ચિત કરવા માટે ભારતીય અને સ્થાનિક સંદર્ભમાં સારી રીતે પુનઃરચના કરવામાં આવશે. જે આપણા વિદ્યાર્થીઓના શિક્ષણ માટે સૌથી વધારે સંબંધિત, સુસંગત,રસપ્રદ અને અસરકારક હોય તેનું

ધ્યાન રાખવામાં આવશે. વાર્તાઓ, કલા, રમતો, રમતગમત, ઉદાહરણો,સમસ્યાઓ વગેરેની પસંદગી ભારતીય અને સ્થાનિક ભૌગોલિક સંદર્ભમાં શક્ય તેટલી વધુ કરવામાં આવશે. વિચારો, અમૂર્તતા અને સર્જનાત્મકતા ત્યારે જ ખીલે છે જયારે અધ્યયનના મૂળ તેમાં રોપાયેલા હોય.

## શાળા શિક્ષણ માટે રાષ્ટ્રીય અભ્યાસક્રમનું માળખું (NCFSE)

**૪.30.** શાળા શિક્ષણ માટે નવા અને વ્યાપક રાષ્ટ્રીય અભ્યાસક્રમ માળખાની રચના, એનસીપએફ એસઇ NCFSE ૨૦૨૦-૨૧, રાષ્ટ્રીય શિક્ષણ નીતિ ૨૦૨૦ના સિદ્ધાંતો, અભ્યાસક્રમની તાકીદની આવશ્યકતાઓ; રાજ્ય સરકારો, મંત્રાલયો, કેન્દ્ર સરકારના સંબંધિત વિભાગો સહિતના હોદ્દેદારો અને અન્ય નિષ્ણાત સંસ્થાઓ આ તમામ સાથે ચર્ચા કર્યા પછી તેના આધારે એનસીઈઆરટી NCERT દ્વારા હાથ ધરવામાં આવશે અને બધી જ પ્રાદેશિક ભાષાઓમાં ઉપલબ્ધ કરાવવામાં આવશે. ત્યારબાદ એનસીપએફ એસઇ NCFSE દસ્તાવેજ દર ૫-૧૦ વર્ષમાં ફરી હાથ પર લઈ જે તે સમયને અનુરૂપ થોડા સુધારાવધારા કરવામાં આવશે જેનો આધાર તત્કાલીન અભ્યાસક્રમ રહેશે.

## સ્થાનિક વિષયવસ્તુ અને પરિપ્રેક્ષ્ય ધરાવતા રાષ્ટ્રીય પાઠયપુસ્તકો

**૪.૩૧.** શાળા પાઠ્યપુસ્તકોમાં બદલાવની સાથોસાથ શાળાના પાઠ્યક્રમ તેમજ વિષયવસ્તુના ભારણમાં ઘટાડો, અભ્યાસક્રમની વધેલી લવચિકતા અને ગોખીને યાદ કરવાના બદલે સંરચનાત્મક અધ્યયન પર ભાર આપવો જરૂરી છે. તમામ પાઠ્યપુસ્તકોમાં રાષ્ટ્રીય સ્તર પર મહત્ત્વપૂર્ણ બાબતો (ચર્ચા, વિશ્લેષણ, ઉદાહરણો અને ઉપયોગ સાથે) સામેલ કરવા સાથે તેમાં સ્થાનિક સંદર્ભો અને આવશ્યકતાઓ અનુસારજરૂરી બાબતો સામેલ કરવી આવશ્યક છે. જ્યાં શક્ય હોય ત્યાં શાળાઓ અને શિક્ષકો પાસે પણ એક જ વિષયના જુદા જુદા પાઠ્યપુસ્તકોમાંથી પસંદગીની તક હશે. તેમની પાસે જેમાં રાષ્ટ્રીય અને સ્થાનિક સામગ્રી સામેલ હોય તેવા અનેક પાઠ્યપુસ્તકો હશે. જેની મદદથી તેઓ તેમને અનુકૂળ અધ્યાપન પદ્ધતિ તેમજ વિદ્યાર્થીઓની અને સમુદાયની જરૂરિયાતો અનુસાર શિક્ષણ આપી શકશે.

**૪.૩૨.** વિદ્યાર્થીઓ અને શિક્ષણ વ્યવસ્થા પર પાઠ્યપુસ્તકોની કિંમતનો બોજ ઘટાડવા માટે ગુણવત્તાયુક્ત પાઠ્યપુસ્તકો ઓછામાં ઓછામાં ખર્ચે તૈયાર કરવા માટે તેના ઉત્પાદન અને મુદ્રણ ખર્ચને ઘટાડવામાંઆવશે. આ ઉદ્દેશ્ય એસસીઈઆરટી SCERTના સહયોગથી એનસીઈઆરટી NCERT દ્વારા નિર્મિત ઉચ્ચ ગુણવત્તાયુક્ત પાઠ્યપુસ્તક સામગ્રીના ઉપયોગ દ્વારા પૂરો કરી શકાય. વધારાની પાઠ્યપુસ્તક સામગ્રી માટે લોકકલ્યાણ સાથે સંકલાયેલ વ્યક્તિઓ અને સંસ્થાઓની ભાગીદારી અને જાહેર વિજાણુંસ્રોત દ્વારા ભંડોળ એકત્ર કરી શકાય જેથી નિષ્ણાતોને આ પ્રકારનું લખાણ લખવા માટે પ્રોત્સાહિત કરી શકાય. રાજ્યો પોતાનો અભ્યાસક્રમ તૈયાર કરશે. (જે એનસીઈઆરટી NCERT દ્વારા તૈયાર કરેલ એનસીપએફએસઇ NCFSE પર આધારિત હશે.) અને રાજ્યની વિશેષતા અને જરૂરિયાત અનુસાર પાઠ્યપુસ્તકો તૈયાર કરાશે ( જે શક્ય હશે ત્યાં સુધી એનસીઈઆરટી NCERTની પાઠયપુસ્તક સામગ્રી પર આધારિત હશે.). આમ કરતી વખતે એ ધ્યાનમાં રાખવું આવશ્યક છે કે એનસીઈઆરટી NCERT અભ્યાસક્રમ રાષ્ટ્રીય સ્વીકાર્ય માપદંડ તરીકે લેવામાં આવશે. બધી પ્રાદેશિક ભાષાઓમાં આવા પાઠયપુસ્તકોની બધી જ શાળાઓમાં ઉપલબ્ધતાને પ્રાથમિકતા આપવામાં આવશે કે જેથી તમામ વિદ્યાર્થીઓ ઉચ્ચ ગુણવત્તાયુક્ત શિક્ષણ મેળવી શકે. પર્યાવરણને સંરક્ષિત કરવા સારું અને વ્યવસ્થા પર ભારણ ઓછું કરવા માટે બધાં જ રાજ્યો/કેન્દ્રશાસિત પ્રદેશો કે એનસીઈઆરટી NCERT દ્વારા તમામ પાઠ્યપુસ્તકો ડાઉનલોડ કરી મુદ્રિત કરવાની સુવિધા ઉપલબ્ધ કરવામાં આવશે.

**૪.૩૩.** એનસીઈઆરટી એસસીઈઆરટી NCERT, SCERT, શાળાઓ અને શિક્ષકો દ્વારા અભ્યાસક્રમ અને અધ્યાપન પદ્ધતિમાં યોગ્ય ફેરફારો કરીને દફ્તર અને પાઠયપુસ્તકોના વજનમાં નોંધપાત્ર ઘટાડો કરવા માટે નક્કર પ્રયાસો કરવામાં આવશે.

## વિદ્યાર્થી વિકાસ માટે મૂલ્યાંકન પદ્ધતિમાં પરિવર્તન

**૪.૩૪.** આપણી શાળા પ્રણાલીની પરંપરાગત મૂલ્યાંકન પદ્ધતિ કે જે મુખ્યત્વે સમજ વિનાની ગોખવાની શક્તિ પર આધારિત અને વર્ષાંતે લેવાતી કસોટીઓ દ્વારા મૂલ્યાંકન કરે છે તેના બદલે નિયમિત સમયાંતરે ક્ષમતા આધારિત અને અધ્યયનકેન્દ્રી મૂલ્યાંકન તરફ લઈ જવાનો રાષ્ટ્રીય શિક્ષણ નીતિનો મુખ્ય ઉદ્દેશ છે જે ઉચ્ચ કક્ષાના બોધાત્મક કૌશલ્યો જેવા કે પૃથક્કરણ, વિવેચનાત્મક ચિંતન અને સંકલ્પનાત્મક સ્પષ્ટતાનું મૂલ્યાંકન કરે. વિદ્યાર્થીના અધ્યયન અને વિકાસને મહત્તમ અસરકારક બનાવે એવી અધ્યયન અધ્યાપન પ્રક્રિયાઓને સતત પ્રેરિત કરવામાં અને તેમાં સુધારાવધારા કરવામાં મદદ કરવી એ મૂલ્યાંકન પ્રણાલીનો મુખ્ય હેતુ હશે. શિક્ષણના તમામ સ્તરે મૂલ્યાંકન માટેનો આ મૂળ સિદ્ધાંત હશે.

**૪.૩૫.** શાળા આધારિત મૂલ્યાંકન માટેના તમામ વિદ્યાર્થીઓના પ્રગતિ કાર્ડ, જેને શાળાઓ દ્વારા માતાપિતાને આપવામાં આવે છે તેને સૂચિત રાષ્ટ્રીય મૂલ્યાંકન કેન્દ્ર, એનસીઈઆરટી એસસીઈઆરટી NCERT અને SCERTના માર્ગદર્શન હેઠળ રાજ્યો /કેન્દ્રશાસિત પ્રદેશો દ્વારા સંપૂર્ણ રીતે પુનઃ રચના કરવામાં આવશે. પ્રગતિ કાર્ડ એક સમગ્રદર્શી અને ૩૬૦ ડિગ્રીનો, બહુપરિમાણ્વીય અહેવાલ હશે જેમાં વિદ્યાર્થીના જ્ઞાનાત્મક, ભાવાત્મક અને મનોક્રિયાત્મક ક્ષેત્રના વિકાસનું બારીકાઈપૂર્વક કરેલ વિશ્લેષણનું વર્ણન તેમજ તેની પ્રગતિ વિશિષ્ટતાને પ્રતિબિંબિત કરેલું હશે. તેમાં વિદ્યાર્થીના પ્રોજેક્ટ આધારિત, પૂછપરછ આધારિત અધ્યયન, ક્વીઝ, રોલ પ્લે, જૂથ કાર્ય, પોર્ટફોલિયો વગેરેનું સ્વમૂલ્યાંકન, સહપાઠી દ્વારા મૂલ્યાંકન અને શિક્ષક દ્વારા મૂલ્યાંકન સમાવિષ્ટ હશે. આ સમગ્રતાદર્શી પ્રગતિકાર્ડ વાલી અને શિક્ષક મુલાકાત ઉપરાંત શાળા અને ઘરને જોડતી એક મહત્તવની કડી રચશે. જેથી વાલીઓને બાળકના સર્વાંગીણ વિકાસમાં અને શિક્ષણમાં સક્રિય રીતે સામેલ કરી શકાય. પ્રગતિકાર્ડ શિક્ષકોને અને માતાપિતાને વર્ગખંડમાં અને વર્ગખંડ બહાર દરેક વિદ્યાર્થીને અધ્યયનમાં કેવી રીતે મદદ કરવી તે વિશેની મૂલ્યવાન માહિતી પ્રદાન કરશે. માતાપિતા, શિક્ષકો અને સહપાઠી મિત્રોને પ્રશ્નાવલી આપી તે દ્વારા પોતાના અધ્યયન વિશે ક્ષમતાઓ અને રસ રુચિના ક્ષેત્રો વિશે, કઈ દિશામાં સુધારણાની જરૂર છે તે વિશે માહિતી મેળવી કૃત્રિમ બુદ્ધિમત્તા (એઆઈ AI)ના ઉપયોગથી વિદ્યાર્થીઓ સોફ્ટવેર બનાવી શકે જે તેમને અધ્યયનમાં પ્રગતિની સંભાળ લેવામાં અને શ્રેષ્ઠ કારકિર્દીની પસંદગી કરવામાં મદદરૂપ થઈ શકે.

**૪.૩૬.** બોર્ડની પરીક્ષાઓ અને પ્રવેશ પરીક્ષાઓ સહિત માધ્યમિક શાળાની પરીક્ષાઓનું વર્તમાન સ્વરૂપ -અને આજની કોચિંગ સંસ્કૃતિ - ખાસ કરીને માધ્યમિક શાળા કક્ષાએ ઘણું નુકસાન કરી રહી છે. સાચા અધ્યયન માટેના મૂલ્યવાન સમયને વિદ્યાર્થીઓ કોચિંગ અને વધુ પડતી પરીક્ષાઓમાં આપી રહ્યા છે. આ પરીક્ષાઓ વિદ્યાર્થીઓને ભવિષ્યની શિક્ષણ પ્રણાલીમાં મહત્તવપૂર્ણ બનનાર લવચિકતા અને પસંદગીની તક આપવાને બદલે એક જ પ્રવાહમાં ખૂબ જ સંકુચિત સામગ્રીના અધ્યયન માટે દબાણ કરે છે.

**૪.૩૭.** હાલની બોર્ડની અને પ્રવેશ પરીક્ષાઓની પ્રણાલીમાં કોચિંગ વર્ગો કરવાની જરૂરિયાતને દૂર કરવા માટે સુધારણા કરવામાં આવશે જ્યારે ધોરણ ૧૦ અને ૧૨ માટે બોર્ડની પરીક્ષા ચાલુ રાખવામાં આવશે. વર્તમાન મૂલ્યાંકન પ્રણાલીની આ હાનિકારક અસરોના નિર્મૂલન માટે અને વિદ્યાર્થીઓના સર્વાંગી વિકાસને પ્રોત્સાહિત કરવા માટે બોર્ડની પરીક્ષાઓના માળખાની પુનઃરચના કરવામાં આવશે; વિદ્યાર્થીઓ તેમના વ્યક્તિગત હિતોને આધારે ઘણા વિષયોમાંથી બોર્ડની પરીક્ષાના વિષયો પસંદગી કરી શકશે. બોર્ડની પરીક્ષાઓને પણ 'સરળ' બનાવવામાં આવશે. સરળ એ અર્થમાં કે તે પરીક્ષાઓ કોચિંગ કે ગોખવાને બદલે ક્ષમતાઓ અને યોગ્યતાઓની પરીક્ષા કરશે. કોઈપણ વિદ્યાર્થી કે જે શાળાએ જઇ રહ્યો છે અને શાળામાં અધ્યયન માટે પ્રયત્નો કરી રહ્યો છે તે વધારાના પ્રયત્નો વગર બોર્ડની પરીક્ષા ઉત્તીર્ણ કરી શકશે અને સારો દેખાવ કરી શકશે. બોર્ડ પરીક્ષાઓના 'વર્ષ બગડવાના સંકટ' ને દૂર કરવા માટે, બધા વિદ્યાર્થીઓ

કોઈપણ શાળાકીય વર્ષ દરમિયાન બે વખત બોર્ડની પરીક્ષા આપી શકશે, એક મુખ્ય પરીક્ષા અને એક સુધારણા માટે, જો ઇચ્છિત હોય તો.

**૪.૩૮.** વધુ લવચિકતા, વિદ્યાર્થીને પસંદગીની તક અને તેમના પરીક્ષાઓમાં કુલ પ્રદર્શનમાંથી કોઈપણ બે શ્રેષ્ઠ પ્રદર્શનના આધારે મૂલ્યાંકન, પાયાની મુખ્ય ક્ષમતાઓની ચકાસણી વગેરે જેવી બાબતો સુધારા સ્વરૂપે બધી જ બોર્ડ પરીક્ષાઓમાં અનુસરવી જોઈએ. આ સાથે બોર્ડ પરીક્ષાના વધુ વ્યવહારૂ મોડેલ વિકસાવી શકાય કે જેથી કોચિંગની સંસ્કૃતિ અને પરીક્ષાના તણાવને ઘટાડી શકાય. આવી કેટલીક શક્યતાઓમાં આ બાબતો હોઈ શકે છે; વાર્ષિક/સત્રાંત/એકમ (Modular) બોર્ડ પરીક્ષાઓની એક પદ્ધતિ વિકસિત થઈ શકે છે - કે જેમાં દરેક પરીક્ષણમાં ઘણી ઓછી સામગ્રી હોય અને શાળામાં સંબંધિત અભ્યાસક્રમ પછી તરત જ લેવામાં આવે કે જેથી માધ્યમિક સ્તર પર પરીક્ષાનો તણાવ યોગ્ય રીતે વિતરિત થાય; તણાવની તીવ્રતા ઘટાડી શકાય; ગણિતથી લઈને દરેક વિષય સંબંધિત મૂલ્યાંકન બે સ્તર પર કરવામાં આવે, એક વર્ગ કક્ષાએ અને બીજી ઉચ્ચ કક્ષાએ; કેટલાક વિષયોમાં બોર્ડની પરીક્ષાઓ બે ભાગમાં રાખી શકાય એક ભાગમાં બહુવિકલ્પ પ્રશ્નો હોય અને બીજા ભાગમાં વિસ્તૃત ઉત્તરના પ્રશ્નો રાખી શકાય.

**૪.૩૯.** ઉપરોક્ત તમામ બાબતોને ધ્યાનમાં રાખીને, એનસીઈઆરટી NCERT દ્વારા મુખ્ય હિતધારકો, જેમ કે એસસીઈઆરટી SCERTs, બોર્ડ ઓફ એસેસમેન્ટ (BoA), સૂચિત નવા રાષ્ટ્રીય મૂલ્યાંકન કેન્દ્ર અને શિક્ષકો સાથે પરામર્શના આધારે દિશા નિર્દેશો તૈયાર કરવામાં આવશે જેથી શૈક્ષણિક સત્ર ૨૦૨૨-૨૩ સુધીમાં એનસીએફએસઇ NCFSE ૨૦૨૦-૨૧ ને અનુરૂપ મૂલ્યાંકન પદ્ધતિને સંપૂર્ણ રીતે બદલી શકાય.

**૪.૪૦.** શાળાના વર્ષો દરમિયાન વિદ્યાર્થીની પ્રગતિની દેખરેખ રાખવા માટે વિદ્યાર્થીઓ, માતાપિતા, શિક્ષકો, આચાર્યો અને સમગ્ર શાળાકીય પ્રણાલીના લાભ માટે, શાળાકીય આયોજન અને અધ્યાપન-અધ્યયન પ્રક્રિયાઓમાં સુધારણા માટે માત્ર ધોરણ ૧૦ અને ૧૨ ના અંતમાં જ નહીં પણ વિદ્યાર્થીઓ ધોરણ ૩, ૫ અને ૮ માં શાળા પરીક્ષા આપશે જે યોગ્ય ઓથોરિટી દ્વારા લેવામાં આવશે. આ પરીક્ષાઓ પાયાની અધ્યયન નિપજોનું મૂલ્યાંકન કરશે; સ્મૃતિ આધારિત ગોખણીયા જ્ઞાનને બદલે પાયાની સંકલ્પનાઓનું મૂલ્યાંકન, સ્થાનિકથી લઈને રાષ્ટ્રીય સ્તરના અભ્યાસક્રમનું જ્ઞાન અને તેને અનુરૂપ ઉચ્ચ કક્ષાના બોધાત્મક કૌશલ્યો જેવા કે જ્ઞાનનો વાસ્તવિક જીવનમાં ઉપયોગ, વિવેચનાત્મક વિચારણા, સર્જનાત્મક વિચારણા વગેરેનું મૂલ્યાંકન કરવામાં આવશે. ખાસ કરીને ધોરણ 3 ની પરીક્ષા મૂળભૂત સાક્ષરતા, સંખ્યા જ્ઞાન અને અન્ય પાયાની કુશળતાનું પરીક્ષણ કરશે. શાળા પરીક્ષાઓના પરિણામોનો ઉપયોગ ફક્ત શાળા શિક્ષણ પ્રણાલીના વિકાસના હેતુ માટે કરવામાં આવશે; ઉપરાંત તેનો ઉપયોગ શાળાઓ દ્વારા તેમના વિદ્યાર્થીઓના પરિણામોની જાહેરાત કરવા માટે, સતત નિરીક્ષણ અને શાળા પ્રણાલીના સુધાર માટે કરવામાં આવશે.

**૪.૪૧.** એમએચઆરડી MHRD અંતર્ગત એક પ્રમાણભૂત-નિર્ધારક સમિતિના રૂપમાં એક રાષ્ટ્રીય મૂલ્યાંકન કેન્દ્ર, PARAKH (સમગ્ર વિકાસ માટે જ્ઞાનનું પ્રદર્શન મૂલ્યાંકન, સમીક્ષા અને વિશ્લેષણ), સ્થાપિત કરવાનો પ્રસ્તાવ છે જે ભારતના તમામ માન્યતા પ્રાપ્ત શાળા બોર્ડ માટે વિદ્યાર્થી મૂલ્યાંકન અને મૂલ્યાંકન માટે માપદંડ, પ્રમાણભૂત અને દિશાનિર્દેશ જેવા કેટલાક મૂળ ઉદ્દેશો પૂર્ણ કરશે. સાથેસાથે PARAKH સ્ટેટ અચિવમેન્ટ સર્વે (SAS) નું માર્ગદર્શન અને નેશનલ અચિવમેન્ટ સર્વે (NAS)નું પણ સંચાલન કરશે. આ ઉપરાંત દેશમાં અધ્યયનના પરિણામોનું નિરીક્ષણ કરવું, આ નીતિમાં જણાવેલ ઉદ્દેશો મુજબ ૨૧મી સદીના વિવિધ કૌશલ્યોના અધ્યયનની આવશ્યકતાઓને પૂર્ણ કરવા તરફ પોતાની મૂલ્યાંકન પદ્ધતિને બદલવા માટે શાળા બોર્ડની સહાય કરવાનો પણ ઉદ્દેશ રહેશે. આ કેન્દ્ર નવી મૂલ્યાંકન પદ્ધતિ સંબંધિત અને નવીનતમ સંશોધન માટે શાળા બોર્ડને પણ સલાહ આપશે, શાળાના જુદાજુ દા બોર્ડ વચ્ચે પરસ્પર સહયોગને પ્રોત્સાહન આપશે. જુદા જુદા બોર્ડ એક બીજાની શ્રેષ્ઠ પ્રવૃત્તિઓ અને પ્રક્રિયાઓને જાણે તથા બધા જ બોર્ડના વિદ્યાર્થીઓની શૈક્ષણિક સિદ્ધિનું સ્તર સમાન રહે તે માટે રાષ્ટ્રીય મૂલ્યાંકન કેન્દ્ર, Parakh એક માધ્યમ બની રહેશે.

**૪.૪૨.** વિશ્વવિદ્યાલય પ્રવેશ પરીક્ષાઓ માટેના સિદ્ધાંતો સમાન હશે. રાષ્ટ્રીય પરીક્ષણ એજન્સી (એનટીએ National Testing Agency) ઉચ્ચ ગુણવત્તાયુક્ત સામાન્ય અભિયોગ્યતા પરીક્ષા, તેમજ વિજ્ઞાન, માનવવિદ્યાઓ, ભાષા, વિવિધ કલાઓ અને વ્યાવસાયિક વિષયોમાં વિશિષ્ટ સામાન્ય વિષયની પરીક્ષાઓ વર્ષમાં ઓછામાં ઓછી બે વખત લેવાનું કામ કરશે. આ પરીક્ષાઓમાં સંકલ્પનાઓની સમજ અને જ્ઞાનના ઉપયોજન કરવાની ક્ષમતાનું પરીક્ષણ કરવામાં આવશે અને આ પરીક્ષાઓ માટે કોચિંગ લેવાની જરૂરિયાતને દૂર કરવા પર ભાર મૂકવામાં આવશે. વિદ્યાર્થીઓ જે વિષયમાં પરીક્ષા આપવા માટે રૂચિ ધરાવે છે તે વિષયોની પસંદગી કરી શકશે અને દરેક વિશ્વવિદ્યાલય દરેક વિદ્યાર્થીનો વ્યક્તિગત વિષય પોર્ટફોલિયો જોઈ શકશે અને વ્યક્તિગત રૂચિ અને પ્રતિભાના આધારે વિદ્યાર્થીઓને તેમના કાર્યક્રમોમાં પ્રવેશ આપી શકશે. National Testing Agency ઉચ્ચ શિક્ષણ સંસ્થાઓમાં અનુસ્નાતક અને સ્નાતકમાં પ્રવેશ તેમજ ફેલોશિપ માટેની પ્રવેશ પરીક્ષાઓ યોજવા માટે પ્રમુખ, નિષ્ણાત, સ્વાયત્ત પરીક્ષણ સંસ્થા તરીકે સેવા આપશે. એનટીએ NTA પરીક્ષણ સેવાઓની ઉચ્ચ ગુણવત્તા, વિવિધતા અને સુગમતા મોટાભાગના વિશ્વવિદ્યાલયોને આ વિશિષ્ટ પ્રવેશ પરીક્ષાનો ઉપયોગ કરવામાં સક્ષમ બનાવશે. સેંકડો વિશ્વવિદ્યાલયો દરેક પોતપોતાની પ્રવેશ પરીક્ષાઓ યોજે તેના કરતાં એનટીએ NTA દ્વારા આ કામ કરવાથી વિદ્યાર્થીઓ, વિશ્વવિદ્યાલયો અને કોલેજો તેમજ સમગ્ર શિક્ષણ વ્યવસ્થા પરના ભારણમાં તીવ્ર ઘટાડો થઈ શકશે. NTA મૂલ્યાંકનનો ઉપયોગ તેમની પ્રવેશ પરીક્ષા માટે કરવો કે નહીં તે નિર્ણય વ્યક્તિગત વિશ્વવિદ્યાલયો અને મહાવિદ્યાલયો સ્વતંત્ર રીતે લેશે.

## વિશિષ્ટ પ્રતિભાવાળા અને હોશિયાર વિદ્યાર્થીઓ માટે સહાય

૪.૪૩. દરેક વિદ્યાર્થીમાં જન્મજાત પ્રતિભાઓ હોય છે, જેને શોધવી જોઈએ, તેનું પોષણ કરવું જોઈએ, તેને પ્રોત્સાહન આપવું જોઈએ અને તેનો વિકાસ કરવો જોઇએ. આ પ્રતિભાઓ વ્યક્તિની વિવિધ રુચિઓ, સ્વભાવ અને ક્ષમતાઓ રૂપે વ્યક્ત થતી હોય છે. જે વિદ્યાર્થીઓ આપેલ ક્ષેત્રમાં ખાસ કરીને વિશેષ રુચિ અને ક્ષમતા દર્શાવે છે, તેને સામાન્ય શાળાના અભ્યાસક્રમની બહાર પણ અભ્યાસ કરવા માટે પ્રોત્સાહિત કરવા જોઈએ. શિક્ષક પ્રશિક્ષણમાં વિદ્યાર્થીઓની પ્રતિભાઓ અને રુચિઓની ઓળખ અને તેના પ્રોત્સાહન માટેની શિક્ષણ પદ્ધતિઓ સામેલ કરાશે. **એનસીઈઆરટી NCERT** અને **એનસીટીઈ NCTE** આવા પ્રતિભાશાળી વિદ્યાર્થીઓના શિક્ષણ માટેની માર્ગદર્શિકા વિકસાવશે. બી.એડ્. અભ્યાસક્રમોમાં પણ પ્રતિભાશાળી વિદ્યાર્થીઓના શિક્ષણમાં વિશેષતાની મંજૂરી આપી શકાશે.

૪.૪૪. શિક્ષકોનો ઉદ્દેશ્ય વિદ્યાર્થીઓને પૂરક અધ્યયન સામગ્રી, માર્ગદર્શન અને પ્રોત્સાહન આપીને વર્ગમાં એમની પ્રતિભાને પ્રોત્સાહિત કરવાનો રહેશે. વિષય-કેન્દ્રિત અને પ્રોજેક્ટ આધારિત ક્લબ્સ અને વર્તુળો, શાળા સંકુલો, જિલ્લાઓ અને આગળના સ્તરો પર અત્યંત પ્રોત્સાહિત કરવામાં આવશે અને તેમને પૂરી મદદ કરવામાં આવશે. ઉદાહરણ તરીકે, વિજ્ઞાન વર્તુળો, ગણિત વર્તુળો, સંગીત અને નૃત્ય પ્રદર્શન વર્તુળો, ચેસ વર્તુળો, કવિતા વર્તુળો, ભાષા વર્તુળો, નાટક વર્તુળો, ચર્ચા વર્તુળો, રમત વર્તુળો, ઇકો-ક્લબ્સ, આરોગ્ય અને સ્વાસ્થ્ય ક્લબ, યોગા ક્લબ અને બીજા ઘણા વર્તુળો/ક્લબ રચી શકાય. આ સાથે, વિવિધ વિષયોમાં માધ્યમિક શાળાના વિદ્યાર્થીઓ માટે ઉચ્ચ ગુણવત્તાવાળા રાષ્ટ્રીય નિવાસી ઉનાળું કાર્યક્રમોને પ્રોત્સાહિત કરવામાં આવશે, જેમાં દેશભરના ખૂબ જ શ્રેષ્ઠ વિદ્યાર્થીઓ અને શિક્ષકો, તેમજ સામાજિક-આર્થિક રૂપથી વંચિત સમુદાયના વિદ્યાર્થીઓ અને શિક્ષકો પણ સામેલ હશે, તેમને આકર્ષિત કરવા ચુસ્ત રીતે ગુણવત્તા આધારિત પરંતુ યોગ્ય પ્રવેશ પ્રક્રિયા હશે.

**૪.૪૫.** દેશભરમાં વિવિધ વિષયોની ઓલિમ્પિયાડ અને સ્પર્ધાઓનું આયોજન કરાશે, જેમાં શાળાથી લઈને સ્થાનીય અને રાષ્ટ્રીય સ્તર પર જરૂરી સંકલન સાથે એ સુનિશ્ચિત કરવામાં આવશે કે તમામ વિદ્યાર્થીઓ પોતપોતાની લાયકાત અનુસાર જે તે સ્તરે ભાગ લઈ શકે. વ્યાપક ભાગીદારીની ખાતરી કરવા માટે ગ્રામીણ વિસ્તારો અને પ્રાદેશિક ભાષાઓમાં તેને ઉપલબ્ધ કરાવવા માટેના પ્રયાસો કરવામાં આવશે. જાહેર અને ખાનગી વિશ્વવિદ્યાલયો તથા IITs અને NIT જેવી અગ્રણી સંસ્થાઓને રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય ઓલિમ્પિયાડ્ઝ અને અન્ય સંબંધિત રાષ્ટ્રીય

કાર્યક્રમના પરિણામોના ઉપયોગ પ્રવેશ સંબંધી માપદંડના ભાગરૂપે તેમના સ્નાતક કાર્યક્રમોમાં પ્રવેશ આપવા માટે પ્રોત્સાહિત કરવામાં આવશે.

**૪.૪૬.** જ્યારે એક વાર ઇન્ટરનેટ જોડાણવાળા સ્માર્ટફોન અથવા ટેબલેટ બધા જ ઘરો અને/અથવા શાળાઓમાં ઉપલબ્ધ હશે તો ક્વિઝ, વિવિધ સ્પર્ધાઓ, પૂરક અધ્યયન સામગ્રી, મૂલ્યાંકનપત્રો અને સમાન શૈક્ષણિક અને સહશૈક્ષણિક રુચિ ધરાવતા લોકોના ઓનલાઇન સમુદાયો સાથે સંપર્ક થઈ શકે તેવી મોબાઇલ એપ્લિકેશન તૈયાર કરવામાં આવશે અને ઉપરોક્ત બધી બાબતોમાં વિકાસનું કાર્ય કરશે જેનું માતા-પિતા અને શિક્ષકો દ્વારા યોગ્ય નિરીક્ષણ થશે. તબક્કાવાર રીતે સ્માર્ટ વર્ગખંડો વિકસિત કરાશે જેથી ઓનલાઇન અધ્યાપનશાસ્ત્રનો ઉપયોગ થઈ શકે અને તેના દ્વારા ઓનલાઇન સંસાધનો અને સહયોગની સાથે અધ્યયન અધ્યાપન પ્રક્રિયા વધુ અસરકારક અને ગુણવતાયુક્ત બનાવી શકાય.

# ૫. શિક્ષક

**૫.૧.** શિક્ષકો વાસ્તવમાં બાળકોના ભવિષ્યને ઘડે છે અને તેથી તેઓ રાષ્ટ્રનું નિર્માણ પણ કરે છે. શિક્ષકોના આ ઉમદા યોગદાનના કારણે જ તેઓ ભારતીય સમાજમાં સૌથી વિશેષ સન્માનિત સભ્યો હતા અને માત્ર સૌથી શ્રેષ્ઠ અને વિદ્વાનો જ શિક્ષક બનતા હતા. વિદ્યાર્થીઓને નિર્ધારિત જ્ઞાન, કૌશલ્ય અને નૈતિક મૂલ્યો પ્રદાન કરવા માટે સમાજ શિક્ષક કે ગુરૂઓને તેમની જરૂરિયાતોની તમામ ચીજો આપતા હતા. શિક્ષક પ્રશિક્ષણની ગુણવત્તા, ભરતી, નિયુક્તિ, સેવાની શરતો, શિક્ષક સશક્તિકરણ, શિક્ષકોના અધિકારોની સ્થિતિ હોવી જેવી હોવી જોઈએ એવી નથી અને તેના પરિણામે શિક્ષકોની ગુણવત્તા અને પ્રોત્સાહન ઇચ્છિત સ્તરેથી પહોચ્યા. જેને લીધે ઉત્સાહવર્ધક પરિણામો પ્રાપ્ત નથી થતાં. આથી શિક્ષકો માટે ઉચ્ચ દરજ્જો અને શિક્ષણના વ્યવસાય પ્રત્યેના આદર અને સન્માનના ભાવને પુનઃસ્થાપિત કરવા પડશે. આપણાં બાળકો અને રાષ્ટ્રના શ્રેષ્ઠ ભવિષ્યને સુનિશ્ચિત કરવા માટે શિક્ષણના વ્યવસાયમાં આવવા માટેનું પ્રોત્સાહન આપી સશક્તિકરણ થવું જરૂરી છે.

### ભરતી અને પદનિયુક્તિ

**૫.૨.** ઉત્કૃષ્ટ વિદ્યાર્થીઓ જ શિક્ષણના વ્યવસાયમાં પ્રવેશ મેળવે, વિશેષતઃ ગ્રામ્ય વિસ્તારમાંથી જોડાય તે માટે એક ઉત્કૃષ્ટ ચાર વર્ષીય સંકલિત બી.એડ્. કાર્યક્રમમાં અભ્યાસ માટે મોટી સંખ્યામાં અગ્રતાક્રમ આધારિત શિષ્યવૃત્તિ સમગ્ર દેશમાં શરૂ કરવામાં આવશે. ગ્રામીણ ક્ષેત્રમાં કેટલીક વિશેષ અગ્રતાક્રમ આધારિત શિષ્યવૃતિ શરૂ કરવામાં આવશે જે અંતર્ગત ચાર વર્ષના બી.એડ્. કાર્યક્રમની પદવી સફળતાપૂર્વક પૂર્ણ કર્યા પછી સ્થાનિક વિસ્તારોમાં નિશ્ચિત રોજગારમાં પણ સામેલ થશે. આ પ્રકારની શિષ્યવૃત્તિ સ્થાનિક વિદ્યાર્થીઓ (ખાસ કરીને વિદ્યાર્થિનીઓ) માટે સ્થાનિક નોકરીઓની તક પૂરી પાડશે. જેનાથી આ વિદ્યાર્થીઓ સ્થાનિક ક્ષેત્રમાં આદર્શના રૂપમાં અને ઉચ્ચ લાયકાત ધરાવતાં શિક્ષકોના રૂપમાં સેવા કરી શકે જેઓ સ્થાનિક ભાષા બોલતા હશે. વિશેષતઃ જે વર્તમાનમાં સૌથી વધુ શિક્ષકોની અછતનો સામનો કરી રહ્યા છે, એવાં ક્ષેત્રોમાં જ્યાં ઉત્કૃષ્ટ શિક્ષકોની સૌથી વધુ જરૂર છે, એવા ગ્રામીણ ક્ષેત્રમાં શિક્ષણકાર્ય કરવા માટે ઉત્કૃષ્ટ શિક્ષકોને પ્રોત્સાહન આપવામાં આવશે. ગ્રામીણ શાળાઓમાં ભણાવવા માટે એક ચાવીરૂપ પ્રોત્સાહન શાળાના પ્રાંગણમાં કે તેની આસપાસ સ્થાનિક નિવાસની વ્યવસ્થા હશે, અથવા ગ્રામીણ ક્ષેત્રમાં સ્થાનિક નિવાસ માટે રહેઠાણ રાખવા માટે મદદના ભાગરૂપે નિવાસ ભથ્થામાં વધારો થશે.

**૫.૩.** વિપુલ પ્રમાણમાં થતી શિક્ષક બદલીની હાનિકારક પ્રક્રિયા પર અંકુશ મૂકવામાં આવશે. જેથી શિક્ષક અને સમાજની વચ્ચે સંબંધ જળવાઈ રહે, તેમજ વિદ્યાર્થીઓને રોલમોડેલ અને શૈક્ષણિક વાતાવરણ મળી શકે. આ બાબતને સુનિશ્ચિત કરવા માટે રાજ્ય/કેન્દ્રશાસિત પ્રદેશ સરકારો દ્વારા નિર્ધારિત રીતે બદલી ખાસ સ્થિતિમાં જ કરવામાં આવશે. આથી વિશેષ પારદર્શિતા જાળવી રાખવા માટે એક ઓનલાઈન સોફ્ટવેર આધારિત વ્યવસ્થા દ્વારા બદલી કરવામાં આવશે.

૫.૪. વધુ સારી કસોટીઓના નિર્માણ માટે શિક્ષક યોગ્યતા પરીક્ષા (**ટીઈટી TET**) વિષયવસ્તુ અને અધ્યાપન શાસ્ત્ર બન્નેના સંદર્ભમાં વધુ સક્ષમ બનાવવામાં આવશે. શાળા શિક્ષણના તમામ સ્તરના (પૂર્વ પ્રાથમિક, પ્રારંભિક, ઉચ્ચ પ્રાથમિક અને માધ્યમિક)ના શિક્ષકોને આવરી લેવા માટે **ટીઈટી TET**નું વિસ્તરણ કરવામાં આવશે. વિષય શિક્ષકોની ભરતી પ્રક્રિયામાં તેઓના સંબંધિત વિષયોમાં લેવાતી **ટીઈટી TET** કે **એનટીએ NTA** પરીક્ષાના ગુણને પણ સામેલ કરવામાં આવશે. શિક્ષણ માટેની અભિયોગ્યતા અને ઉત્સાહને તપાસવા માટે રૂબરૂ મુલાકાત કે વર્ગમાં ભણાવવા સંબંધી નિદર્શન કરવા જેવી બાબતો શાળાઓ અને શાળા સંકુલોમાં શિક્ષકોની ભરતી પ્રક્રિયામાં અભિન્ન અંગ બની જશે. આ રૂબરૂ મુલાકાતનો ઉપયોગ સ્થાનિક ભાષામાં શિક્ષણમાં સહજતાનું અને કુશળતાનું આકલન કરવા માટે પણ કરવામાં આવશે. દરેક શાળા/શાળા સંકુલમાં ઓછામાં ઓછા કેટલાક શિક્ષકો હશે, જે સ્થાનિક ભાષામાં વિદ્યાર્થીઓ સાથે વાતચીત કરી શકે અને વિદ્યાર્થીઓની અન્ય પ્રચલિત ઘરેલુ ભાષાઓમાં પણ તેમની સાથે સંવાદ સાધી શકે. ખાનગી શાળાઓના શિક્ષકો પણ **ટીઈટી TET**, અધ્યાપન કૌશલ્યો/મુલાકાત અને સ્થાનિક ભાષાના જ્ઞાનની બાબતમાં સમાન લાયકાત ધરાવતા હોવા જોઈએ.

૫.૫. વિષયોમાં શિક્ષકોની પૂરતી સંખ્યા સુનિશ્ચિત કરવા માટે ખાસ કરીને કલા, શારીરિક શિક્ષણ, વ્યાવસાયિક શિક્ષણ અને ભાષાઓ જેવા વિષયોમાં શિક્ષકોને એક શાળા અથવા શાળા સંકુલમાં ભરતી કરી શકાશે. શાળાઓમાં શિક્ષકોની ભાગીદારી રાજ્ય/કેન્દ્રશાસિત પ્રદેશોની સરકારો દ્વારા અપનાવવામાં આવેલ 'શાળાઓના જૂથ'ના સ્વરૂપ અનુસાર કરવામાં આવી શકે છે.

૫.૬. સ્થાનિક જ્ઞાન અને તજ્જ્ઞતાનો લાભ શાળાઓ/શાળા સંકુલોના વિદ્યાર્થીઓને લાભ મળે તે માટે વિવિધ વિષયો જેવા કે પરંપરાગત સ્થાનિક કલાઓ, વ્યાવસાયિક શિલ્પકલા, ઉદ્યોગ સાહસિકતા, કૃષિ અથવા અન્ય કોઈપણ વિષયમાં સ્થાનિક પ્રતિષ્ઠિત વ્યક્તિઓ અથવા નિષ્ણાતોને 'ખાસ પ્રશિક્ષકો' તરીકે રાખવા માટે શાળાઓ/શાળા સંકુલોને પ્રોત્સાહિત કરવામાં આવશે.

૫.૭. આગામી બે દાયકામાં અપેક્ષિત વિષયદીઠ શિક્ષકોની ખાલી જગ્યાઓના આકલન માટે દરેક રાજ્ય દ્વારા તકનીકી આધારિત વ્યાપક શિક્ષક-જરૂરિયાત અને ભાવિ આયોજનની અનુમાન માટેની કામગીરી કરવામાં આવશે. ભરતી અને પદ નિયુક્તિઓમાં ઉપરોક્ત પહેલને સમયની સાથે જરૂરિયાત મુજબ વધારવામાં આવશે, જેનો ઉદ્દેશ્ય બધી ખાલી જગ્યાઓ પર સ્થાનિક શિક્ષકોની સાથે યોગ્ય લાયકાતવાળા શિક્ષકોને નીચે ઉલ્લેખ કરેલ કારકિર્દી વ્યવસ્થાપન અને પ્રગતિ માટેના યોગ્ય પ્રોત્સાહનો આપવા સાથે ભરતી કરવામાં આવશે. આ રીતે અંદાજિત ખાલી જગ્યાઓ સાથે શિક્ષક પ્રશિક્ષણ કાર્યક્રમો અને અનુમાનિત ખાલી જગ્યાઓમાં સુસંગતતા રહેશે.

## સેવાકાળ દરમ્યાન કાર્યસંસ્કૃતિ અને પર્યાવરણ

૫.૮. શાળાઓના કાર્યનું પર્યાવરણ અને સંસ્કૃતિમાં ફેરફાર કરવાનો મુખ્ય ઉદ્દેશ શિક્ષકોની અસરકારક રીતે કામગીરી કરવાની ક્ષમતા વધારવાનો રહેશે. જેથી શિક્ષકો પોતાનું કામ અસરકારક રીતે કરી શકે અને તે સુનિશ્ચિત થઇ શકે કે તે શિક્ષકો, વિદ્યાર્થીઓ, વાલીઓ, આચાર્યો અને અન્ય સહાયક કર્મચારીઓ એક સર્વસમાવેશક સમુદાયોનો ભાગ બની શકે, જેનું એક સમાન લક્ષ્ય એ સુનિશ્ચિત કરવાનું હશે, જેમાં બધા જ બાળકો શીખી રહ્યા છે.

૫.૯. આ દિશામાં પ્રથમ જરૂરિયાત શાળાઓમાં શિષ્ટ અને સુખદ સેવાની કાર્યસ્થિતિ સુનિશ્ચિત કરવાની રહેશે. આ સુનિશ્ચિત કરવા માટે શાળાઓમાં પર્યાપ્ત અને સુરક્ષિત ભૌતિક સંસાધનો, શૌચાલય, પીવાનું ચોખ્ખું પાણી, શીખવા માટે સ્વચ્છ અને આકર્ષક જગ્યા, વીજળી, કમ્પ્યૂટીંગ સાધનો, ઈન્ટરનેટ, પુસ્તકાલય અને રમત તથા મનોરંજનના સાધનો ઉપલબ્ધ કરાવવાં પડશે. જેથી શાળાઓમાં બધી જ જાતીયતા (લિંગ)ના વિદ્યાર્થીઓ અને દિવ્યાંગ બાળકો સહિત, શિક્ષકો અને વિદ્યાર્થીઓ માટે એક સુરક્ષિત, સમાવિષ્ટ અને પ્રભાવી શિક્ષણનું વાતાવરણ પ્રાપ્ત કરી શકે અને

તેઓ શાળામાં ભણાવવા અને શીખવા માટે સુવિધાજનક સ્થિતિ અને પ્રેરક વાતાવરણને અનુભવી શકે. સેવાકાલીન તાલીમમાં શાળાઓમાં કાર્યસ્થળે સુરક્ષા, આરોગ્ય અને પર્યાવરણ અંગેના નિવેશો (ઇનપુટસ) હશે, જેથી તમામ શિક્ષકો આ જરૂરિયાતો પ્રત્યે સંવેદનશીલ બને તે સુનિશ્ચિત કરી શકાય.

**૫.૧૦.** પ્રભાવશાળી શાળા પ્રશાસન, સંસાધનોની ભાગીદારી અને સમુદાયના નિર્માણ માટે રાજ્ય/કેન્દ્રશાસિત પ્રદેશની સરકારો નાવીન્યપૂર્ણ માળખા એટલે કે શાળા સંકુલો, વિદ્યાર્થીઓની હાજરીને અસર ના થાય તે રીતે શાળાઓને વધુ ઉન્નત, તર્કસંગત અને વૈજ્ઞાનિક રીતે વિકસાવી શકાય બનાવવી તે છે. ઉદાહરણ સ્વરૂપે શાળા સંકુલનું નિર્માણ જીવંત શિક્ષક સમુદાયોના નિર્માણની દિશામાં એક લાંબો માર્ગ પ્રશસ્ત કરી શકે છે. શાળા સંકુલમાં શિક્ષકોની નિયુક્તિ શાળા સંકુલની શાળાઓમાં આપોઆપ સંબંધો વિકસી શકે છે. જેથી વિષયદીઠ શિક્ષકોનું ઉત્કૃષ્ટ વિતરણ સુનિશ્ચિત કરવામાં પણ મદદ મળશે. આથી વધુ જીવંત અને જ્ઞાન આધારિત શિક્ષકનું નિર્માણ થશે. અત્યંત નાની શાળાઓના શિક્ષકો હવે અટૂલાં નહીં રહે, તેઓ મોટા શાળા સંકુલ સમુદાયો સાથે કામ કરી શકે છે, એકબીજા સાથે શ્રેષ્ઠ કાર્યપદ્ધતિઓ વહેંચી શકે છે અને તમામ બાળકો શીખી રહ્યાં છે તે સુનિશ્ચિત કરવા માટે સહયોગપૂર્વક કામ કરી શકે છે. શાળા સંકુલો શિક્ષકોને વધુ પ્રોત્સાહન આપવા અને અસરકારક શીખવાનું વાતાવરણ ઊભું કરવામાં મદદ કરવા માટે સલાહકાર, તાલીમબદ્ધ સામાજિક કાર્યકર્તાઓ, તકનીકી અને મરમ્મત સ્ટાફ વગેરેનું આદાન-પ્રદાન કરીશકે છે.

**૫.૧૧.** વાલીઓ અને અન્ય મુખ્ય સ્થાનિક હિતધારકોના સહકારથી શિક્ષકો શાળાઓ કે શાળા સમૂહોના વ્યવસ્થાપનમાં સામેલ થશે અને તેઓ શાળા અને શાળા વ્યવસ્થાપન સમિતિઓ/શાળા સંકુલ વ્યવસ્થાપન સમિતિઓના સભ્ય તરીકે વધુ પ્રમાણમાં જોડાશે.

**૫.૧૨.** શિક્ષકોનો મોટાભાગનો સમય બિન-શૈક્ષણિક પ્રવૃત્તિઓ પર વ્યય થતો અટકાવવા માટે શિક્ષકોને હવે એવાં કાર્યમાં સામેલ કરવામાં આવશે નહીં, જેનો શિક્ષણ સાથે સીધો સંબંધ નથી. ખાસ કરીને, શિક્ષકોને જટિલ વહીવટી કાર્યોમાં સામેલ નહીં કરાય અને મધ્યાહ્ન ભોજન સંબંધિત કાર્ય માટે આવશ્યક લઘુત્તમ સમયથી વધુ સમય માટે સામેલ કરવામાં નહીં આવે. જેથી તેઓ તેમની અધ્યયન-અધ્યાપનની ફરજો પર સંપૂર્ણ ધ્યાન કેન્દ્રિત કરી શકે.

**૫.૧૩.** શાળાઓમાં શિક્ષણનું હકારાત્મક વાતાવરણ મળે તે સુનિશ્ચિત કરવામાં મદદ કરવા માટે આચાર્યો અને શિક્ષકોની અપેક્ષિત ભૂમિકામાં એ સ્પષ્ટરૂપે સામેલ હશે કે તેઓ પોતાની શાળામાં અસરકારક પ્રણાલી દ્વારા સંવેદનશીલ અને સમાવેશી સંસ્કૃતિનું નિર્માણ કરશે જેનો લાભ બધા જ હિતધારકોને મળશે.

**૫.૧૪.** શિક્ષકોને શિક્ષણના પાસાઓ અને પાઠયક્રમની પસંદગી કરવામાં વધુ સ્વાયત્તતા આપવામાં આવશે, જેથી તેઓ તેમના વર્ગખંડોમાં વિદ્યાર્થીઓ માટે સૌથી વધુ અસરકારક લાગે તે રીતે શીખવી શકે. શિક્ષકો સામાજિક-ભાવનાત્મક પાસાં પર પણ ધ્યાન આપશે જે વિદ્યાર્થીઓના સર્વાંગીણ વિકાસની દ્રષ્ટિએ હંમેશા આવશ્યક બાબત છે. શિક્ષકોને એવી શિક્ષણ પ્રક્રિયા અપનાવવા માટે સન્માનિત કરવામાં આવશે જે વર્ગખંડમાં વિદ્યાર્થીઓને શીખવામાં વધુ લાભદાયી થતી હોય.

### સતત વ્યાવસાયિક વિકાસ (CPD)

**૫.૧૫.** શિક્ષકોને સ્વ-સુધારણા માટે અને તેમના વ્યવસાયમાં સાંપ્રત નવીનતાઓના અધ્યયનની તક મળે અને વ્યાવસાયિક પ્રગતિ થાય તે માટે શિક્ષકોને સતત તક આપવામાં આવશે. આ વિવિધ માધ્યમોમાં ઉપલબ્ધ કરવામાં આવશે. જેમાં સ્થાનિક, પ્રાદેશિક, રાજ્ય, રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય કાર્યશાળાઓ તેમજ ઓનલાઇન શિક્ષક વિકાસ મોડ્યુલનો સમાવેશ થાય છે. એક એવું ઓનલાઇન પ્લેટફોર્મ વિકસાવવામાં આવશે જેથી શિક્ષકો વિચારો અને શ્રેષ્ઠ પદ્ધતિઓ વહેંચી શકે. દરેક શિક્ષક તેમના પોતાના હિતોથી પ્રેરિત થઇ પોતાના વ્યાવસાયિક વિકાસ માટે દર વર્ષે ઓછામાં ઓછા ૫૦ કલાક સતત વ્યાવસાયિક વિકાસ (CPD) અંતર્ગત મળતી તકોમાં ભાગ લેશે, તેવી અપેક્ષા

રાખવામાં આવશે. CPDની તકો, ખાસ કરીને મૂળભૂત સાક્ષરતા અને અંકશાસ્ત્ર નું નવીનતમ શિક્ષણશાસ્ત્ર, પરિણામોનું રચનાત્મક અને અનુકૂળ મૂલ્યાંકન, ક્ષમતા આધારિત શિક્ષણ અને સંબંધિત અધ્યાપનશાસ્ત્ર જેવા કે પ્રાયોગિક અનુભવજન્ય શિક્ષણ, કલા સંકલિત રમત અને વાર્તા આધારિત દૃષ્ટિકોણ વગેરેને ક્રમબદ્ધ રીતે સામેલ કરવામાં આવશે.

**૫.૧૬.** શાળાના આચાર્યો અને શાળા સંકુલ પ્રમુખો માટે તેઓના નેતૃત્વ અને સંચાલન કૌશલ્યોને સતત વિકસાવવા માટે સમાન મોડ્યુલર લીડરશીપ/મેનેજમેન્ટ વર્કશોપ અને ઓનલાઇન વિકાસની તકો અને પ્લેટફોર્મ હશે જેથી તેઓ સતત તેમના નેતૃત્વ અને વ્યવસ્થાપન કૌશલ્યમાં સુધારો કરી શકે અને તેઓ પણ એકબીજા સાથે શ્રેષ્ઠ પદ્ધતિઓ વહેંચી શકે. આવા પ્રમુખો પાસે એ પણ અપેક્ષિત છે કે તેઓ પ્રતિ વર્ષ ૫૦ કલાક કે તેથી વધુ CPD કાર્યક્રમમાં ભાગ લેશે. તેમાં નેતૃત્વ અને સંચાલનની સાથો-સાથ વિષયવસ્તુ અને શિક્ષણશાસ્ત્ર સંબંધી કાર્યક્રમો સામેલ હશે. જેમાં યોગ્યતા અને પરિણામ આધારિત શિક્ષણ યોજનાઓ તૈયાર કરવા અને તેને લાગુ પાડવામાં આવશે.

## કારકિર્દી વ્યવસ્થાપન અને પ્રગતિ (CMP)

**૫.૧૭.** ઉત્કૃષ્ટ કાર્ય કરતા શિક્ષકોની ઓળખ કરી તેઓને માન્યતા, બઢતી અને પગાર વધારો આપવો જોઈએ, જેથી તમામ શિક્ષકોને તેમનું શ્રેષ્ઠ કાર્ય કરવા માટે પ્રોત્સાહિત કરી શકાય. તેથી કાર્યકાળ, પ્રમોશન અને પગાર માળખાનું મજબૂત ગુણવત્તા આધારિત માળખું વિકસાવવામાં આવશે, જેમાં દરેક શિક્ષક તબક્કામાં બહુવિધ સ્તરો હશે, જે ઉત્કૃષ્ટ શિક્ષકોને પ્રોત્સાહન અને માન્યતા આપશે. શિક્ષકોના પ્રદર્શનના સાચા મૂલ્યાંકન માટે રાજ્ય કે કેન્દ્રશાસિત પ્રદેશોની સરકારો દ્વારા બહુવિધ માપદંડોની પદ્ધતિ વિકસાવવામાં આવશે, જે સમકક્ષ સમીક્ષાઓ, હાજરી, પ્રતિબદ્ધતા, CPDના કલાકો અને શાળા અને સમુદાયને અથવા મુદ્દા ક્રમાંક ૫.૨૦માં આપવામાં આવેલી NPSTના આધારિત છે. આ નીતિમાં, કારકિર્દીના સંદર્ભમાં, 'કાર્યકાળ' કામગીરી અને યોગદાનના યોગ્ય મૂલ્યાંકન પછી કાયમી રોજગાર માટે પુષ્ટિનો ઉલ્લેખ કરે છે, જ્યારે 'કાર્યકાળ પથ' અગાઉના સમયગાળાનો ઉલ્લેખ કરે છે.

**૫.૧૮.** વધુમાં, કારકિર્દી વૃદ્ધિ (કાર્યકાળ, બઢતી, પગાર વધારો વગેરેની દૃષ્ટિએ) એક જ શાળાના તબક્કામાં(એટલે કે, મૂળભૂત, પ્રારંભિક, ઉચ્ચ પ્રાથમિક કે માધ્યમિક)ની અંદર શિક્ષકોને ઉપલબ્ધ થશે અને પ્રારંભિક અવસ્થા પછીના તબક્કાઓમાં શિક્ષકો માટે કે આનાથી વિપરીત (જોકે તબક્કાઓમાં આ રીતની કારકિર્દી સંબંધી પગલાં લેવાની અનુમતિ હશે. શરત એ કે શિક્ષક પાસે આ પ્રકારના પગલાં લેવાની ઇચ્છા અને લાયકાત હોય) કારકિર્દીને લગતું કોઈ પ્રોત્સાહન નથી. આનો હેતુ એ હકીકતને ટેકો આપવાનો છે કે શાળા શિક્ષણના તમામ તબક્કાઓમાં ઉચ્ચ ગુણવત્તાયુક્ત શિક્ષકોની જરૂર પડશે અને અન્ય કોઈપણ તબક્કાને બીજાથી વધુ મહત્વપૂર્ણ ગણવામાં આવશે નહીં.

૫.૧૯. સેવાની ગુણવત્તાને આધારે શિક્ષકોને શિક્ષણ પ્રણાલીમાં બઢતી આપી શૈક્ષણિક નેતૃત્વ આપવામાં આવશે; પ્રદર્શિત નેતૃત્વ અને વ્યવસ્થાપન કૌશલ્ય ધરાવતા ઉત્કૃષ્ટ શિક્ષકોને શાળાઓ, શાળા સંકુલો, BRC, CRC, BITE, DIET તેમજ સંબંધિત સરકારી વિભાગોમાં શૈક્ષણિક નેતૃત્વના હોદ્દાઓ સંભાળવા માટે સમય જતાં તાલીમ આપવામાં આવશે.

## શિક્ષકો માટે વ્યાવસાયિક ધોરણો

**૫.૨૦.** એનસીટીઈ NCTE દ્વારા એનસીઈઆરટી  એસસીઈઆરટી NCERT, SCERT બધાં સ્તર અને ક્ષેત્રોના શિક્ષકો, શિક્ષકોની તૈયારી અને વિકાસ હેતુ સંસ્થાનો અને ઉચ્ચતર શિક્ષણ સંસ્થાનો સાથે વાતચીતથી સામાન્ય ધોરણ પરિષદ (GEC) હેઠળ તેના પુનર્ગઠન નવા સ્વરૂપમાં નેશનલ પ્રોફેશનલ સ્ટાન્ડર્ડ્સ ફોર ટીચર્સ (એનપીએસટી NPST)નો એક સામાન્ય માર્ગદર્શક સમૂહ વર્ષ ૨૦૨૨ સુધીમાં વિકસાવવામાં આવશે. આ ધોરણોમાં કુશળતા/તબક્કાના વિવિધ સ્તરે શિક્ષકની ભૂમિકાની અપેક્ષાઓ અને તે તબક્કા માટે જરૂરી ક્ષમતાઓને આવરી લેવામાં આવશે. તેમાં તેના માટેના

માપદંડોનો પણ સમાવેશ થશે. દરેક તબક્કા માટે કામગીરીનું મૂલ્યાંકન સમયાંતરે હાથ ધરવામાં આવશે. એનપીએસટી NPST, પૂર્વ સેવા પ્રશિક્ષણ કાર્યક્રમોના માળખાંની પણ જાણકારી આપશે. ત્યારબાદ રાજ્યો દ્વારા તેને અપનાવી શકાય છે અને શિક્ષક કારકિર્દી વ્યવસ્થાપનનાં તમામ પાસાંઓ નક્કી કરી શકાય છે, જેમાં કાર્યકાળ, વ્યાવસાયિક વિકાસના પ્રયાસો, પગાર વધારો, બઢતી અને અન્ય માન્યતાનો સમાવેશ થાય છે. બઢતી અને પગાર વધારો કાર્યકાળ કે વરિષ્ઠતાના આધારે નહીં થાય, પરંતુ આવા મૂલ્યાંકનના આધારે જ થશે. વ્યાવસાયિક ધોરણોની સમીક્ષા કરવામાં આવશે અને વર્ષ ૨૦૩૦માં રાષ્ટ્રીય સ્તરે વ્યાવસાયિક ધોરણોની સમીક્ષા અને સંશોધન કરવામાં આવશે અને ત્યારબાદ દર દસ વર્ષોમાં વ્યવસ્થાની ગુણવત્તાનું ઘનિષ્ઠ અનુભવ આધારિત વિશ્લેષણ કરવામાં આવશે અને તેમાં આવશ્યક સુધારો કરવામાં આવશે.

## વિશેષ જરૂરિયાતવાળા બાળકો માટેના શિક્ષકો

**૫.૨૧.** શાળા શિક્ષણના કેટલાક ક્ષેત્રો માટે વધારાના વિશેષ શિક્ષકોની તાત્કાલિક જરૂર છે. આવી વિશિષ્ટ જરૂરિયાતોના કેટલાક ઉદાહરણોમાં મિડલ અને માધ્યમિક શાળા સ્તરે વિકલાંગ/દિવ્યાંગ બાળકો જેઓને શીખવામાં મુશ્કેલી હોય છે. તેઓ માટે વિષય શિક્ષણનો સમાવેશ થાય છે, જેમાં ચોક્કસ શિક્ષણ વિકલાંગતા માટે શિક્ષણનો સમાવેશ થાય છે. આવા શિક્ષકોને શિક્ષણના વિષય સંબંધિત ઉદ્દેશોની વિષય-શિક્ષણ જ્ઞાન અને સમજની જરૂર પડશે એટલું જ નહીં, બાળકોની વિશેષ જરૂરિયાતોને સમજવા માટે તેને સંબંધિત કૌશલ્યોની પણ જરૂર પડશે. તેથી, આ ક્ષેત્રોમાં વિષય શિક્ષકો અથવા સામાન્ય શિક્ષકો માટે ગૌણ વિશેષતા તરીકે વિકસાવી શકાય, જે પૂર્વ-સેવા શિક્ષકોની તૈયારી દરમિયાન અથવા પછી તેમને પૂર્વ સેવા તેમજ સેવાકાલિન રીતે, અથવા તો પૂર્ણ સમય અથવા અંશકાલીન/મિશ્રિત અભ્યાસક્રમો તરીકે પ્રમાણપત્ર અભ્યાસક્રમો મહાવિદ્યાલયો કે વિશ્વવિદ્યાલયોમાં ઉપલબ્ધ કરાવવામાં આવશે. યોગ્ય વિશેષ શિક્ષકો પણ જે આ વિષય શિક્ષણને સંભાળી શકતા હોય તેની પર્યાપ્ત ઉપલબ્ધતા સુનિશ્ચિત કરવા માટે એનસીટીઈ NCTE અને આરસીઆઈ RCIના પાઠ્યક્રમ વચ્ચે વધુમાં વધુ તાલમેલ સાધવામાં આવશે.

## શિક્ષક પ્રશિક્ષણનો અભિગમ

**૫.૨૨.** એવી ધારણા સાથે કે શિક્ષકોને ઉચ્ચ ગુણવત્તાયુક્ત સામગ્રી તેમજ શિક્ષણશાસ્ત્ર માં તાલીમની જરૂર પડશે, તે સ્વીકારીને વર્ષ ૨૦૩૦ સુધીમાં શિક્ષકોનું શિક્ષણ ધીમે ધીમે આંતર વિદ્યાશાખાકીય કોલેજો અને વિશ્વવિદ્યાલયોમાં તબદીલ કરવામાં આવશે. જેમ જેમ કૉલેજો અને વિશ્વવિદ્યાલયો તમામ બહુવિદ્યાશાખાકીય બનવા તરફ આગળ વધશે ત્યારે તેમનો ઉદ્દેશ શિક્ષણમાં બી.એડ્., એમ.એડ્. અને પીએચ.ડી.ની ડિગ્રી પ્રદાન કરતા ઉત્કૃષ્ટ શિક્ષણ વિભાગોની સ્થાપનાનો છે.

**૫.૨૩.** વર્ષ ૨૦૩૦ સુધીમાં શિક્ષણ માટે લઘુત્તમ પદવી લાયકાત ૪ વર્ષની સંકલિત બી.એડ્.પદવી હશે, જેમાં વિસ્તૃત જ્ઞાનની સામગ્રી અને શિક્ષણની શ્રેણીથી શીખવવામાં આવશે અને સ્થાનિક શાળાઓમાં વિદ્યાર્થી-શિક્ષણના સ્વરૂપમાં મજબૂત વ્યાવહારિક તાલીમનો સમાવેશ થાય છે. જે ચાર વર્ષનો સંકલિત બી.એડ્. કોર્સ ઓફર કરે છે તે બી.એડ.ના ૨ વર્ષના કાર્યક્રમો પણ ઓફર કરશે, જે માત્ર અન્ય વિશિષ્ટ વિષયોમાં સ્નાતક પદવી મેળવનારા લોકો માટે જ હશે. આ બી.એડ્.કાર્યક્રમોને ૧ વર્ષના બી.એડ્. કાર્યક્રમો તરીકે પણ અનુકૂળ રીતે અપનાવી શકાય છે. જેમણે ૪ વર્ષની બહુશાખાકીય સ્નાતક પદવી પૂર્ણ કરી છે અથવા જેમણે વિશેષમાં અનુસ્નાતક પદવી મેળવી છે, તેમને જ પ્રદાન કરવામાં આવશે. આવી તમામ બી.એડ્.ની ડિગ્રીઓ માન્યતા પ્રાપ્ત બહુશાખાકીય ઉચ્ચ શિક્ષણ સંસ્થાઓ દ્વારા જ આપવામાં આવશે, જે ૪ વર્ષના સંકલિત બી.એડ્. કાર્યક્રમો પ્રદાન કરે છે. ચાર વર્ષના વર્ગશિક્ષણના સંકલિત બી.એડ્. કાર્યક્રમ અને ODL મોડ માટે માન્યતા પૂરી પાડતી બહુશિસ્તબદ્ધ ઉચ્ચ શિક્ષણ સંસ્થાઓ અંતરિયાળ અથવા દુર્ગમ સ્થળોએ વિદ્યાર્થીઓને મિશ્રિત અથવા ઓડીએલ ODL મોડમાં ઉચ્ચ ગુણવત્તાયુક્ત બી.એડ્.કાર્યક્રમો પણ આપી શકે

છે. જેના માટે કાર્યક્રમના વ્યાવહારિક પ્રશિક્ષણ અને વિદ્યાર્થીઓના શિક્ષણ ઘટક તથા માર્ગદર્શન હેતુ ઉપર મુજબની નક્કર વ્યવસ્થાઓ કરશે.

**૫.૨૪.** બી.એડ્.ના તમામ કાર્યક્રમોમાં શિક્ષણશાસ્ત્રની સમય અને તકનીકોની સાથો-સાથ તાજેતરની પદ્ધતિઓનો કસોટી કરીને સમાવેશ થશે. જેમાં પાયાની સાક્ષરતા અને અંકશાસ્ત્ર, બહુસ્તરીય શિક્ષણ અને મૂલ્યાંકન, વિકલાંગતા ધરાવતા બાળકોને શિક્ષણ, વિશેષ રસ અને ક્ષમતા ધરાવતા બાળકોને શિક્ષણ, શૈક્ષણિક તકનીકનો ઉપયોગ અને વિદ્યાર્થી કેન્દ્રિત અને સહયોગાત્મક શિક્ષણનો સમાવેશ થાય છે. બી.એડ્.ના તમામ કાર્યક્રમોમાં સ્થાનિક શાળાઓમાં જઈને વર્ગખંડ શિક્ષણના વ્યાવહારિક પ્રશિક્ષણના મજબૂત સ્વરૂપનો સમાવેશ થશે. બી.એડ.ના તમામ કાર્યક્રમો વિષયને ભણાવવાની કોઈપણ પ્રક્રિયા દરમ્યાન ભારતીય બંધારણમાં દર્શાવેલ મૂળભૂત ફરજો (અનુચ્છેદ ૫૧અ) અને અન્ય બંધારણીય જોગવાઈઓના પાલન કરવા પર ભાર આપવામાં આવશે. આમાં પર્યાવરણ જાગૃતિ અને તેના સંરક્ષણ અને સાતત્યપૂર્ણ વિકાસ પ્રત્યે સંવેદનશીલતાને પણ યોગ્ય રીતે જોડવામાં આવશે. જેથી પર્યાવરણનું શિક્ષણ શાળાના અભ્યાસક્રમનું અભિન્ન અંગ બનશે.

**૫.૨૫.** ખાસ ટૂંકાગાળાના સ્થાનિક શિક્ષક પ્રશિક્ષણ કાર્યક્રમો BITE, DIET અથવા શાળા સંકુલમાં પણ ઉપલબ્ધ થશે. જેનાથી સ્થાનિક વ્યવસાયો, જ્ઞાન અને કૌશલ્યો જેવા કે સ્થાનિક કલા, સંગીત, કૃષિ, વ્યવસાય, રમત, સુથારીકામ અને અન્ય વ્યાવસાયિક કલાઓને પ્રોત્સાહન આપવાના હેતુસર નામના પાત્ર સ્થાનિક વ્યક્તિઓને શાળાઓ અથવા શાળા સંકુલોમાં ‘મુખ્ય પ્રશિક્ષક’ સ્વરૂપે ભણાવવા માટે નિયુક્ત કરવામાં આવશે.

**૫.૨૬.** બહુવિદ્યાશાખાકીય મહાવિદ્યાલયો અને વિશ્વવિદ્યાલયોમાં બી.એડ.પછીના ટૂંકાગાળાના ‘પ્રમાણપત્ર અભ્યાસક્રમો’ પણ વ્યાપકપણે ઉપલબ્ધ કરાવવામાં આવશે, જે શિક્ષણના વિશિષ્ટ ક્ષેત્રોમાં આગળ વધવા ઇચ્છતા હોય તેઓને વિશિષ્ટ જરૂરિયાતવાળા વિદ્યાર્થીઓનું શિક્ષણ અથવા શાળા પ્રણાલીમાં નેતૃત્વ અને વ્યવસ્થાપકના પદ પર કે પાયાનું, પ્રારંભિક, ઉચ્ચતર પ્રાથમિક અને માધ્યમિક સ્તરો વચ્ચે એક સ્તરમાંથી બીજા સ્તરમાં જવા ઈચ્છતા હોય.

**૫.૨૭.** એ સ્વીકારવામાં આવ્યું છે કે વિશેષ વિષય શિક્ષણ માટે આંતરરાષ્ટ્રીય સ્તર પર અનેક અધ્યાપનશાસ્ત્ર અભિગમો હોઈ શકે છે. એનસીઈઆરટી NCERT વિભિન્ન વિષયોની શિક્ષણ વિધિઓનું અધ્યયન, સંશોધન, લેખન અને એકીકરણ કરશે. તેમજ ભલામણો કરશે કે આ પૈકી શું શીખીને તેને ભારતમાં વ્યવહારમાં ઉપયોગમાં લેવાતી વિધિઓમાં સામેલ કરી શકાય છે.

**૫.૨૮.** વર્ષ ૨૦૨૧ સુધીમાં એનસીટીઈ NCTE દ્વારા એનસીઈઆરટી NCERT સાથે પરામર્શ કરી નવી શિક્ષણ નીતિ ૨૦૨૦ના સિદ્ધાંતોના આધાર પર એક નવી અને વિસ્તૃત શિક્ષક પ્રશિક્ષણના હેતુસર રાષ્ટ્રીય અભ્યાસક્રમ રૂપરેખા એનસીએફટીઈ NCFTE ૨૦૨૧ માં તૈયાર કરવામાં આવશે. આ માળખું રાજ્ય સરકારો, કેન્દ્ર સરકારના સંબંધિત મંત્રાલયો/વિભાગો અને વિવિધ નિષ્ણાત સંસ્થાઓ સહિત તમામ હિતધારકો સાથે ચર્ચા બાદ વિકસાવવામાં આવશે. અને તમામ પ્રાદેશિક ભાષાઓમાં ઉપલબ્ધ કરાવવામાં આવશે. એનસીએફટીઈ NCFTE ૨૦૨૧ માં વ્યાવસાયિક શિક્ષણ માટે શિક્ષક પ્રશિક્ષણ અભ્યાસક્રમની અપેક્ષાઓને પણ ધ્યાનમાં રાખવામાં આવશે. ત્યારબાદ સંશોધિત NCF માં પરિવર્તન અને શિક્ષક પ્રશિક્ષણની નવીન અપેક્ષાઓને દર્શાવતા એનસીએફટીઈ NCFTEમાં દર ૫-૧૦ વર્ષમાં સંશોધન કરવામાં આવશે.

**૫.૨૯.** છેવટે, શિક્ષક પ્રશિક્ષણ વ્યવસ્થાની પ્રામાણિકતાને સંપૂર્ણપણે જાળવી રાખવા દેશમાં ચલાવવામાં આવતા સબસ્ટાન્ડર્ડ સ્ટેન્ડ-અલોન ટીચર એજ્યુકેશન સંસ્થાઓ (TIE) સામે કડક કાર્યવાહી કરવામાં આવશે, જેમાં જરૂર પડ્યે તેમને બંધ કરવાનો પણ સમાવેશ થાય છે.

## ૬. સમાન અને સર્વસમાવેશક શિક્ષણઃ સર્વોપલબ્ધ અધ્યયન

**૬.૧.** સામાજિક ન્યાય અને સમાનતા પ્રાપ્ત કરવા માટે શિક્ષણ એ સૌથી મોટું સાધન છે. સર્વસમાવેશક અને શિક્ષણની સમાન તકો (જે ખરેખર પોતાની રીતે એક આવશ્યક ધ્યેય છે) સર્વસમાવેશક અને ન્યાયી સમાજ પ્રાપ્ત કરવા માટે પણ મહત્વપૂર્ણ છે, જેમાં દરેક નાગરિકને પોતાના સ્વપ્નો સાકાર કરવાની, વિકાસની અને અને રાષ્ટ્રના વિકાસમાં યોગદાન આપવાની તક મળે છે. શિક્ષણ વ્યવસ્થાનો ઉદ્દેશ ભારતના બાળકોને લાભ પહોંચાડવાનો હોવો જોઈએ, જેથી કોઈ પણ બાળક જન્મના આધારે કે પરિવારિક કે સામાજિક પૃષ્ઠભૂમિના કારણે અધ્યયન અને શ્રેષ્ઠ તાલીમ મેળવવાની કોઈ તક ના ગુમાવે. આ નીતિ એ વાતની પુષ્ટિ કરે છે કે શાળા શિક્ષણમાં પહોંચ, ભાગીદારી અને શિક્ષણનાં પરિણામોમાં સામાજિક સ્તરમાં રહેલી ખામીઓ દૂર કરવી એ તમામ શિક્ષણક્ષેત્રના વિકાસ કાર્યક્રમોનું મુખ્ય ધ્યેય બની રહેશે. આ પ્રકરણ એ પ્રકરણ ૧૪ સાથે પણ સંબંધ ધરાવે છે જેમાં ઉચ્ચ શિક્ષણમાં સમાનતા અને સર્વસમાવેશકતાના સમાન મુદ્દાઓ પર ચર્ચા કરવામાં આવી છે.

**૬.૨.** ભારતીય શિક્ષણ વ્યવસ્થા અને એક પછી એક સરકારી નીતિઓએ શાળા શિક્ષણના તમામ સ્તરોમાં જાતીયતા અને સામાજિક વર્ગના અંતરને દૂર કરવાની દિશામાં સતત પ્રગતિ કરી છે, પરંતુ મોટી અસમાનતા હજુ પણ છે ખાસ કરીને સામાજિક-આર્થિક રીતે વંચિત જૂથો **એસડીજીએસ (Socio-Economically Disadvantaged Groups – SEDGs),** જેમાં ખાસ કરીને મહિલા અને ટ્રાન્સજેન્ડર વ્યક્તિઓની આગવી ઓળખ, સામાજિક-સાંસ્કૃતિક ઓળખ (જેમ કે અનુસૂચિત જાતિ, અનુસૂચિત જનજાતિ, ઓબીસી અને ધાર્મિક લઘુમતીઓ) ભૌગોલિક ઓળખ (જેમ કે ગામડાઓના વિદ્યાર્થીઓ, નાના શહેરો અને મહત્વકાંક્ષી જિલ્લાઓ), અને સામાજિક-આર્થિક સ્થિતિ (પ્રવાસી સમુદાય, નિમ્ન આવકવાળા પરિવારો, અસહાય સ્થિતિમાં રહેતા બાળકો, બાળતસ્કરીથી પીડિત બાળકો, અનાથ અને ભીખ માંગતા બાળકો અને શહેરી ગરીબ બાળકો, દિવ્યાંગતા (શારીરિક તેમજ અધ્યયન સંબંધિત) ને લગતી બાબતો સામેલ છે. શાળાઓમાં એકંદરે નોંધણીમાં ધોરણ ૧ થી ૧૨ માં સતત ઘટાડો થતો જાય છે, પરંતુ આમાંની ઘણી **એસડીજીએસ SEDGs** માટે નોંધણીમાં નોંધપાત્ર ઘટાડો નોંધાયો છે, જેમાં આ દરેક **એસડીજીએસ SEDG**માં વિદ્યાર્થીનીઓ માટે વધુ ઘટાડો થયો છે અને ઘણીવાર ઉચ્ચ શિક્ષણમાં વધુ ઘટાડો થાય છે. સામાજિક-સાંસ્કૃતિક ઓળખની અંદર આવતા **એસડીજીએસ SEDG**ની ટૂંકી સ્થિતિ પેટા વિભાગોમાં આપવામાં આવી છે.

**૬.૨.૧.** U-DISE ૨૦૧૬-૧૭ ની માહિતી અનુસાર, પ્રાથમિક ધોરણના કુલ વિદ્યાર્થીઓમાં અનુસૂચિત જાતિના ૧૯.૬% વિદ્યાર્થી છે પરંતુ આ દર ઉચ્ચતર માધ્યમિક કક્ષાએ ૧૭.3% જોવા મળે છે, આ શાળા છોડવાનો દર અનુસૂચિત જનજાતિના વિદ્યાર્થી પ્રવેશ-નોંધણીના દર (૧૦.૬% થી ૬.૮%) છે અને દિવ્યાંગ વિદ્યાર્થીઓમાં આ દર (૧.૧% થી ૦.૨૫%) છે જે અતિગંભીર બાબત છે. અને આ દરેક કેટેગરીમાં પણ છોકરીઓનો શાળા છોડવાનો દર ખૂબ ઊંચો જોવા મળે છે ખાસ કરીને ઉચ્ચતર માધ્યમિક કક્ષાએ વધુ ગંભીર જોવા મળે છે.

**૬.૨.૨.** અનુસૂચિત જાતિઓમાં નામાંકન અને તે નામાંકન જાળવી રાખવાની સ્થિતિમાં, ગુણવત્તાયુક્ત શાળાઓની અછત, ગરીબી, સામાજિક રીતિ રિવાજ, પ્રથાઓ કે ભાષા જેવા ભિન્ન કારકોના કારણે નુકસાનજનક પ્રભાવ પડે છે. અનુસૂચિત જાતિના બાળકો સુધી પહોચવું, ભાગીદારી કે પરિણામની પ્રાપ્તિમાં આવતા અંતરાયોને દૂર કરવા માટેનું લક્ષ્ય મુખ્ય લક્ષ્યોમાંનું એક રહેશે. સાથોસાથ અન્ય પછાત વર્ગ (OBC) કે જેઓને પહેલેથી જ સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત હોવાના આધારે ઓળખવામાં આવે છે તેના પર પણ વિશેષ ધ્યાન આપવાની આવશ્યકતા છે.

**૬.૨.૩.** વિવિધ ઐતિહાસિક અને ભૌગોલિક પરિબળોને કારણે આદિજાતિ સમુદાય અને અનુસૂચિત જનજાતિના બાળકો પણ બહુવિધ સ્તરે ઘણા અવરોધો અને સમસ્યાઓનો સામનો કરે છે. આદિજાતિ સમુદાયોના બાળકોને ઘણીવાર તેમની શાળાનું શિક્ષણ સાંસ્કૃતિક અને શૈક્ષણિક બંને રીતે તેમના જીવન માટે અસંગત અને વિદેશી લાગે છે. આદિવાસી સમુદાયોના બાળકોના ઉત્થાન માટેના ઘણી સુયોજિત યોજનાઓ પર અમલ હાલમાં ચાલુ છે અને તે ચાલુ

રખાશે, આદિવાસી સમુદાયોના બાળકોને આવી યોજનાઓના શુભ ઉદ્દેશ્યની ખાતરી કરાવવા માટે વિશેષ પદ્ધતિ બનાવવાની જરૂર છે જેથી તેઓ આ યોજનાઓનો લાભ મેળવી શકે.

**૬.૨.૪.** લઘુમતીઓનું પણ શાળા શિક્ષણ અને ઉચ્ચ શિક્ષણમાં પ્રમાણમાં ઓછું પ્રતિનિધિત્વ છે. નવી શિક્ષણ નીતિ તમામ લઘુમતી સમુદાયોના બાળકોના શિક્ષણને પ્રોત્સાહન આપવા માટેના પ્રયાસોના મહત્વને સ્વીકારે છે, અને ખાસ કરીને તે સમુદાયો કે જેનું પ્રતિનિધિત્વ શિક્ષણ ક્ષેત્રમાં ઓછું છે.

**૬.૨.૫.** નીતિ, બાળકોની વિશેષ જરૂરિયાતો (CWSN) અથવા દિવ્યાંગ, અન્ય બાળકોની જેમ ગુણવત્તાયુક્ત શિક્ષણ મેળવવાની સમાન તકો પૂરી પાડવા માટે સક્ષમ પદ્ધતિ રચવાના મહત્વને પણ માન્ય રાખે છે.

**૬.૨.૬.** નીચેના પેટા વિભાગોમાં દર્શાવેલ શાળા શિક્ષણમાં સામાજિક વર્ગના અંતરાલોને ઘટાડવા પર ધ્યાન કેન્દ્રિત કરવા માટે અલગ વ્યૂહરચના બનાવવામાં આવશે.

**૬.૩.** પ્રારંભિક બાળ સંભાળ અને શિક્ષણ (ઈસીસીઈ ECCE), મૂળભૂત સાક્ષરતા અને સંખ્યાજ્ઞાન, શાળાપ્રવેશ, નોંધણી અને હાજરીને લગતી ગંભીર સમસ્યાઓ અને ભલામણો પ્રકરણ ૧ માં ચર્ચાઈ, અપ્રસ્તુત અને વંચિત જૂથો માટે ખાસ કરીને સંબંધિત અને મહત્વપૂર્ણ છે. તેથી, પ્રકરણ ૧-૩ ના પગલાં SEDGs માટે સંયુક્ત રીતે લક્ષ્યાંકિત કરવામાં આવશે.

**૬.૪.** આ ઉપરાંત, વિવિધ સફળ નીતિઓ અને યોજનાઓ જેવી કે લક્ષ્યાંકિત શિષ્યવૃત્તિ, માતાપિતાને તેમના બાળકોને શાળામાં મોકલવા માટે પ્રોત્સાહિત કરવા માટે શરતી રોકડ પરિવહન, પરિવહન માટે સાયકલો આપવી વગેરે; જેને લીધે ચોક્કસપણે શાળા પ્રણાલીમાં SEDGs ની ભાગીદારીમાં નોંધપાત્ર વધારો થયો છે એ સફળ નીતિઓ અને યોજનાઓને દેશભરમાં નોંધપાત્ર રીતે મજબૂત બનાવવી આવશ્યક છે.

**૬.૫.** એવા સંશોધનોને ધ્યાનમાં લેવા પણ જરૂરી બનશે કે કયા એસડીજીએસ SEDGs માટે કયા પગલાં ખાસ કરીને અસરકારક છે દાખલા તરીકે, સલામતી લાભોને લીધે - સાયકલ પૂરી પાડવી અને શાળાને પ્રવેશ આપવા માટે સાયકલ ચલાવતા વિદ્યાર્થીનું જૂથ અને પગપાળા ચાલતા વિદ્યાર્થીઓનું જૂથ બનાવવું - તે ખાસ કરીને વિદ્યાર્થીનીઓને શાળામાં હાજરી આપવી વધુ સલામત બનાવે છે - અને માતા-પિતાને માનસિક ચિંતામાંથી મુક્તિ આપે છે. દરેક વિદ્યાર્થીને વ્યક્તિગત ધ્યાન આપવા માટે શિક્ષકો અને સહશિક્ષકો, પીઅર ટ્યુટોરીંગ, દૂરવર્તી શાળા, યોગ્ય માળખાકીય સુવિધાઓ, તકનીકીનો યોગ્ય ઉપયોગ, ખાસ કરીને દિવ્યાંગ બાળકો માટે અસરકારક હોઈ શકે છે. ગુણવત્તાયુક્ત પ્રારંભિક બાળ સંભાળ અને શિક્ષણ ઈસીસીઈ (ECCE) પ્રદાન કરતી શાળા આર્થિક રીતે પછાત એવા પરિવારોમાંથી આવતા બાળકો માટે સૌથી વધુ લાભદાયક છે. ખાસ કરીને શહેરી ગરીબ વિસ્તારોમાં યોગ્ય સલાહકારો અને સારી રીતે પ્રશિક્ષિત સામાજિક કાર્યકર કે જે વિદ્યાર્થીઓ, માતાપિતા, શાળાઓ અને શિક્ષકો સાથે મળીને વિદ્યાર્થીઓની શાળામાં હાજરી અને અધ્યયન નિપજોને સુધારવા માટે કાર્ય કરે છે અને તેમની સાથે જોડાતા હોય છે જે વિદ્યાર્થીઓ માટે અસરકારક બને છે.

**૬.૬.** ઉપલબ્ધ માહિતી બતાવે છે કે ચોક્કસ ભૌગોલિક ક્ષેત્રોની માનવવસ્તીમાં એસડીજીએસ SEDGs ની ટકાવારી ખૂબ વધુ હોય છે. ઉપરાંત, ત્યાં ભૌગોલિક સ્થાનો છે જે અલ્પવિકસિત જિલ્લાઓ તરીકે ઓળખ ધરાવે છે તેમના શૈક્ષણિક વિકાસ માટે પ્રોત્સાહન આપવા માટે ખાસ પ્રયાસોની જરૂર છે. તેથી, એવી ભલામણ કરવામાં આવે છે કે શૈક્ષણિક રીતે વંચિત એસડીજીએસ SEDGs ની મોટી વસ્તી ધરાવતા દેશના પ્રદેશોને વિશેષ શિક્ષણ ઝોન (SEZ) જાહેર કરવા જોઈએ, જ્યાં બધી યોજના અને નીતિઓને મહત્તમ રીતે અમલમાં મૂકવામાં આવે છે અને સાચા અર્થમાં તેમની શૈક્ષણિક પરિસ્થિતિ હકારાત્મક દિશામાં પરિવર્તિત થાય.

**૬.૭.** આપણે જોઈ શકીએ છીએ કે અલ્પ-પ્રતિનિધિત્વ ધરાવતા બધાં સમૂહોમાં અડધી સંખ્યા મહિલાઓની છે. દુર્ભાગ્યવશ, એસડીજીએસ SEDGs ની સાથે થતા અન્યાયનો સામનો આ સમૂહની મહિલાઓએ જ કરવો પડતો હોય છે. વધુમાં આ નીતિ સમાજમાં અને સામાજિક ઘડતરમાં મહિલાઓની વિશેષ અને નિર્ણાયક ભૂમિકાને જાણે છે; તેથી યુવતીઓને ગુણવત્તાયુક્ત શિક્ષણ પૂરું પાડવું એ માત્ર વર્તમાન સમયમાં જ નહીં પણ ભવિષ્યમાં પણ એટલું જ અગત્યનું બની રહેશે . મહિલાઓને શાળા શિક્ષણમાં વધુને વધુ સમાવિષ્ટ કરવી એ એસડીજીએસ SEDGs માટે શિક્ષણ સ્તર વધારવાનો શ્રેષ્ઠ માર્ગ છે. આ નીતિ આમ સૂચવે છે કે SDGs ના વિદ્યાર્થીઓને સમાવવા માટે બનાવવામાં આવેલી નીતિઓ અને યોજનાઓ ખાસ કરીને આ છોકરીઓને લક્ષ્યમાં રાખીને બનાવવી જોઈએ.

**૬.૮.** આ ઉપરાંત, તમામ છોકરીઓ તેમજ ટ્રાંસજેન્ડર વિદ્યાર્થીઓ માટે સમાન ગુણવત્તાયુક્ત શિક્ષણ પ્રદાન કરવા માટે રાષ્ટ્રની ક્ષમતા વિકસાવવા ભારત સરકાર એક 'જાતીયતા-સમાવેશન ભંડોળ' ની રચના કરશે. કેન્દ્ર સરકાર દ્વારા નક્કી કરવામાં આવેલી પ્રાથમિકતાઓને અમલમાં મૂકવા માટે આ ભંડોળ ઉપલબ્ધ રહેશે, જેમ કે શિક્ષણની પહોંચ મેળવવા માટે સ્ત્રી અને ટ્રાંસજેન્ડર બાળકોને સહાય કરવા માટે નિર્ણાયક (જેમ કે સ્વચ્છતા અને શૌચાલય, સાઇકલ, શરતી રોકડ પરિવહન, વગેરેની જોગવાઈ); ભંડોળ રાજ્ય અને મહિલામાં ટ્રાંસજેન્ડર બાળકોની શાળાપ્રવેશ અને અધ્યયનમાં ભાગીદારી માટેના સ્થાનિક સંદર્ભ-વિશિષ્ટ અવરોધોને દૂર કરે તેવા અસરકારક સમુદાય-આધારિત હસ્તક્ષેપોને સમર્થન આપવા અને પ્રમાણિત કરવામાં પણ રાજ્યોને સક્ષમ કરશે. સમાન 'સમાવેશન ભંડોળ (ઇન્ક્લુઝન ફંડ)' યોજનાઓનો વિકાસ પણ એસડીજીએસ SEDGs અને અન્ય લોકો માટે સમાન પ્રવેશ અને બીજા મુદ્દાઓ માટે કરવામાં આવશે. મૂળરૂપે, આ નીતિનો હેતુ કોઈ પણ જાતિ અથવા અન્ય સામાજિક-આર્થિક રીતે વંચિત જૂથના બાળકો માટે શિક્ષણમાં (વ્યાવસાયિક શિક્ષણ સહિત) ની પ્રવેશની બાકી રહેલી અસમાનતાને દૂર કરવાનો છે.

**૬.૯.** એવા સ્થળો કે જ્યાં શાળા સુધી પહોચવા માટે લાંબુ અંતર કાપવું પડે છે તેવા વિસ્તારોમાં જવાહર નવોદય વિદ્યાલય જેવા નિશુલ્ક છાત્રાલયોનું નિર્માણ કરવામાં આવશે. ખાસ કરીને જે વિદ્યાર્થી માટે સામાજિક અને આર્થિક રીતે વંચિત, તે તમામ બાળકો, ખાસ કરીને છોકરીઓ માટે સુરક્ષા સહિતની તમામ સગવડોને માટે યોગ્ય વ્યવસ્થાઓ ઊભી કરવામાં આવશે. કસ્તૂરબા ગાંધી બાલિકા વિદ્યાલય (KGBV) ને સામાજિક અને આર્થિક રીતે વંચિત પૃષ્ઠભૂમિની ગુણવત્તાવાળી શાળા (ધોરણ ૧૨ સુધી) ની ભાગીદારી વધારવા માટે મજબૂત અને વિસ્તૃત કરવામાં આવશે. વધારાના જવાહર નવોદય વિદ્યાલય અને કેન્દ્રિય વિદ્યાલય ઊભા કરવામાં આવશે. ઉચ્ચ ગુણવત્તાની શૈક્ષણિક તકો વધારવા માટે ખાસ કરીને વિકાસશીલ અને અલ્પવિકસિત જિલ્લાઓ, વિશેષ શિક્ષણ ઝોન (SEZ) અને અન્ય વંચિત વિસ્તારોમાં દેશભરમાં નિર્માણ કરાશે. પ્રારંભિક બાળપણની સંભાળ અને શિક્ષણ માટે ઓછામાં ઓછુ એક વર્ષ ઉમેરવા માટે પૂર્વ-પ્રાથમિક શાળા વિભાગો કેન્દ્રીય વિદ્યાલય અને દેશની અન્ય પ્રાથમિક શાળાઓમાં, ખાસ કરીને પછાત વિસ્તારોમાં પૂર્વપ્રાથમિક શાળાના વર્ગો ઉમેરવામાં આવશે.

**૬.૧૦.** પ્રારંભિક બાળ સંભાળ અને શિક્ષણ ઈસીસીઈ (ECCE) અને શાળા પ્રણાલીમાં દિવ્યાંગ બાળકોના સમાવેશ અને સમાન ભાગીદારીને ઉચ્ચતમ અગ્રતા આપવામાં આવશે. દિવ્યાંગ બાળકોને સક્ષમ કરવામાં આવશે. મૂળભૂતથી લઈને ઉચ્ચ શિક્ષણ સુધીની નિયમિત શાળા પ્રક્રિયામાં સંપૂર્ણ રીતે ભાગ લેવા. દિવ્યાંગ વ્યક્તિઓ સાથેનો અધિકાર (RPWD) અધિનિયમ ૨૦૧૬ એ સમાવિષ્ટ શિક્ષણને એક 'શિક્ષણ પ્રણાલી' તરીકે વ્યાખ્યાયિત કરે છે જેમાં અસમર્થતાવાળા અને બીજા સામાન્ય વિદ્યાર્થી એક સાથે શીખે છે અને શિક્ષણ પ્રણાલી અને શીખવા યોગ્ય રીતે દિવ્યાંગ વિદ્યાર્થીઓના વિવિધ પ્રકારના શિક્ષણની જરૂરિયાતોને પૂર્ણ કરવા માટે અનુકૂળ છે. આ નીતિ આરપીડબ્લ્યુડી એક્ટ ૨૦૧૬ ની જોગવાઈ સાથે સંપૂર્ણ સુસંગત છે અને શાળા શિક્ષણના સંદર્ભમાં તેની તમામ ભલામણોનું સમર્થન કરે છે. રાષ્ટ્રીય અભ્યાસક્રમનું માળખું તૈયાર કરતી વખતે એનસીઈઆરટી NCERT દિવ્યાંગજન વિભાગના રાષ્ટ્રીય સંસ્થાનો જેવી વિશિષ્ટ સંસ્થાનો સાથે પરામર્શ કરશે.

**૬.૧૧.** આ માટે, શાળા/શાળા સંકુલને દિવ્યાંગ બાળકોના એકીકરણ, ક્રોસ-ડિસેબિલિટી તાલીમવાળા વિશેષ શિક્ષિકોની ભરતી, અને જ્યાં જરૂરી હોય ત્યાં સંસાધન કેન્દ્રોની સ્થાપના, ખાસ કરીને ગંભીર અથવા બહુવિધ અપંગ બાળકો માટે સંસાધનો પૂરા પાડવામાં આવશે. દિવ્યાંગ બાળકોને અવરોધ મુક્ત પ્રવેશ RPWD એક્ટ મુજબ સક્ષમ કરવામાં આવશે. દિવ્યાંગ બાળકોની વિવિધ કેટેગરીમાં વિવિધ જરૂરિયાત હોય છે. શાળાઓ અને શાળા સંકુલ આ જરૂરિયાતોને આધારે કામ કરશે અને વિકલાંગોના બધા બાળકોને તેમની જરૂરિયાતોને અનુરૂપ બનાવવા અને સહાયક કામગીરી પૂરી પાડવા અને વર્ગખંડમાં તેમની સંપૂર્ણ ભાગીદારી અને સમાવેશની ખાતરી કરવા માટે મદદ કરશે. ખાસ કરીને, સહાયક અધ્યયન સામગ્રી, જરૂરી ઉપકરણો તેમજ યોગ્ય તકનીકી સાધનોની સાથે પૂરતા પ્રમાણમાં ભાષાકીય જ્ઞાન પ્રાપ્ત કરવાની સામગ્રી (જેમકે સુલભ બને તેવા મોટી મુદ્રિતવાળા તથા બ્રેઈલમાં ઉપલબ્ધ પાઠ્યપુસ્તકો) દિવ્યાંગ બાળકોને સરળતાથી ઉપલબ્ધ કરવવામાં આવશે, જેથી કરીને તેઓ વર્ગખંડમાં શિક્ષકો તેમજ સહપાઠીઓ સાથે સ્વાભાવિક રૂપે જોડાઈ શકે. આ બાબત બધી જ શાળાકીય પ્રવૃત્તિઓમાં લાગુ કરવામાં આવશે, જેમાં વિવિધ કલાક્ષેત્ર, રમતગમત, તેમજ વ્યવસાય સંબંધિત પ્રાયોગિક શિક્ષણ પણ સમાવિષ્ટ છે. એનઆઇઓએસ NIOS દ્વારા ઉચ્ચ ગુણવત્તાયુક્ત મોડ્યુલ વિકસાવવામાં આવશે, જેથી બાળકોને ભારતીય સાંકેતિક ભાષા શીખવાડીને, અને અન્ય મૂળભૂત વિષયો તે ભારતીય સાંકેતિક ભાષાના માધ્યમથી ભણાવી શકાય. દિવ્યાંગ બાળકોની સલામતી અને સુરક્ષા તરફ ખાસ ધ્યાન આપવામાં આવશે.

**૬.૧૨.** RPWD એકટ ૨૦૧૬ ના અંતર્ગત, જે બાળકોનો સમાવેશ બેન્ચમાર્ક દિવ્યાંગતામાં થાય છે, તેઓને નિયમિત અથવા વિશેષ શાળાની પસંદગી કરવાની છૂટ અપાશે. સાધન સંપન્ન કેન્દ્રો, વિશેષ શિક્ષકોના સહયોગ સાથે પુનર્વસન અને શિક્ષણની માંગ કરનારા વિદ્યાર્થીઓ કે જેઓ ખૂબ જ ગંભીર દિવ્યાંગતાનો ભોગ બન્યા છે તેઓને મદદ અપાશે, તે સાથે તેમના માતા-પિતા અથવા વાલીઓને પણ ઉચ્ચ ગુણવત્તાયુક્ત ગૃહશિક્ષણ આપવા માટેની મદદ અને સહયોગ અપાશે. જે વિદ્યાર્થીઓ ખૂબ જ ગંભીર દિવ્યાંગતાને લીધે શાળાએ જવામાં સમર્થ નથી તેઓને માટે ઘરે જ શિક્ષણ પ્રાપ્ત કરવાની વ્યવસ્થા કરવામાં આવશે. આ પ્રકારે શિક્ષણ પ્રાપ્ત કરવાની પદ્ધતિને સામાન્ય શિક્ષણ પદ્ધતિની જેમ જ સ્વીકારવામાં આવશે. આ ગૃહશિક્ષણ પદ્ધતિમાં કાર્યદક્ષતા અને કાર્યક્ષમતા જળવાઈ રહે તેમજ સમાનતાના હકનો અમલ થઈ રહે, તે માટે સમયાંતરે આકલન (ઓડિટ)નું આયોજન પણ કરવામાં આવશે. ગૃહશિક્ષણ માટેના બધા જ ધોરણો અને માર્ગદર્શિકા RPWD એકટ ૨૦૧૬ મુજબ નક્કી કરવામાં આવશે. આ સાથે જ એ સ્પષ્ટ બને છે કે બધા જ બાળકો, જેમાં દિવ્યાંગ બાળકો પણ સમાવિષ્ટ છે તેઓને શિક્ષણ આપવાની બધી જ જવાબદારી રાજ્ય સરકારની છે અને તેના યોગ્ય અમલીકરણ માટે તકનીકોનો આધાર લેવામાં આવશે. માતા-પિતા તેમજ વાલીઓ અને તેઓના બાળકોને શિક્ષણની જરૂરિયાતો સમજાવીને શિક્ષણ સામગ્રીની વ્યાપક પ્રમાણમાં વહેંચણી કરવામાં આવશે. તે સાથે માતા-પિતા પોતાના બાળકોની શૈક્ષણિક જરૂરિયાતોને સમજે, તે બાબતને પ્રાથમિકતા આપવામાં આવશે.

**૬.૧૩.** મોટાભાગના વર્ગખંડોમાં દિવ્યાંગ બાળકો હોય છે જેઓને સતત ટેકાની જરૂર પડે છે. અગાઉના સંશોધનો સ્પષ્ટપણે દર્શાવે છે કે આ પ્રકારના બાળકોને જેટલી મદદ પહોંચાડવામાં આવે, તેટલી તેઓની પ્રગતિની શક્યતામાં વધારો થાય છે. આ માટે શિક્ષકોને વિદ્યાર્થીઓની આ પ્રકારની દિવ્યાંગતા વહેલી ઓળખવામાં મદદ મળે તે પ્રકારે ખાસ આયોજન કરવું જ ઘટે. આ માટેની વિશિષ્ટ પ્રક્રિયાઓમાં તકનીકી મદદનો સમાવેશ થાય છે, આ દ્વારા બાળકો તેમની ગતિએ કાર્ય કરી શકે છે, જેથી કરીને દરેક બાળકની ક્ષમતા મુજબના અભ્યાસક્રમો થકી બાળકોનું યોગ્ય મૂલ્યાંકન કરીને તે પ્રકારનું વાતાવરણ જાળવવાનું, તેમજ યોગ્ય પ્રમાણપત્ર આપવાનું શક્ય બને છે. આ પ્રકારની સંસ્થાઓ જેવી કે New National Assessment Centre, PARAKH, દ્વારા માર્ગદર્શિકા ઘડવામાં આવશે તે સાથે, મૂળભૂત શિક્ષણથી લઈને ઉચ્ચ શિક્ષણ સુધીની વ્યવસ્થામાં મૂલ્યાંકનો માટેના સાધનોની ભલામણ કરવામાં આવશે (જેમાં પ્રવેશ પરીક્ષાઓ સમાવિષ્ટ છે), તે સાથે જ બધા વિદ્યાર્થીઓને સમાન તક મળી રહે તે સુનિશ્ચિત કરાશે.

**૬.૧૪.** શિક્ષકોને વિશિષ્ટ બાળકોને ભણાવવા અંગે જાગૃતિ અને સમજ પૂરી પાડવામાં આવશે. જેમાં (શીખવા સંબંધિત અક્ષમતા), જાતીય સમાનતા અને સંવેદનશીલતા અને જેઓને સામાજિક રીતે સ્વીકારવામાં આવેલ નથી તે બધા જ જૂથ પ્રત્યે સંવેદનશીલતા રાખવાનું જ્ઞાન આપવામાં આવશે, જેથી તેઓ પણ સમાજમાં સ્વમાનભેર આગળ આવી શકે.

**૬.૧૫.** વૈકલ્પિક શાળાઓને પ્રોત્સાહિત કરીને તેઓની વિવિધ પરંપરાઓ તેમજ વૈકલ્પિક શિક્ષણ પદ્ધતિને આગળ લાવવા માટે ઝૂંબેશ કરાશે. તે સાથે જ તેઓને એનસીએફએસઇ NCFSE દ્વારા સૂચવેલા અભ્યાસક્રમ મુજબનું શિક્ષણ આવરી લેવા માટે મદદ કરવામાં આવશે. આ પ્રકારે આ શાળામાં ભણતા વિદ્યાર્થીઓ પણ આગળ આવી શકશે અને પોતાની ઓળખ સ્થાપી શકશે. ખાસ કરીને વિજ્ઞાન, ગણિત, સામાજિક વિજ્ઞાન, હિન્દી, અંગ્રેજી, અન્ય રાજકીય ભાષાઓ તથા વિષયો ભણાવવા માટે નાણાંકીય સહાય પણ અપાશે. આ સાથે જ આ શાળામાં ભણતા વિદ્યાર્થીઓને ધોરણ ૧-૧૨ સુધી નિર્ધારિત શિક્ષણના ધાર્યા પરિણામો પ્રાપ્ત કરવા માટે સક્ષમ બનાવાશે. તે સાથે જ આ પ્રકારની શાળામાં ભણતા વિદ્યાર્થીઓને રાજ્ય શિક્ષણ બોર્ડ અથવા એનટીએ દ્વારા આયોજિત પરીક્ષાઓમાં ભાગ લેવા માટે પ્રોત્સાહિત કરાશે. જે શિક્ષકો વિજ્ઞાન, ગણિત, ભાષાઓ અને સામાજિક વિજ્ઞાન ભણાવે છે તેઓના જ્ઞાનવર્ધન માટેની તાલીમ પણ તેમને આપવામાં આવશે જેથી તેઓ નવી શિક્ષણ પ્રણાલીને યોગ્ય રીતે સમજીને તેને ઉપયોગમાં લાવી શકે. પુસ્તકાલય અને પ્રયોગશાળાઓના વિકાસ તરફ ધ્યાન આપવામાં આવશે, અને તે માટેની સામગ્રી જેમ કે પુસ્તકો, જર્નલ, તથા અન્ય શિક્ષણ સંબંધિત સામગ્રી પણ પૂરી પાડવામાં આવશે.

**૬.૧૬.** એસડીજીએસ SEDGs, અને અન્ય સંબંધિત મુદ્દાઓ ધ્યાનમાં રાખીને અનુસૂચિત જાતિ અને અનુસૂચિત જનજાતિમાં આવનારા વિદ્યાર્થીઓને સમાન અધિકારો આપવા તરફ વિશેષ ધ્યાન અપાશે. તેઓની શાળામાં ભાગીદારી વધારવાના પ્રયત્નોના ભાગરૂપે આ પ્રકારના ખાસ ક્ષેત્રોમાં વિશેષ છાત્રાલય, જોડાણ સ્થાપિત કરતા અભ્યાસક્રમો, પ્રતિભાશાળી વિદ્યાર્થીઓને માધ્યમિક શિક્ષણના તબક્કે નાણાંકીય સહાય, શિષ્યવૃત્તિ, ફી માફી વગેરે પણ અપાશે જેથી તેઓ ઉચ્ચ શિક્ષણમાં સરળતાથી પ્રવેશ મેળવી શકે.

**૬.૧૭.** સંરક્ષણ મંત્રાલયના નેતૃત્વ હેઠળ રાજ્ય સરકારો પણ માધ્યમિક તથા ઉચ્ચ માધ્યમિક શાળાઓમાં જે ખાસ કરીને આદિવાસી પ્રભુત્વ ધરાવતા વિસ્તારોમાં આવેલ છે, તેમાં NCCના કેન્દ્રો ખોલવા માટે પ્રોત્સાહન પૂરું પાડે છે. આ સાથે જ વિદ્યાર્થીઓમાં રહેલ પ્રતિભા અને અનોખી કાર્યક્ષમતાને ઓળખી આગળ ભવિષ્યમાં સંરક્ષણ દળો સાથે તેઓની યોગ્ય કારકિર્દી સ્થાપવા માટે પ્રોત્સાહન અપાશે.

**૬.૧૮.** એસડીજીએસ SEDGs દ્વારા ઉપલબ્ધ કરાયેલ બધી જ તકો અને શિષ્યવૃત્તિઓ માત્ર એક જ સંસ્થા તથા વેબસાઈટ દ્વારા ઘોષિત કરવામાં આવશે, જેથી વિદ્યાર્થીઓ સમયસર જાગૃત રહીને પોતાની યોગ્યતા પ્રમાણે આ પ્રકારની 'સિંગલ વિન્ડો સિસ્ટમ' પર સરળતાથી અરજી કરી શકે.

**૬.૧૯.** ઉપર દર્શાવેલ બધી જ નીતિઓ તેમજ પગલાં સંપૂર્ણ સમાનતા અને સમાવિષ્ટતા મેળવવાના એસડીજીએસ SEDGs ના લક્ષ્યને અનુસરે છે પરંતુ તે પૂરતું નથી. આ માટે શાળાની મૂળભૂત પરંપરાઓમાં પરિવર્તન લાવવું ખૂબ જરૂરી છે. શિક્ષણ પ્રણાલીમાં ભાગ લેનાર દરેક વ્યક્તિ, શિક્ષક, આચાર્ય, વહીવટી અધિકારી, સલાહકાર, વિદ્યાર્થીઓ બધાજ અન્ય વિદ્યાર્થીઓની જરૂરિયાતો પ્રત્યે સંવેદનશીલ બને તે સાથે જ સમાનતા, સન્માન,ગોપનીયતા બધી જ બાબતોને આવકારે તો જ આગળ જતાં સમાવેશ, સમાનતા તથા સન્માન અને ગોપનીયતા જેવી બધી જ જરૂરિયાતો પૂરી કરી શકાય. આ રીતે ઘડાયેલા નાગરિકો સમાજને માટે જવાબદાર સાબિત થઇને જે કમજોર છે તેને મદદરૂપ બની શકે. સમાવિષ્ટતા તેમજ સમાનતા એ શૈક્ષણિક જ્ઞાનને લગતી સૌથી મહત્વની બાબત છે (જે માટેની તાલીમ બધા જ નેતૃત્વ કરનારા કાર્યકરો, વહીવટી અધિકારીઓ તેમજ અન્ય લોકોને અપાશે.) આ જ પ્રયત્નો થકી વધુને વધુ ઉચ્ચ ગુણવત્તા ધરાવનારા આગેવાનો અને શિક્ષકો વિદ્યાર્થીઓને જીવનના ઉચ્ચ આદર્શ સ્થાપવા માટે મદદરૂપ થશે.

**૬.૨૦.** આ શિક્ષણ પ્રણાલી દ્વારા વિદ્યાર્થીઓને સંવેદનશીલ બનાવવામાં આવશે જે માટેની પ્રક્રિયા શાળાકીય સંસ્કૃતિ, શિક્ષકો અને તાલીમ પામેલ સામાજિક કાર્યકરો, તેમજ સલાહકારોની મદદથી તેમજ અભ્યાસક્રમોમાં પરિવર્તન લાવીને તેને અનુરૂપ ફેરફાર કરીને હાથ ધરવામાં આવશે. આ શાળાકીય અભ્યાસક્રમોમાં પહેલેથી જ માનવીય મૂલ્યો જેવા કે બધા લોકો માટે આદર, સહાનુભૂતિ, સહિષ્ણુતા, માનવાધિકાર, જાતિગત સમાનતા, વૈશ્વિક નાગરિકત્વ, સમાવિષ્ટતા અને સમાનતા મુખ્ય છે. આ સાથે જ તેમાં વિગતવાર રીતે અન્ય સંસ્કૃતિઓ, ધર્મ, ભાષાઓ, જાતીય ઓળખ વગેરે માહિતી આપીને તે પ્રત્યે સંવેદનશીલતા દાખવવા સમજ આપવામાં આવશે. લોકો વિવિધતાને અપનાવે, રૂઢિગત વિચારસરણીથી દૂર રહીને અભ્યાસક્રમ અને સામગ્રી પૂરી પાડે જેથી બધા જ સમુદાયો એક વિશાળ સમાજમાં સમરૂપ બની શકે, તે માટેના પ્રયત્નો હાથ ધરાશે.

## ૭. શાળા સંકુલ/જૂથ(Cluster)ની સહાયથી કાર્યક્ષમ પ્રશાસન અને અસરકારક રીતે સંસાધનો પૂરા પાડવાની પ્રક્રિયા

**૭.૧.** સમગ્ર શિક્ષા યોજના હેઠળ સમાવિષ્ટ સર્વ શિક્ષા અભિયાન (SSA) અને દેશભરના રાજ્યોમાં થઇ રહેલ અન્ય પ્રયાસો થકી દરેક વસાહતમાં શાળાની સ્થાપનાને કારણે સમુદાયના દરેક બાળકને શાળા સુધી લઇ જવામાં મદદ કરી છે જેને લીધે ઓછા વિદ્યાર્થીઓવાળી શાળાઓનું અસ્તિત્વ નજરે આવે છે. યુ-ડાઈસ ૨૦૧૬ના આંકડાને આધારે ભારતની ૨૮% સરકારી પ્રાથમિક શાળા અને ૧૪.૮% ઉચ્ચતર પ્રાથમિક શાળાઓમાં ૩૦ કરતા પણ ઓછા વિદ્યાર્થીઓ પણ ભણે છે. ૧-૮ ધોરણવાળી શાળાઓમાં સરેસાશ ૧૪ વિદ્યાર્થીઓ છે જયારે ઘણી બધી શાળાઓની સરેરાશ ૬ થી ઓછી છે. વર્ષ ૨૦૧૬-૧૭ માં ૧,૦૮,૦૮૭ શાળાઓ એકલ શિક્ષક શાળા હતી જેમાં ૧-૫ ધોરણ ધરાવતી (૮૫૭૪૩) શાળાઓ સવિશેષ છે.

**૭.૨.** આ ઓછી સંખ્યાવાળી શાળાઓને કારણે શિક્ષકોના નિયંત્રણની સાથોસાથ ભૌતિક સંસાધનોની ઉપલબ્ધતાની દ્રષ્ટીએ સારી શાળાઓનું સંચાલન જટિલ છે તેની સાથોસાથ વ્યવહારૂ નથી. શિક્ષકોએ ઘણી વખત એક સાથે એક કરતાં વધારે ધોરણોમાં અધ્યાપન કરાવવું પડે છે અને કેટલાય વિષયો પૈકી એવા વિષયો પણ સામેલ કરી શકાય કે જેની તેમનેજાણકારી નથી જેમ કે સંગીત, કલા, રમત જેવી મહત્વની બાબતો શીખવવામાં આવતી નથી તેમજ પ્રયોગશાળા, રમતના સાધનો અને પુસ્તકાલયોમાં પુસ્તકો ઓછા ઉપલબ્ધ હોય છે.

**૭.૩.** આ નાની શાળાઓને એકલી પાડી દેવાથી શિક્ષણ સંબંધિત પ્રક્રિયા પર નકારાત્મક અસર થાય છે. શિક્ષકો અને વિદ્યાર્થીઓ સમુદાયની વચ્ચે રહીને જ તેમનું શ્રેષ્ઠ કામ કરી શકે છે આ રીતે અલગ રહીને નહીં. આ પ્રકારની નાની શાળાઓમાં પણ પ્રશાસન અને સંચાલનને લગતા ઘણા પ્રશ્નો ઉભા થાય છે. ભૌગોલિક વિવિધતા, સુલભતા માટેની પડકારજનક પરિસ્થિતિઓ અને ખૂબ મોટી સંખ્યામાં આ પ્રકારની શાળાઓ હોવાથી બધી જ શાળાઓમાં સમાનપણે ધ્યાન આપી શકાતું નથી. વહીવટી માળખાં પણ સુલભ રીતે ગોઠવાયેલ નથી જેથી સમગ્ર શિક્ષા યોજના અને તેની સંકલિત રચના આ શાળાઓમાં નિર્ધારિતપણે જોવા મળતી નથી.

**૭.૪.** જો કે શાળાઓનું એકત્રીકરણ એ પણ એક વિકલ્પ છે. જેની ઘણીવાર ચર્ચા કરવામાં આવે છે. જેને ખૂબ જ ન્યાયપૂર્વક વિચારીને અમલમાં મુકવું આવશ્યક છે અને એ પણ ત્યારે જ જયારે ખાતરી થાય કે તેનાથી એના અમલ પર કોઈ પ્રભાવ નહીં પડે. આ પ્રકારના ઉપાયોના પરિણામ સ્વરૂપે માત્ર નાના પાયા પર એકત્રીકરણની સંભાવના જોવા મળે છે અને મોટી સંખ્યામાં નાની શાળાઓ દ્વારા પ્રસ્તુત એકંદર માળખાગત સમસ્યાઓ અને પડકાર ઉકેલી શકાતા નથી.

**૭.૫.** આ પડકારોનું સમાધાન રાજ્ય/કેન્દ્ર શાસિત પ્રદેશોની સરકારો દ્વારા ૨૦૨૫ સુધીમાં શાળાઓનો સમૂહ બનાવીને અથવા એમની સંખ્યાને સંકલિત કરવા માટે નવીન પદ્ધતિઓ અપનાવીને કરવામાં આવશે. આ પ્રકારની પ્રક્રિયા

પાછળના ઉદેશ્ય એ સુનિશ્ચિત કરવા માટે હશે કે દરેક શાળાઓ: (ક) કલા, સંગીત, વિજ્ઞાન, રમત, ભાષા, વ્યાવસાયિક વિષય વગેરે સાથે બધા વિષયો શીખવવા માટે પુરતી સંખ્યામાં સલાહકાર/પ્રશિક્ષિત સામાજિક કાર્યકર્તા અને શિક્ષક (વહેંચાયેલા કે અન્યથા) હોવા જોઈએ; (ખ) પર્યાપ્ત સંસાધનો (વહેંચાયેલા કે અન્યથા) જેમકે પુસ્તકાલય, વિજ્ઞાન પ્રયોગશાળા, કમ્પ્યુટર લેબ, કૌશલ્ય પ્રયોગશાળા, રમતના મેદાન, રમતના સાધનો, અને સુવિધાઓ વગેરે પ્રાપ્ત હોવા જોઈએ; (ગ) શિક્ષકો, વિદ્યાર્થીઓ અને શાળાઓની અલગતા દુર કરવા સંયુક્ત વિકાસ કાર્યક્રમો રચવા,અધ્યયન- અધ્યાપન સામગ્રીની વહેંચણી કરવા, સંયુક્ત અધ્યયન-અધ્યાપન સામગ્રી નિર્માણ કાર્યક્રમ કરવા, કલાઓ અને વિજ્ઞાનના પ્રદર્શનો યોજવા, રમતોનું આયોજન કરવું. ક્વીઝ અને ડીબેટ તથા મેળાઓ જેવી સંયુક્ત પ્રવૃત્તિઓ યોજવા માટે શાળા સમૂહો અને સમુદાયોને પ્રોત્સાહિત કરવામાં આવે (ઘ) દિવ્યાંગ બાળકોના શિક્ષણ માટે શાળાઓમાં સહકાર અને સહાયતા ઉપલબ્ધ હોય; અને (ચ) શાળાઓના દરેક જૂથમાં આચાર્યો, શિક્ષકો અને અન્ય લાભાર્થીઓ બધા નિર્ણયો લઇ શકે તેવો શાળા સંચાલન તંત્રમાં સુધારો કરવો. અને પ્રાથમિક તબક્કાથી માંડીને માધ્યમિક તબક્કા સુધી આવા શાળા જૂથોને સંકલિત કે અર્ધસ્વાયત્ત એકમ તરીકે જોવામાં આવે.

**૭.૬.** ઉપરોકત બાબતને પૂર્ણ કરવા માટે એક સંભવિત તંત્ર શાળા પરીસર નામની એક સામૂહિક સંરચનાની સ્થાપના થશે. જેમાં એક માધ્યમિક શાળા હશે. જેમાં પાંચથી દસ કિલોમીટરના વિસ્તારમાં આંગણવાડી કેન્દ્રો સહીત આજુબાજુની નીચલા ધોરણોવાળી બધી અન્ય શાળાઓ હશે. આ સલાહ સર્વપ્રથમ શિક્ષા આયોગ (૧૯૬૪-૬૬) દ્વારા આપવામાં આવેલ પરંતુ તેને લાગુ પાડવામાં આવેલ નહી. આ નીતિ જ્યાં પણ સંભવ હોય ત્યાં શાળા પરિસર/સમૂહના વિચારને દઢતાપૂર્વક અમલમાં મૂકવા ઈચ્છે છે. શાળા પરિસર/ સમૂહનો ઉદેશ્ય વધુ પ્રભાવી કામકાજ, સમન્વય, નેતૃત્વ, પ્રશાસન અને ઉત્કૃષ્ઠ પ્રબંધન હશે.

**૭.૭.** શાળા સંકુલ બનાવવાથી અને સંકુલમાં સંસાધનોની વહેંચણી અને સમૂહ ઉપયોગથી ઘણા લાભ થશે. જેમ કે દિવ્યાંગ બાળકો માટે સારો સહયોગ, વિવિધ વિષયો આધારિત વિદ્યાર્થી કલબ અને સ્કૂલ પરિસરમાં શૈક્ષણિક/રમત/કલા/શિલ્પ આધારિત કાર્યક્રમનું આયોજન, કલા, સંગીત, ભાષા, વ્યાવસાયિક વિષયો અને શારીરિક શિક્ષણના નિષ્ણાત શિક્ષકોના સહકારથી શાળા પ્રવૃત્તિઓ, ઓનલાઇન વર્ગો આયોજીત કરવા માટે ICT ટુલ્સના ઉપયોગ સહિતની ગતિવિધીઓનો વધારે સમાવેશ થશે. સામાજિક કાર્યકર્તા અને સલાહકારોની મદદથી વિદ્યાર્થીઓ માટે શ્રેષ્ઠ સહયોગની ઉપલબ્ધતા, સારું નામાંકન, સમિતિઓ (માત્ર શાળા વ્યવસ્થાપન સમિતિઓની જગ્યાએ)ના માધ્યમથી સારું અને મજબૂત પ્રશાસન, નિરીક્ષણ, દેખરેખ નવીનતાઓ અને સ્થાનિક હીતધારકો દ્વારા લેવાયેલા પગલાંઓ દ્વારા, શાળા, શાળા પ્રમુખો, શિક્ષક, વિદ્યાર્થીઓ, સહયોગી સ્ટાફ, માતા-પિતા અને સ્થાનિક નાગરિકોના મોટા અને જીવંત સમૂહોના આધારે સંસાધનોના કુશળ ઉપયોગ દ્વારા આખી શિક્ષણ વ્યવસ્થા ઊર્જાવાન અને સમર્થ બનશે.

**૭.૮.** શાળા સંકુલ/જૂથ (Cluster) વ્યવસ્થાથી શાળાસંચાલન સુધરશે અને વધારે કુશળ બનશે. પહેલા DSE સ્કૂલ સંકુલ/જૂથ(Cluster) સ્તર પર અધિકાર આપશે. જે એક અર્ધસ્વાયત્ત એકમના રૂપમાં કાર્ય કરશે. જિલ્લા શિક્ષણ અધિકારી અને બ્લોક શિક્ષણ અધિકારી દરેક સ્કૂલ સંકુલ/જૂથ(Cluster) ને એક એકમ માની તેની સાથે કાર્ય કરશે. સંકુલ DSE દ્વારા સોંપાયેલી જવાબદારીઓનું નિર્વહન કરશે અને એના નીચે આવનારી તમામ શાળાઓનું સમન્વય કરશે. DSE દ્વારા શાળા સંકુલ/Cluster ને ઘણી સ્વતંત્રતા પ્રદાન કરવામાં આવશે. જેના દ્વારા તે રાષ્ટ્રીય અભ્યાસક્રમ સંરચના (NCF) અને રાજય અભ્યાસક્રમ સંરચના (SCF)નું પાલન કરીને, સમન્વિત શિક્ષણ પ્રદાન કરવાની દિશામાં જરૂરી રચનાત્મક પગલાં ભરશે. તથા અભ્યાસક્રમ, શિક્ષણશાસ્ત્ર ના સ્તર પર પ્રયોગશીલ થઈ શકશે. આ સંગઠનની નીચે શાળા મજબૂત બનશે વધારે સ્વતંત્રતાથી કાર્ય કરી શકશે અને આનાથી શાળાસંકુલ વધારે નવીન અને

જવાબદારીયુક્ત બનશે. આ દરમિયાન DSE મોટા લક્ષ્યો પર ધ્યાન આપી શકશે જેનાથી સમગ્ર શિક્ષણ વ્યવસ્થામાં પ્રભાવશાળી સુધારો થશે.

**૭.૯.** આ સંકુલો/જૂથ (Cluster) દ્વારા બંને પ્રકારની દીર્ઘકાલીન અને અલ્પકાલિન યોજનાબદ્ધ રીતથી કામ કરવાની સંસ્કૃતિનો વિકાસ થશે. શાળા SMCની મદદથી પોતાના શાળા વિકાસ આયોજન (SDPs) બનાવશે. SDPમાં સંકુલ સંબધિત અન્ય તમામ સંસ્થાનો, જેમકે વ્યાવસાયિક શિક્ષણ સંસ્થાનોના આયોજન સામેલ હશે અને તેને સંકુલના પ્રધાનાચાર્ય તેમજ શિક્ષક SCMCની મદદથી તૈયાર કરશે અને આ યોજનાને સાર્વજનિક રૂપમાં ઉપલબ્ધ કરાવવામાં આવશે. માનવ સંસાધન, અધ્યયન ઉપયોગી સંસાધનો, ભૌતિક સંસાધન અને માળખાગત સુધારા માટે કરવાની પહેલ, શિક્ષક ક્ષમતા સંવર્ધન યોજના અને શૈક્ષણિક નીપજો આ યોજનામાં સામેલ કરવામાં આવશે. તેમાં સંકુલના શિક્ષકો અને વિદ્યાર્થીઓના સમૂહને એક ઊર્જાવંત અધ્યયન કેન્દ્રી સમુદાયના રૂપમાં વિકસિત કરવાના પ્રયાસોના આયોજનની રૂપરેખા પણ હશે. SDP અને SCDP એ માધ્યમ હશે જેનાથી DSE સહિત બધા જ હિતધારકો પરસ્પર જોડાણ બનાવીને રાખશે. SMC અને SCMC, SDP અને SCDP નો ઉપયોગ શાળાઓની કાર્યપ્રણાલી અને દિશા પર નજર રાખવા માટે કરાશે તથા યોજનાઓને કાર્યાન્વિત કરવામાં મદદ કરશે. DSE, BEO જેવા અધિકારીઓ દ્વારા દરેક શાળા સંકુલના SCDPને સ્વીકૃતિ આપવામાં આવશે. આ ઉપરાંત DSE આ યોજનાઓની સફળતા માટે અલ્પ અવધિ (૧ વર્ષ) અને દીર્ઘ અવધિ (૩-૫ વર્ષ) માટે સંસાધન (નાણાં, માનવ, ભૌતિક વગેરે) ઉપલબ્ધ કરાવશે. શૈક્ષણિક ઉપલબ્ધિઓ મેળવવા માટે અન્ય પ્રાસંગિક મદદ પણ તેમના દ્વારા પૂરી પાડવામાં આવશે. DSE અને SCERT બધી શાળાઓ સાથે SDP અને SCDPના વિકાસ માટે વિશેષ ધારાધોરણો (ઉદાહરણ તરીકે નાણાં કર્મચારીઓ અને પ્રક્રિયા સબંધી) અને માળખું તૈયાર કરીને જણાવશે અને સમય સમય પર તેમાં સુધારા-વધારા પણ કરવામાં આવશે.

**૭.૧૦.** ખાનગી અને સાર્વજનિક શાળાઓ સહિત તમામ શાળાઓ વચ્ચે સહયોગ અને સકારાત્મક તાલમેલ વધારવા માટે દેશભરમાં એક ખાનગી અને એક સાર્વજનિક શાળાને પરસ્પર જોડવામાં આવશે. જેનાથી આવી જોડાયેલી શાળાઓ એકબીજા સાથે મળી શકે તથા સંભવ હોય ત્યારે એકબીજાના સંસાધનોથી પણ લાભાન્વિત થઈ શકે. જ્યાં સંભવ હશે ત્યાં આ બંને પ્રકારની શાળાઓની શ્રેષ્ઠ પ્રવૃત્તિઓનું દસ્તાવેજીકરણ કરવામાં આવશે, વિતરણ કરવામાં આવશે અને એમને જાહેર શાળાઓની સ્થાપિત પ્રક્રિયાઓમાં સામેલ કરવામાં આવશે.

**૭.૧૧.** દરેક રાજ્યને પ્રોત્સાહિત કરવામાં આવશે કે તે બાળ-ભવન સ્થાપિત કરે અથવા જો સ્થાપિત કર્યું હોય તો એને વધુ સારું અને અસરકારક તેમજ પ્રવૃત્તિશીલ બનાવે જ્યાં દરેક વયના બાળકો અઠવાડિયામાં એક કે વધુ વખત (ઉદાહરણ માટે સપ્તાહના અંતે) જઈ શકે અને કલા, રમત અને કારકિર્દી સબંધી અનેકવિધ પ્રવૃત્તિઓમાં ભાગ લઈ શકે. આવા બાળભવન જ્યાં સંભવ હોય ત્યાં શાળા સંકુલ/જૂથ(કલસ્ટર)નો પણ એક ભાગ એવું આયોજન કરવામાં આવે.

**૭.૧૨.** શાળા આખા સમુદાય માટે સન્માન અને ઉત્સવનું સ્થાન હોવું જોઈએ. એક સંસ્થાનના રૂપમાં શાળાની પ્રતિષ્ઠાની પુનઃ સ્થાપના કરવી જોઈએ અને શાળા સ્થાપના દિવસ જેવા મહત્વપૂર્ણ દિવસ સમુદાય સાથે મળીને ઊજવવા જોઈએ. આ દિવસે શાળાના વિશિષ્ટ ભૂતપૂર્વ વિદ્યાર્થીઓની યાદી પ્રદર્શિત કરી તેમનું સન્માન કરવું જોઈએ. જ્યારે ઉપયોગમાં ન હોય એવા સમયે અથવા એવા દિવસોમાં શાળાની ભૌતિક સુવિધાઓનો ઉપયોગ સમુદાયના બૌદ્ધિક, સામાજિક અને સ્વયંસેવી ગતિવિધિઓના આયોજન તથા સામાજિક મેળવડા માટે ભજવી શકે.

## ૮. શાળા શિક્ષણ માટે ધારાધોરણો અને પ્રમાણીકરણ

**૮.૧.** શાળા શિક્ષણ નિયામક પ્રણાલીનું લક્ષ્ય શૈક્ષણિક પરિણામોમાં સાતત્યપૂર્ણ સુધારો કરવાનું હશે. આ શાળાઓ નવીનીકરણને સીમીત નહીં રાખે તથા શિક્ષકો, પ્રધાનાચાર્યો અને વિદ્યાર્થીના ઉત્સાહ અને હિંમતમાં બાધારૂપ નહીં બને. બધું મળીને નિયમન દ્વારા શાળા તથા શિક્ષકોને વિશ્વાસની સાથે સશક્ત બનવાનું લક્ષ્ય રાખવું પડશે; જેનાથી તે ઉત્કૃષ્ટતા માટે પ્રયાસ કરી શકે અને પોતાનું સર્વશ્રેષ્ઠ પ્રદર્શન કરી શકે તથા બધી જ નાણાંકીય પ્રક્રિયાઓ તથા શૈક્ષણિક પરિણામોને પૂરી પારદર્શિતા સાથે સાર્વજનિક કરવાના માધ્યમની પ્રણાલીની અખંડિતતા સુનિશ્ચિત કરે.

**૮.૨.** વર્તમાન શાળા શિક્ષણ પ્રણાલીમાં સાર્વજનિક શિક્ષણના ધારાધોરણો, સમસ્ત શૈક્ષણિક સંસ્થાઓના નિયમનની નીતિઓના નિર્માણ સંબંધિત કાર્યો એક જ એકમ અર્થાત શાળા શિક્ષણ વિભાગ કે એના અંગો દ્વારા સંપન્ન કરવામાં આવે છે. જેના પરિણામે શક્તિના સશક્ત કેન્દ્રીકરણ અને હિતો વચ્ચે ટકરાવ જોવા મળે છે. એનું એક બીજું પરિણામ શાળા પ્રણાલીના બિનઅસરકારક અને ખામીયુક્ત વ્યવસ્થાપનના રૂપે પણ સામે આવે છે. કેમકે શિક્ષણ પ્રાવધાનો સંબંધિત પ્રયાસ શાળા શિક્ષણ વિભાગ દ્વારા આવશ્યક રૂપમાં નિભાવવાની વિનિયમન અને એના જેવી અન્ય ભૂમિકાઓના કારણે ઘણીવાર પોતાની દિશા ભટકી જાય છે.

**૮.૩.** વર્તમાન નિયામક વ્યવસ્થા જ્યાં એક બાજુ ફાયદા માટે ખોલવામાં આવેલા વધારે ‘ફોર-પ્રોફિટ’ ખાનગી શાળાઓ દ્વારા મોટા પાયે થઈ રહેલ શિક્ષણનું વ્યાપારીકરણ અને વાલીઓના આર્થિક શોષણ પર નિયંત્રણ મેળવી શકી નથી. વળી બીજી બાજુ એ હંમેશા અજાણતા સાર્વજનિક હિતો માટે સમર્પિત ખાનગી/લોકકલ્યાણકારી શાળાઓને હતોત્સાહિત કરે છે. ખાનગી અને સાર્વજનિક શાળાઓ માટેના નિયમન અભિગમો વચ્ચે વધુ વિષમતા રહેલી છે. જ્યારે બંને પ્રકારની શાળાઓનું લક્ષ્ય એક જ હોવું જોઈએ, ગુણવત્તાપૂર્ણ શિક્ષણ પ્રદાન કરવું.

**૮.૪.** સાર્વજનિક શિક્ષણ પ્રણાલી એ જીવંત લોકતાંત્રિક સમાજનો આધાર છે અને દેશ માટે ઉચ્ચતમ સ્તરના શૈક્ષણિક પરિણામોને મેળવવા માટે સંચાલનની રીતને પરિવર્તિત અને સુદઢ બનાવવી ખૂબ જરૂરી છે એની સાથે ખાનગી/પરોપકારી શાળાઓને પણ મહત્વપૂર્ણ અને ફાયદાકારક ભૂમિકા ભજવવા માટે પ્રોત્સાહિત અને સક્ષમ કરવી જોઈએ.

**૮.૫.** શાળા શિક્ષણ પ્રણાલી સાથે સંબંધિત જવાબદારીઓ અને તેના વિનિયમન સંબંધિત અભિગમ વિશે આ નીતિના મુખ્ય સિદ્ધાંત અને ખાસ ભલામણો આ પ્રકારે છે:

(ક) શાળા શિક્ષણ વિભાગ જે શાળા શિક્ષણ માટે રાજ્ય સ્તર પર સર્વોચ્ચ એકમ છે સાર્વજનિક શિક્ષણ પ્રણાલીના નિરંતર સુધારા માટે સમગ્ર ધ્યાન રાખવા અને નીતિઓના નિર્ધારણ માટે જવાબદાર રહેશે. આ સાર્વજનિક શાળાઓના સુધાર પર ધ્યાન કેન્દ્રિત કરીને અને હિતો વચ્ચેના સંઘર્ષને ઓછા કરવા માટે શાળા પ્રાવધાન અને સંચાલન તેમજ શાળાઓના નિયમનમાં સામેલ થશે નહીં.

**(ખ)** સંપૂર્ણ રાજ્યના સાર્વજનિક શાળાકીય પ્રણાલીની સેવા પ્રાવધાન અને શૈક્ષણિક સંચાલનની જવાબદારી શાળા શિક્ષણ નિર્દેશાલયની હશે (જેમાં **DEO, BEO** વગેરે સામેલ હશે.)**;** આ શૈક્ષણિક સંચાલન અને પ્રાવધાન સાથે સબંધિત નીતિઓને લાગુ કરવાનું કામ સ્વતંત્રરૂપથી કરશે.

**(ગ)** પૂર્વ શાળા શિક્ષણ-ખાનગી સાર્વજનિક અને લોકકલ્યાણ માટે કામ કરતી સંસ્થાઓ સહિત આવશ્યક ગુણવત્તા માનાંકોના અનુપાલનને સુનિશ્ચિત કરવા માટે શિક્ષણના બધા જ પગથિયાઓ માટે એક પ્રભાવી ગુણવત્તા નિયમન કે માન્યતા પ્રણાલી સ્થાપિત કરવામાં આવશે. આ સુનિશ્ચિત કરવા માટે કે બધી શાળાઓ કેટલાક ન્યૂનત્તમ વ્યાવસાયિક અને ગુણવત્તાપૂર્ણ માનાંકોનું પાલન કરે. રાજ્ય/કેન્દ્રશાસિત પ્રદેશ રાજ્ય શાળા માનાંક પ્રાધિકરણ (**State School Standards Authority-SSSA**) નામની એક સ્વતંત્ર રાજ્યવ્યાપી સંસ્થાની સ્થાપના કરશે. **SSSA** કેટલાક બુનિયાદી માનાંકો (જેમ કે બચાવ સુરક્ષા

આધારભૂત માળખું, વર્ગો અને વિષયોના આધારે શિક્ષકોની સંખ્યા, નાણાંકીય ઈમાનદારી અને પ્રશાસનની ઉપયુક્ત પ્રક્રિયા) પર લઘુત્તમમાનાંકો સ્થાપશે જેનું પાલન બધી શાળાઓ દ્વારા કરવાનું રહેશે. **એસસીઈઆરટી SCERT** દ્વારા વિભિન્ન હિતધારકો, વિશેષ રૂપમાં શિક્ષકો અને શાળાઓ સાથે પરામર્શ દ્વારા પ્રત્યેક રાજ્ય માટે આ માપદંડોની રૂપરેખા તૈયાર કરવામાં આવશે.

સાર્વજનિક દેખરેખ અને જવાબદારી માટે **SSSA** દ્વારા નિર્ધારિત બધા જ પાયાના ધારાધોરણોની માહિતી સાર્વજનિક રીતે સમય સમય પર લોકો સમક્ષ ઉપલબ્ધ કરવવામાં આવશે અને આ કાર્ય કઈ રીતે કરવું તેનું પ્રારુપ **SSSA** દ્વારા નક્કી થશે જે માટે **SSSA** દુનિયાભરમાં શાળા શિક્ષણમાં થઇ રહેલી શ્રેષ્ઠ બાબતોનો અભ્યાસ કરશે અને પોતાની તથા સાર્વજનિક વેબસાઈટો પર એને સંચાલિત કરશે, પૂરી પાડશે. સાર્વજનિક ક્ષેત્રો(ડોમેન)માં કરવામાં આવેલી કે સાર્વજનિક જીવન સાથે જોડાયેલા હિતધારકો કે અન્ય લોકોની કોઈપણ ફરિયાદને **SSSA** દ્વારા ઉકેલવામાં આવશે. એક નિયમિત અંતરાલ પર કેટલાક પસંદીત વિદ્યાર્થીઓ દ્વારા ઓનલાઇન પ્રતિપોષણ મંગાવવામાં આવશે. જેથી નિયમિત અંતરાલ પર મહત્વપૂર્ણ સલાહ મળી શકે. **SSSA** ના બધા જ કાર્યોમાં દક્ષતા અને પારદર્શિતા સુનિશ્ચિત કરવા માટે તકનીકીને યોગ્ય રૂપમાં ઉપયોગમાં લેવાશે. આનાથી શાળાઓને વર્તમાનમાં મોટા પ્રમાણમા વહન કરવા પડતાં ફરજિયાત જનાદેશોમાં ઘણો ઘટાડો થશે.

(ઘ) રાજ્યમાં શૈક્ષણિક માનાંકો અને અભ્યાસક્રમ સહિતના શૈક્ષણિક પ્રશ્નો **એસસીઈઆરટી SCERT** (જે **એનસીઈઆરટી NCERT** સાથે સલાહ અને સહયોગ માટે નજીકથી જોડાયેલ છે.) ના નેતૃત્વમાં થશે. જે એક સંસ્થાનના રૂપમાં સુદ્રઢ કરવામાં આવશે. **SCERT** બધા જ હિતધારકો સાથે વ્યાપક ચર્ચાના માધ્યમથી એક **School Quality Assessment and Accreditation Framework (SQAAF)** તૈયાર કરશે. **CRC, BRC** અને **DIET** જેવા સંસ્થાનોને પુનર્જીવિત કરવા માટે **એસસીઈઆરટી SCERT** એક વ્યવસ્થાપન પરીવર્તન પ્રક્રિયાના ભાગરૂપે કામ કરશે જે ત્રણ વર્ષની અંદર નિશ્ચિત રૂપથી એમની ક્ષમતાઓ અને કાર્યપ્રણાલી બદલીને તેમની શ્રેષ્ઠ જીવંત સંસ્થાનના રૂપમાં સ્થાપિત કરાશે. આ બધાની વચ્ચે શાળા શિક્ષણ પૂર્ણ થાય તે સમયે વિદ્યાર્થીઓની ક્ષમતાઓનું પ્રમાણીકરણ અને પ્રમાણપત્ર આપવાની કામગીરી પ્રત્યેક રાજ્ય પરીક્ષા બોર્ડ દ્વારા નિયંત્રિત કરવામાં આવશે.

૮.૬. શાળાઓ, સંસ્થાનો, શિક્ષકો, અધિકારીઓ, સમુદાયો અને અન્ય હિતધારકોને સશક્ત બનાવવા અને એમને સંસાધનોથી પરિપૂર્ણ બનાવવાનું કામ કરવાવાળી સંસ્કૃતિ, સંરચનાઓ અને વ્યવસ્થાઓ આ બધાની જવાબદારીને પણ સુનિશ્ચિત કરશે. પ્રત્યેક હિતકારક અને શિક્ષા પ્રણાલીમાં ભાગીદાર લોકો ઉચ્ચતમ સ્તરની ઈમાનદારી, પૂર્ણ પ્રતિબદ્ધતા અને અનુકરણીય કાર્યનીતિની સાથે પોતાની ભૂમિકા નિભાવવા માટે જવાબદાર હશે. વ્યવસ્થાની પ્રત્યેક ભૂમિકાથી શું અપેક્ષાઓ છે એ સ્પષ્ટ રૂપથી વ્યક્ત કરવામાં આવશે અને આ અપેક્ષાઓથી હિતકારકોના કામનું મૂલ્યાંકન ઊંડાણપૂર્વક થશે. જવાબદારી સુનિશ્ચિત કરવા માટે મૂલ્યાંકન પ્રણાલી પોતાને એક ઉદ્દેશપૂર્ણ અને વિકાસોન્મુખ પ્રક્રિયાના રૂપમાં વિકસિત કરશે. એમાં પ્રતિપોષણ અને મૂલ્યાંકન માટેના કેટલાય સ્રોત હશે. વિદ્યાર્થિની ક્ષમતાના સમગ્રલક્ષી મૂલ્યાંકન માટે વિવિધ પ્રકારના મૂલ્યાંકનો અને વિવિધ હિતધારકોના પ્રતિપોષણોનો મૂલ્યાંકન પ્રણાલીમાં સમાવેશ કરવામાં આવશે. (ઉદાહરણ તરીકે વિદ્યાર્થીની ક્ષમતાને માત્ર પરીક્ષામાં મેળવેલ ગુણ સાથે જોડાવામાં નહીં આવે) મૂલ્યાંકનથી એ ખબર પડશે કે વિદ્યાર્થીની શૈક્ષણિક પ્રાપ્તિ જેવા પરિણામમાં હસ્તક્ષેપ કરવાવાળા કેટલાય ચલો અને બહારના પ્રભાવ હોય છે એ પણ એવું સૂચવે છે કે શિક્ષણ માટે વિશેષ કરીને શાળાના સ્તર પર જૂથ કાર્યની આવશ્યકતા હોય છે. બધા વ્યક્તિઓની પદોન્નતિ, માન્યતા અને જવાબદારી આવા ક્ષમતા પ્રદર્શન મૂલ્યાંકન પર આધારિત હશે. બધા અધિકારી એ સુનિશ્ચિત કરવા માટે જવાબદાર હશે કે આ વિકાસ, ક્ષમતા પ્રદર્શન અને જવાબદાર પ્રણાલી ઉચ્ચ કક્ષાની એકસૂત્રતા સાથે અને વ્યવસ્થિત રીતે એમના નિયંત્રણમાં રહીને સમુચિત રૂપથી પોતાનું કામ કરતી રહે.

**૮.૭.** સાર્વજનિક અને ખાનગી શાળાઓ (કેન્દ્ર સરકાર દ્વારા સંચાલિત/સહાયતા પ્રાપ્ત/નિયંત્રણ હેઠળની શાળાઓને છોડીને) નું મૂલ્યાંકન અને પ્રમાણીકરણ સમાન માપદંડ બેન્ચમાર્ક અને પ્રક્રિયાઓના આધાર પર કરવામાં આવશે. જે ઓનલાઇન અને ઓફલાઇન સાર્વજનિક માહિતી ઉપલબ્ધતા પારદર્શિતા પર ભાર આપે છે આથી એ સુનિશ્ચિત કરી શકાય કે સાર્વજનિક હિતોવાળી ખાનગી શાળાઓને પ્રોત્સાહિત કરી શકાય અને એમાં કોઈ પ્રકારના વિઘ્ન ન આવે ગુણવત્તાપૂર્ણ શિક્ષણ માટે ખાનગી અને લોકકલ્યાણકારી પ્રયાસોને પ્રોત્સાહિત કરવામાં આવશે જેનાથી શિક્ષણ એ સાર્વજનિક સેવા છે એ બધાને પ્રાપ્ત થાય અને માતા-પિતા અને સમુદાયોને ટ્યુશન ફીમાં મનમાની વૃદ્ધિથી રક્ષિત કરવાના પ્રયાસો પણ થઈ શકે. શાળાની વેબસાઈટ અને SSSA વેબસાઈટ પર સાર્વજનિક અને ખાનગી બંને શાળાઓની સૂચનાઓને સાર્વજનિક કરવામાં આવશે જેમાં (ઓછામાં ઓછી) વર્ગો, વિદ્યાર્થીઓ અને શિક્ષકોની સંખ્યાની જાણકારી, શીખવવાના વિષય, ફી, NAS અને SAS જેવા માનાંકીત મૂલ્યાંકન આધાર પર વિદ્યાર્થીઓના સમગ્ર પરિણામ સામેલ કરવામાં આવશે. કેન્દ્ર સરકાર દ્વારા નિયંત્રિત/પ્રબંધિત/સહાયતા પ્રાપ્ત શાળાઓ માટે CBSE અને MHRD ના પરામર્શથી એક ફ્રેમવર્ક તૈયાર કરશે. બધી શૈક્ષણિક સંસ્થાઓને 'નોટ ફોર પ્રોફિટ' એકમના રૂપમાં આકલન (Audit) અને સમાન માહિતીના સાર્વત્રીકરણ માનાંકો અનુસાર માનવામાં આવશે અને જો કોઈ ફાજલ (Surplus) હશે તો તેનું શિક્ષણ ક્ષેત્રમાં પુર્નનિવેશ કરવામાં આવશે.

**૮.૮.** શાળા નિયમન, પ્રમાણન અને પ્રશાસન માટે નિશ્ચિત કરેલ માનાંક/નિયમન માળખું અને સુગમ પ્રણાલીની સમીક્ષા કરવામાં આવશે. જેથી પાછલા દશકમાં પ્રાપ્ત થયેલ અનુભવના આધાર પર સુધારા થઈ શકે. આ સમીક્ષાનો ઉદ્દેશ્ય એ સુનિશ્ચિત કરવાનો હશે કે બધા વિદ્યાર્થીઓ વિશેષરૂપથી સુવિધાઓથી વંચિત વર્ગના વિદ્યાર્થીઓને ઉચ્ચત્તર ગુણવત્તા અને સમતાપૂર્ણ શાળા શિક્ષણ, પ્રારંભિક બાળ અવસ્થા દેખરેખ અને શિક્ષણ (૩ વર્ષની વય) થી લઈને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ (એટલે વર્ગ ૧૨ સુધી) મફત અને ફરજિયાત હોય. શાળાના ભૌતિક સંસાધનો, યાંત્રિક સગવડતાઓ અને અને બીજા આવશ્યક સંસાધનોને લગતા ધારાધોરણો અને નિયમો જે તે શાળાની પૃષ્ઠભૂમિને ધ્યાનમાં રાખી હળવા કરવામાં આવશે કે છૂટછાટ આપવામાં આવશે. દા.ત. શહેરી વિસ્તારોમાં જમીનનું ક્ષેત્ર અને વર્ગના કદ, રમતના મેદાનની પ્રાયોગિકતા વગેરે જેથી સલામતી સુરક્ષા અને એક સુખદ અને ઉત્પાદક સ્થળ સુનિશ્ચિત કરવા માટે પ્રત્યેક શાળાને સ્થાનિય આવશ્યકતાઓ અને વિઘ્નોના આધાર પર પોતાનો નિર્ણય લેવા માટે યોગ્ય સ્વતંત્રતા મળશે. શૈક્ષણિક પ્રેરણા અને બધા નાણાંકીય શૈક્ષણિક અને પરિચાલન બાબતોમાં પારદર્શી માહિતી ઉપલબ્ધતાને યોગ્ય મહત્વ આપવામાં આવશે અને શાળાઓના મૂલ્યાંકનમાં તેને યોગ્ય સ્વરૂપે સામેલ કરવામાં આવશે. આનાથી બધા જ વિદ્યાર્થીઓ માટે ન્યાયસંગત અને ગુણવત્તાપૂર્ણ પ્રાથમિક અને માધ્યમિક શિક્ષણ સુનિશ્ચિત કરવાના સતત વિકાસ લક્ષ્ય ૪ (એસડીજી ૪) ને પ્રાપ્ત કરવાની દિશામાં ભારતની પ્રગતિમાં સુધારો થશે.

**૮.૯.** જાહેર શાળા શિક્ષણ પ્રણાલીનો ઉદ્દેશ ઉચ્ચ ગુણવત્તાયુક્ત શિક્ષણ પ્રદાન કરવાનો રહેશે જેથી સમાજના બધા જ વર્ગોના માતપિતા પોતાના બાળકોને શિક્ષણ આપવા માટે તેને ઉત્તમ વિકલ્પ તરીકે પસંદ કરે.

**૮.૧૦.** શાળા શિક્ષણ પ્રણાલીની સમયાંતરે તપાસ માટે વિદ્યાર્થીઓના અધ્યયન સ્તરોના એક નમૂના આધારિત નેશનલ એચિવમેન્ટ સર્વે (NAS) પ્રસ્તાવિત નવા રાષ્ટ્રીય મૂલ્યાંકન કેન્દ્ર, 'PARAKH' દ્વારા અન્ય સરકારી સંસ્થાઓ જેવી કે **એનસીઈઆરટી** NCERT ની સાથે યોગ્ય સહયોગથી અનેક કાર્યો જેમકે પ્રદત્ત(Data) વિશ્લેષણની સાથે મૂલ્યાંકન પ્રક્રિયાઓમાં પણ સહાયતા કરી શકશે. મૂલ્યાંકનમાં સરકારીની સાથે ખાનગી શાળાઓના વિદ્યાર્થીઓને પણ સામેલ કરવામાં આવશે. રાજ્યોને પોતાની જનગણના આધારીત રાજ્ય મૂલ્યાંકન સર્વેક્ષણ' (SAS)નું સંચાલન કરવા માટે પણ પ્રોત્સાહિત કરવામાં આવશે. જેના પરિણામોનો ઉપયોગ માત્ર વિકાસના ઉદ્દેશ માટે થશે. શાળા શિક્ષણ પ્રણાલીના નિરંતર સુધાર માટે એમના સમગ્ર અને વિદ્યાર્થીઓની ઓળખ જાહેર કર્યા વિના એમના પરિણામોને શાળા દ્વારા સાર્વજનિક કરવામાં આવશે. પ્રસ્તાવિત નવું મૂલ્યાંકન કેન્દ્ર 'PARAKH' ની સ્થાપના સુધી NCERT-NAS ને ચાલુ રાખી શકે છે.

**૮.૧૧.** અંતમાં, શાળામાં નોંધણી પામેલ બાળકો અને કિશોરો આ આખી પ્રક્રિયામાં ન ભૂલાવા જોઈએ કારણ કે અંતે તો શાળા પ્રણાલી તેમના માટે તૈયાર કરવામાં આવેલ છે. તેમની સુરક્ષા અને અધિકારો પર ધ્યાન આપવું. ખાસ કરીને કન્યા અને કિશોરો દ્વારા તેમનો સામનો કરવામાં આવી રહ્યો છે તેવા ગંભીર મુદ્દાઓ જેવા કે નશીલા દ્રવ્યોનું સેવન તથા વિવિધ પ્રકારના ભેદભાવ અને હિંસા તથા ઉત્પીડન માટે બાળકો કે કિશોરોના અધિકારો કે સુરક્ષાના વિરુદ્ધમાં થઇ રહેલ કોઈ પણ ઉલ્લંઘન પ્રક્રિયા માટે સ્પષ્ટ સલામત અને અસરકારક તંત્ર તથા તેના રિપોર્ટિંગ માટે એક ચોક્કસ પ્રણાલી પર ખાસ ધ્યાન આપવું. તમામ વિદ્યાર્થીઓ માટે અસરકારક સમયસર અને સર્વ વિદિત આવા પ્રકારની પ્રણાલીનો વિકાસ સર્વોચ્ચ પ્રાથમિકતા પર રહેશે.

# વિભાગ II. ઉચ્ચ શિક્ષણ

## ૯. ગુણવત્તાયુક્ત વિશ્વવિદ્યાલયો અને મહાવિદ્યાલયો: ભારતીય ઉચ્ચ શિક્ષણ વ્યવસ્થાપન માટે એક નવો ભવિષ્યોન્મુખ દૃષ્ટિકોણ

**૯.૧.** માનવીય અને સામાજિક સુખાકારીને પ્રોત્સાહન આપવા તથા ભારતના બંધારણમાં કરેલી કલ્પનાનું ભારત કે જે - લોકશાહી, ન્યાયી, સામાજિક રીતે સભાન, સંસ્કારી અને માનવ રાષ્ટ્ર હોય કે જ્યાં સ્વાતંત્ર્ય, સમાનતા, બંધુત્વ અને સૌને માટે સમાન ન્યાય હોય તેવા ભારતના વિકાસમાં ઉચ્ચ શિક્ષણ અત્યંત મહત્વની ભૂમિકા નિભાવે છે. ઉચ્ચ શિક્ષણ રાષ્ટ્રની સાતત્યપૂર્ણ આજીવિકા અને આર્થિક ક્ષેત્રેના વિકાસમાં નોંધપાત્ર ફાળો આપે છે. જેમ જેમ ભારત જ્ઞાન આધારિત અર્થવ્યવસ્થા અને સમાજ બનવા તરફ આગળ વધે છે, તેમ તેમ વધુને વધુ ભારતીય યુવાનો ઉચ્ચ શિક્ષણની આશા રાખે છે.

**૯.૧.૧.** ૨૧મી સદીની આવશ્યકતાઓને જોતાં, ગુણવત્તાયુક્ત ઉચ્ચ શિક્ષણનો મુખ્ય હેતુ સારા, વિચારશીલ, પૂર્ણ વિકસિત અને સર્જનાત્મક વ્યક્તિઓના વિકાસનો હોવો જોઈએ. તે વ્યક્તિને એક અથવા એકથી વધુ ક્ષેત્રોમાં ઊંડાણપૂર્વક અભ્યાસ કરવા માટે સક્ષમ બનાવે તેવું હોવું જોઈએ અને સાથે સાથે ચારિત્ર્યિક,નૈતિક અને બંધારણીય મૂલ્યો, બૌદ્ધિક જિજ્ઞાસા, વૈજ્ઞાનિક પ્રકૃતિ, સર્જનાત્મકતા, સેવાની ભાવના અને વિજ્ઞાન, સામાજિકવિજ્ઞાન, કલા, માનવવિદ્યાશાખા, ભાષા, વ્યાવસાયિક, તકનીકી અને ધંધાદારી વિષયો સહિત વિભિન્ન વિષયોમાં ૨૧મી સદીની ક્ષમતાઓને વિકસાવતુ હોવું જોઈએ. ગુણવત્તાસભર ઉચ્ચ શિક્ષણ વ્યવસ્થા દ્વારા વ્યક્તિગત સિદ્ધિ અને જ્ઞાન, રચનાત્મક લોકભાગીદારી અને સમાજમાં ઉત્પાદન યોગદાન માટે સક્ષમ કરવું જોઈએ. તેણે વિદ્યાર્થીઓને વધુ સાર્થક અને સંતોષકારક જીવન, કાર્યક્ષેત્રની ભૂમિકા અને આર્થિક સ્વતંત્રતા માટે સક્ષમ કરવા જોઈએ.

**૯.૧.૨.** વ્યક્તિઓના સર્વાંગીણ વિકાસના હેતુ માટે, પૂર્વ-શાળા શિક્ષણથી ઉચ્ચ શિક્ષણ સુધીના દરેક તબક્કે નિશ્ચિત કરાયેલ કૌશલ્યો અને મૂલ્યોનો સમાવેશ કરવામાં આવે તે જરૂરી છે.

**૯.૧.3.** સામાજિક સ્તરે, ઉચ્ચ શિક્ષણનો ઉદ્દેશ્ય રાષ્ટ્રને પ્રબુદ્ધ, સામાજિક રીતે જાગૃત, જ્ઞાની અને કૌશલ્યસભર બનાવવાનો છે, જે પોતાના નાગરિકોનું ઉત્થાન કરી શકે અને પોતાની સમસ્યાઓના સમજણપૂર્વકના સમાધાનો શોધી તેને ઉપયોગમાં લઈ શકે. ઉચ્ચ શિક્ષણ જ્ઞાન નિર્માણ અને નવાચારનો આધાર પણ બને છે અને તેના લીધે રાષ્ટ્રીય અર્થવ્યવસ્થાના વિકાસમાં મહત્વપૂર્ણ ભૂમિકા નિભાવે છે. આથી ગુણવત્તાયુક્ત ઉચ્ચ શિક્ષણનો ઉદ્દેશ્ય વ્યક્તિગત રોજગારની તકોના નિર્માણ સુધી સીમિત નથી તે અધિક જીવંત અને સામાજિક રૂપથી જોડાયેલ સહકારી સમુદાયો સાથે મળીને એક વધુ આનંદિત, સામંજસ્યપૂર્ણ, સુસંસ્કૃત, ઉત્પાદક, નવીન, પ્રગતિશીલ અને સમૃદ્ધ રાષ્ટ્ર માટે ચાવીરૂપ છે.

**૯.૨.** વર્તમાન ભારતમાં ઉચ્ચ શિક્ષણ પ્રણાલીમાં રહેલી કેટલીક મુખ્ય સમસ્યાઓમાં:

(ક) ગંભીર રૂપથી ખંડિત ઉચ્ચ શિક્ષણનું પરિતંત્ર;

(ખ) જ્ઞાનાત્મક કૌશલ્યો અને અધ્યયન નિપજો પર ઓછો ભાર;

(ગ) વિદ્યાશાખાઓનું ચુસ્ત વિભાજન, વિદ્યાર્થીઓને ખૂબ વહેલા વિશેષ વિષયના અભ્યાસના સંકુચિત ક્ષેત્રોમાં ધકેલી દેવા;

(ઘ) મર્યાદિત વ્યાપ, ખાસ કરીને સામાજિક અને આર્થિક રીતે વંચિત ક્ષેત્રો કે જ્યાં કેટલીક જ ઉચ્ચ શિક્ષણ સંસ્થાઓ સ્થાનિક ભાષામાં શીખવે છે;

(ચ) શિક્ષક અને સંસ્થાની મર્યાદિત સ્વાયત્તતા;

(છ) વિદ્યાશાખા અને સંસ્થાના આગેવાનો માટે યોગ્યતા આધારિત કારકિર્દીના વ્યવસ્થાપન અને પ્રગતિ માટે અપૂરતી વ્યવસ્થા;

(જ) મોટાભાગના વિશ્વવિદ્યાલયો અને મહાવિદ્યાલયોમાં સંશોધન પર ઓછો ભાર તથા વિદ્યાશાખાઓમાં પ્રતિસ્પર્ધી-સહભાગી (peer) સમીક્ષા પામેલ સંશોધન ભંડોળનો અભાવ;

(ઝ) ઉચ્ચ શિક્ષણ સંસ્થાઓમાં પ્રશાસન અને નેતૃત્વની ક્ષમતાઓનો અભાવ;

(ટ) બિનઅસરકારક નિયમનકારી પ્રણાલી; અને

(ઠ) વિશાળ સંલગ્નતાવાળા વિશ્વવિદ્યાલયો જે સ્નાતક કક્ષાએ નિમ્ન ગુણવત્તાયુક્ત શિક્ષણમાં પરિણમતાં હોવા જેવી વિવિધ સમસ્યાઓ જોવા મળે છે.

૯.૩. આ નીતિ ઉચ્ચતર શિક્ષણ પ્રણાલીમાં આમૂલ પરિવર્તન અને નવી ઉર્જાના સંચાર માટે ઉપરોક્ત પડકારોને દૂર કરી ન્યાયી અને સમાવેશક ઉચ્ચ કક્ષાના ઉચ્ચ શિક્ષણની પરિકલ્પના યુવાનોની આકાંક્ષાને અનુરૂપ ગુણવતાપૂર્ણ, સમાન અવસર આપે તેવું સમાવેશી ઉચ્ચતર શિક્ષણ મળે તેવા પરિવર્તન સામેલ છે:

(ક) એવી ઉચ્ચ શિક્ષણ વ્યવસ્થા તરફ આગળ વધવું જ્યાં વિશાળ બહુવિદ્યાશાખાકીય વિશ્વવિદ્યાલય અને મહાવિદ્યાલય હોય, જ્યાં પ્રત્યેક જીલ્લામાં કે તેની નજીક ઓછામાં ઓછી એક અને સંપૂર્ણ ભારતમાં મહત્તમ ઉચ્ચ શિક્ષણ સંસ્થાઓ હોય, જે સ્થાનિક/ભારતીય ભાષામાં શિક્ષણ કે કાર્યક્રમો ચલાવતા હોય;

(ખ) બહુવિદ્યાશાખાકીય સ્નાતક શિક્ષણ તરફ આગળ વધવું;

(ગ) વિદ્યાશાખા અને સંસ્થાગત સ્વાયત્તતા તરફ આગળ વધવું;

(ઘ) વિદ્યાર્થીઓના અનુભવોની વૃદ્ધિ માટે અભ્યાસક્રમ, અધ્યાપન શાસ્ત્ર, મૂલ્યાંકન અને વિદ્યાર્થી સહાયમાં સુધારા લાવવા;

(ચ) શિક્ષણ, સંશોધન અને સેવાના આધાર પર યોગ્ય નિયુક્તિ અને કારકિર્દીમાં પ્રગતિની તક દ્વારા અધ્યાપકો તથા સંસ્થાગત નેતૃત્વના ઐક્યની પુષ્ટિ કરવી;

(છ) સંશોધન વિશ્વવિદ્યાલય અને મહાવિદ્યાલયમાં ઉત્તમ સાથી સમીક્ષા પામેલ સંશોધનોને નાણાંકીય સહાય પૂરી પાડવા અને સક્રિય રૂપથી સંશોધનનો પાયો નાંખવા માટે રાષ્ટ્રીય સંશોધન પ્રતિષ્ઠાનની સ્થાપના;

(જ) શૈક્ષણિક અને પ્રશાસનિક સ્વાયત્તાવાળા ઉચ્ચ યોગ્યતા ધરાવતા સ્વતંત્ર બોર્ડ દ્વારા ઉચ્ચ શિક્ષણ સંસ્થાઓનું નિયંત્રણ;

(ઝ) ઉચ્ચ શિક્ષણમાં એક જ નિયમનકાર દ્વારા "હળવું છતાં ચુસ્ત" નિયમન;

(ટ) ઉત્કૃષ્ટ જાહેર શિક્ષણ માટેની વિશાળ તકો સહિતના પગલાંની શ્રેણી દ્વારા પહોંચ, સમતા અને સમાવેશનમાં વૃદ્ધિ; સમકાલીન અને વંચિત વિદ્યાર્થીઓ માટે ખાનગી/લોકકલ્યાણ માટે કામ કરતાં વિશ્વવિદ્યાલયો દ્વારા શિષ્યવૃત્ માટે તમામ ભૌતિક સુવિધાઓ અને અધ્યયન સામગ્રીની ઉપલબ્ધિ. જેવાં પરિવર્તનોને સમાવિષ્ટ કરવાની દૂરદર્શિતાનો સમાવેશ થાય છે.

## ૧૦. સંસ્થાકીય પુનર્ગઠન અને એકત્રીકરણ

**૧૦.૧.** ઉચ્ચ શિક્ષણને લગતી આ નીતિનો મુખ્ય ઉદ્દેશ્ય એ છે કે ઉચ્ચ શિક્ષણ સંસ્થાઓને વિશાળ બહુવિદ્યાશાખાકીય વિશ્વવિદ્યાલયો, મહાવિદ્યાલયો અને ઉચ્ચ શિક્ષણ સંસ્થાઓનાં જૂથો/જ્ઞાન કેન્દ્રો કે જેમાંના દરેકનું લક્ષ્ય ૩,૦૦૦ અથવા વધુ વિદ્યાર્થીઓ હોય તેમાં પરિવર્તિત કરીને ઉચ્ચ શિક્ષણની ખંડિતતાને સમાપ્ત કરવાનો છે. આનાથી વિદ્વાનો અને સાથીદારોના ઉર્જાવાન સમુદાયો બનાવવામાં મદદ મળશે, અલગ અલગ કામ કરતાં વિભાગોને સંગઠિત કરવા, વિદ્યાર્થીઓને કલાત્મક, સર્જનાત્મક અને વિશ્લેષણાત્મક વિષયો તેમજ રમત-ગમત સહિતની ઘણી વિદ્યાશાખાઓમાં સમગ્રતયા સર્વાંગી રીતે, સારી રીતે વિકસિત કરવામાં, આંતર વિદ્યાશાખાકીય સંશોધન સહિતની શાખાઓમાં સક્રિય સંશોધન સમુદાયો વિકસિત કરવામાં તથા ઉચ્ચ શિક્ષણમાં ભૌતિક અને માનવ બંનેની સંસાધન કાર્યક્ષમતામાં વધારો કરવામાં આવશે.

**૧૦.૨.** મોટા બહુવિદ્યાશાખાકીય વિશ્વવિદ્યાલયો અને ઉચ્ચ શિક્ષણ સંસ્થાઓના જૂથો તરફ આગળ વધવાની આ નીતિમાં સૌથી વધુ ભલામણ છે. પ્રાચીન ભારતીય વિશ્વવિદ્યાલયો તક્ષશિલા, નાલંદા, વલભી અને વિક્રમશીલા, જેમાં ભારત અને વિશ્વના હજારો વિદ્યાર્થીઓ ઊર્જાસભર બહુવિદ્યાશાખાકીય વાતાવરણમાં અભ્યાસ કરતા હતા, જેણે પર્યાપ્ત રીતે બહુવિદ્યાશાખાકીય સંશોધન અને અધ્યાપન કે જેને વિશ્વવિદ્યાલયો અનુસરી શકે તેનું સૌથી મોટું સરળ ઉદાહરણ પ્રદર્શિત કરેલ. સર્વાંગી અને નવવિચારયુક્ત વ્યક્તિઓના સર્જનની ભારતીય પ્રણાલી અને જે પહેલાથી જ અન્ય દેશોને શૈક્ષણિક અને આર્થિક રીતે પરિવર્તિત કરી રહી છે તે મહાન ભારતીય પરંપરાને પાછા લાવવાની જરૂર છે.

**૧૦.૩.** ઉચ્ચ શિક્ષણના આ પ્રકારના દષ્ટિકોણ માટે, ખાસ કરીને, ઉચ્ચ શિક્ષણ સંસ્થા (**HEI**), એટલે કે, વિશ્વવિદ્યાલય અથવા મહાવિદ્યાલયની રચના માટે નવી સંકલ્પનાત્મક દૃષ્ટિ/સમજની જરૂર પડશે. વિશ્વવિદ્યાલયનો અર્થ એ થશે કે એવી ઉચ્ચ શિક્ષણની બહુવિદ્યાશાખાકીય સંસ્થાન, જે ઉચ્ચ ગુણવત્તાવાળા શિક્ષણ, સંશોધન અને લોકભાગીદારીયુક્ત, પૂર્વસ્નાતક અને સ્નાતક કાર્યક્રમો ચલાવતી હશે. વિશ્વવિદ્યાલયની વ્યાખ્યા એવી સંસ્થાઓના જૂથને મંજૂરી આપશે જે શિક્ષણ અને સંશોધન પર સમાન ભાર આપતી હોય છે, એટલે કે સઘન સંશોધન વિશ્વવિદ્યાલયો, જેઓ શિક્ષણ પર વધારે ભાર મૂકતાં હોય પરંતુ તેમ છતાં નોંધપાત્ર સંશોધન પણ કરતાં હોય એટલે કે સઘન અધ્યાપન વિશ્વવિદ્યાલયો હોય. આ દરમિયાન, એક સ્વાયત પદવી પ્રદાન કરનાર મહાવિદ્યાલય (**Autonomous degree-granting Colleges-AC**) નો સંદર્ભ ઉચ્ચ શિક્ષણની વિશાળ બહુવિદ્યાશાખાકીય સંસ્થાનો હશે જે સ્નાતક પદવી આપશે અને મુખ્યત્વે તેના શિક્ષણ સાથે જ પ્રતિબંધિત નહીં રહે અને તે માટે પ્રતિબંધિત રહેવાની જરૂરિયાત પણ નહીં રહે તથા સામાન્ય

રીતે તે એક લાક્ષણિક વિશ્વવિદ્યાલય કરતાં નાની હશે.

**૧૦.૪.** મહાવિદ્યાલયોને સ્વાયત્તતા આપવા માટેનું તબક્કાવાર માળખું એક ક્રમિક પારદર્શી પ્રણાલી દ્વારા સ્થાપવામાં આવશે. મહાવિદ્યાલયોને દરેક સ્તરે માન્યતા માટે જરૂરી ઓછામાં ઓછા માનદંડો તબક્કાવાર મેળવવા માટે ઉત્તેજન, માર્ગદર્શન, મદદ અને પ્રોત્સાહન આપવામાં આવશે. સમય જતાં, એવી વ્યવસ્થા કરવામાં આવે છે કે દરેક મહાવિદ્યાલય ક્યાં તો સ્વાયત્ત પદવી એનાયત કરનાર મહાવિદ્યાલય અથવા તોવિશ્વવિદ્યાલયના ઘટક મહાવિદ્યાલય તરીકે વિકસિત થાય - બીજા કિસ્સામાં, તે સંપૂર્ણ રીતે વિશ્વવિદ્યાલયનોભાગ હશે. યોગ્ય માન્યતા સાથે, સ્વાયત્ત પદવી પ્રદાન કરનાર મહાવિદ્યાલયો જો તેઓ ઇચ્છે તો સઘન સંશોધન અથવા સઘન અધ્યાપન વિશ્વવિદ્યાલયોમાં પરિવર્તીત થઈ શકશે.

**૧૦.૫.** તે સ્પષ્ટપણે કહેવું આવશ્યક છે કે આ ત્રણ વ્યાપક પ્રકારની સંસ્થાઓનું વર્ગીકરણ જડ અને સ્થાયી નથી પરંતુ પરિવર્તનક્ષમ છે. તેમની યોજનાઓ, ક્રિયાઓ અને અસરકારકતાના આધારે, ઉચ્ચ શિક્ષણ સંસ્થાઓને એક વર્ગમાંથી બીજા વર્ગમાં ધીમે ધીમે પરિવર્તિત થવાની સ્વાયત્તતા અને સ્વતંત્રતા હશે. આ સંસ્થાઓની શ્રેણીઓને વર્ગીકૃત કરવા માટે સૌથી મુખ્ય બાબત તેમના લક્ષ્યો અને કાર્ય પર તેઓ કેવી રીતે ધ્યાન કેન્દ્રિત કરે છે તે રહેશે. માન્યતા પ્રણાલી

આ પ્રકારની ઉચ્ચ શિક્ષણ સંસ્થાઓ માટે યોગ્યતમ, ભિન્ન અને સુસંગત માનાંકોનો વિકાસ અને ઉપયોગ કરશે. આમ છતાં, તમામ ઉચ્ચ શિક્ષણ સંસ્થામાં ઉચ્ચતમ ગુણવત્તાયુક્ત શિક્ષણ અને અધ્યયન-અધ્યાપનની અપેક્ષાઓ એક સમાન રહેશે.

**૧૦.૬.** અધ્યાપન અને સંશોધન ઉપરાંત, ઉચ્ચ શિક્ષણ સંસ્થાઓ પાસે અન્ય નિર્ણાયક જવાબદારીઓ હશે, જેને તેઓ યોગ્ય સંસાધનો, પ્રોત્સાહનો અને સંરચનાઓ દ્વારા નિભાવશે. આમાં અન્ય ઉચ્ચ શિક્ષણ સંસ્થાઓનો વિકાસ, લોકભાગીદારી અને સેવા, અભ્યાસના વિવિધ ક્ષેત્રોમાં ફાળો, ઉચ્ચ શિક્ષણ પ્રણાલી માટે અધ્યાપક યોગ્યતા વિકાસ અને શાળા શિક્ષણમાં સહાય આપવાનો સમાવેશ થાય છે.

**૧૦.૭.** વર્ષ ૨૦૪૦ સુધીમાં, તમામ ઉચ્ચ શિક્ષણ સંસ્થાઓ બહુવિદ્યાશાખાકીય સંસ્થાઓ બનવાનું લક્ષ્ય રાખશે અને આધારરૂપ વ્યવસ્થા અને સંસાધનોના મહત્તમ યોગ્ય ઉપયોગ માટે અને ઊર્જાવાન બહુવિદ્યાશાખાકીય સમુદાયોની રચના માટે હજારોની સંખ્યામાં વિદ્યાર્થીઓની નોંધણી કરાવવાનું લક્ષ્ય રાખશે. આ પ્રક્રિયામાં સમય લાગશે, તેથી તમામ ઉચ્ચ શિક્ષણ સંસ્થાઓ 2030 સુધીમાં સૌ પ્રથમ બહુવિદ્યાશાખાકીય બનાવવાનું આયોજન કરશે અને પછી ધીમે ધીમે વિદ્યાર્થીઓની સંખ્યાને અપેક્ષિત સ્તરે વધારશે.

**૧૦.૮.** અલ્પવિકસિત ક્ષેત્રોમાં પૂર્ણ ઉપલબ્ધતા, ન્યાય સંગતતા અને સમાવેશકતા માટે વધુ ઉચ્ચ શિક્ષણ સંસ્થાઓ સ્થાપવામાં અને વિકસિત કરવામાં આવશે. વર્ષ ૨૦૩૦ સુધીમાં, પ્રત્યેક જિલ્લામાં અથવા નજીકમાં ઓછામાં ઓછી એક મોટી બહુવિદ્યાશાખાકીય ઉચ્ચ શિક્ષણ સંસ્થા હોવી જોઈએ. સ્થાનિક/ભારતીય ભાષાઓમાં અથવા દ્વિભાષી સૂચનાનું માધ્યમ ધરાવતા, જાહેર અને વ્યક્તિગત બંને પ્રકારની ઉચ્ચ ગુણવત્તાયુક્ત ઉચ્ચ શિક્ષણ સંસ્થાઓ વિકસાવવા તરફ પગલાં લેવામાં આવશે. ૨૦૩૫ સુધીમાં વ્યાવસાયિક શિક્ષણ સહિત ઉચ્ચ શિક્ષણમાં કુલ પ્રવેશ નોંધણી ગુણોત્તર ૨૬.૩% (૨૦૧૮) થી વધારીને ૫૦% કરવાનો લક્ષ્યાંક હશે. આ લક્ષ્યોને પ્રાપ્ત કરવા માટે ઘણી નવી સંસ્થાઓ વિકસિત કરી શકાશે, જ્યારે ઉચ્ચ શિક્ષણ સંસ્થાઓને એકત્રિત, નોંધપાત્ર રીતે વિસ્તૃત કરી હાલની ઉચ્ચ શિક્ષણ સંસ્થાઓની સુધારણા દ્વારા ક્ષમતા નિર્માણનો એક મોટો ભાગ પ્રાપ્ત કરવામાં આવશે.

**૧૦.૯.** જાહેર અને ખાનગી એમ બંને સંસ્થાઓમાં વિકાસ કરવામાં આવશે, જેમાં મોટી સંખ્યામાં ઉત્કૃષ્ટ જાહેર સંસ્થાઓ વિકસાવવા પર ભાર મૂકવામાં આવશે. જાહેર ઉચ્ચ શિક્ષણ સંસ્થાના વિકાસ માટે જાહેર ભંડોળના સહાયના વધેલા સ્તરને નિર્ધારિત કરવા માટે એક ન્યાયી અને પારદર્શક પદ્ધતિ હશે. આ પદ્ધતિ તમામ જાહેર સંસ્થાઓને વિકાસ અને વૃધ્ધિ માટે સમાન તક આપશે અને માન્યતા પ્રણાલીના માન્યતા ધોરણોમાંથી પારદર્શક, પૂર્વ ઘોષિત માનાંક પર આધારિત રહેશે. આ નીતિમાં નિર્ધારણ મુજબ ઉચ્ચતમ ગુણવત્તાનું શિક્ષણ પહોંચાડનારી ઉચ્ચ શિક્ષણ સંસ્થાઓને તેમની ક્ષમતાના વિસ્તરણમાં પ્રોત્સાહન આપવામાં આવશે.

**૧૦.૧૦.** જો તેમને માન્યતા પ્રાપ્ત થાય તો સંસ્થાઓ પાસે મુક્ત ઑનલાઇન દૂરસ્થ શિક્ષણ **ઓડીએલ (ODL)** અને ઑનલાઇન અભ્યાસક્રમ ચલાવવાનો વિકલ્પ હશે. તેના ઉદ્દેશ્યો આ પ્રમાણે છેઃ આ સંસ્થાઓનું વિસ્તૃતિકરણ થાય, વધુને વધુ વિદ્યાર્થીઓ માટે સુલભ બને, કુલ નોંધણી ગુણોત્તર **(GER)**માં વધારો થાય અને સતત શિક્ષણ **એસડીજીએસ (SDG** 4) માટે તકો પ્રદાન કરી શકાય. કોઈપણ ડિપ્લોમા અથવા પદવી (ડિગ્રી) પ્રદાન કરનાર તમામ મુક્ત દૂરસ્થ શિક્ષણ **ઓડીએલ (ODL)** કાર્યક્રમો અને તેમના ઘટકોના ધોરણો અને ગુણવત્તા ઉચ્ચ શિક્ષણ સંસ્થાઓ દ્વારા તેમના પરિસરમાં ચલાવવામાં આવતા ઉચ્ચતમ ગુણવત્તાવાળા કાર્યક્રમો જેવા જ હશે. મુક્ત દૂરસ્થ શિક્ષણ **ઓડીએલ (ODL)** માટે માન્યતા પ્રાપ્ત સર્વોચ્ચ સંસ્થાઓને ઉચ્ચ ગુણવત્તાવાળા ઑનલાઇન અભ્યાસક્રમો વિકસાવવા માટે પ્રોત્સાહિત કરવામાં આવશે અને તેમને સહાય આપવામાં આવશે. આવા ગુણવત્તાવાળા ઑનલાઇન અભ્યાસક્રમોને ઉચ્ચ શિક્ષણ સંસ્થાઓના અભ્યાસક્રમમાં યોગ્ય રીતે સંકલિત કરવામાં આવશે અને આ માટે સંમિશ્રિત સ્થિતિ **(Blended Mode)** ને પસંદ કરવામાં આવશે.

**૧૦.૧૧.** એક જ પ્રવાહવાળી ઉચ્ચ શિક્ષણ સંસ્થાઓને સમય જતાં ઘટાડી અધ્યાપન અને સંશોધનનાં ક્ષેત્રોમાં ઉચ્ચકક્ષાના બહુવિદ્યાશાખાકીય અને અંતર-વિદ્યાશાખાકીય(Cross-Disciplinary) ક્ષેત્રોમાં ઉચ્ચ ગુણવત્તાયુક્ત ઉર્જાસભર બહુવિદ્યાશાખાકીય સંસ્થાઓ અથવા બહુવિદ્યાશાખાકીય સંસ્થાઓના જૂથો બનવા તરફ આગળ વધારવામાં આવશે. એક પ્રવાહ ધરાવતી ઉચ્ચ શિક્ષણ સંસ્થાઓમાં ખાસ કરીને, વિવિધ ક્ષેત્રોના એવા વિભાગો ઉમેરાશે જે આ સંસ્થાઓને પણ મજબૂત બનાવશે. આમ છતાં, યોગ્ય માન્યતા પ્રાપ્ત કરવા, તમામ ઉચ્ચ શિક્ષણ સંસ્થાઓ આ જીવંત સંસ્કૃતિને સક્ષમ બનાવવા માટે ધીમે ધીમે સંપૂર્ણ શૈક્ષણિક અને વહીવટી સ્વાયત્તતાની દિશા તરફ આગળ વધશે. જાહેર સંસ્થાઓની સ્વાયત્તતાને પર્યાપ્ત જાહેર નાણાંકીય સહાય અને સ્થિરતા મળશે. ઉચ્ચ ગુણવત્તાવાળા સમાન શિક્ષણ માટે સાર્વજનિક હેતુ સાથે કાર્ય કરતી પ્રતિબદ્ધતાવાળી વ્યક્તિગત સંસ્થાઓને પ્રોત્સાહિત કરવામાં આવશે.

**૧૦.૧૨.** આ નીતિ દ્વારા એવી કલ્પના કરવામાં આવેલી છે કે નવી નિયમનકારી પદ્ધતિ સમગ્રતયા નવીનીકરણ માટે સશક્ત અને સ્વાયત્ત સંસ્કૃતિ તરફ ક્રમિક રીતે આગળ વધારશે જેમાં ધીમે ધીમે પંદર વર્ષના સમયગાળા દરમિયાન 'સંલગ્ન મહાવિદ્યાલયો'ની પ્રથા સમાપ્ત કરવામાં આવશે. હાલની દરેક સંલગ્નતા આપનાર વિશ્વવિદ્યાલય તેના સંલગ્ન મહાવિદ્યાલયોને માર્ગદર્શન આપવા માટે જવાબદાર રહેશે તેથી તેઓ તેમની ક્ષમતાઓ વિકસિત કરી શકે અને શૈક્ષણિક અને અભ્યાસક્રમની બાબતમાં, અધ્યાપન અને આકલન; પ્રશાસન સુધારણા; નાણાંકીય મજબૂતાઈ; અને વહીવટી કાર્યક્ષમતામા લઘુત્તમ માનદંડો પ્રાપ્ત કરી શકે. હાલમાં વિશ્વવિદ્યાલય સાથે સંકલાયેલ તમામ મહાવિદ્યાલયો નિયત માન્યતા માનદંડોને સુરક્ષિત રાખવા માટે સમય જતાં જરૂરી માનદંડો મેળવશે અને અંતે સ્વાયત્ત પદવી-એનાયત કરનાર મહાવિદ્યાલયો બનશે. આ કાર્ય યોગ્ય માર્ગદર્શન અને સરકારી સહાય જેવા રાષ્ટ્રીય પ્રયત્નો દ્વારા પ્રાપ્ત કરવામાં આવશે.

**૧૦.૧૩.** સમગ્ર ઉચ્ચ શિક્ષણ ક્ષેત્ર ધંધાદારી અને વ્યાવસાયિક શિક્ષણ સહિત સંકલિત ઉચ્ચ શિક્ષણ પ્રણાલી બનવાનું લક્ષ્ય રાખશે. આ નીતિ અને તેનો અભિગમ વર્તમાન પ્રવાહોમાંના તમામ ઉચ્ચ શિક્ષણ સંસ્થાઓને સમાનરૂપે લાગુ થશે, જ ે આખરે ઉચ્ચ શિક્ષણના સુસંગત પરિતંત્ર (ecosystem)માં ભળી જશે.

**૧૦.૧૪.** વૈશ્વિક રીતે વિશ્વવિદ્યાલય એ છે જે ઉચ્ચ શિક્ષણની બહુવિદ્યાશાખાકીય સંસ્થા છે જે પૂર્વસ્નાતક, સ્નાતક અને Ph.D. અભ્યાસક્રમો પ્રદાન કરે અને ઉચ્ચ-ગુણવત્તાવાળા શિક્ષણ અને સંશોધન સાથે સંકળાયેલ હોય. દેશમાં ઉચ્ચ શિક્ષણ સંસ્થાઓના વર્તમાન જટિલ નામકરણ, જેમકે, 'ડીમ્ડ ટુ બી યુનિવર્સિટી (Deemed to be University), 'એફીલીયેટીંગ યુનિવર્સિટી (Affiliating University)', 'એફીલીયેટીંગ ટેકનિકલ યુનિવર્સિટી (Affiliating Technical University)', 'યુનિટરી યુનિવર્સિટી (Unitary University)' ને નિયમો અનુસાર માપદંડ પૂરા કરે ત્યારે માત્ર 'વિશ્વવિદ્યાલય' એવા નામકરણથી બદલવામાં આવશે.

## ૧૧. સર્વાંગી અને બહુવિદ્યાશાખાકીય શિક્ષણ તરફ

**૧૧.૧.** ભારતમાં સંપૂર્ણ અને બહુવિદ્યાશાખાકીય અધ્યયનની એક પ્રાચીન પરંપરા છે જેવા કે તક્ષશિલા અને નાલંદા જેવા વિશ્વવિદ્યાલયોથી શરૂ કરીને ભારતમાં એવું ઘણું વ્યાપક સાહિત્ય છે જ્યાં વિભિન્ન ક્ષેત્રોના વિષયોનો સમન્વય થતો હોય. પ્રાચીન ભારતીય સાહિત્ય જેવા કે બાણભટ્ટની કાદમ્બરીમાં શાળા શિક્ષણને ૬૪ કલાઓના જ્ઞાનના રૂપમાં વર્ણિત કરવામાં આવેલ છે અને આ ૬૪ કલાઓમાં માત્ર ગાયન અને ચિત્રકલા જ નહીં પરંતુ વૈજ્ઞાનિક ક્ષેત્રો જેવા કે રસાયણવિજ્ઞાન અને ગણિતશાસ્ત્ર, વ્યાવસાયિક ક્ષેત્રો જેવા કે સુથારીકામ અને દરજીકામ, ધંધાદારી વિષયો જેવા કે દાક્તરી અને ઇજનેરી અને સાથે સાથે જીવન કૌશલ્યો જેવા કે પ્રત્યાયન ચર્ચા અને વાદવિવાદનો સમાવેશ કરવામાં આવેલ છે. મનુષ્યજીવન કાળમાં ગણિતશાસ્ત્ર, વિજ્ઞાન, વ્યાવસાયિક વિષયો, ધંધાદારી વિષયો અને જીવન કૌશલ્યોને કલાના વિષય ગણવાનો વિચાર સ્પષ્ટ રીતે ભારતમાં ઉદ્ભભવેલ છે. આ વિભિન્ન કલાઓના જ્ઞાનનો વિચાર કે જેને

આધુનિક સમયમાં લિબરલ આર્ટસ (Liberal Arts) (કલાઓ પ્રત્યેની ઉદાર દ્રષ્ટિ ગણવામાં આવે છે) તે ભારતીય શિક્ષણમાં પાછું લાવવું જોઈએ કારણ કે આ એ જ શિક્ષણ છે જેની ૨૧મી સદીમાં જરૂરિયાત હશે.

**૧૧.૨.** સ્નાતક શિક્ષણ દરમિયાન એવી શૈક્ષણિક પદ્ધતિઓ જે વિજ્ઞાન, તકનીકી, ઇજનેરી અને ગણિતશાસ્ત્ર (STEM) ને માનવવિદ્યાશાખા સાથે જોડે છે તેનો અભ્યાસ વધુ હકારાત્મક અધ્યયન નીપજો દર્શાવે છે જેવી કે વધતી સર્જનાત્મકતા અને નવવિચાર, તાર્કિક વિચારસરણી અને ઉચ્ચ સ્તરીય વિચાર ક્ષમતા, સમસ્યા ઉકેલ ક્ષમતા, જૂથકાર્ય, પ્રત્યાયન કૌશલ્ય, વધુ ને વધુ ઊંડાણપૂર્વકનું અધ્યયન અને અભ્યાસક્રમના તમામ વિષયો પર પકડ, સામાજિક અને નૈતિક સભાનતા વગેરે. એક સમગ્ર અને બહુવિદ્યાશાખાકીય શિક્ષણ અભિગમ દ્વારા સંશોધનોમાં સુધાર અને વૃધ્ધિ કરવામાં આવશે.

**૧૧.૩.** એક સંપૂર્ણ અને બહુવિદ્યાશાખાકીય શિક્ષણનો હેતુ મનુષ્યની બધી જ ક્ષમતાઓ - બૌદ્ધિક, સૌંદર્યાત્મક, સામાજિક, શારીરિક, ભાવનાત્મક તથા નૈતિકતાને સંકલિત રીતે વિકસિત કરવાનો હશે. આવું શિક્ષણ વ્યક્તિના સર્વાંગીણ વિકાસ કલા, માનવવિદ્યાશાખા, ભાષા, વિજ્ઞાન, સામાજિકવિજ્ઞાન, વ્યાવસાયિક, તકનીકી અને ધંધાદારી ક્ષેત્રોમાં મહત્વપૂર્ણ ૨૧મી સદીની ક્ષમતા, સામાજિક જોડાણ માટેની નૈતિકતા, વ્યવહાર કૌશલ્ય જેવા કે પ્રત્યાયન, ચર્ચા, વાદવિવાદ અને એક પસંદ કરેલ ક્ષેત્ર અથવા ક્ષેત્રોમાં સારી તજ્જ્ઞતા વિકસિત કરશે. આ રીતનું સમગ્ર શિક્ષણ લાંબા સમય સુધી વ્યાવસાયિક, તકનીકી અને ધંધાદારી વિદ્યાશાખાઓ સહિત બધા જ સ્નાતક કાર્યક્રમોનો દ્રષ્ટિકોણ હશે.

**૧૧.૪.** દેશને ૨૧મી સદી અને ચોથી ઔદ્યોગિક ક્રાંતિ માટે જે પ્રકારના શિક્ષણની ભારતમાં આવશ્યકતા છે તેવા સર્વાંગી અને બહુવિદ્યાશાખાકીય શિક્ષણને ભારતના ઇતિહાસમાં ખૂબ સુંદર રીતે વર્ણવેલ છે. ભારતીય તકનીકી સંસ્થા (IIT) જેવી ઇજનેરી સંસ્થાઓ પણ આર્ટ્સ અને માનવવિદ્યાશાખા સાથે સર્વાંગી અને બહુવિદ્યાશાખાકીય શિક્ષણ તરફ વળશે. કલા (Arts) અને માનવવિદ્યાશાખાના વિદ્યાર્થીઓ પણ વિજ્ઞાન શીખવાનો ઉદ્દેશ રાખી શકે છે અને વધુ વ્યાવસાયિક અને જીવન કૌશલ્યોનો સમાવેશ કરવાનો પ્રયત્ન કરશે.

**૧૧.૫.** કલ્પનાશીલ અને પરિવર્તનશીલ અભ્યાસક્રમ માળખું સર્જનાત્મક વિદ્યાશાખાના સંશોધનોને શક્ય બનાવશે અને બહુ પ્રવેશ અને નિકાસ શક્ય બનશે જેથી પ્રવર્તમાન અસ્તિત્વ ધરાવતી જડ સીમાઓ દૂર થશે અને આજીવન અધ્યયન માટેની નવી તકોનું સર્જન થશે. વિશાળ બહુવિદ્યાશાખાકીય વિશ્વવિદ્યાલયોમાં સ્નાતક, અનુસ્નાતક અને વિદ્યાવાચસ્પતિ (ડોક્ટરલ)-સ્તરે સઘન સંશોધન આધારિત વિશિષ્ટીકરણ દ્વારા, બહુવિદ્યાશાખાકીય કાર્ય કરવાની તક શિક્ષણવિદો, સરકાર અને ઉદ્યોગોએ સાથે મળીને પૂરી પાડશે.

**૧૧.૬.** વિશાળ અને બહુવિદ્યાશાખાકીય વિશ્વવિદ્યાલયો અને મહાવિદ્યાલયો ઉચ્ચ ગુણવત્તાયુક્ત સર્વાંગી અને બહુવિદ્યાશાખાકીય શિક્ષણ તરફ જવા માટે મદદ કરશે. અભ્યાસક્રમમાં લચીલા, નવીન અને આકર્ષક કોર્સ માટેના વિકલ્પો વિદ્યાર્થીઓને આપી શકાશે, તદ્ઉપરાંત એક વિષયમાં કે વિષયોમાં તજજ્ઞ બનવા માટેના કોર્સ આપી શકાશે. આમ કરવા માટે શિક્ષકોની સંખ્યા અને સંસ્થાની સ્વાયત્તતા વધારીને પ્રોત્સાહિત કરાશે. અધ્યાપનશાસ્ત્રમાં સંદેશાવ્યવહાર, ચર્ચા, વકતૃત્વ, સંશોધન અને આંતરવિદ્યાશાખાકીય અને આંતરિકવિદ્યાશાખાકીય વિચારસરણી પર વધુ ભાર હશે.

**૧૧.૭.** ભાષાઓ, સાહિત્ય, સંગીત, તત્વજ્ઞાન, ભારતીય વિદ્યા, કલા, નૃત્ય, નાટક, શિક્ષણ, ગણિત, આંકડાશાસ્ત્ર, સૈદ્ધાંતિક અને વ્યાવહારિક વિજ્ઞાન, સમાજશાસ્ત્ર, અર્થશાસ્ત્ર, રમતો, ભાષાંતર અને અર્થઘટનના વિભાગો અને આવા અન્ય વિષયો જે બહુવિદ્યાશાખાકીય અને ભારતીય શિક્ષણ અને પર્યાવરણ માટે સારું છે તે ઉચ્ચ શિક્ષણના તમામ સ્તર પર સ્થાપવામાં અને વધુ સક્ષમ બનાવવામાં આવશે. તમામ સ્નાતક પદવી (Degree) અભ્યાસક્રમોમાં જે વિષયો

ઉચ્ચ શિક્ષણની સંસ્થાઓમાં (HEIs) આપવામાં ન આવતા હોય અને જો બીજા વિભાગોમા અથવા મુક્ત દૂરસ્થ શિક્ષણ (ODL) પ્રણાલી દ્વારા અધ્યયન કરવામાં આવ્યા હોય તો તો ક્રેડિટ આપવામાં આવશે.

**૧૧.૮.** સર્વાંગી અને બહુવિદ્યાશાખાકીય શિક્ષણ પ્રાપ્ત કરવા માટે તમામ ઉચ્ચ શિક્ષણ સંસ્થાઓના અભ્યાસક્રમમાં લચીલા અને નવીનતમ ક્રેડિટ આધારિત અભ્યાસક્રમો અને સામુદાયિક જોડાણ (Community Engagement) અને સેવાના ક્ષેત્રમાં પ્રોજેકટ, પર્યાવરણીય શિક્ષણ અને મૂલ્ય આધારિત શિક્ષણનો સમાવેશ થયેલ હોવો જોઈએ. પર્યાવરણ શિક્ષણમાં આબોહવા પરિવર્તન, પ્રદૂષણ, કચરાનું વ્યવસ્થાપન, સ્વચ્છતા, જૈવિક વિવિધતાનું સંરક્ષણ, જૈવિક સંસાધનોનું સંચાલન અને જૈવવિવિધતા, વન અને વન્યજીવન સંરક્ષણ અને વિકાસ તથા જીવનનો સમાવેશ કરવો. મૂલ્ય આધારિત શિક્ષણમાં માનવતાવાદી, નૈતિક, બંધારણીય અને સત્ય, ન્યાયી વર્તન (ધર્મ ), શાંતિ, પ્રેમ, અહિંસા જેવા વૈશ્વિક માનવ મૂલ્યોનો સમાવેશ થયેલ હોવો જોઈએ. વૈજ્ઞાનિક પ્રકૃતિ, નાગરિકત્વ મૂલ્યો અને જીવનકૌશલ્ય; સેવાના પાઠ અને સમાજસેવાના કાર્યોમાં ભાગ લેવો એ સર્વાંગીણ શિક્ષણનું અભિન્ન અંગ માનવામાં આવશે. જેમ વિશ્વ વધુને વધુ એકબીજા સાથે જોડાણ પામતું જાય છે, સમકાલીન વૈશ્વિક પડકારોને પ્રતિસાદ આપી શકે તે માટે, વિદ્યાર્થીઓને વૈશ્વિક સમસ્યાઓ વિષે જાગૃત અને સમજ માટે સક્ષમ બનવા માટે અને વધુ શાંતિપૂર્ણ, સહનશીલ, સમાવિષ્ટ, સુરક્ષિત, અને સાતત્યપૂર્ણ (સ્થિર) સમાજના પ્રવર્તક તરીકે સક્રિય બનાવે તેવું વૈશ્વિક નાગરિકત્વ શિક્ષણ (GCED) આપવામાં આવશે. અંતે, સર્વાંગીણ શિક્ષણના ભાગરૂપે, તમામ ઉચ્ચ શિક્ષણ સંસ્થાઓના વિદ્યાર્થીઓને ઇન્ટર્નશીપની તક સ્થાનિક ઉદ્યોગ, વ્યવસાયો, કલાકારો, હસ્તકલાના વ્યક્તિઓ વગેરે સાથે પ્રદાન કરવામાં આવશે તથા સંશોધક ઇન્ટર્નશીપ પ્રાધ્યાપકો સાથે અને સંશોધક તેની જાતે અથવા બીજી ઉચ્ચ શિક્ષણ સંસ્થાઓ/સંશોધન સંસ્થાઓ સાથે, જેને કારણે વિદ્યાર્થીઓ તેમના અધ્યયનના પ્રાયોગિક પાસા સાથે સક્રિય રીતે જોડાય અને ગૌણ ઉપજ તરીકે તેમની રોજગાર ક્ષમતામાં સુધારો થાય.

**૧૧.૯.** પદવી કાર્યક્રમોનું માળખું અને સમયગાળો તે મુજબ સમાયોજિત કરવામાં આવશે. સ્નાતક પદવી 3 અથવા 4 વર્ષના સમયગાળાની રહેશે, આ સમયગાળામાં બહુવિધ નિકાસ વિકલ્પો હશે, યોગ્ય પ્રમાણપત્રો સાથે. દા.ત., કોઈ વિદ્યાશાખામાં અથવા ક્ષેત્રમાં ૧ વર્ષ પૂર્ણ કર્યા પછી વ્યાવસાયિક અને ધંધાદારી ક્ષેત્રોમાં પ્રમાણપત્ર અથવા ૨ વર્ષના અભ્યાસ પછી ડિપ્લોમા અથવા ૩- વર્ષના કાર્યક્રમ પછી સ્નાતકની પદવી. જોકે, ૪ -વર્ષનો બહુવિદ્યાશાખાકીય સ્નાતક કાર્યક્રમ એક પસંદગીનો વિકલ્પ રહેશે કારણ કે તે વિદ્યાર્થી દ્વારા પસંદ કરવામાં આવેલ મુખ્ય અને ગૌણ વિષય ઉપરાંત સંપૂર્ણ સર્વાંગીણ અને બહુવિદ્યાશાખાકીય શિક્ષણની તક પૂરી પડે છે. એકેડેમિક બેંક ઓફ ક્રેડિટ (ABC) ની સ્થાપના કરવામાં આવશે જે વિજાણું (Digital) સ્વરૂપે વિવિધ માન્ય ઉચ્ચ શિક્ષણ સંસ્થાઓ દ્વારા પ્રાપ્ત કરેલ શૈક્ષણિક ક્રેડિટનો સંગ્રહ કરશે, કે જેથી ઉચ્ચ શિક્ષણ સંસ્થાઓમાંથી પદવી આ પ્રાપ્ત કરવામાં આવેલ ક્રેડિટના આધારે એનાયત કરી શકાય. ૪- વર્ષનો કાર્યક્રમ જો વિદ્યાર્થી ઉચ્ચ શિક્ષણ સંસ્થાઓ દ્વારા આપવામાં આવેલ સંશોધન સઘન પ્રોજેકટ તેમના મુખ્ય ક્ષેત્ર/ ક્ષેત્રોમાં કરે તો 'સંશોધન સાથે' પદવી મેળવી શકશે.

**૧૧.૧૦.** ઉચ્ચ શિક્ષણ સંસ્થાઓ (HEIs)ને વિવિધ માળખાના અનુસ્નાતક કાર્યક્રમો આપવાની લવચિકતા હશે: (ક) જેમણે ૩ વર્ષનો સ્નાતકનો કાર્યક્રમ પૂર્ણ કર્યો તેમના માટે ત્યાં ૨ વર્ષનો કાર્યક્રમ હશે જેમાં બીજું વર્ષ સંશોધન માટે સંપૂર્ણ રીતે સમર્પિત હશે; (ખ) સંશોધન સાથેનો ૪ -વર્ષનો સ્નાતક કાર્યક્રમ પૂર્ણ કરનાર વિદ્યાર્થીઓ માટે, ત્યાં ૧-વર્ષનો અનુસ્નાતકનો કાર્યક્રમ હોઈ શકે છે; અને (ગ) સંકલિત (integrated) ૪ વર્ષનો સ્નાતક/અનુસ્નાતક કાર્યક્રમ હોઈ શકે. Ph.D.કરવા માટે અનુસ્નાતક અથવા ૪ -વર્ષના સ્નાતકની સંશોધન સાથેની પદવી હોવી આવશ્યક છે. M.Phil. કાર્યક્રમ બંધ થશે.

**૧૧.૧૧.** ભારતીય તકનીકી સંસ્થાન (IIT), ભારતીય વ્યવસ્થાપન સંસ્થાન (IIM) વગેરેને સમાન, સર્વાંગીણ અને બહુવિદ્યાશાખાકીય શિક્ષણ આપતા આદર્શ જાહેર વિશ્વવિદ્યાલયો હશે જે બહુવિદ્યાશાખાકીય શિક્ષણ અને સંશોધન

વિશ્વવિદ્યાલયો (Multidescipilinary Education and Research Universitys-MERUs) કહેવાશે તેની સ્થાપના કરવામાં આવશે અને જે ઉચ્ચતમ વૈશ્વિક ધોરણોના ગુણવત્તાયુક્ત શિક્ષણના ઉદ્દેશને પ્રાપ્ત કરશે. તે સમગ્ર ભારતમાં બહુવિદ્યાશાખાકીય શિક્ષણના ઉચ્ચ ધોરણો નક્કી કરવા પણ મદદ કરશે.

**૧૧.૧૨.** ઉચ્ચ શિક્ષણની સંસ્થાઓ (HEIs) ઇન્ક્યુબેશન સેંટર (Incubation Centres)ની સ્થાપના દ્વારા સંશોધન અને નવીનીકરણ પર ધ્યાન કેન્દ્રિત કરશે; તકનીકી વિકાસ કેન્દ્રો; સંશોધનના મહત્વપૂર્ણ વિષયો માટે કેન્દ્રો; વધુ ઉદ્યોગ-શૈક્ષણિક જોડાણો અને માનવવિદ્યાશાખા અને સામાજિક વિજ્ઞાન સંશોધનને સાંકળીને આંતરવિદ્યાશાખાકીય સંશોધન. મહામારી અને દેશવ્યાપી રોગચાળાએ દર્શાવેલ પરિસ્થિતિમાં આ મહત્વનું છે કે ઉચ્ચ શિક્ષણ સંસ્થાઓએ ચેપી રોગો, રોગચાળો, વિષાણુવિજ્ઞાન, ઉપચારાત્મક, સાધનવિનિયોગ, રસીકરણ (Vaccinology) અને અન્ય સંબંધિત ક્ષેત્રોના સંશોધનમાં નેતૃત્વ લે. ઉચ્ચ શિક્ષણની સંસ્થાઓ (HELs) વિશિષ્ટ સાથ સહકારની પ્રયુક્તિ અને સ્પર્ધાઓ દ્વારા વિદ્યાર્થી સમુદાયોમાં નવીનતાને પ્રોત્સાહન આપશે. તમામ ઉચ્ચ શિક્ષણની સંસ્થાઓ (HELs), સંશોધન પ્રયોગશાળા અને બીજી સંશોધન સંસ્થાઓમાં ઉર્જાવાન સંશોધનો અને નવીનીકરણની સંસ્કૃતિના વિકાસમાં સહાય દ્વારા તેમને NRF માટે સક્ષમ બનાવવામાં મદદરૂપ બનશે.

## ૧૨. શ્રેષ્ઠતમ અધ્યયન વાતાવરણ અને વિદ્યાર્થીઓ માટે સહાયતા

**૧૨.૧.** અસરકારક અધ્યયન માટે સર્વગ્રાહી અભિગમ જરૂરી છે જે યોગ્ય અભ્યાસક્રમ, અધ્યાપન શાસ્ત્ર, સતત રચનાત્મક મૂલ્યાંકન અને યોગ્ય વિદ્યાર્થી સહાયતાનો સમાવેશ કરે છે. અભ્યાસક્રમ રસપ્રદ અને સુસંગત હોવો જોઈએ અને નવીનતમ જ્ઞાનની જરૂરત મુજબ અને વિશિષ્ટ અધ્યયન નીપજોની પ્રાપ્તિ માટે નિયમિતપણે અદ્યતન થતો રહેવો જોઈએ. વિદ્યાર્થીઓને સફળતાપૂર્વક અભ્યાસક્રમની વિષયવસ્તુ શીખવવા માટે ઉચ્ચ ગુણવત્તાના અધ્યાપનશાસ્ત્રની આવશ્યકતા છે; વિદ્યાર્થીઓને આપવામાં આવતા અધ્યયન અનુભવો, અધ્યાપનશાસ્ત્ર ની પ્રણાલી નક્કી કરે છે, આમ, સીધું તે અધ્યયનના નીપજોને અસર કરે છે. મૂલ્યાંકન પદ્ધતિ વૈજ્ઞાનિક, સતત અધ્યયનને સુધરે તેવી રીતે આયોજન અને જ્ઞાનના ઉપયોગની ચકાસણી કરે તેવી હોવી જોઈએ. છેલ્લે પરંતુ ખૂબજ મહત્વનું, વિદ્યાર્થીઓની સુખાકારી માટે ક્ષમતાનો વિકાસ કરવો જેવી કે તંદુરસ્તી, સારું સ્વાસ્થ્ય, મનો-સામાજિક સુખાકારી અને ઊંડા નૈતિક આધારો પણ ઉચ્ચ- ગુણવત્તાવાળા અધ્યયન માટે મહત્વના છે. આમ, અભ્યાસક્રમ, અધ્યાપનશાસ્ત્ર, સતત માપન અને વિદ્યાર્થી સહાયતા એ ઉચ્ચ ગુણવત્તાના અધ્યયનના પાયાના સ્તંભ છે. યોગ્ય સંસાધનો અને માળખાકીય સુવિધાઓ, જેવીકે ગુણવત્તાવાળા પુસ્તકાલયો, વર્ગખંડો, પ્રયોગશાળાઓ, તકનીકી, રમતગમત/મનોરંજનના ક્ષેત્રો, વિદ્યાર્થીઓની ચર્ચા માટેના સ્થાનો અને જમવાના ક્ષેત્રો, સંખ્યાબંધ પહેલની જરૂરત અધ્યયન વાતાવરણને જોડાણયુક્ત અને સહાયક બનાવવા તથા વિદ્યાર્થીઓ સફળતા પ્રાપ્ત કરી શકે તે માટે સક્ષમ કરવા જરૂરી બની રહેશે.

**૧૨.૨.** સૌપ્રથમ, સર્જનાત્મકતાને પ્રોત્સાહન આપવા માટે, સંસ્થાઓ અને અધ્યાપકોને અભ્યાસક્રમ વિષયકમાં નવીનીકરણ, અધ્યાપનશાસ્ત્ર અને માપનમાં ઉચ્ચ શિક્ષણના લાયકાતના વ્યાપક માળખામાં રહીને સ્વાયત્તતા હશે જે તમામ સંસ્થાઓ અને કાર્યક્રમમાં તથા તમામ મુક્ત દૂરસ્થ શિક્ષણ (ODL), ઓનલાઇન અને 'વર્ગખંડની અંદર'ના પારંપરિક પ્રણાલીમાં સુસંગતતા લાવશે. તે અનુસાર, વિદ્યાર્થીઓ માટે પ્રોત્સાહક અને આકર્ષક અધ્યયન અનુભવ સુનિશ્ચિત કરવા માટે અભ્યાસક્રમ અને અધ્યાપનશાસ્ત્ર માં સંસ્થાઓ અને પ્રેરિત અધ્યાપકો દ્વારા તૈયાર કરવાં આવશે અને સતત રચનાત્મક માપનનો ઉપયોગ કાર્યક્રમના ઉદ્દેશો આગળ વધારવા માટે કરવામાં આવશે. પસંદગી આધારિત ક્રેડીટ પદ્ધતિ (Choice Based Credit System-CBCS)ને લવચીક અને નવીન બનાવવા તેને ફરીથી

સુધારવામાં આવશે. ઉચ્ચ શિક્ષણની સંસ્થાઓ માનાંક આધારિત ગ્રેડિંગ પદ્ધતિ (Criterion Based Grading System) તરફ આગળ વધશે જે વિદ્યાર્થીઓની સિદ્ધિનું મૂલ્યાંકન કાર્યક્રમના અધ્યયનના ઉદ્દેશોને આધારે કરશે, જે વ્યવસ્થાને વધુ વાજબી અને અધ્યયન નીપજોને વધુ તુલનાત્મક બનાવશે. ઉચ્ચ શિક્ષણની સંસ્થાઓએ સાંપ્રત માહિતીપ્રધાન મૂલ્યાંકન પદ્ધતિ તરફથી સતત અને સર્વગ્રાહી મૂલ્યાંકન તરફ કેન્દ્રિત થવું પડશે.

**૧૨.૩.** બીજું, દરેક સંસ્થા તેના શૈક્ષણિક આયોજનોમાં તેના અભ્યાસક્રમ સુધારણાથી માંડીને વર્ગખંડના વ્યવહારની ગુણવત્તા સુધીની તમામ બાબતોનો- તેના વિશાળ સંસ્થાકીય વિકાસ આયોજનમાં સમાવેશ કરશે. દરેક સંસ્થા વિદ્યાર્થીઓના સર્વાંગીણ વિકાસ માટે કટિબધ્ધ રહેશે અને વિદ્યાર્થી સમૂહને તેના શૈક્ષણિક અને સામાજિક પાસાઓ, વર્ગખંડની અંદર તેમજ બહારની ક્રિયાપ્રતિક્રિયાઓ એમ બન્નેનો સમાવેશ થતો હોય, તેમાં મદદ કરશે અને મજબૂત આંતરિક વિદ્યાર્થી સહાયનું નિર્માણ કરશે. ઉદાહરણ તરીકે, બધી જ ઉચ્ચ શિક્ષણ સંસ્થાઓ પાસે વિષયો કેન્દ્રિત ક્લબ અને અધ્યાપક અને અન્ય નિષ્ણાતોની જરૂર જણાય તો તેમની મદદથી વિદ્યાર્થીઓ દ્વારા આયોજિત પ્રવૃત્તિઓ, જેવી કે કલા અને વિજ્ઞાન, ગણિત, કવિતા, ભાષા, સાહિત્ય, ચર્ચા, સંગીત, રમતો, વગેરેને સમર્પિત પ્રવૃત્તિઓ જો યોગ્ય અધ્યાપક તજ્જ્ઞ દ્વારા તેમજ પરિસરના વિદ્યાર્થીઓની માંગને આધારે સમય જતા આવી પ્રવૃત્તિઓનો સમાવેશ અભ્યાસક્રમમાં જ કરી શકાય; અધ્યાપક પાસે વિદ્યાર્થીના માત્ર શિક્ષક જ નહિ પણ એક સલાહકાર અને માર્ગદર્શક તરીકે સંપર્ક કરવાની ક્ષમતા અને તાલીમ પણ હશે.

**૧૨.૪.** ત્રીજું, સામાજિક-આર્થિક રીતે વંચિત વર્ગના વિદ્યાર્થીઓને ઉચ્ચ શિક્ષણમાં સફળ થવા માટે મદદ અને પ્રોત્સાહનની આવશ્યકતા છે. આમ, વિશ્વવિદ્યાલયો અને મહાવિદ્યાલયોએ ઉચ્ચ ગુણવત્તાવાળા સહાયક કેન્દ્રોની સ્થાપના કરવી પડશે અને તેને પૂરતા પ્રમાણમાં નાણાંકીય અને શૈક્ષણિક સંસાધનો પુરા પાડી આ કાર્ય તેઓ અસરકારક રીતે કરી શકે તે માટે આપવામાં આવશે. ત્યાં તમામ વિદ્યાર્થીઓને વ્યાવસાયિક, શૈક્ષણિક અને કારકિર્દી માર્ગદર્શન ઉપલબ્ધ કરવામાં આવશે સાથે સાથે શારીરિક, માનસિક અને ભાવનાત્મક સુખાકારી માટે સલાહકારો હશે.

**૧૨.૫.** ચોથું, મુક્ત દૂરસ્થ શિક્ષણ ઓડીએલ (ODL) અને ઓનલાઇન શિક્ષણ ગુણવત્તાવાળા ઉચ્ચ શિક્ષણ માટેનો કુદરતી માર્ગ પ્રદાન કરે છે. તેની ક્ષમતાનો પૂર્ણતઃ લાભ મેળવવા માટે, મુક્ત દૂરસ્થ શિક્ષણ (ODL) દ્વારા સંગઠિત અને પુરાવા-આધારિત પ્રયત્નો દ્વારા ગુણવત્તાના નિર્ધારિત માંનાંકોનું પાલન કરીને નવીનીકરણ કરવામાં આવશે. મુક્ત દૂરસ્થ શિક્ષણ ઓડીએલ (ODL) કાર્યક્રમો ઉચ્ચ-ગુણવત્તાવાળા વર્ગખંડના કાર્યક્રમોની સમકક્ષ બનવાનું લક્ષ્ય રાખશે. પ્રણાલીનો વિકાસ, નિયમન અને માન્યતા માટેના નિયમો, ધોરણો અને માર્ગદર્શિકા તૈયાર કરવામાં આવશે, અને તમામ ઉચ્ચ શિક્ષણ સંસ્થાઓ માટે મુક્ત દૂરસ્થ શિક્ષણ ઓડીએલ (ODL)ની ગુણવત્તા માટેના એક માળખાની ભલામણ કરવામાં આવશે.

**૧૨.૬.** અંતે, તમામ વિષયોમાં તમામ કાર્યક્રમો, કોર્સ, અભ્યાસક્રમ અને અધ્યાપનશાસ્ત્રને, જે વર્ગખંડમાં, ઓનલાઇન અને મુક્ત દૂરસ્થ શિક્ષણ ઓડીએલ (ODL) માધ્યમ તેમજ વિદ્યાર્થી સહાયને, વૈશ્વિકકક્ષાના ધોરણો સાથે ગુણવત્તાયુક્ત બનાવવાનું લક્ષ્ય રખાશે.

## આંતરરાષ્ટ્રીયકરણ

**૧૨.૭.** ઉપર જણાવેલ વિવિધ પહેલ (શરૂઆતો) પણ મોટી સંખ્યામાં આંતરરાષ્ટ્રીય વિદ્યાર્થીઓને ભારતમાં અભ્યાસ કરવા માટે આકર્ષિત કરવામાં મદદરૂપ થશે અને ભારતના એવા વિદ્યાર્થીઓને કે જે મુલાકાત લેવાની, અભ્યાસ કરવા, ક્રેડિટ સ્થાનાંતરિત (Transfer) કરવા અથવા વિદેશની સંસ્થાઓમાં સંશોધન હાથ ધરવાની ઇચ્છા રાખે છે તેને વધુ ગતિશીલતા પ્રદાન કરે છે અને તેનું ઊલટું. એવા વિષયોમાં અભ્યાસક્રમ અને કાર્યક્રમ, જેમ કે ભારતીય વિદ્યા, ભારતીય ભાષાઓ, આયુષ (AYUSH) દવાની પદ્ધતિ, યોગ, કલા, સંગીત, ઇતિહાસ, સંસ્કૃતિ અને આધુનિક ભારત,

વિજ્ઞાનમાં આંતરરાષ્ટ્રીય સ્તરે સંબંધિત અભ્યાસક્રમ, સામાજિકવિજ્ઞાન અને તેનાથી આગળ, સામાજિક જોડાણ માટેની અર્થપૂર્ણ તકો, ગુણવત્તાવાળી રહેણાંક સુવિધાઓ અને પરિસરમાં સહકાર વગેરેના વૈશ્વિક ગુણવત્તાના ધોરણોના આ લક્ષ્યને પ્રાપ્ત કરવા, આંતરરાષ્ટ્રીય વિદ્યાર્થીઓ મોટી સંખ્યામાં આકર્ષિત કરવા, અને 'ઘરેથી જ આંતરરાષ્ટ્રીયકરણ' નું લક્ષ્ય પ્રાપ્ત કરવા માટે પ્રોત્સાહન આપવામાં આવશે.

**૧૨.૮.** એક ઉચ્ચ શિક્ષણ માટેના વાજબી કિંમતવાળા વૈશ્વિક અભ્યાસ સ્થળ તરીકે ભારતને પ્રોત્સાહન આપવામાં આવશે જેથી વિશ્વગુરૂ તરીકેની તેની ભૂમિકાને પુનઃસ્થાપિત કરી શકાય. દરેક ઉચ્ચ શિક્ષણ સંસ્થાઓમાં વિદેશી વિદ્યાર્થીઓની મેજબાની (Hosting) માટે આંતરરાષ્ટ્રીય વિદ્યાર્થીઓ માટેની કચેરી સ્થાપવામાં આવશે જે તેમના સ્વાગતથી માંડી સંબંધિત તમામ બાબતોનું સંકલન કરવા માટે વિદેશથી આવતા વિદ્યાર્થીઓને મદદ આપશે. ઉચ્ચ-ગુણવત્તાવાળી વિદેશી સંસ્થા સાથેના સંશોધન/શિક્ષણ સહયોગ અને શિક્ષકો/વિદ્યાર્થી વિનિમયમાં મદદરૂપ બનાવામાં આવશે અને વિદેશી સંસ્થાઓ સાથેના યોગ્ય પરસ્પર ફાયદાકારક MOU કરવામાં આવશે. ઉચ્ચ પ્રદર્શન કરનારા ભારતીય વિશ્વવિદ્યાલયોને અન્ય દેશોમાં પરિસર સ્થાપવા માટે પ્રોત્સાહિત કરવામાં આવશે અને તે જ રીતે, પસંદ કરેલા વિશ્વવિદ્યાલયો, દા.ત. વિશ્વના ટોચના ૧૦૦ વિશ્વવિદ્યાલયોને ભારતમાં સંચાલન કરવાની સુવિધા આપવામાં આવશે. કાયદાકીય માળખું આવા પ્રવેશ માટેની સુવિધા હેતુ મૂકવામાં આવશે અને આવા વિશ્વવિદ્યાલયોને ભારતની અન્ય સ્વાયત્ત સંસ્થાઓની સરખામણીમાં નિયમનકારી, પ્રશાસન અને સામગ્રીના ધોરણોને લગતી બાબતોમાં વિશેષ રાહત અપાશે. તદુપરાંત, ભારતીય સંસ્થાઓ અને વૈશ્વિક સંસ્થાઓ વચ્ચેના સંશોધન સહયોગ અને વિદ્યાર્થી વિનિમયને વિશેષ પ્રયત્નો દ્વારા પ્રોત્સાહિત કરશે. વિદેશી વિશ્વવિદ્યાલયોમાં હસ્તગત કરેલ ક્રેડિટ અહીયાં માન્ય રહેશે અને જો દરેક ઉચ્ચ શિક્ષણ સંસ્થાઓની આવશ્યકતા અનુસાર યોગ્ય હોય તો તેને પદવી એનાયત કરવા માટે ગણતરીમાં લેવામાં આવશે.

### વિદ્યાર્થી પ્રવૃત્તિ અને ભાગીદારી

**૧૨.૯.** વિદ્યાર્થીઓ શિક્ષણ પદ્ધતિમાં મુખ્ય હિસ્સેદારો છે. જીવંત પરિસર જીવન ઉચ્ચ-ગુણવત્તાવાળા અધ્યયન-અધ્યાપન પ્રક્રિયાઓ માટે આવશ્યક છે. આ અંત તરફ, વિદ્યાર્થીઓને પુષ્કળ પ્રમાણમાં રમતો, સંસ્કૃતિ/ આર્ટ્સ ક્લબ, ઇકો-ક્લબ, પ્રવૃત્તિ ક્લબ, સમાજ સેવા, પ્રોજેક્ટ્સ વગેરેમાં ભાગ લેવા માટે તકો આપવામાં આવશે. દરેક શિક્ષણસંસ્થામાં તાણ અને ભાવનાત્મક અનુકૂલન સંભાળવા માટે ત્યાં સલાહ માટેની વ્યવસ્થા હશે. તદુપરાંત, એક વ્યવસ્થિત ગોઠવણીની રચના દ્વારા ગ્રામીણ વર્ગમાંથી આવતા વિદ્યાર્થીઓને છાત્રાલયની સહિત જરૂરી સગવડ પૂરી પાડવામાં આવશે. તમામ ઉચ્ચ શિક્ષણ સંસ્થાઓ (HEIs) તેમના તમામ વિદ્યાર્થીઓ માટે ગુણવત્તાયુક્ત તબીબી સુવિધાઓની વ્યવસ્થા કરશે.

### વિદ્યાર્થીઓ માટે નાણાંકીય સહાય

**૧૨.૧૦.** વિવિધ પગલાં દ્વારા વિદ્યાર્થીઓને આર્થિક સહાય ઉપલબ્ધ કરાવવામાં આવશે. SC, ST, OBC અને અન્ય એસડીજીએસ SEDGs વર્ગના વિદ્યાર્થીઓની યોગ્યતાને પ્રોત્સાહિત કરવામાં આવશે. આ રાષ્ટ્રીય શિષ્યવૃત્તિ પ્રાપ્ત કરતાં વિંદ્યાર્થીઓને સહાય, પ્રોત્સાહન આપવા અને પ્રગતિની સંભાળ રાખવા વિસ્તૃતતિ પોર્ટલ શિષ્યવૃત્ કરવામાં આવશે. ખાનગી ઉચ્ચ શિક્ષણ સંસ્થાઓ (HEIs)ને તેમના વિદ્યાર્થીઓને મોટી સંખ્યામાં ફ્રીશીપ (Freeship) અને શિષ્યવૃત્તિ આપવા માટે પ્રોત્સાહિત કરવા પડશે.

## ૧૩. પ્રેરિત, ઉત્સાહિત અને સક્ષમ અધ્યાપકો

**૧૩.૧.** ઉચ્ચ શિક્ષણ સંસ્થાઓની સફળતામાં સૌથી મહત્વપૂર્ણ પરિબળ ગુણવત્તા અને તેના અધ્યાપકોના જોડાણ પર આધારિત છે. ઉચ્ચ શિક્ષણના ઉદ્દેશો પ્રાપ્ત કરવા માટે અધ્યાપકોની સમીક્ષા સાથે સ્વીકૃતિ, ભરતી અને કારકિર્દીની

પ્રગતિ વ્યવસ્થિત કરવા માટે છેલ્લા કેટલાક વર્ષોમાં વિવિધ પહેલ કરવામાં આવી છે અને વિવિધ જૂથોના યોગ્ય ન્યાયી પ્રતિનિધિત્વના રજૂઆતની ખાતરી કરી અધ્યાપકો રોકવામાં આવે છે. જાહેર સંસ્થાઓમાં કાયમી અધ્યાપકોનાં વળતર સ્તરમાં પણ નોંધપાત્ર વધારો કરેલ છે. અધ્યાપકોના વ્યાવસાયિક વિકાસની તકો પૂરી પાડવા માટે વિવિધ પહેલ કરવામાં આવી છે. જો કે, શિક્ષણ, સંશોધન અને ઉચ્ચ શિક્ષણ સંસ્થાઓમાં સેવાના સંદર્ભમાં શૈક્ષણિક, વ્યવસાય, અધ્યાપકોની પ્રેરણા માટેના આ વિવિધ સુધારાઓ કરવા છતાં સેવાની સ્થિતિ ઇચ્છિત સ્તર કરતા ઘણી નીચી રહે છે. અધ્યાપકની નિમ્ન પ્રેરણા પાછળ રહેલા વિવિધ પરિબળોને ધ્યાનમાં લેવાની જરૂરિયાત પર ધ્યાન આપવું જોઈએ જેથી કરીને અધ્યાપકો ખુશ, ઉત્સાહી, પોરવાયેલ (Engaged) રહે અને તેમના વિદ્યાર્થીઓના, સંસ્થાના અને વ્યવસાયને આગળ વધારવા તરફ પ્રેરાય. આના અંતે, ઉચ્ચ શિક્ષણ સંસ્થાઓમાં શ્રેષ્ઠ, પ્રેરિત અને સક્ષમ અધ્યાપક પ્રાપ્ત કરવા માટે નીતિ નીચે મુજબની પહેલની ભલામણ કરે છે.

**૧૩.૨.** સૌથી મૂળભૂત પગલા તરીકે, તમામ ઉચ્ચ શિક્ષણ સંસ્થાઓ મૂળભૂત માળખાકીય સુવિધાઓ જેવી કે, શુધ્ધ પીવાનું પાણી, શુધ્ધ કાર્યકારી શૌચાલયો, બ્લેક બોર્ડ,ઓફિસ, અધ્યયન માટેનો પુરવઠો, પુસ્તકાલયો, પ્રયોગશાળા અને ખુશનુમા વર્ગખંડથી સજ્જ જગ્યાઓ અને પરિસર. દરેક વર્ગખંડ નવીનતમ શૈક્ષણિક તકનીકથી સજ્જ હશે કે જેથી વધુ સારા અધ્યયન અનુભવો પ્રાપ્ત કરી શકાય.

**૧૩.૩.** અધ્યાપનની ફરજો પણ વધારે નહીં હોય અને વિદ્યાર્થી-શિક્ષકનો ગુણોત્તર ખૂબ વધુ નહીં હોય, જેથી અધ્યયનની પ્રવૃત્તિ સુખદ રહે છે અને વિદ્યાર્થીઓ સાથે સંવાદવધારવા, સંશોધન કરવા અને વિશ્વવિદ્યાલયની અન્ય પ્રવૃત્તિઓ માટે પૂરતો સમય રહે. અધ્યાપકની નિમણુંક કોઈ એક સંસ્થામાં કરવામાં આવશે અને ધીરે ધીરે (અન્ય) સંસ્થાઓમાં સ્થાનાંતરણ કરવામાં આવશે નહીં, જેથી તેઓને ખરેખર રોકાયેલ, જોડાયેલ અને તેમની સંસ્થા અને સમુદાય સાથે કટિબધ્ધતા અનુભવે.

**૧૩.૪.** અધ્યાપકને માન્ય માળખાની અંદર રહીને તેમના પોતાના અભ્યાસક્રમ અને અધ્યાપન વિષયક અભિગમોની રચના કરવાની સ્વતંત્રતા આપવામાં આવશે, જેમાં પાઠયપુસ્તક અને વાંચન સામગ્રીની પસંદગીઓ, એસાઇન્મેન્ટ, અને માપનનો સમાવેશ થાય છે. અધ્યાપકને નવીન અધ્યાપન કરવા, સંશોધન અને સેવામાં જે તેમને ઉત્કૃષ્ટ જુએ તે નવીનીકરણનો અમલ કરવા સક્ષમ કરવામાં આવશે જે તેમનાં માટે પ્રોત્સાહન તરીકે કાર્ય કરશે અને ખરેખર ઉત્કૃષ્ટ, સર્જનાત્મક કાર્ય કરવા માટે સશક્ત કરશે.

**૧૩.૫.** યોગ્ય પુરસ્કારો, બઢતીઓ, માન્યતાઓ અને સંસ્થાકીય નેતૃત્વમાં હેરફેર દ્વારા શ્રેષ્ઠતાને વધુ પ્રોત્સાહન આપવામાં આવશે. તે દરમિયાન, અધ્યાપકનાં મૂળભૂત ધોરણો પર કાર્ય ન કરતા અધ્યાપકોની જવાબદારી પણ નક્કી કરવામાં આવશે.

**૧૩.૬.** શ્રેષ્ઠતાને વધારવામાં સ્વાયત્ત સંસ્થાઓના લક્ષ્યને ધ્યાનમાં રાખીને, ઉચ્ચ શિક્ષણ સંસ્થાઓ પાસે અધ્યાપકની ભરતી માટે સ્પષ્ટ રીતે વ્યાખ્યાયિત સ્વતંત્ર અને પારદર્શક પ્રક્રિયાઓ અને માપદંડ હશે. હાલની ભરતી પ્રક્રિયા ચાલુ રહેશે, તેમ છતાં 'કાર્યકાળ' એટલે કે વધુ શ્રેષ્ઠતાની ખાતરી માટે યોગ્ય પ્રોબેશન સમયગાળો મૂકવામાં આવશે. અત્યંત પ્રભાવી સંશોધન અને યોગદાનને માન્યતા આપવા માટે ઝડપી બઢતીની જોગવાઈ (Fast-Track Promotion) હશે. પ્રત્યેક ઉચ્ચ શિક્ષણ સંસ્થા દ્વારા બહુવિધ પરિમાણોવાળી પ્રણાલી કામગીરીના યોગ્ય મૂલ્યાંકન, 'કાર્યકાળ' ના હેતુ માટે, એટલે કે, પ્રોબેશન પછી પુષ્ટ થયેલ રોજગાર, બઢતી, પગાર વધારો, માન્યતાઓ વગેરે, જેમાં સહકર્મી અને વિદ્યાર્થી સમીક્ષાઓ, અધ્યાપનમા નવીનતાઓ અને અધ્યાપન, સંશોધનની ગુણવત્તા અને અસર, વ્યાવસાયિક વિકાસ પ્રવૃત્તિઓ અને અન્ય પ્રકારની સંસ્થા અને સમાજ માટેની સેવાઓ, વિકસિત કરી તેના સંસ્થાકીય વિકાસ આયોજનમાં સ્પષ્ટ રીતે જાહેર કરવામાં આવશે.

**૧૩.૭.** શ્રેષ્ઠ અને ઉત્સાહી સંસ્થાકીય આગેવાનોની હાજરી દ્વારા નવીનતા અને શ્રેષ્ઠતા કેળવાય એ સમયની આવશ્યકતા છે. સંસ્થા અને તેના અધ્યાપકોની સફળતા માટે ઉત્કૃષ્ટ અને અસરકારક સંસ્થાકીય નેતૃત્વ અત્યંત મહત્વપૂર્ણ છે. ઉચ્ચ શૈક્ષણિક અને સેવા ઓળખની સાથે શ્રેષ્ઠ અધ્યાપકોનું નિદર્શન નેતૃત્વ અને વ્યવસ્થાપન કુશળતા વહેલા ઓળખી કાઢવામાં આવે અને નેતૃત્વની વિવિધ કક્ષા માટે પ્રશિક્ષિત કરવામાં આવે. નેતૃત્વની જગ્યાઓ ખાલી રહેશે નહીં, પરંતુ નેતૃત્વમાં ફેરબદલી દરમિયાનના સમયગાળામાં સુનિશ્ચિત કરવા માટેનું ધોરણ હશે જેથી સંસ્થાઓનું સરળ સંચાલન કરી શકાય તે માટેના ધોરણો હશે. સંસ્થાકીય આગેવાનો શ્રેષ્ઠતાની સંસ્કૃતિ બનાવવાનું લક્ષ્ય રાખશે જે ઉત્કૃષ્ટ અને નવીન શિક્ષણ, સંશોધન, સંસ્થાકીય સેવા અને અધ્યાપકો અને તમામ ઉચ્ચ શિક્ષણ સંસ્થાઓના નેતાઓનાં સમુદાય સુધીની પહોંચને પ્રોત્સાહિત કરશે.

## ૧૪. ઉચ્ચ શિક્ષણમાં સમાનતા અને સમાવેશન

**૧૪.૧.** ગુણવત્તાયુક્ત ઉચ્ચ શિક્ષણમાં પ્રવેશ એવી શક્યતાઓની વિશાળ શ્રેણીને ખોલી શકે છે જે વ્યક્તિઓ તેમજ સમુદાયો એમ બંનેને ગેરલાભના ચક્રમાંથી નીકળવા માટે પ્રોત્સાહિત કરી શકે છે. આ કારણોસર, બધી વ્યક્તિઓને ગુણવત્તાયુક્ત ઉચ્ચ શિક્ષણની તકો ઉપલબ્ધ કરાવવી એ અગ્રિમ આવશ્યકતા છે. વિશેષ રીતે આ નીતિ તમામ વિદ્યાર્થીઓને ગુણવત્તાયુક્ત શિક્ષણ સુધીની પહોંચ પર સાતત્યપૂર્ણ વિકાસના હેતુઓ એસડીજીએસ (SDGs) ની સુનિશ્ચિતતા પર ભાર મૂકે છે.

**૧૪.૨.** ગતિશીલતા અને શિક્ષણ પ્રણાલીમાંથી એસડીજીએસ SEDGsને બાકાત રાખવા માટેના ઘણા કારણો શાળા અને ઉચ્ચ શિક્ષણ ક્ષેત્રે સામાન્ય છે. તેથી, સમાનતા અને સમાવેશનો સામાન્ય અભિગમ શાળા અને ઉચ્ચ શિક્ષણમાં હોવો આવશ્યક છે. તદુપરાંત, ત્યાં સાતત્યપૂર્ણ સુધારાની ખાતરી કરવા માટેના તબક્કાઓમાં સાતત્ય હોવું જોઈએ. આમ, ઉચ્ચ શિક્ષણમાં સમાનતા અને સમાવેશી શિક્ષણનાં ધ્યેયોને પહોંચી વળવા માટે લોકો સાથે મળીને શાળા શિક્ષણ માટેની નીતિગત પહેલ જરૂરી છે.

**૧૪.૩.** ઉચ્ચ શિક્ષણમાં કેટલાક બાકાત રખાયેલા પાસાઓ છે, જે ખાસ અથવા નોંધપાત્ર રીતે વધુ હોય, જેમાં શૈક્ષણિક તકોનાં જ્ઞાનનો અભાવ, ઉચ્ચ શિક્ષણ પ્રાપ્ત કરવાની તકનો આર્થિક ખર્ચ, નાણાંકીય અવરોધ, પ્રવેશ પ્રક્રિયાઓ, ભૌગોલિક અને ભાષા અવરોધો, ઘણા ઉચ્ચ શિક્ષણ કાર્યક્રમોમાં રોજગારની નબળી સંભાવના અને યોગ્ય વિદ્યાર્થી સહાયતા પદ્ધતિઓનો અભાવ વગેરેનો ખાસ સમાવેશ થવો જોઈએ.

**૧૪.૪.** આ હેતુ માટે, વધારાની ક્રિયાઓ કે જે ઉચ્ચ શિક્ષણ માટે વિશિષ્ટ છે તે સરકારો અને ઉચ્ચ શૈક્ષણિક સંસ્થાઓ દ્વારા અપનાવવામાં આવશે:

**૧૪.૪.૧.** સરકારો દ્વારા લેવાના પગલાં

(ક) એસઇડીજીએસ SEDGsના શિક્ષણ માટે યોગ્ય સરકારી ભંડોળ નિર્ધારિત કરવું

(ખ) એસઇડીજીએસ SEDGs માટે ઊંચા કુલ નોંધણી ગુણોત્તર (GER) લક્ષ્યો નિર્ધારિત કરવા

(ગ) ઉચ્ચ શિક્ષણ સંસ્થાઓમાં પ્રવેશ માટે જાતિ(Gender) આધારિત સંતુલન વધારવું

(ઘ) મહત્વકાંક્ષી જિલ્લાઓ અને વિશેષમાં વધુ ઉચ્ચ-ગુણવત્તાવાળા ઉચ્ચ શિક્ષણ સંસ્થાઓની સ્થાપના કરીને મોટી સંખ્યામાં એસડીજીએસ SEDGs ધરાવતા શિક્ષણ ઝોનમાં પહોંચ વધારવી

(ચ) સ્થાનિક/ભારતીય ભાષાઓમાં અથવા દ્વિભાષીય ઉચ્ચ ગુણવત્તાવાળી ઉચ્ચ શૈક્ષણિક સંસ્થાઓનો વિકાસ કરવો અને આવશ્યક સહાય કરવી

(છ) સાર્વજનિક અને ખાનગી એમ બંને પ્રકારની ઉચ્ચ શિક્ષણ સંસ્થાઓમાં એસઇડીજીએસ SEDGsને વધુ આર્થિક સહાય અને શિષ્યવૃત્તિ પ્રદાન કરવી

(જ) એસઇડીજીએસ SEDGs ઉચ્ચ શિક્ષણની તકો અને તેમાં શિષ્યવૃત્તિ.

**૧૪.૪.૨.** તમામ ઉચ્ચ શિક્ષણ સંસ્થાઓ દ્વારા લેવાના પગલા

(ક) ઉચ્ચ શિક્ષણ મેળવવા માટેનો ખર્ચ અને ફી ઘટાડવી

(ખ) સામાજિક-આર્થિક રીતે વંચિત વિદ્યાર્થીઓને વધુ આર્થિક સહાય અને શિષ્યવૃત્તિ

(ગ) ઉચ્ચ શિક્ષણની તકો અને શિષ્યવૃત્તિ અંગેનાં સંપર્ક કાર્યક્રમો કરવા

(ઘ) પ્રવેશ પ્રક્રિયાઓને વધુ સમાવેશી બનાવવી

(ચ) અભ્યાસક્રમ વધુ સમાવેશી બનાવવો

(છ) ઉચ્ચ શિક્ષણ કાર્યક્રમોની રોજગારીની સંભાવનામાં વધારો કરવો

(જ) ભારતીય ભાષાઓ અને દ્વિભાષી રીતે શીખવવામાં આવતા પદવી અભ્યાસક્રમોનો વિકાસ કરવો

(ઝ) બધી ઇમારતો અને સુવિધાઓ વ્હીલચેર-દ્વારા પહોંચી શકાય તેવી અને અક્ષમ લોકો માટે અનુકૂળ હોય તેની ખાતરી કરવી

(ટ) વંચિત શૈક્ષણિક પૃષ્ઠભૂમિમાંથી આવતા વિદ્યાર્થીઓ માટે જોડાણ અભ્યાસક્રમો (Bridge Courses) વિકસિત કરવા

(ઠ) એવા તમામ વિદ્યાર્થીઓ માટે યોગ્ય પરામર્શ અને માર્ગદર્શન કાર્યક્રમો દ્વારા સામાજિક-ભાવનાત્મક અને શૈક્ષણિક સહાય અને માર્ગદર્શન પ્રદાન કરવું

(ડ) ઉચ્ચ શિક્ષણ સંસ્થાઓના અભ્યાસક્રમ સહિતનાં તમામ પાસાંઓમાં જાતિ (Gender) - ઓળખ મુદ્દા અને તે વિષય પર અધ્યાપક, સલાહકાર અને વિદ્યાર્થીઓની સંવેદનશીલતાનો સુનિશ્ચિત રીતે સમાવેશ કરવો

(ઢ) ભેદભાવ વગરના અને હેરાનગતિ વિરોધી નિયમોનો સખત અમલ કરવો

(ણ) સંસ્થાકીય વિકાસ આયોજન વિકસિત કરી SEDGs તરફની ભાગીદારીનાં વધારા પર કાર્યવાહી માટે વિશિષ્ટ યોજનાઓનો વિકાસ કરવો જેમાં ઉપરોક્ત તમામ બાબતોનો સમાવેશ થતો હોય પરંતું તે બાબતો પુરતું જ મર્યાદિત ન હોય.

## ૧૫. શિક્ષક પ્રશિક્ષણ

૧૫.૧. શિક્ષક પ્રશિક્ષણ એ શાળાના શિક્ષકો માટે એક વાતાવરણનું નિર્માણ કરશે કે જે ભાવિ પેઢીને ઘડવાનું કામકરશે. શિક્ષક તૈયાર કરવો એ એવી પ્રવૃત્તિ છે જેમાં બહુવિદ્યાશાખાકીય દ્રષ્ટિકોણ અને જ્ઞાન, પ્રકૃતિ અને મૂલ્યોની રચના તથા શ્રેષ્ઠ માર્ગદર્શકની નિશ્રામાં મહાવરાના વિકાસની જરૂર છે. શિક્ષકો ભારતીય મૂલ્યો, ભાષાઓ, જ્ઞાન, સિદ્ધાંતો અને પરંપરાઓથી વાકેફ હોવા જોઈએ અને સાથે સાથે શિક્ષણની નવીનતમ બાબતો અને અધ્યાપન જાણકાર હોવા જોઈએ.

**૧૫.૨.** સુપ્રીમ કોર્ટ દ્વારા રચાયેલા જસ્ટિસ જે.એસ. વર્મા કમિશન (૨૦૧૨) અનુસાર, ૧૦, ૦૦૦ થી વધુ સંખ્યામાં જ્યાં અન્ય કોઈ અભ્યાસક્રમ ન ચાલતો હોય તેવી (Stand Alone) પ્રશિક્ષણ સંસ્થાઓ શિક્ષક પ્રશિક્ષણ ક્ષેત્રે ગંભીર પ્રયાસ

પણ કરતી નથી અને તેઓ પૈસા લઇ પદવી વેચે છે. પ્રણાલીમાં થતી ગેરરીતિઓને કાબૂમાં રાખવા નિયમનકારી પ્રયાસો હજુ સુધી થયાં નથી અને ગુણવત્તા માટેના મૂળભૂત ધોરણો લાગુ થયા નથી અને હકીકતમાં આ ક્ષેત્રમાં શ્રેષ્ઠતા અને નવીનતાના વિકાસને અટકાવવાનો પ્રભાવ નકારાત્મક પડ્યો છે. આ ક્ષેત્રમાં નિયમનકારી વ્યવસ્થા દ્વારા માપદંડો વધારવા અને શિક્ષણમાં શિક્ષકને નૈતિકતા, વિશ્વસનીયતા, અસરકારકતા અને ઉચ્ચ ગુણવત્તાને પુનઃસ્થાપિત કરવા વગેરે જેવા આમૂલ પરિવર્તનની તાત્કાલિક જરૂરિયાત છે.

**૧૫.3.** અધ્યાપન વ્યવસાયની પ્રતિષ્ઠાને પુનઃસ્થાપિત કરવા માટે જરૂરી નૈતિકતા અને વિશ્વસનીયતાના સ્તરોમાં સુધારો કરાશે અને ત્યાં પહોંચવા માટે નિષ્ક્રિય શિક્ષક પ્રશિક્ષણ સંસ્થાઓ (TEIs) કે જે ગુણવત્તાનાં મૂળભૂત શૈક્ષણિક માપદંડ ન ધરાવતા ઉપાય માટે એક વર્ષ આપ્યા પછી નિયમનકારી તંત્રને કડક હાથે કામ લેવાનો અધિકાર હશે. ૨030 સુધીમાં શૈક્ષણિક રીતે સક્ષમ, બહુવિદ્યાશાખાકીય અને સંકલિત શિક્ષક પ્રશિક્ષણ કાર્યક્રમો જ ચાલુ હશે.

**૧૫.૪.** જેમ શિક્ષક પ્રશિક્ષણ માટે બહુવિદ્યાશાખાકીય નિવેશો અને ઉચ્ચ ગુણવત્તાયુક્ત વિષયવસ્તુની જરૂર છે, તેમ અધ્યાપન ઉપરાંત, બધા શિક્ષક પ્રશિક્ષણ કાર્યક્રમો બહુવિદ્યાશાખાકીય સંસ્થાઓમાં સંયુક્ત રીતે હાથ ધરાવવા જોઈએ. બધા બહુવિદ્યાશાખાકીય વિશ્વવિદ્યાલયો બહુવિદ્યાશાખાકીય સંસ્થાઓ અને મહાવિદ્યાલયોની સ્થાપનાનું લક્ષ્ય રાખશે. બીજી બાજુ બધા જ વિદ્યાશાખાકીય વિશ્વવિદ્યાલયો અને મહાવિદ્યાલયો શિક્ષણના વિવિધ આયામોના સંદર્ભમાં સચોટ સંશોધન હાથ ધરી શકે તેવા શિક્ષણ વિભાગની સ્થાપના ઉપરાંત બી.એડ્.કાર્યક્રમો, મનોવિજ્ઞાન, તત્વજ્ઞાન, સમાજ શાસ્ત્ર, ન્યુરોસાયન્સ, ભારતીય ભાષાઓ, કલા, સંગીત, ઇતિહાસ, સાહિત્ય, શારીરિક શિક્ષણ, વિજ્ઞાન અને ગણિત જેવા અન્ય વિભાગોના સહયોગથી ચાલે એ આવશ્યક છે. દરેક શિક્ષક પ્રશિક્ષણ સંસ્થાઓ (TEIs) વર્ષ ૨030 સુધીમાં બહુવિદ્યાશાખાકીય સંસ્થાઓમાં રૂપાંતરિત કરાશે, કારણ કે તેઓએ ૪-વર્ષીય સંકલિત શિક્ષક પ્રશિક્ષણ કાર્યક્રમો આપવા પડશે.

**૧૫.૫.** ઉચ્ચ શિક્ષણ સંસ્થાઓ દ્વારા આપવામાં આવતી ૪ વર્ષીય સંકલિત બી.એડ.ની પદવી ૨030 સુધીમાં શાળાના શિક્ષકો માટે ન્યૂનતમ લાયકાત બની જશે. ૪ વર્ષીય સંકલિત બી.એડ.માં મુખ્ય બે પૂર્ણ પદવીઓ હશે જેમાં શિક્ષણ સ્નાતક(બી.એડ.)ની પદવીની સાથે ભાષા, ઇતિહાસ, સંગીત, ગણિત, કમ્પ્યુટરવિજ્ઞાન, રસાયણશાસ્ત્ર, અર્થશાસ્ત્ર, કલા, શારીરિક વગેરે જેવા વિશિષ્ટ વિષયની સ્નાતકની પદવી પણ હશે. અસરકારક અધ્યાપનશાસ્ત્રના શિક્ષણ ઉપરાંત શિક્ષક પ્રશિક્ષણમાં સમાજ શાસ્ત્ર, ઇતિહાસ, વિજ્ઞાન,મનોવિજ્ઞાન, બાળપણની કાળજી અને શિક્ષણ, પાયાની સાક્ષરતા અને સંખ્યાજ્ઞાન, ભારત અને તેના મૂલ્યો/ ધર્મો/કલા/પરંપરાઓ અને બીજા ઘણાં બધાના આધારો પણ સામેલ હશે. ઉચ્ચ શિક્ષણ સંસ્થાઓ દ્વારા ૪ વર્ષના સંકલિત બી.એડ્.ની સાથે સાથે સ્નાતકની પદવી ધરાવતા વિદ્યાર્થીઓ માટે ૨-વર્ષનું બી.એડ્. વિશિષ્ટ વિષયની પદવી માટે પણ ચલાવી શકાય. વિશિષ્ટ વિષયમાં ૪ વર્ષની સ્નાતક પદવી મેળવેલ ઉમેદવારો માટે ૧-વર્ષનાં બી.એડ.ની જોગવાઈ આપી શકાય. હોશિયાર વિદ્યાર્થીઓને ૪ વર્ષ, ૨-વર્ષ અને ૧-વર્ષનાં બી.એડ્.કાર્યક્રમો તરફ આકર્ષિત કરવાના હેતુથી ઉમેદવારો માટે શિષ્યવૃત્તિ આવશે.

**૧૫.૬.** ઉચ્ચ શિક્ષણ સંસ્થાઓ શિક્ષક પ્રશિક્ષણ કાર્યક્રમોમાં શિક્ષણ સંબંધિત વિષયો તેમજ વિશિષ્ટ વિષયોના નિષ્ણાતોની શ્રેણીની ઉપલબ્ધતાની ખાતરી કરશે. દરેક ઉચ્ચ શિક્ષણ સંસ્થા સંભવિત શિક્ષકો સાથે મળીને નજીકથી કામ કરવા માટે સરકારી અને ખાનગી શાળાઓનું નેટવર્ક ઉભું કરશે જ્યાં વિદ્યાર્થી અધ્યાપનની સાથે સમુદાય સેવા, પ્રૌઢ અને વ્યાવસાયિક શિક્ષણ વગેરે જેવી પ્રવૃત્તિઓમાં ભાગ લેશે.

**૧૫.૭.** શિક્ષક પ્રશિક્ષણમાં સમાન ધોરણો જાળવવા માટે, રાષ્ટ્રીય પરીક્ષણ એજન્સી દ્વારા પૂર્વ-સેવા શિક્ષક કાર્યક્રમોમાં યોગ્ય વિષય સાથે યોગ્યતાનાં પરીક્ષણો દ્વારા પ્રવેશ આપવામાં આવશે અને દેશની ભાષાકીય અને સાંસ્કૃતિક વિવિધતાને ધ્યાનમાં રાખીને પ્રમાણિત કરવામાં આવશે.

**૧૫.૮.** શિક્ષણ વિભાગોમાંની અધ્યાપક પ્રોફાઇલ વૈવિધ્યસભર રહે તેવું લક્ષ્ય રખાશે અને અધ્યાપન/શિક્ષણ ક્ષેત્ર/સંશોધનના અનુભવને ખૂબ મૂલ્યવાન ગણવામાં આવશે. સામાજિક વિજ્ઞાનના ક્ષેત્રોમાં તાલીમ પામેલ અધ્યાપકો જે શાળા શિક્ષણ સાથે સીધા સંબંધિત છે, જેમાં મનોવિજ્ઞાન, બાળવિકાસ,ભાષાશાસ્ત્ર, સમાજશાસ્ત્ર, તત્વજ્ઞાન, અર્થશાસ્ત્ર અને રાજકીયવિજ્ઞાન તેમજ વિજ્ઞાનશિક્ષણ, ગણિતશિક્ષણ, સામાજિકવિજ્ઞાન શિક્ષણ અને ભાષા શિક્ષણ વગેરેને આકર્ષિત કરી બહુવિદ્યાશાખાકીય શિક્ષણને મજબૂત બનાવવા શિક્ષણ સંસ્થાઓમાં જાળવી રાખવામાં આવશે જેથી સંકલ્પનાત્મક વિકાસને મજબૂતી મળે.

**૧૫.૯.** બધા નવા Ph.D.પ્રવેશકોએ, વિદ્યાશાખાને ધ્યાનમાં લીધા વિના, તેમના Ph.D.તાલીમ સમયગાળા દરમિયાન અધ્યાપન/શિક્ષણ/અધ્યાપનશાસ્ત્ર/તેમના પસંદ કરેલા Ph.D.વિષય સંબંધિત લેખનમાં ક્રેડિટ આધારિત અભ્યાસક્રમો લેવાના રહેશે. સંશોધનના વિદ્યાર્થીઓ પસંદ કરેલ વિદ્યાશાખાના શિક્ષકો અથવા જાહેર પ્રતિનિધિઓ/સંદેશો આપનારાઓ બને તે માટે અધ્યાપનશાસ્ત્રનો મહાવરો, અભ્યાસક્રમ સંરચના, વિશ્વસનીય મૂલ્યાંકન પ્રણાલી, સંદેશાવ્યવહાર જેવી ઘણી બાબતે અનુભવ આપવામાં આવશે. Ph.D.ના વિદ્યાર્થીઓને અધ્યાપન સહાયક અને અન્ય માધ્યમો દ્વારા વાસ્તવિક શિક્ષણ અનુભવ પ્રાપ્ત કરવાના અમુક કલાકો પણ નક્કી કરવામાં આવશે. દેશભરના વિશ્વવિદ્યાલયોમાં Ph.D.કાર્યક્રમો આ હેતુ માટે ફરીથી અભિમુખ કરવામાં આવશે.

**૧૫.૧૦.** મહાવિદ્યાલય અને વિશ્વવિદ્યાલયના શિક્ષકોના સતત વ્યાવસાયિક વિકાસ માટે હાલની સંસ્થાકીય વ્યવસ્થાઓ અને પહેલથી શરૂ કાર્યક્રમો ચાલુ રખાશે; ગુણવત્તાયુક્ત શિક્ષણ માટે જરૂરી સમૃદ્ધ અધ્યયન અધ્યાપન પ્રક્રિયાઓની આવશ્યકતાઓને પૂરી કરવા માટે તેમને સુદ્રઢ અને વિસ્તૃત કરવામાં આવશે. SWAYAM/DIKSHA જેવા તકનીકી મંચ (Platform) ના ઉપયોગ દ્વારા શિક્ષકોની ઓનલાઈન તાલીમને પ્રોત્સાહિત કરવામાં આવશે, જેથી ટૂંકા ગાળામાં મોટી સંખ્યામાં શિક્ષકોને પ્રમાણભૂત તાલીમ કાર્યક્રમો આપી શકાય.

**૧૫.૧૧.** માર્ગદર્શન માટે એક રાષ્ટ્રીય અભિયાનની સ્થાપના કરવામાં આવશે, જેમાં મોટી સંખ્યામાં વરિષ્ઠ/નિવૃત્ત અધ્યાપકો હશે, જેમનામાં ભારતીય ભાષાઓમાં શીખવવાની ક્ષમતા હોય અને જેઓ વિશ્વવિદ્યાલય/ મહાવિદ્યાલયનાં શિક્ષકોને ટૂંકા અને લાંબા ગાળાના માર્ગદર્શન/વ્યાવસાયિક સહાય પ્રદાન કરવા માટે તૈયાર હોય.

## ૧૬. વ્યાવસાયિક શિક્ષણનું પુન:ગઠન

**૧૬.૧.** ૧૨ મી પંચવર્ષીય યોજના (૨૦૧૨-૨૦૧૭)ના અંદાજ મુજબ ભારતના ખૂબ જ ઓછા ટકા કર્મચારીઓએ ૧૯-૨૪ વર્ષની વય જૂથમાં (૪% કરતા ઓછા) ઔપચારિક વ્યાવસાયિક શિક્ષણ મેળવ્યું હતું જ્યારે USA જેવા દેશોમાં આ સંખ્યા ૪૪% છે, જર્મનીમાં ૭૪%, અને દક્ષિણ કોરિયામાં તે સૌથી ઉંચું ૯૬% છે. ભારતમાં આ સંખ્યાઓ વ્યાવસાયિક શિક્ષણના પ્રસારને વધારવાની જરૂરિયાતની તાકીદને પૂરી સ્પષ્ટતાથી રેખાંકિત કરે છે.

**૧૬.૨.** વ્યાવસાયિક શિક્ષણ મેળવતા વિદ્યાર્થીઓની ઓછી સંખ્યા માટેનું એક મુખ્ય કારણ છે એ છે કે ભૂતકાળમાં વ્યાવસાયિક શિક્ષણ મુખ્યત્વે ધોરણ ૧૧-૧૨ સુધી અને અપવ્યયના કિસ્સામાં ધોરણ ૮ અને તેથી ઉપર કેન્દ્રિત હતું. આ ઉપરાંત, વિદ્યાર્થીઓ વ્યાવસાયિક વિષયો સાથે ૧૧-૧૨ ધોરણમાંથી પાસ થયા પછી તેમની પાસે ઉચ્ચ શિક્ષણ સાથે પસંદ કરેલા વ્યવસાયો ચાલુ રાખવાના નિર્ધારિત માર્ગો નથી. સામાન્ય રીતે જે વિદ્યાર્થીઓ પાસે વ્યાવસાયિક શિક્ષણની લાયકાત છે તેને ઉચ્ચ શિક્ષણમાં પ્રવેશ આપવા માટે પ્રારંભિક માપદંડ રચાયેલ નથી જે જેના કારણે તેઓ તેમના જેવા અન્ય લોકોની સાપેક્ષે 'મુખ્ય પ્રવાહ' અથવા 'શૈક્ષણિક' શિક્ષણથી વંચિત રહી જાય છે. આ બાબત વ્યાવસાયિક શિક્ષણ પ્રવાહના વિદ્યાર્થીઓ માટે સીધા આગળ વધવાના રસ્તાઓને સંપૂર્ણ રીતે બંધ કરી દે છે જે ઉર્ધ્વ ગતિશીલતાનાં મુદ્દે સંપૂર્ણ અભાવ તરફ દોરી જાય છે. રાષ્ટ્રીય કૌશલ્ય લાયકાત માળખું (NSQF) એ કરેલ, ૨૦૧૩ની ઘોષણા દ્વારા તે તરફ ધ્યાન આપવામાં આવ્યું છે.

**૧૬.૩.** વ્યાવસાયિક શિક્ષણ મુખ્ય પ્રવાહના શિક્ષણથી નબળી ગુણવત્તાવાળું માનવામાં આવે છે અને મુખ્ય પ્રવાહમાં અસમર્થતાનો સામનો કરનાર વિદ્યાર્થીઓ માટે હોય તેવું માનવામાં આવે છે. આ એક ખ્યાલ છે જે વિદ્યાર્થીઓની પસંદગીને અસર કરે છે. તે એક ગંભીર ચિંતાનો વિષય છે કે જેને ભવિષ્યમાં વિદ્યાર્થીઓને વ્યાવસાયિક શિક્ષણ કેવી રીતે આપવામાં આવશે તેની સંપૂર્ણ પરિકલ્પનાની જરૂર છે.

**૧૬.૪.** આ નીતિનો હેતુ વ્યાવસાયિક શિક્ષણ સાથે સંકળાયેલ સામાજિક દરજ્જાની શ્રેણીને દૂર કરવાનો છે અને બધી જ શિક્ષણ સંસ્થાઓમાં વ્યાવસાયિક શિક્ષણ કાર્યક્રમોને તબક્કાવાર મુખ્ય પ્રવાહના શિક્ષણમાં સંકલિત કરવાનો છે. ઉચ્ચ પ્રાથમિક અને માધ્યમિક શાળાઓમાં પ્રારંભિક વયે વ્યાવસાયિક અનુભવની શરૂઆત સાથે ઉચ્ચ શિક્ષણમાં ગુણવત્તાયુક્ત વ્યાવસાયિક શિક્ષણ સરળતાથી સંકલિત કરવામાં આવશે. તે સુનિશ્ચિત કરાશે કે દરેક બાળક ઓછામાં ઓછો એક વ્યવસાય શીખે છે અને વધુમાં વધુ વ્યવસાયોના સંપર્કમાં આવે જે શ્રમના ગૌરવને વધારી અને ભારતીય કલા અને કારીગરીનાં વિવિધ વ્યવસાયોના મહત્વ પર ભાર આપશે.

**૧૬.૫.** વર્ષ ૨૦૨૪ સુધીમાં, શાળા અને ઉચ્ચ શિક્ષણ પ્રણાલી દ્વારા વ્યાવસાયિક શિક્ષણ મેળવનારાઓ ઓછામાં ઓછા ૪0% હશે. જેના વિકાસ માટે લક્ષ્યો અને સમયરેખાઓ સાથેની સ્પષ્ટ કાર્ય યોજના હશે જેને સાતત્યપૂર્ણ વિકાસ લક્ષ્યાંક ૪.૪ સાથે જોડાણ છે અને ભારતની જનસંખ્યારૂપી સંસાધનોના પૂર્ણ લાભને પ્રાપ્ત કરવામાં મદદ કરશે. વ્યાવસાયિક શિક્ષણમાં વિદ્યાર્થીઓની સંખ્યા કુલ નોંધણી ગુણોત્તર (GER) લક્ષ્યો પર પહોંચતી વખતે ધ્યાનમાં લેવામાં આવશે. વ્યાવસાયિક ક્ષમતાનો વિકાસ 'શૈક્ષણિક' અથવા અન્ય ક્ષમતાઓના વિકાસની સાથોસાથ કરશે. હવે પછીના દાયકામાં તમામ માધ્યમિક શાળાઓમાં વ્યાવસાયિક શિક્ષણ તબક્કાવાર રીતે શૈક્ષણિક તકોનાં સ્વરૂપમાં સંકલિત થશે. આ તરફ, માધ્યમિક શાળાઓ ITI, પોલિટેકનિક, સ્થાનિક ઉદ્યોગ વગેરે સાથે પણ સહયોગ કરશે, શાળાઓમાં Hub and Spoke Model આધારિત કૌશલ્ય પ્રયોગશાળાઓની સ્થાપના કરી વિકસાવવામાં આવશે જે સુવિધાનો ઉપયોગ અન્ય શાળાઓને કરવાની પણ મંજૂરી આપવામાં આવશે. ઉચ્ચ શિક્ષણ સંસ્થાઓ ક્યાં તો પોતાની રીતે અથવા ઉદ્યોગ અને NGO સાથેની ભાગીદારીમાં વ્યાવસાયિક શિક્ષણ આપશે. વર્ષ ૨૦૧૩માં રજૂ થયેલી વ્યાવસાયિક શિક્ષણમાં સ્નાતકની પદવી અસ્તિત્વમાં રહેશે, પરંતુ ૪ વર્ષના બહુવિદ્યાશાખાકીય સ્નાતક અભ્યાસક્રમોની સાથે બીજા અભ્યાસક્રમોમાં નોંધાયેલા વિદ્યાર્થીઓ માટે પણ વ્યાવસાયિક અભ્યાસક્રમો પણ ઉપલબ્ધ રહેશે. ઉચ્ચ શિક્ષણ સંસ્થાઓને વ્યવહાર કૌશલ્યો (Soft Skill) સહિત વિવિધ કૌશલ્ય માટેના ટૂંકા ગાળાના પ્રમાણપત્ર અભ્યાસક્રમો પણ ચલાવવાની મંજૂરી આપવામાં આવશે. વિદ્યાર્થીઓ માટે 'લોક વિદ્યા', એટલે કે ભારતમાં વિકસિત મહત્વપૂર્ણ વ્યાવસાયિક જ્ઞાન જેવા વ્યાવસાયિક શિક્ષણ અભ્યાસક્રમો એકીકરણ દ્વારા સુલભ બનાવવામાં આવશે. વ્યાવસાયિક તક આપે તેવી સંભાવના સાથે મુક્ત દૂરસ્થ શિક્ષણ માધ્યમ દ્વારા ચલાવી શકાય તેવા અભ્યાસક્રમો પણ શોધવામાં આવશે

**૧૬.૬.** આગામી દાયકામાં તબક્કાવાર રીતે વ્યાવસાયિક શિક્ષણ એ બધી શાળાઓ અને ઉચ્ચ શિક્ષણ સંસ્થાઓમાં સંકલિત કરવામાં આવશે. કૌશલ્યોની નબળાઈનું વિશ્લેષણ અને સ્થાનિક રોજગારની તકોનાં આક્લનને આધારે વ્યાવસાયિક શિક્ષણ માટેના ક્ષેત્રોની પસંદગી કરવામાં આવશે. વ્યાવસાયિક શિક્ષણના એકીકરણ માટે એમએચઆરડી MHRD એક રાષ્ટ્રીય સમિતિ NCIVEની રચના કરશે જેમાં વ્યાવસાયિક શિક્ષણના નિષ્ણાતો અનેસમગ્ર મંત્રાલયોના પ્રતિનિધિઓનો સમાવેશ કરાશે જે ઉદ્યોગો સાથે મળીને આ પ્રયાસની દેખરેખ રાખશે.

**૧૬.૭.** સંસ્થાઓએ વ્યક્તિગત રીતે પ્રારંભિક તબક્કે નવીન મોડેલો અને રચનાઓ શોધી કઈંક નવીન કરવું આવશ્યક છે કે જેમાં NCIVE દ્વારા ગોઠવાયેલ વ્યવસ્થા દ્વારા કાર્ય કરી અને પછી અન્ય સંસ્થાઓ સાથે વહેંચણી કરશે, જેથી વ્યાવસાયિક શિક્ષણની પહોંચ વધારવામાં સહયોગ મળે. વ્યાવસાયિક શિક્ષણના વિવિધ પ્રતિમાનો અને ઉચ્ચ શિક્ષણ સંસ્થાઓ દ્વારા પણ એપ્રેન્ટિસશીપનો પ્રયોગ કરવામાં આવશે. ઉચ્ચ શિક્ષણ સંસ્થાઓમાં ઉદ્યોગો સાથે ભાગીદારી કરીને ઇન્ક્યુબેશન કેન્દ્રો સ્થપાશે.

**૧૬.૮.** દરેક વ્યાવસાયિક વિદ્યાશાખા અને વ્યવસાયો માટે રાષ્ટ્રીય કૌશલ્ય લાયકાત માળખું (NSQF) વધુ વિગતવાર રહેશે. વધુમાં, ભારતીય ધોરણો આંતરરાષ્ટ્રીય પ્રમાણભૂત વ્યવસાય વર્ગીકરણ ધોરણો કે જે આંતરરાષ્ટ્રીય શ્રમ સંસ્થાન દ્વારા સંચાલિત છે તેની સાથે જોડાણમાં હશે. આ માળખા પૂર્વ અધ્યયનની ઓળખ માટેનો આધાર પ્રદાન કરશે. તેના દ્વારા, અપવ્યયવાળા વિદ્યાર્થીઓના વ્યવહારિક અનુભવને સંબંધિત સ્તર સાથે ગોઠવીને ઔપચારિક પ્રણાલી સાથે તેમને ફરીથી ગોઠવવામાં આવશે. આ ક્રેડિટ આધારિત માળખું પણ 'સામાન્ય' થી વ્યાવસાયિક શિક્ષણ તરફ ગતિશીલતા વધારશે.

## ૧૭. નવા રાષ્ટ્રીય સંશોધન દ્વારા દરેક ક્ષેત્રમાં ગુણવત્તાયુક્ત શૈક્ષણિક સંશોધનને ઉત્પ્રેરણા

**૧૭.૧.** એક બૃહદ અને જીવંત અર્થવ્યવસ્થાને વિકસિત કરવા અને ટકાવી રાખવા માટે જ્ઞાન સર્જન અને સંશોધન મહત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે. જેનાથી, સામાજિક ઉત્થાન અને રાષ્ટ્રને સતત ઉચ્ચ સિદ્ધિઓ પ્રાપ્ત કરવા વધુને વધુ પ્રેરણા મળતી રહે છે. ખરેખર, સંસ્કૃતિ વધુ સમૃદ્ધ બનાવે છે.( જેમ કે, ભારત, મેસોપોટેમીયા, ઈજીપ્ત અને ગ્રીસ) થી લઈને આધુનિક યુગની સભ્યતાઓ (જેમ કે, સંયુક્ત રાષ્ટ્ર અમેરિકા, જર્મની, ઈઝરાયેલ, દક્ષિણ કોરિયા અને જાપાન) એ જ્ઞાનથી સક્ષમ, સમૃદ્ધ બૌદ્ધિકતા અને ભૌતિક સંપદાને મુખ્યત્વે નવા જ્ઞાન માટે પ્રચલિત અને આધારભૂત યોગદાન દ્વારા પ્રાપ્ત કર્યું છે જેમ કે વિજ્ઞાનની સાથે સાથે કલા, ભાષા અને સંસ્કૃતિના ક્ષેત્રમાં માત્ર પોતાની સંસ્કૃતિ માટે જ નહિ પરંતુ, વૈશ્વિક સભ્યતાઓ અને સંસ્કૃતિને પરિષ્કૃત કરી ઉન્નત બનાવી છે.

**૧૭.૨.** સંશોધનનું સક્ષમ પરિતંત્ર (Ecosystem) આજે વિશ્વમાં ખૂબ ઝડપથી આવતા પરિવર્તનોની સાથે કદાચ પહેલા કરતાં મહત્વપૂર્ણ થઈ ગયું છે. જેમ કે, જળવાયુ પરિવર્તન, જનસંખ્યા ગતિશીલતા અને તેમાં પ્રબંધન, જૈવ પ્રૌદ્યોગિક, એક વિસ્તરતું વિજાણું (ડીજીટલ) બજાર, મશીન દ્વારા શીખવાનો ઉદય અને કૃત્રિમ બુધ્ધિમત્તા વગેરેમાં પરિવર્તન છે. જો ભારતને આ વિષમ ક્ષેત્રોમાં વિશ્વગુરૂ બની નેતૃત્વ કરવું હોય તો વાસ્તવમાં વિશાળ પ્રતિભા થકી સુષુપ્ત શક્તિઓના સેતુ દ્વારા ફરીથી એક સમૃદ્ધ જ્ઞાન સાથે જ્ઞાન સમાજમાં આગેવાન બનવાની ક્ષમતા પ્રાપ્ત કરવાની છે. આ માટે આવનારા વર્ષો અને દાયકાઓમાં રાષ્ટ્રને પોતાની સંશોધનાત્મક ક્ષમતાઓ અને નીપજો તેમજ વિવિધ વિદ્યાશાખાઓમાં વિસ્તરણ આવશ્યક છે. આજે કોઇપણ રાષ્ટ્રના આર્થિક, બૌદ્ધિક, સામાજિક, પર્યાવરણીય અને તકનીકી સ્વાસ્થ્ય અને વિકાસ માટે સંશોધન પહેલા કરતા અધિક મહત્વનું અને આવશ્યક છે.

**૧૭.3.** સંશોધન ખૂબ જ મહત્વપૂર્ણ હોવા છતાં, ભારતમાં પ્રવર્તમાન સમયમાં સંશોધન અને નવીનતાના સંદર્ભમાં થતા રોકાણ માત્ર ૦.૬૯% GDP છે. જયારે અન્ય રાષ્ટ્રો જેવાકે USAમાં ૨.૮%, ઈઝરાયેલમાં ૪.3%, દક્ષિણ કોરિયામાં ૪.૮% GDP છે.

**૧૭.૪.** આજે ભારતમાં સામાજિક સમસ્યાઓનું સમાધાન કરવાની આવશ્યકતા છે જેમ કે, આપણા પ્રત્યેક નાગરિકો માટે સ્વચ્છ પીવા યોગ્ય પાણી, ગુણવત્તાસભર શિક્ષણ, સ્વાસ્થ્ય સેવા, વધુ સારું પરિવહન, ગુણવત્તાયુક્ત વાયુ, વીજળી અને પાયાની સુવિધાઓ આવશ્યક છે આ માટે વ્યાપક દ્રષ્ટિકોણ સાથે સમસ્યા ઉકેલનો અભિગમ ક્રિયાન્વિત થવો આવશ્યક છે. જે માત્ર અદ્યતન વિજ્ઞાન અને ટૅકનોલોજી પર આધારિતન હોય પરંતુ, માનવીય અને રાષ્ટ્રના વિભિન્ન વિષય સામાજિક વિજ્ઞાન, સામાજિક સાંસ્કૃતિક અને પર્યાવરણીય પરિમાણોના મૂળ તત્વની અને ઊંડાણપૂર્વકની સમજ ઉપર આધારિત હોય. આ સમસ્યાઓનો સામનો કરવા અને તેના સમસ્યા ઉકેલ માટે વિવિધ ક્ષેત્રોમાં ઉચ્ચ ગુણવત્તાયુક્ત આંતરિક વિદ્યાશાખાકીય સંશોધન ભારતમાં થવા જોઈએ. બહારના દેશોમાંથી તેની આયાત ના થવી જોઈએ; સ્વયં પોતાના સંશોધન કરવાની ક્ષમતા કોઈ પણ દેશને અત્યંત સરળતાથી અન્ય દેશો સાથે આયાત કરવા અને તેમાં અનુકુળ શોધને અપનાવવા યોગ્ય બનાવે છે.

**૧૭.૫.** આ સિવાય સામાજિક સમસ્યાઓના સમાધાનની દષ્ટિએ મૂલ્યવાન હોવાની સાથે સાથે દેશની આગવી ઓળખ, ઉત્થાન, આધ્યાત્મિક, બૌદ્ધિક સંતુષ્ટિ અને સર્જનાત્મકતા સાથે તેના ઇતિહાસ, ભાષા, કલા અને સંસ્કૃતિના માધ્યમથી પ્રાપ્ત કરી શકાય છે. તેથી જ, વિજ્ઞાન અને સામાજિક વિજ્ઞાનમાં નવીનતાની સાથે સાથે કલા અને માનવ વિદ્યાશાખાના ક્ષેત્રમાં સંશોધન દેશની પ્રગતિ અને પ્રબુધ્ધતાનો હેતુ ખૂબ જ મહત્વપૂર્ણ છે.

**૧૭.૬.** ભારતમાં શિક્ષણ સંસ્થાઓમાં સંશોધન અને નવીનતા ખૂબ જ મહત્વપૂર્ણ છે. ખાસ કરીને જે ઉચ્ચ શિક્ષણ સાથે જોડાયેલ છે. ઐતિહાસિક દ્રષ્ટિએ સર્વશ્રેષ્ઠ વિશ્વવિદ્યાલયોમાં અધ્યયન અને અધ્યાપન પ્રક્રિયાથી પ્રાપ્ત થતા પુરાવા થકી જાણવામાં આવ્યું છે કે, ઉચ્ચ શિક્ષણના સ્તરે સર્વોત્તમ બાબત શીખવા અને શીખવવાની પ્રક્રિયા એ વાતાવરણમાં હોય છે જ્યાં સંશોધન અને જ્ઞાન સર્જનની એક સક્ષમ સંસ્કૃતિ મૂળમાં હોય છે; તેની સાથે જ વિશ્વના શ્રેષ્ઠ સંશોધન બહુવિદ્યાશાખાકીય વિશ્વવિદ્યાલયની પરિસ્થિતિઓમાં થયા છે.

**૧૭.૭.** ભારતમાં વિજ્ઞાન અને ગણિતથી લઈને કલા, સાહિત્ય, ધ્વનિશાસ્ત્ર અને ભાષાથી લઇ ઔષધ અને કૃષિ ક્ષેત્રમાં સંશોધન અને જ્ઞાન સર્જનની દીર્ઘ ઐતિહાસિક પરંપરા રહી છે. પ્રવર્તમાન સમયની જરૂરિયાત છે કે, ભારતને સક્ષમ અને પ્રબુદ્ધ જ્ઞાન સમાજ તથા વિશ્વની ત્રણ મોટી અર્થવ્યવસ્થાઓમાં એક હોવાની દ્રષ્ટિએ સંશોધન અને નવીનીકરણના ક્ષેત્રોમાં 21મી સદીમાં અગ્રેસર બનવવા તેને વધુ સશક્ત બનાવવામાં આવે.

**૧૭.૮.** આમ, આ નવી નીતિ ભારતમાં સંશોધનની ગુણવત્તા અને સંખ્યામાં બદલાવ લાવવા સમગ્રતાલક્ષી વ્યાપક અભિગમ તરફ દ્રષ્ટિપાત કરે છે. શિક્ષણ નીતિમાં શાળાકીય શિક્ષણમાં નિશ્ચિત પરિવર્તન સમાવિષ્ટ છે. જેમાં, રમત અને શોધ આધારીત શીખવાની પ્રક્રિયા કે જેમાં, વૈજ્ઞાનિક પદ્ધતિ અને તાર્કિક ચિંતનને ભાર આપવામાં આવતો હોય તેનો સમાવેશ થાય છે. વિદ્યાર્થીઓના હિતમાં અને આંતરિક સુષુપ્ત શક્તિઓ થકી વિદ્યાર્થીની પ્રતિભાને પારખવા માટે શાળામાં કારકિર્દી પરામર્શ એ તેઓની અભિરુચિ અને આવડતના આધારે કરવું. પ્રત્યેક ઉચ્ચ શિક્ષણમાં સંસ્થાગત પુનઃરચના જે વિશ્વવિદ્યાલયોમાં સંશોધનને પ્રોત્સાહન આપે છે, પ્રત્યેક ઉચ્ચ શિક્ષણની સંસ્થાઓમાં બહુવિદ્યાશાખાકીય અને સર્વાંગીણ શિક્ષણ પર ભાર, સ્નાતકકક્ષાના અભ્યાસક્રમમાં સંશોધન અને ઇન્ટર્નશીપનો સમાવેશ, આધ્યાપક કારકિર્દી આયોજન પ્રણાલી કે જેથી સંશોધનને યોગ્ય ભાર આપે, પ્રશાસનિક અને નિયમનકારી પરિવર્તન જે સંશોધન અને નવીનતાના વાતાવરણને પ્રોત્સાહિત કરે.

પ્રસ્તુત પ્રત્યેક પરિમાણ, દેશમાં એક સંશોધન માનસિકતાને મજબૂત બનાવવા માટે અત્યંત મહત્વનું છે.

**૧૭.૯.** આ વિભિન્ન આધાર સ્તંભ પર સહક્રિયાત્મક રીતે કાર્ય કરવા માટે આ નીતિ એક રાષ્ટ્રીય સંશોધન પ્રતિષ્ઠાન (National Research Foundation-NRF) ની સ્થાપના થકી સાચા અર્થમાં ગુણવત્તાયુક્ત સંશોધનને વિકસિત કરશે અને વેગ આપશે. NRFનો વ્યાપક હેતુ આપણા વિશ્વવિદ્યાલયના માધ્યમ થકી સંશોધનની સંસ્કૃતિને દ્રઢ બનાવી શકાશે. વિશેષ રૂપે NRF યોગ્યતા આધારિત તેમજ ન્યાયી સહભાગીય સમીક્ષા પામેલ સંશોધનના અનુદાન માટે એક વિશ્વસનીય આધાર પ્રદાન કરશે જે ઉત્કૃષ્ટ સંશોધનને માટે યોગ્ય પ્રોત્સાહનના માધ્યમથી દેશમાં સંશોધન સંસ્કૃતિ વિકસિત કરવામાં સહાયરૂપ બનશે અને રાજ્યના વિશ્વવિદ્યાલયો અને ખાનગી સંસ્થાઓમાં સંશોધનના બીજને સ્થાપિત કરવાની પહેલથી તેને વિકસિત કરવાનું ઉમદા કાર્ય કરવામાં આવશે. જ્યાં સંશોધનની શક્યતાઓ હાલ મર્યાદિત હતી. NRF પ્રતિસ્પર્ધાત્મક રૂપે પ્રત્યેક વિદ્યાશાખામાં સંશોધન માટે અનુદાન આપશે. સફળ સંશોધનોને માન્યતા આપવામાં આવશે અને પ્રોત્સાહન આપી સરકારી એજન્સીઓની સાથેસાથે ઉદ્યોગ તેમજ વ્યક્તિગત અને લોકકલ્યાણ માટે કાર્ય કરતા સંગઠનો સાથે ઘનિષ્ઠ સંબંધોના માધ્યમથી કાર્યાન્વિત કરવામાં આવશે.

**૧૭.૧૦.** સંસ્થાઓ કે જ્યાં વર્તમાનમાં કોઈપણ સ્તર પર સંશોધન માટે અનુદાન પ્રાપ્ત કરવામાં આવે છે. જેમકે, વિજ્ઞાન અને તકનીકી વિભાગ (DST), પરમાણું ઊર્જા વિભાગ (DAE), જૈવ-પ્રૌદ્યોગિકી વિભાગ (DBT), ભારતીય કૃષિ

સંશોધન પરિષદ (ICAR), ભારતીય તબીબી સંશોધન પરિષદ (ICMR), ભારતીય ઇતિહાસ સંશોધન પરિષદ (ICHR) અને વિશ્વવિદ્યાલય અનુદાન આયોગ (UGC), ની સાથે સાથે વિભિન્ન વ્યક્તિગત અને ઉમદા ખાનગી સંગઠનો થકી પોતાની પ્રાથમિક જરૂરિયાત અને આવશ્યકતાનુસાર સ્વતંત્ર રૂપે સંશોધનને અનુદાન આપશે. તેમ છતાં, NRF સઘન રૂપે અન્ય યોગદાન આપતી એજન્સીઓની સાથે સમન્વય સ્થાપિત કરશે અને વિજ્ઞાન, ઇજનેરી અને અન્ય સક્ષમ અકાદમીઓની સાથે કામ કરશે જેથી સાથે જોડાયેલ અપેક્ષિત ઉદ્દેશ્ય અને પ્રયાસોમાં સમન્વય લાવી અને પુનરાવર્તનને અટકાવશે. સરકારથી સ્વતંત્ર રીતે એક ફરતા (Rotating) બોર્ડ ઑફ ગવર્નન્સ દ્વારા NRFનું પ્રશાસન થશે, જેમાં વિભિન્ન ક્ષેત્રોના ખૂબ ઉત્કૃષ્ટ સંશોધકો અને નવસર્જકો સામેલ થશે.

**૧૭.૧૧.** રાષ્ટ્રીય સંશોધન પ્રતિષ્ઠાન (NRF) ની પ્રાથમિક પ્રવૃત્તિઓ આ પ્રકારે રહેશે.

(ક) દરેક પ્રકારના તેમજ વિવિધ વિદ્યાશાખાઓમાં પ્રતિસ્પર્ધાત્મક અને સહભાગીય સમીક્ષા પામેલ સંશોધન પ્રસ્તાવ માટે અનુદાન પૂરું પાડવું;

(ખ) શૈક્ષણિક સંસ્થાઓમાં વિશેષરૂપે વિશ્વવિદ્યાલયોમાં અને મહાવિદ્યાલયોમાં જ્યાં અત્યારે સંશોધન બાલ્યાવસ્થામાં છે તે સંસ્થાઓને માર્ગદર્શન પ્રદાન કરીને સંશોધનનો આરંભ કરવો, વિકાસ કરવો અને એ માટે સુવિધા પૂરી પાડવી;

(ગ) સંશોધકો અને સરકારની સંબંધિત શાખાઓ તથા ઉદ્યોગો વચ્ચે સેતુ બનાવવો જેથી, સંશોધકોને સતત તાત્કાલિક રાષ્ટ્રીય સંશોધનના મુદ્દાઓના સંદર્ભમાં વાકેફ કરી શકાય અને તેથી નીતિ નિર્માતા પણ સંશોધનના ક્ષેત્રમાં નવીનતમ સફળતાઓ પ્રત્યે જાગૃત રહે; તેનાથી આ સફળતાઓને નીતિમાં સર્વશ્રેષ્ઠ રીતે ક્રિયાન્વિત કરી શકાશે; અને

(ઘ) ઉત્કૃષ્ટ સંશોધન અને તેની પ્રગતિની ઓળખ

## ૧૮. ઉચ્ચ શિક્ષણની નિયમનકારી પ્રણાલીમાં આમૂલ પરિવર્તન

**૧૮.૧.** ઉચ્ચ શિક્ષણમાં દસકાઓથી નિયમન વધુ સખત પ્રમાણમાં રહ્યું છે, તેને ખૂબ ઓછા પ્રભાવ સાથે નિયમિત કરવાનો પ્રયાસ થયો છે. નિયમનકારી પ્રણાલી કૃત્રિમ અને સશક્તિકરણ નહિ આપનાર હોવાથી એ ખૂબ જ પાયાની સમસ્યાઓથી અસરગ્રસ્ત રહી છે. જેમકે, કેટલાક મંડળો (સંસ્થા)માં અત્યધિક કેન્દ્રીયકરણ, આ સંસ્થાઓ વચ્ચે સ્વહિતોનો સંઘર્ષ અને જેના પરિણામે જવાબદારીનો અભાવ. ઉચ્ચ શિક્ષણ ક્ષેત્રમાં ફરીથી સક્રિય બનાવવા અને તેને સફળ બનાવવા નિયમનકારી કાર્યપ્રણાલીમાં પૂર્ણ રીતે પરિવર્તન લાવવાની આવશ્યકતા છે.

**૧૮.૨.** ઉપયુક્ત તમામ દર્શાવેલ સમસ્યાના સમાધાન માટે ઉચ્ચ શિક્ષણની નિયમન કાર્યપ્રણાલી સુનિશ્ચિત કરવી આવશ્યક છે કે જેમાં, નિયમન, માન્યતા, અનુદાન અને શૈક્ષણિક ધારાધોરણની વ્યવસ્થા નિર્ધારણ જેવા વિશિષ્ટ, સ્વતંત્ર અને અધિકૃત સંસ્થાનો દ્વારા સંચાલિત કરવામાં આવશે. આ પ્રણાલીમાં 'તપાસ અને સંતુલન' **(Chek and Balance)**ના સર્જન માટે, સંઘર્ષને ઓછા કરવા તેમજ અત્યાધિક સત્તાના કેન્દ્રીયકરણને ઘટાડવું આવશ્યક છે. આ બાબતો સુનિશ્ચિત કરવા માટે ચાર આધારસ્તંભ સંસ્થાઓની વ્યવસ્થાઓ જે આ ચાર આવશ્યક આધારભૂત કાર્ય વ્યવસ્થાને સ્વતંત્ર રૂપે પોતાના કાર્ય કરવાની સાથે સાથે યોગ્ય ઉદ્દેશ્યોની પ્રાપ્તિ માટે એકરૂપતા સાથે કાર્ય કરે. આ ચાર સ્વતંત્ર રેખીય **(Verticals)** આધારોના માળખા એક જ બૃહદ સંસ્થા અંતર્ગત હશે જે ભારતીય ઉચ્ચ શિક્ષણ આયોગ (**HECI**) હશે.

**૧૮.૩.** ભારતીય ઉચ્ચ શિક્ષણ આયોગ (**HECI**) નો પહેલો આધારસ્તંભ એ રાષ્ટ્રીય ઉચ્ચ શિક્ષણ નિયમનકારી પરિષદ (**NHERC**) હશે. આ ઉચ્ચ શિક્ષણ ક્ષેત્ર માટે એક સામાન્ય અને નક્કી કરેલ બાબતનું નિયમન કાર્ય કરશે જે ઉચ્ચ

શિક્ષણના ક્ષેત્રમાં શિક્ષક પ્રશિક્ષણ સમાવિષ્ટ કરશે અને ચિકિત્સા તેમજ કાયદાના શિક્ષણને બાકાત રાખશે. આમ, નિયમન પ્રક્રિયામાં હાલની બહુવિધ નિયમનકારી એજન્સીના કારણે થયેલ પુનરાવર્તન અને અવ્યવસ્થાને દૂર કરવામાં આવશે. એકલ બિંદુ નિયમનને સક્ષમ કરવા પ્રવર્તમાન અધિનિયમોની પુનઃરચના અને હાલના કાયદાઓનું નિરસન તથા નિયમનકારી સંસ્થાઓની પુનઃરચના આવશ્યક છે. **NHERC** ના **'હળવા પરંતુ ચુસ્ત'** માળખામાં કાર્ય કરશે તથા સુવિધાત્મક રીતે સંસ્થાઓનું નિયમન કરવામાં આવશે એટલે કે કેટલીક મહત્વપૂર્ણ બાબતો વિશેષરૂપે અનુદાન, આકલન (**Audit**), પ્રક્રિયાઓ, પ્રશાસન અને સંપૂર્ણ ઓનલાઇન અને ઓફલાઇન, જાહેરમાં આ આકલન (**Audit**) પ્રક્રિયાઓનું સ્વ-પ્રગટીકરણ, સુવિધાઓ, અધ્યાપકો/કર્મચારીઓ, અભ્યાસક્રમો અને અધ્યયન નીપજોને અસરકારક રીતે નિયંત્રિત કરવામાં આવશે. આ અંગે માહિતી દરેક ઉચ્ચ શિક્ષણની સંસ્થાઓ દ્વારા જાહેર વેબસાઇટ પર જેનું સંચાલન **NHERC** દ્વારા કરવામાં આવતુ હોય તેના પર મુકવાની અને સમયે સમયે અદ્યતન (**Update**) કરવાની રહેશે . દરેક ક્ષેત્રમાં જાહેર વેબસાઈટ પર આપેલ માહિતી સાથે સંબંધિત ધારક અને અન્ય લોકો દ્વારા થયેલ કોઈપણ ફરિયાદને **NHERC** દ્વારા ધ્યાનમાં લેવાશે અને તેનું નિરાકરણ કરવામાં આવશે. એક નિશ્ચિત સમયના અંતરાલ આધારે પ્રત્યેક ઉચ્ચ શિક્ષણની સંસ્થાઓમાં કોઈ એક રીતે દિવ્યાંગ વિદ્યાર્થીઓ સહિત પસંદગી પામેલ વિદ્યાર્થીઓના મહત્વપૂર્ણ પ્રતિપોષણ ઓનલાઇન પ્રાપ્ત કરાવવામાં આવશે.

૧૮.૪. આવા નિયમનને સક્ષમ બનાવવા માટેની પ્રાથમિક પ્રક્રિયાને માન્યતા આપવામાં આવશે. આ માટે ભારતીય ઉચ્ચતર શિક્ષણ આયોગ (**HECI**) નો બીજો આધારસ્તંભ એક **'અધિ-માન્યતા સંસ્થા' (Meta-Accrediting Body)** હશે. જેને રાષ્ટ્રીય માન્યતા પરિષદ (**NAC**) ના નામથી ઓળખવામાં આવશે. સંસ્થાઓની માન્યતા મુખ્ય રીતે કોઈ બુનિયાદી નિયમ, કાયદા, જાહેરમાં સ્વ-પ્રગટન, સક્ષમ પ્રશાસન અને પરિણામોના આધાર પર રહેશે, આ સાથે આ પૂરી પ્રક્રિયા માન્યતા આપવાવાળા સંસ્થાઓના એક સ્વતંત્ર સમૂહ દ્વારા પૂરી કરવામાં આવશે અને **NAC** દ્વારા તેનું નિરીક્ષણ અને સંચાલન થશે. **NAC** દ્વારા માન્ય એક સમુચિત સંખ્યામાં સંસ્થાઓને માન્યતા આપવાનો અધિકાર કાર્ય હેતુ માટે આપવામાં યોગ્ય સંખ્યામાં માન્યતા એનાયત કરનાર સંસ્થાઓને પ્રમાણિત કરવામાં આવશે. ઓછા સમયમાં જ માન્યતા આપવા માટે એક સક્ષમ પ્રણાલી સ્થાપિત કરવામાં આવશે જે આ દરેક ઉચ્ચ શિક્ષણ સંસ્થાઓ દ્વારા ઉચ્ચ ગુણવત્તાનું સ્તર, સ્વાયત્તતા અને સ્વ- પ્રશાસન પ્રાપ્ત કરવા માટે તબક્કાવાર માનદંડો નક્કી કરશે. બદલામાં દરેક ઉચ્ચ શિક્ષણ સંસ્થા પોતપોતાના સંસ્થા વિકાસ આયોજન (**IDP**)ના માધ્યમથી આવનારા પંદર વર્ષોમાં માન્યતાના ઉચ્ચ સ્તરને પ્રાપ્ત કરવાનો ઉદ્દેશ્ય નક્કી કરશે આ રીતે આ સંસ્થા એક સ્વ-સંચાલિત પદવી એનાયત કરવાવાળી સંસ્થાઓ/જૂથ બનાવવા માટે પ્રતિબધ્ધ બનશે. ભવિષ્યના સમયમાં આ પ્રક્રિયા વૈશ્વિક પ્રથા અનુસાર એક દ્વિઆધારી (**Binary**) પ્રક્રિયા બની જશે.

૧૮.૫. ભારતીય ઉચ્ચતર શિક્ષણ આયોગ (**HECI**) નો ત્રીજો આધારસ્તંભ ઉચ્ચ શિક્ષણ અનુદાન પરિષદ (**HEGC**) હશે જે પારદર્શક માનદંડો જેમાં સંસ્થાઓ દ્વારા વિકસિત સંસ્થા વિકાસ આયોજન અને તેના ક્રિયાન્વયને આધારે પ્રાપ્ત કરેલ સફળતાનો સમાવેશ થાય છે, તેના આધારે ઉચ્ચ શિક્ષણને આર્થિક અનુદાન આપવાનું કાર્ય કરશે. ઉચ્ચ શિક્ષણ અનુદાન પરિષદ (**HEGC**) ને શિષ્યવૃત્તિના વિતરણ, નવા નિશ્ચિત (**Focus**) ક્ષેત્રોનો પ્રારંભ કરવા અને ઉચ્ચ શિક્ષણની વિદ્યાશાખાઓમાં અને ક્ષેત્રોમાં સંસ્થાઓને ગુણવત્તાસભર કાર્યક્રમોના પ્રસ્તાવની સાથે તેમના વિસ્તાર માટે વિકાસનિધિ (**Fund**) પુરુ પાડવાનો કાર્યભાર સોંપવામાં આવશે.

૧૮.૬. ભારતીય ઉચ્ચતર શિક્ષણ આયોગ (**HECI**) ના ચોથા આધારસ્તંભ તરીકે સામાન્ય શિક્ષણ પરિષદ (**GEC**) હશે. આ ઉચ્ચ શિક્ષણ કાર્યક્રમ માટે અપેક્ષિત અધ્યયન નીપજો નક્કી કરશે, જેને સવિશેષ **'સ્નાતક ગુણલક્ષણો' (Graduate Attributes)** તરીકે ઓળખવામાં આવશે. સામાન્ય શિક્ષણ પરિષદ (**GEC**) દ્વારા એક રાષ્ટ્રીય ઉચ્ચ શિક્ષણ યોગ્યતા માળખું (**NHEQF**) તૈયાર કરવામાં આવશે. જે રાષ્ટ્રીય કૌશલ્ય યોગ્યતા માળખા (**NSQF**) સાથે

સુસંગત હશે જે વ્યાવસાયિક શિક્ષણને ઉચ્ચ શિક્ષણમાં સંકલિત કરવામાં સરળતા કરી આપશે. ઉચ્ચ શિક્ષણ યોગ્યતા જે એક પદવી /ડીપ્લોમા/ પ્રમાણપત્ર પ્રાપ્ત કરવા સુધી દોરી જાય છે તેને રાષ્ટ્રીય ઉચ્ચ શિક્ષણ યોગ્યતા માળખું (**NHEFQ**) અધ્યયન નીપજોના સંદર્ભમાં વર્ણવશે. આ ઉપરાંત, સામાન્ય શિક્ષણ પરિષદ (**GEC**), રાષ્ટ્રીય ઉચ્ચ શિક્ષણ યોગ્યતા માળખું (**NHEQF**) ના માધ્યમથી ક્રેડીટ ટ્રાન્સફર (**Credit Transfer**), સમકક્ષતા વગેરે બાબતો માટે સમાનરૂપે અને સુવિધાજનક માપદંડ સ્થાપિત કરાશે. સામાન્ય શિક્ષણ પરિષદ (**GEC**) એવા વિશિષ્ઠ કૌશલ્યની ઓળખ કરાવશે જે વિદ્યાર્થીઓને પોતાના શૈક્ષણિક કાર્યક્રમ દરમ્યાન મેળવવાના હોય જેનો ઉદ્દેશ ૨૧મી સદીમાં સર્વાંગીણ વિકાસ માટે આવશ્યક કૌશલ્યો સાથે વિદ્યાર્થીઓને તૈયાર કરવાનો છે.

૧૮.૭. ભારતીય કૃષિ સંશોધન પરિષદ (**ICAR**), વેટરનીટી કાઉન્સિલ ઓફ ઇંડીયા (**VCI**), રાષ્ટ્રીય શિક્ષક પ્રશિક્ષણ પરિષદ (**NCTE**), કાઉન્સિલ ઓફ આર્કિટેકચર (**CoA**), રાષ્ટ્રીય વ્યાવસાયિક શિક્ષણ પ્રશિક્ષણ પરિષદ (**NCVET**) આ દરેકનું પુનર્ગઠન વ્યાવસાયિક માનાંક નિર્ધારણ સંસ્થા (**Professional Standard Setting Bodies-PSSBs**)ના રૂપમાં કરવામાં આવશે. તેઓ ઉચ્ચ શિક્ષણ પ્રણાલીમાં મુખ્ય ભૂમિકા ભજવશે અને સામાન્ય શિક્ષણ પરિષદ (**GEC**) ના સભ્યો બનવાનું આમંત્રણ આપશે. આ સંસ્થાઓ, વ્યાવસાયિક માનાંક નિર્ધારણ સંસ્થા (**PSSBs**)ના પુનર્ગઠન પછી, અભ્યાસક્રમની સંરચના, શૈક્ષણિક ધારા ધોરણોને નિર્ધારિત કરવા અને સામાન્ય શિક્ષણ પરિષદ (**GEC**)ના સભ્યો તરીકે તેમના ક્ષેત્ર, શિક્ષણ, સંશોધન અને વિસ્તરણ વચ્ચે સંકલન કરશે. સામાન્ય શિક્ષણ પરિષદ (**GEC**)ના સભ્યો તરીકે, તેઓ અભ્યાસક્રમના માળખાને સ્પષ્ટ કરવામાં મદદ કરશે. જેની અંદર ઉચ્ચ શિક્ષણ સંસ્થા પોતાનો અભ્યાસક્રમ તૈયાર કરી શકે છે. આમ, વ્યાવસાયિક માનાંક નિર્ધારણ સંસ્થા (**PSSBs**) કોઈ નિયમનકારી ભૂમિકા ન ભજવતા શિક્ષણ અને અભ્યાસના ખાસ ક્ષેત્રોમાં ધોરણો અથવા અપેક્ષાઓ પણ નક્કી કરશે. દરેક ઉચ્ચ શિક્ષણ સંસ્થા એ નક્કી કરશે કે તેમનાં શૈક્ષણિક કાર્યક્રમો અન્ય વિચારોની સાથે કેવી રીતે નક્કી કરેલ માનાંકો પર પ્રતિક્રિયા આપી રહ્યાં છે અને જો જરૂરી જણાય તો તેઓ વ્યાવસાયિક માનાંક નિર્ધારણ સંસ્થા(પ્રોફેશનલ સ્ટાન્ડર્ડ સેટિંગ બોડીઝ - **PSSBs**) ઓનો સહયોગ લેવા પણ સમર્થ હશે.

૧૮.૮. આવા પ્રકારની વ્યવસ્થા વિભિન્ન ભૂમિકાઓ વચ્ચે પોતપોતાના વ્યક્તિગત હિત અર્થે ઉભી થતી સમસ્યાને દૂર કરવાની સાથે પ્રત્યેકની ભૂમિકા અને કાર્યોને એકબીજાથી અલગ કરવાના સિદ્ધાંતની ખાતરી કરશે. આનો ઉદ્દેશ કેટલીક પાયાની બાબતો પર ધ્યાન આપવાની સાથે ઉચ્ચ શિક્ષણ સંસ્થાઓને સશક્ત બનાવવાનો ઉદ્દેશ્ય છે. આની સાથે જોડાયેલી જવાબદારી અને ઉત્તરદાયિત્વ શિક્ષણ સંસ્થાઓને અનુરૂપ રહેશે. જાહેર ક્ષેત્ર અને ખાનગી ઉચ્ચ શિક્ષણ સંસ્થાઓની વચ્ચે અપેક્ષાઓને અનુરૂપ કોઈપણ પ્રકારનો તફાવત કરવામાં આવશે નહીં.

૧૮.૯. આ પ્રકારના પરિવર્તન માટે હાલની વ્યવસ્થાઓ અને સંસ્થાઓ માટે આવશ્યકતા રહેશે કે તેઓ પોતાને ફરી સુદઢ બનાવી શકે અને વિવિધ પ્રકારના વિકાસની ક્રમિકતામાંથી પસાર થાય. કાર્યોના પૃથ્થકરણનો અર્થ એ છે કે, **HECI**ની જેમ પ્રત્યેક વિભાગને એક નવી વ્યક્તિગત ભૂમિકા પર લઈ જવામાં આવશે જે નવી નિયમન યોજનામાં સુસંગત, સાર્થક અને મહત્વપૂર્ણ હોય.

૧૮.૧૦. સ્વાયત્ત સંસ્થા (**HECI**) અંતર્ગત નિયમનકારી સ્વતંત્ર સંસ્થાનો જેવા કે નિયમન માટે (**NHERC**), પ્રમાણભૂતિકરણ માટે (**NAC**), નાણાંકીય જોગવાઈ માટે (**HEGC**), અને શૈક્ષણિક માનાંક નિર્ધારણ માટે (**GEC**) કે જે જાહેર પારદર્શિતાને અનુસરીને કાર્ય કરતી હશે અને પોતાના કાર્યદક્ષતા અને પારદર્શિતાને સુનિશ્ચિત કરવા માટે માનવ હસ્તક્ષેપ (**Interface**) ઓછો કરશે તથા વધુ ને વધુ તકનીકીનો ઉપયોગ કરશે. પાયાનો સિદ્ધાંત એ રહેશે કે, તકનીકીનો ઉપયોગ ઓળખમુક્ત અને પારદર્શક નિયમન કરી શકાય. સખત પગલાંઓ સાથે કઠોર પાલન માટેના ઉપાયો નિર્ધારિત કરવામાં આવશે જેમાં, અનિવાર્ય માહિતીની ખોટી જાહેરાત માટે દંડની પણ ભલામણ કરવામાં આવશે કે જેથી, ઉચ્ચ શિક્ષણ સંસ્થાઓને મૂળભૂત લઘુત્તમ ધારાધોરણોને અનુરૂપ બનાવી શકાય. **HECI** પોતે એના

ચાર આધારસ્તંભ વચ્ચે કોઈપણ પ્રકારના વિવાદનું નિવારણ કરશે. **HECI**નું પોતાની એક નાનકડી સ્વતંત્ર સંસ્થા હશે જેમાં પ્રામાણિકતા, પ્રતિબધ્ધતા અને ઉચ્ચ કુશળતા ધરાવતા સામાજિક વિશેષજ્ઞો હશે જેમની પાસે સાર્વજનિક સેવાઓમાં પોતાનો ફાળો આપ્યો હોવાનો બહોળો અનુભવ હશે. જે **HECI**ની સત્ય નિષ્ઠા અને અસરકારક કાર્ય કુશળતાને સંચાલિત કરશે તેનું નિરીક્ષણ કરશે. **HECI** હેઠળ થતાં કાર્યોને અમલમાં મૂકવાના હેતુ યોગ્ય પ્રક્રિયાનું નિર્માણ કરવામાં આવશે જેમાં, ચુકાદાઓનો સમાવેશ કરવામાં આવશે.

**૧૮.૧૧.** નિયમનકારી અમલ દ્વારા નવી ગુણવત્તાયુક્ત ઉચ્ચ શિક્ષણની સંસ્થાઓને સ્થાપિત કરવાનું ખૂબ સરળ બનાવવામાં આવશે, સાથે અસરકારકતાની ખાતરી સાથે આ જાહેર સેવાની ભાવનાથી લાંબાગાળાની સ્થિરતા માટે આર્થિક સહાયતા સાથે સ્થાપિત કરવામાં આવશે. કેન્દ્ર અને રાજ્ય સરકાર દ્વારા સર્વશ્રેષ્ઠ દેખાવ કરવાવાળી ઉચ્ચ શિક્ષણ સંસ્થાઓને પોતાની સંસ્થાઓનો વિસ્તાર કરવા સહાય મળશે અને આનાથી મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓ અને શિક્ષકોની સાથે વિવિધ વિદ્યાશાખાઓના અને કાર્યક્રમોને પણ વિસ્તૃત કરી શકાશે. ઉચ્ચ શિક્ષણ સંસ્થાઓના ગુણવત્તાસભર ઉચ્ચ શિક્ષણ સુધીની પહોંચ વિસ્તૃત કરવાના ઉદ્દેશથી તેમના માટે જાહેર લોકકલ્યાણ ભાગીદારી પ્રતિમાનો (**Model**) પણ શરૂ કરવામાં આવશે.

## શિક્ષણના વ્યવસાયીકરણને રોકવું

**૧૮.૧૨.** ચકાસણી અને સંતુલનવાળી નિયંત્રણની બહુવિધ પદ્ધતિઓ ઉચ્ચ શિક્ષણના વ્યવસાયીકરણને અટકાવશે જે નિયમનકારી પ્રણાલીની મુખ્ય પ્રાથમિકતા રહેશે. પ્રત્યેક શિક્ષણ સંસ્થાઓ **'નફા માટે નહીં'** એ માટે સંસ્થા પર લાગુ ઓડીટ અને જાહેરાતના ધારાધોરણની વ્યવસ્થાનું પાલન કરશે. જો કોઈ, નફો કરશે તો તેને શિક્ષણ ક્ષેત્રમાં પુન:રોકાણ કરવામાં આવશે. આ તમામ નાણાંકીય બાબતોનું પારદર્શક જાહેર પ્રગટીકરણ કરવામાં આવશે, જેનાથી સામાન્ય જનતા માટે ફરિયાદ નિવારણ તંત્રની મદદ લેવામાં આવશે. **NAC** દ્વારા વિકસિત માન્યતા પ્રણાલી આ પદ્ધતિઓના આધારે પૂરક તપાસ પ્રદાન કરશે અને **NHERC** આ બાબતને તેના નિયમનકારી ઉદ્દેશ્યોમાંના એક મુખ્ય પરિણામો રૂપે સ્વીકારશે.

**૧૮.૧3**. દરેક જાહેર અને ખાનગી ઉચ્ચ શિક્ષણ સંસ્થાઓ આ નિયમનકારી વ્યવસ્થામાં સમાન ગણવામાં આવશે. નિયમન વ્યવસ્થા શિક્ષણમાં ખાનગી લોકભાગીદારીના પ્રયત્નોને પ્રોત્સાહિત કરશે. આ તમામ કાયદાકીય અધિનિયમો માટે સામાન્ય રાષ્ટ્રીય માર્ગદર્શિકા હશે, જે ખાનગી ઉચ્ચ શિક્ષણ સંસ્થાઓની સ્થાપના કરવામાં આવશે. આ સામાન્ય ન્યૂનતમ દિશા-નિર્દેશોનો સમાવેશ થશે જે ખાનગી ઉચ્ચ શિક્ષણ સંસ્થાઓને સ્થાપિત કરવા સક્ષમ બનાવશે. આ પ્રકારે ખાનગી અને જાહેર ઉચ્ચ શિક્ષણ સંસ્થાઓ માટે સામાન્ય ધારાધોરણ નિશ્ચિત કરવામાં આવશે. આ સામાન્ય દિશાનિર્દેશોમાં સુશાસન,આર્થિક સ્થિરતા અને સુરક્ષા, અધ્યયન નીપજો તેમજ પારદર્શક પ્રગટીકરણ સમાવિષ્ટ હશે.

**૧૮.૧૪.** ફી નિર્ધારણના પ્રગતિશીલ અમલ દ્વારા જનકલ્યાણ માટે કાર્ય કરતી અને જનહિતની ઈચ્છા ધરાવતી ખાનગી ઉચ્ચ શિક્ષણ સંસ્થાઓને પ્રોત્સાહિત કરવામાં આવશે. તેમની માન્યતાના આધારે વિવિધ પ્રકારની સંસ્થાઓ માટે એક ઉચ્ચ મર્યાદા સાથે ફી નક્કી કરવા માટેની પારદર્શક વ્યવસ્થા વિકસિત કરવામાં આવશે. જેથી, વ્યક્તિગત ખાનગી સંસ્થાઓ પર પ્રતિકૂળ અસર ન પડે. આ ખાનગી ઉચ્ચ શિક્ષણ સંસ્થાઓને તેમના કાર્યક્રમો માટે ફી નિર્ધારણ માટે સ્થાપિત ચોક્કસ નિયમોની મર્યાદામાં રહીને સશક્ત બનાવવામાં આવશે. ખાનગી ઉચ્ચ શિક્ષણ સંસ્થાઓને તેમના વિદ્યાર્થીઓની નોંધપાત્ર સંખ્યામાં ફીશીપ અને શિષ્યવૃત્તિ આપવા માટે પ્રોત્સાહિત કરવામાં આવશે. ખાનગી ઉચ્ચ શિક્ષણ સંસ્થાઓ દ્વારા નિર્ધારિત કરાયેલી તમામ ફી પારદર્શક રીતે અને સંપૂર્ણ રીતે જાહેર કરવામાં આવશે, તેમજ કોઈપણ વિદ્યાર્થીની નોંધણીના સમયગાળા દરમિયાન ફી માં કોઈ મનસ્વી વધારો કરી શકાશે નહીં. આ ફી નિર્ધારણ વ્યવસ્થા ઉચ્ચ શિક્ષણ સંસ્થાઓને પોતાની સામાજિક જવાબદારી નિભાવવાની ખાતરી કરવાની સાથે કેટલીક મર્યાદામાં કરેલ રોકાણની વાજબી પુનઃ પ્રાપ્તિની ખાતરી કરશે.

## ૧૯. ઉચ્ચ શિક્ષણ સંસ્થાઓ માટે અસરકારક પ્રશાસન અને નેતૃત્વ

**૧૯.૧.** આ અસરકારક પ્રશાસન અને નેતૃત્વ જ ઉચ્ચ શિક્ષણ સંસ્થાઓમાં ઉત્કૃષ્ટતા અને નવીનતાની સંસ્કૃતિના નિર્માણને સક્ષમ બનાવે છે. ભારત સહિત દુનિયાની તમામ વૈશ્વિક સ્તરની સંસ્થાઓની સામાન્ય લાક્ષણિકતા વાસ્તવમાં મજબૂત સ્વશાસન અને સંસ્થાગત નેતાઓની ઉત્કૃષ્ટ યોગ્યતા તથા ગુણવત્તા આધારિત નિમણૂકો છે જેમના થકી આવી સંસ્કૃતિનું નિર્માણ અને પોષણ શક્ય બન્યું છે.

**૧૯.૨.** ક્રમશઃ દરજ્જા પ્રમાણેની માન્યતા અને સ્વાયત્તતાની યોગ્ય પ્રણાલીના માધ્યમથી તબક્કાવાર રીતે ૧૪ વર્ષના સમયગાળામાં ભારતની તમામ ઉચ્ચ શિક્ષણ સંસ્થાઓ નવીનતા અને ઉત્કૃષ્ટતાના અનુશીલન સાથે સ્વતંત્ર સ્વ-સંચાલક સંસ્થા બનવાનું લક્ષ્ય રખાશે. સર્વોચ્ચ ગુણવત્તાનું નેતૃત્વ સુનિશ્ચિત કરવા અને શ્રેષ્ઠતા સંસ્થાગત સંસ્કૃતિને પ્રોત્સાહન આપવા તમામ ઉચ્ચ શિક્ષણ સંસ્થાઓમાં પગલાં લેવામાં આવશે. આવા પગલાં લેવાં તૈયાર સંસ્થાઓને યોગ્ય માન્યતાઓ પ્રાપ્ત થયા પછી **BoG**ની સ્થાપના કરવામાં આવશે, જેમાં ઉચ્ચ ગુણવત્તાયુક્ત, સક્ષમ અને સમર્થ એવી મજબૂત વ્યક્તિઓના સમૂહનો સમાવેશ થતો હશે. જેમાં ક્ષમતાઓ હોય અને સંસ્થા પ્રત્યે પ્રતિબધ્ધતાની મજબૂત ભાવના હોય, સંસ્થાના **BoG**ને કોઈ પણ બાહ્ય દખલગીરીથી મુક્ત રીતે સ્વતંત્ર સંચાલન કરવા, સંસ્થાના વડા સહિત તમામ નિમણૂક કરવા અને પ્રશાસન સંબંધિત તમામ નિર્ણયો લેવા માટે સત્તા આપવામાં આવશે. એવા વ્યાપક કાયદાઓ હશે. જે પહેલાંના અન્ય કાયદાઓના કોઈ પણ ઉલ્લંઘનકારી જોગવાઈઓને બદલવામાં આવશે, જેનાથી, **BoG**ની રચના, નિમણૂક, કામગીરીના નિયમો, નિયમો અને કાયદાઓ અને **BoG**ની ભૂમિકાઓ અને જવાબદારીઓનો સમાવેશ થતો હોય. બોર્ડ દ્વારા નિયુક્ત નિષ્ણાત સમિતિ દ્વારા બોર્ડના નવા સભ્યોની ઓળખાણ કરવામાં આવશે; નવા સભ્યોની પસંદગી **BoG** દ્વારા જ કરવામાં આવશે. સભ્યોની પસંદગી કરતી વખતે નિષ્પક્ષ વિચારણાઓનું પણ ધ્યાન રાખવામાં આવશે. એવી પરિકલ્પના કરવામાં આવી છે કે, આ પ્રક્રિયા દરમ્યાન તમામ ઉચ્ચ શિક્ષણ સંસ્થાઓને પ્રોત્સાહન, સમર્થન અને માર્ગદર્શન આપવામાં આવશે. તેમજ ૨૦૩૪ સુધીમાં તેને સ્વાયત્ત બનાવવાનો ઉદ્દેશ્ય રખાશે અને આવા સશક્ત **BoG**ની રચના કરાવી પડશે.

**૧૯.૩.** **BoG** તમામ સુસંગત દસ્તાવેજો અને પારદર્શક સાથે સ્વ-જાહેરાતના માધ્યમથી હિતધારકો પ્રતિ જવાબદાર અને ઉત્તરદાયી રહેશે. તે રાષ્ટ્રીય ઉચ્ચ શિક્ષણ નિયમન પરિષદ(**NHERC**)ના માધ્યમથી **HECI** દ્વારા ફરજિયાત તમામ નિયમનકારી દિશાનિર્દેશોને પૂરા કરવા માટે જવાબદાર રહેશે.

**૧૯.૪.** તમામ નેતૃત્વ હોદ્દાઓ અને સંસ્થાઓના વડાઓ માટે એવી ઉચ્ચ શૈક્ષણિક લાયકાત ધરાવતા વ્યક્તિઓને તક આપવામાં આવશે જેઓએ જટિલ પરિસ્થિતિઓને સંચાલિત કરવાની ક્ષમતાઓ સાથે વહીવટી અને નેતૃત્વ ક્ષમતા દર્શાવી હોય. કોઈ પણ ઉચ્ચ શિક્ષણ સંસ્થાના પ્રમુખમાં બંધારણીય મૂલ્યો અને સંસ્થાના સમગ્રતાના દ્રષ્ટિકોણ સાથે મજબૂત સામાજિક પ્રતિબધ્ધતા, જૂથ કાર્ય પ્રત્યેનો વિશ્વાસ, બહુલતાવાદ, વિવિધતા, વિભિન્ન લોકો સાથે કામ કરવાની ક્ષમતા અને યોગ્ય સકારાત્મક દ્રષ્ટિબિન્દુ હોવો આવશ્યક છે. **BoG** દ્વારા રચાયેલી પ્રખ્યાત વિશેષજ્ઞ સમિતિ (**EEC**)ના નેતૃત્વમાં સખત, નિષ્પક્ષ, તથા યોગ્યતા આધારિત પ્રક્રિયા અને ક્ષમતા આધારિત પ્રક્રિયા દ્વારા પસંદગી **BoG** દ્વારા હાથ ધરવામાં આવશે. એક ઉપયુકત સંસ્કૃતિના વિકાસને સુનિશ્ચિત કરવા માટે કાર્યકાળની સ્થિરતા મહત્વપૂર્ણ છે, સાથે તે જ સમયે કાળજીપૂર્વક નેતૃત્વના ઉત્તરાધિકારીની યોજના નિશ્ચિત કરવામાં આવશે કે જેથી સંસ્થાઓની પ્રક્રિયાઓને પરિભાષિત કરનાર સારા વ્યવહાર નેતૃત્વમાં આવતાં પરિવર્તનને કારણે સમાપ્ત ન થાય: નેતૃત્વમાં પરિવર્તન યોગ્ય સંક્રમણ દ્વારા કરવામાં આવશે અને સુચારુ પરિવર્તન સુનિશ્ચિત કરવા માટે પદ ખાલી રાખવામાં નહી આવે. ઉત્કૃષ્ટ નેતાઓની ઓળખ કરી પ્રારંભથી જ તેમનો વિકાસ કરવામાં આવશે જે તેઓના નેતૃત્વની ભૂમિકાના પ્રત્યેક પગથિયે આગળ વધી શકે.

૧૯.૫. તબક્કાવાર પર્યાપ્ત ભંડોળ, કાનૂની અધિકારો અને સ્વાયત્તા પ્રદાન કરવાની સાથેસાથે તમામ ઉચ્ચ શિક્ષણ સંસ્થાઓ સંસ્થાકીય શ્રેષ્ઠતા, તેમના સ્થાનિક સમુદાયો સાથે જોડાણ અને નાણાંકીય ઈમાનદારી અને જવાબદારીના ઉત્કૃષ્ટ ધોરણો, પ્રત્યે પ્રતિબધ્ધતા પ્રદર્શિત કરશે. દરેક સંસ્થા એક વ્યૂહાત્મક સંસ્થાકીય વિકાસ આયોજન બનાવશે, જેના આધારે સંસ્થાઓ તેમણે કરેલ પહેલનો વિકાસ કરશે, તેમની પ્રગતિનું મૂલ્યાંકન કરશે અને તેમાં નિર્ધારિત લક્ષ્યો સુધી પહોંચશે, જે આગળના જાહેર ભંડોળનો આધાર બની શકે છે. **IDP** બોર્ડના સભ્યો, સંસ્થાકીય વડાઓ, અધ્યાપકો, વિદ્યાર્થીઓ અને કર્મચારીઓની સંયુક્ત ભાગીદારીથી તૈયાર કરવામાં આવશે.

# વિભાગ III. અન્ય કેન્દ્રવર્તી શિક્ષણક્ષેત્ર

## ૨૦. વ્યાવસાયિક શિક્ષણ

૨૦.૧. વ્યાવસાયિકોને તૈયાર કરવા માટે સંબંધિત શિક્ષણ (રોજગારલક્ષી શિક્ષણ)માટે તેના અભ્યાસક્રમમાં નૈતિકતા અને જાહેર હેતુઓના મહત્વનો તેમજ તે વિદ્યાશાખાના શિક્ષણ અને મહાવરો આપવા માટેના શિક્ષણનો પણ સમાવેશ કરવો જોઇએ. સર્વાંગી ઉચ્ચ શિક્ષણ સંબંધિત તમામ વિદ્યાશાખાઓની જેમ, તેના કેન્દ્રમાં પણ તાર્કિક અને આંતરવિદ્યાશાખાકીય વિચારધારા, ચર્ચા, વાદવિવાદ, સંશોધન અને નવીનતાનો સમાવેશ થવો જોઈએ. આ ઉદ્દેશ્યને પ્રાપ્ત કરવા માટે આવશ્યક છે કે વ્યાવસાયિક વિકાસ સાથે જોડાયેલ શિક્ષણ અન્ય વિષયોથી અળગું ન રહે.

૨૦.૨. આ પ્રકારનું વ્યાવસાયિક વિકાસનું શિક્ષણ સમગ્ર ઉચ્ચ શિક્ષણ પ્રણાલીનું અભિન્ન અંગ બની જશે. એકલા કૃષિવિશ્વવિદ્યાલયો, કાયદાના વિશ્વવિદ્યાલયો, વિજ્ઞાન વિશ્વવિદ્યાલયો, તકનીકી વિશ્વવિદ્યાલયો અને એક જ પ્રવાહવાળી **(Stand Alone)** અન્ય શાખાઓની સંસ્થાઓનું લક્ષ્ય પોતાને એક બહુવિદ્યાશાખાકીય સંસ્થાઓ કે જે સમગ્ર અને બહુવિદ્યાશાખાકીય શિક્ષણ પ્રદાન તે તરફ આગળ વધવાનો હશે. બધી સંસ્થાઓ કે જેવ્યાવસાયિક અથવા સામાન્ય શિક્ષણ પ્રદાન કરે છે, તે 2030 સુધીમાં ખાસ કરીને બંને પ્રકારના શિક્ષણ પૂરા પાડતી સંસ્થાઓ અથવા સંસ્થાઓના જૂથ બનવાના લક્ષ્ય સાથે કાર્ય કરશે.

૨૦.૩. કૃષિ શિક્ષણ અને તેની સાથે જોડાયેલ વિષયોને પુન પુનર્જિવિત કરવામાં આવશે. દેશના વિશ્વવિદ્યાલયમાં કૃષિ વિશ્વવિદ્યાલયની સંખ્યા 9 % છે પરંતુ, કૃષિ અને તેની સાથે જોડાયેલ વિજ્ઞાન શાખાઓમાં નોંધણી ઉચ્ચ શિક્ષણની કુલ નોંધણીના 1% કરતાં ઓછી છે. કેટલાક સ્નાતકો અને ટેકનિશિયન, નવીન સંશોધન તથા તકનીકી અને કાર્ય પ્રક્રિયાઓના બજાર આધારિત વિસ્તરણ દ્વારા કૃષિ ઉત્પાદકતા વધારવા માટે; કૃષિ અને સંલગ્ન શાખાઓની કાર્યક્ષમતા અને ગુણવત્તા બંનેને વધુ સારી રીતે વધારવી અત્યંત જરૂરી છે. સામાન્ય શિક્ષણ સાથે સંકલાયેલા કાર્યક્રમો દ્વારા, કૃષિ અને પશુ તબીબીવિજ્ઞાન સાથે સંકળાયેલાં વ્યાવસાયિકોની તૈયારીમાં ઝડપથી વૃધ્ધિ કરવામાં આવશે. કૃષિશિક્ષણની પ્રક્રિયાને એવા વ્યાવસાયિક વ્યક્તિઓના વિકાસ માટે પરિવર્તિત કરવામાં આવશે કે જે સ્થાનિક જ્ઞાન, પરંપરાગત જ્ઞાન અને વિકસતી તકનીકીઓને સમજી શકે અને તેનો ઉપયોગ કરી શકે, તેમજ સાથે સાથે મહત્વપૂર્ણ મુદ્દાઓને જેવા કે ભૂમિની ઓછી થતી ઉત્પાદન શક્તિ, તેમજ જળવાયુ પરિવર્તન, આપણી વધતી જતી વસ્તી માટે પૂરતા આહારની જરૂરિયાત વગેરે માટે જાગૃત થાય. તે જરૂરી છે કે કૃષિશિક્ષણ પ્રદાન કરતી સંસ્થાઓને સ્થાનિક સમુદાયોનો સીધો લાભ મળે; તેનો એક રસ્તો એ પણ છે કે કૃષિ પ્રૌધોગિકી પાર્કની સ્થાપના કરવી જેથી તકનીકી ઇન્કયુબેશન, તેના પ્રચાર અને પ્રસાર માટેની સાતત્યપૂર્ણ (શાશ્વત) પદ્ધતિઓને પ્રોત્સાહન મળી રહે.

૨૦.૪. કાયદાકીય શિક્ષણ વૈશ્વિક સ્તરે સ્પર્ધાત્મક બનાવવાની જરૂરિયાત છે, સાથે સાથે આ ક્ષેત્ર સાથે સંકલાયેલ શ્રેષ્ઠ પ્રથાઓ, વિકસતી નવી તકનીકીઓને અપનાવવામાં આવશે જેનાથી બધા માટે અને યોગ્ય સમયે ન્યાયને સુનિશ્ચિત કરી શકાય સાથે સાથે તેને સામાજિક, આર્થિક અને રાજકીય ન્યાયના બંધારણીય મૂલ્યોથી સંવર્ધિત થઇ હોય તથા આ

મૂલ્યોના પ્રકાશમાં તેની રચના કરવી જોઈએ અને લોકતંત્ર, કાયદાના પ્રશાસન અને માનવાધિકારના માધ્યમ દ્વારા રાષ્ટ્રીય પુનર્નિર્માણની દિશામાં નિર્દેશિત કરવી જોઈએ. એ સુનિશ્ચિત કરવું જોઇએ કે વિવિધ શિક્ષણના અભ્યાસક્રમમાં સામાજિક અને સાંસ્કૃતિક સંદર્ભોની સાથે સાથે સાક્ષ્ય આધારિત પદ્ધતિથી કાયદાકીય વિચાર પ્રક્રિયાના ઈતિહાસ, ન્યાય સિદ્ધાંતોનો અભ્યાસ અને અન્ય સંબંધિત વિષયોને માટે યોગ્ય અને પુરતું પ્રતિનિધિત્વ થાય. કાયદાકીય શિક્ષણની રજૂઆત કરવાવાળી રાજ્યની સંસ્થાઓએ ભાવિ વકીલો અને ન્યાયાધીશો માટે દ્વિભાષી શિક્ષણની રજૂઆત પર વિચાર કરવો જોઈએ કે જેમાં એક ભાષા અંગ્રેજી અને બીજી જે રાજ્યમાં આ કાયદાકીય શિક્ષણ સંસ્થા આવેલી હોય તેની ભાષા હોય.

**૨૦. ૫**. આરોગ્ય શિક્ષણને ફરીથી પુનઃકલ્પિત કરવાની જરૂર છે જેથી શૈક્ષણિક કાર્યક્રમોની અવધિ, સંરચના અને માળખું સ્નાતકો દ્વારા ભજવવામાં આવતી ભૂમિકાઓને અનુરૂપ થઇ શકે. મુખ્યત્વે પ્રાથમિક સારસંભાળ અને મધ્યમ કક્ષાની હોસ્પિટલોમાં કામ કરવા માટે, યોગ્ય રીતે નિર્ધારિત થયેલા પરિમાણો પર વિદ્યાર્થીઓનું નિયમિત સમયાંતરે મલ્યાંકન કરવામાં આવશે. આપણા લોકો આરોગ્ય અંગેની સંભાળમાં ભાતીગળ સાંસ્કૃતિક વિકલ્પોનો ઉપયોગ કરે છે તે જોતા, આપણી આરોગ્ય શિક્ષણ પ્રણાલીને સંકલિત બનાવવી આવશ્યક છે - એટલે કે એલોપેથીક તબીબી શિક્ષણના તમામ વિદ્યાર્થીઓને આયુર્વેદ, યોગ અને નેચરોપથી, યુનાની, સિદ્ધ અને હોમીઓપેથિક (**AYUSH)**ની અરસપરસ બાબતોની મૂળભૂત સમજ હોવી જોઈએ, અને તે તમામ પ્રકારની ચિકિત્સા સંબંધિત શાખાઓના વિષયમાં પણ લાગુ થશે. તમામ પ્રકારના સ્વાસ્થ્ય શિક્ષણમાં, અટકાવ, આરોગ્ય અંગેની સંભાળ અને સમાજ આરોગ્ય સંભાળ પર વધુ ભાર મૂકવામાં આવશે.

**૨૦.૬**. તકનીકી શિક્ષણમાં પદવી અને ડિપ્લોમા કાર્યક્રમનો સમાવેશ થાય છે, ઉદાહરણ તરીકે, ઇજનેરી, તકનીકી,વ્યવસ્થાપન, સ્થાપત્ય, ટાઉન પ્લાનિંગ, ફાર્મસી, હોટલ મેનેજમેન્ટ અને કેટરિંગ ટેકનોલોજી વગેરે જે ભારતના સર્વાંગી વિકાસ માટે મહત્વપૂર્ણ છે. આ ક્ષેત્રોમાં દાયકાઓ સુધી સંપૂર્ણ યોગ્ય વ્યક્તિઓની માંગણી ચાલુ રહેશે તેટલું જ નહિ પરંતુ આ ક્ષેત્રોમાં નવીનતા અને સંશોધનને સુનિશ્ચિત કરવા સંબંધિત ઉદ્યોગો અને ઉચ્ શિક્ષણ સંસ્થાઓ વચ્ચે ઘનિષ્ઠ સહકારની પણ પ્રબળ જરૂરિયાત રહેશે. આ ઉપરાંત, તમામ માનવ સાહસો અને પ્રયત્નો પર તકનીકીની અસરને કારણે તકનીકી શિક્ષણ અને અન્ય વિદ્યાશાખાઓ વચ્ચેના અંતરને દૂર કરવાની સંભાવના વધી રહી છે. આમ, તકનીકી શિક્ષણ પણ બહુવિદ્યાશાખાકીય અને અને કાર્યક્રમોમાં રજૂ કરવામાં આવશે અને અન્ય વિદ્યાશાખાઓ સાથે ઊંડાણથી જોડાવાની તક પર તેમજ નવી તક પર નવેસરથી ધ્યાન કેન્દ્રિત કરાશે. ભારતને આરોગ્ય, પર્યાવરણ અને લાંબા ગાળાની તંદુરસ્ત જીવનશૈલીમાં તેના મહત્વપૂર્ણ કાર્યક્રમો સાથે, જેને યુવાનો માટે રોજગાર સંવર્ધન માટેના સ્નાતક શિક્ષણ કાર્યક્રમનો ભાગ બનાવવામ આવશે, અતિઆધુનિક મહત્ત્વપૂર્ણ ક્ષેત્રો જેવાકે જિનોમિક અભ્યાસ, બાયોટેકનોલોજી, બાયોટેકનોલોજી, ન્યુરોસાયન્સની સાથે ઝડપી આગળ વધતી કૃત્રિમ બુધ્ધિ **(AI), 3-D** મશીનીગ, વૈશ્વિક માહિતી ભંડારનું વિશ્લેષણ અને યંત્ર આધારીત અધ્યયનના ક્ષેત્રોમાં વ્યાવસાયિકો (ધંધાદારીઓ)ને તૈયાર કરવામાં પણ મુખ્ય ભૂમિકા ભજવવી જોઈએ.

## ૨૧. પ્રૌઢ શિક્ષણ અને આજીવન અધ્યયન

**૨૧.૧**. પાયાની સાક્ષરતા પ્રાપ્ત કરવી, શિક્ષણ મેળવવું અને આજીવિકા મેળવવા માટેની તક એ દરેક નાગરિકના મૂળભૂત અધિકાર છે. સાક્ષરતા અને પાયાનું શિક્ષણ, વ્યક્તિ માટે વ્યક્તિગત, નાગરિક, આર્થિક અને આજીવન શિક્ષણની તકોની નવી દુનિયા ખોલે છે કે જે વ્યક્તિને ખાનગી અને વ્યાવસાયિક બંને સ્તરે વિકાસ કરવામાં મદદ કરે છે. સમાજ અને દેશ કક્ષાએ, સાક્ષરતા અને મૂળભૂત શિક્ષણ એક એવી શક્તિ તરીકે કામ કરે છે કે જે વિકાસ માટે કરવામાં આવતા અન્ય તમામ પ્રયત્નોની સફળતાને અનેક ઘણી વધારે છે. વૈશ્વિક સ્તરે વિવિધ દેશોના આંકડા દર્શાવે છે કે કોઇ દેશનો સાક્ષરતા દર અને તેના પ્રતિ વ્યક્તિના **GDP** વચ્ચે ગાઢ સહસંબંધ હોય છે.

**૨૧.૨**. સાથે જ, સમુદાયના લોકોનું સાક્ષર ન હોવું નુકસાનકર્તા છે, જેમાં મૂળભૂત નાણાંકીય વ્યવહાર ન કરી શકવો; પૈસા આપીને ખરીદેલી કિંમતના સંદર્ભમાં માલની ગુણવત્તા/માત્રાની તુલના કરવી; નોકરીઓ, લોન, સેવાઓ વિગેરે માટે આવેદન માટે ફોર્મ ભરી શકવા; સમાચાર માધ્યમોમાં સાર્વજનિક પરિપત્રો અને લેખોને સમજવા; વેપારના સંચાર અને સંચાલન માટે પરંપરાગત અને ઇમેઈલનો ઉપયોગ કરવો; દવાઓ, રસ્તાઓ વિગેરે પર દર્શાવેલ સલામતી અને દિશાનિર્દેશને સમજવા; બાળકોને તેમના શિક્ષણમાં મદદ કરવી; ભારતના નાગરિક તરીકે પોતાના મૂળભૂત અધિકારો અને જવાબદારી વિશે જાણ હોવી; સાહિત્યના કાર્યોની પ્રશંસા કરવા માટે; અને સાક્ષરતાની આવશ્યકતાવાળા મધ્યમ અથવા ઉચ્ચ ઉત્પાદકતાના ક્ષેત્રમાં રોજગાર મેળવવામાં અસમર્થતાનો સમાવેશ થાય છે. અહીં દર્શાવેલ સૂચિબધ્ધ ક્ષમતાઓ એ પરિણામોને સૂચવે છે જે પ્રૌઢ શિક્ષણ માટે નવીન પગલાંના રૂપમાં અપનાવીને પ્રાપ્ત કરી શકાય છે.

**૨૧.૩**. ભારત અને દુનિયાભરના વ્યાપક અધ્યયન અને વિશ્લેષણ સ્પષ્ટપણે દર્શાવે છે કે રાજનીતિક ઈચ્છાશક્તિ, સંગઠનાત્મક માળખું, યોગ્ય આયોજન, પૂરતી નાણાંકીય સહાય અને સ્વૈચ્છિક કાર્યકરોની ઉચ્ચ ગુણવત્તાપૂર્ણ ક્ષમતાના સંવર્ધનની સાથે સાથે સ્વયંસેવા અને સમુદાયની ભાગીદારી અને એક થવું, પ્રૌઢ સાક્ષરતા કાર્યક્રમોની સફળતાના મુખ્ય પરિબળો છે. સ્વૈચ્છિક કાર્યકરો પર આધારિત સાક્ષરતા કાર્યક્રમોના પરિણામરૂપ, પુખ્ત વયના લોકોની સાક્ષરતામાં વૃધ્ધિ થાય તેટલું જ નહીં, પણ એનાથી સમુદાયના બધા બાળકોની શિક્ષણ માટેની જરુરિયાતમાં પણ વૃધ્ધિ થાય છે. તે જ સમયે, સકારાત્મક સામાજિક પરિવર્તન અને ન્યાય માટે સમુદાયની ભાગીદારીમાં વધારો થાય છે. જ્યારે 1988 માં રાષ્ટ્રીય સાક્ષરતા મિશનની શરૂઆત કરવામાં આવી હતી, ત્યારે તે મુખ્યત્વે લોકોની સ્વૈચ્છિક ભાગીદારી અને સહકાર પર આધારિત હતી, જેના પરિણામે દેશમાં ૧૯૯૧-૨૦૧૧ ના સમયગાળા દરમિયાન મહિલાઓની સાક્ષરતા સહિત સંપૂર્ણ સાક્ષરતામાં નોંધપાત્ર વધારો થયો અને તત્કાલિન સામાજિક મુદ્દાઓ પર ચર્ચા અને વિચાર વિમર્શ પણ શરૂ થયો હતો.

**૨૧.૪**. પ્રૌઢ શિક્ષણ માટે સુદ્રઢ અને નવીન સરકારી પહેલ (શરૂઆતો), ખાસ કરીને સમુદાયની ભાગીદારીને સુગમ બનાવવી તેમજ તકનીકીના સુચારું લાભકારક સંકલનને શક્ય તેટલી વહેલી તકે અમલમાં મૂકવામાં આવશે જેનાથી ૧૦૦% સાક્ષરતાના સૌથી મહત્વપૂર્ણ હેતુની પ્રાપ્તિ તાત્કાલિક થઇ શકે.

**૨૧.૫**. સૌપ્રથમ, **એનસીઈઆરટી NCERT**ના એક નવા અને સુસમર્પિત ઘટક સંગઠન દ્વારા એક ઉત્તમ પ્રૌઢ શિક્ષણ માળખું વિકસાવવામાં આવશે, જે પ્રૌઢ શિક્ષણ માટે સમર્થ હોય જેનાથી સાક્ષરતા, સંખ્યાત્મક્તા મૂળભૂત શિક્ષણ, વ્યાવસાયિક કુશળતા વિગેરે માટે ઉત્તમ અભ્યાસક્રમ બનાવવામાં **એનસીઈઆરટી NCERT** ની હાલની કુશળતા માટે સુસંગતતા વિકસે અને તેની સાથેના સુમેળને ધ્યાનમાં રાખીને પ્રૌઢ શિક્ષણનું માળખું વિકસિત થાય. આ અભ્યાસક્રમ માળખામાં ઓછામાં ઓછા પાંચ પ્રકારનાં કાર્યક્રમ સામેલ હશે, જેમાંના દરેકની અધ્યયન નીપજો સ્પષ્ટ રીતે વ્યાખ્યાયિત કરવામાં આવશે (ક) મૂળભૂત સાક્ષરતા અને સંખ્યાજ્ઞાન; (ખ) મહત્વપૂર્ણ જીવન કુશળતા (દા.ત. નાણાંકીય સાક્ષરતા, વિજાણું (**Digital**) સાક્ષરતા, વ્યાવસાયિક કૌશલ્યો, સ્વાસ્થ્ય સભાનતા, શિશુ પાલન અને શિક્ષણ તથા કુટુંબ કલ્યાણ); (ગ) વ્યાવસાયિક કૌશલ્યો વિકાસ (સ્થાનિક રોજગારની પ્રાપ્તિને ધ્યાનમાં રાખીને); (ઘ) મૂળભૂત શિક્ષણ (પ્રારંભિક, માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક સ્તરની સમકક્ષ); અને (ચ) સતત શિક્ષણ (દા.ત., કલા, વિજ્ઞાન, તકનીકી, સંસ્કૃતિ, રમતગમત, મનોરંજન વિગેરે સિવાય સ્થાનિક વિદ્યાર્થીઓના રસ અથવા લાભની દ્રષ્ટિથી અન્ય વિષયો, ઉદાહરણ તરીકે મહત્વપૂર્ણ જીવન કૌશલ્યો પર વધુ અદ્યતન સામગ્રી) આમ કરતી વખતે, કાળજી પણ લેવામાં આવશે કે ઘણા કિસ્સામાં, પુખ્ત વયના લોકો માટે, બાળકોની સાથે વાપરવામાં આવતી પદ્ધતિઓ અને સામગ્રીની જગ્યાએ, અલગ- અલગ પ્રકારની અધ્યયન અધ્યાપન પદ્ધતિઓની જરૂર પડશે.

**૨૧.૬**. બીજું, યોગ્ય મૂળભૂત માળખું સુનિશ્ચિત કરવામાં આવશે જેથી બધા રસ ધરાવતા પ્રૌઢોને પ્રૌઢ શિક્ષણ અને આજીવન શિક્ષણ મળી શકે. આ દિશામાં એક મહત્વનું પાસું એ છે કે શાળાના સમય પછી અને સપ્તાહના અંતમાં

શાળા/શાળા પરિસરનો ઉપયોગ, પ્રૌઢ શિક્ષણ અભ્યાસક્રમો માટે, જાહેર પુસ્તકાલય સ્થાન, સમુદાયની ભાગીદારી અને સંવર્ધન પ્રવૃત્તિઓ કરવા માટે જ્યાં સુધી શક્ય હોય, **ICT**થી સજ્જ કરવામાં આવશે. શાળાના શિક્ષણ, ઉચ્ચ શિક્ષણ,પ્રૌઢ શિક્ષણ અને વ્યાવસાયિક શિક્ષણ માટે તથા અન્ય સામુદાયિકને સ્વૈચ્છિક પ્રવૃત્તિઓ માટે, માળખાકીય સુવિધાઓની વહેંચણી, ભૌતિક અને માનવ એમ બન્ને સંસાધનોનો કુશળ ઉપયોગ સુનિશ્ચિત કરવા સાથે, આ પાંચ પ્રકારના શિક્ષણ અને તેમની વચ્ચે સુમેળ સાધવા માટે મહત્વપૂર્ણ રહેશે. આ કારણોસર ઉચ્ચ શિક્ષણ સંસ્થાઓ, વ્યાવસાયિક તાલીમ કેન્દ્રો વગેરે અન્ય જાહેર સાર્વજનિક સંસ્થાઓમાં પ્રૌઢ શિક્ષણ કેન્દ્રોનો પણ સમાવેશ કરી શકાય છે.

**૨૧.૭**. ત્રીજું, પ્રૌઢ શિક્ષણ અભ્યાસક્રમના માળખામાં જણાવેલ બધા જ પાંચ પ્રકારના પ્રૌઢ શિક્ષણ માટે પુખ્ત વિદ્યાર્થીઓના અભ્યાસક્રમની રૂપરેખા પ્રદાન કરવા માટે પ્રશિક્ષકો/શિક્ષકો/પ્રેરકોની આવશ્યકતા હશે. હાલના પ્રશિક્ષકોને પ્રૌઢ શિક્ષણ કેન્દ્રમાં શિક્ષણ પ્રવૃત્તિઓનું આયોજન કરવા અને નેતૃત્વ કરવાની સાથે સાથે સ્વયંસેવકો, પ્રશિક્ષકો અને પ્રેરક (**Tutors**) સાથે સમન્વય કરવા માટે રાષ્ટ્રીય, રાજ્ય અને જિલ્લા કક્ષાની સંસાધન સહાયક સંસ્થાઓ દ્વારા પ્રશિક્ષિત કરવામાં આવશે. સમુદાયના લાયક સભ્યોને, ઉચ્ચ શિક્ષણ સંસ્થાઓ સાથે જોડાવાના અભિયાનના નેજા હેઠળ ઉચ્ચ શિક્ષણ સંસ્થાઓ પાસેથી, પ્રોત્સાહિત કરવામાં આવશે કે તેઓ ટૂંકા ગાળાનો તાલીમ કાર્યક્રમ કરે અને સ્વૈચ્છિક કાર્યકર તરીકે અથવા તો વ્યાપક સ્તરે પ્રશિક્ષક તરીકે પ્રૌઢ શિક્ષણ પ્રશિક્ષકના રૂપમાં અથવા 'એક સાથે એક' એમ ખાનગી પ્રેરક તરીકે કામ કરે. રાષ્ટ્ર માટે કરેલી આ મહત્વપૂર્ણ સેવા બદલ તેઓને સન્માનિત પણ કરવામાં આવશે. રાજ્ય, સાક્ષરતા અને પ્રૌઢ શિક્ષણની દિશામાં પ્રયત્નોને પ્રોત્સાહન આપવા માટે બિન-સરકારી સંસ્થાઓ અન્ય-સમુદાય સંગઠનો સાથે પણ કામ કરશે.

**૨૧.૮**. ચોથું, સમુદાયના સભ્યો પ્રૌઢ શિક્ષણ કાર્યક્રમમાં ભાગ લે તે સુનિશ્ચિત કરવા માટેના તમામ પ્રયત્નો કરવામાં આવશે. જે સામજિક કાર્યકર સમુદાયોમાં જઇને નામાંકિત ન હોય એવા તેમજ શાળા છોડી દીધી હોય તેવા વિદ્યાર્થીઓને શોધશે અને તેમની ભાગીદારી સુનિશ્ચિત કરશે, તેઓને પણ માતાપિતા, કિશોરો અને અન્ય રસ ધરાવતા લોકોની માહિતી એકત્રિત કરવા વિનંતી કરવામાં આવશે. જે પ્રેરક/વિદ્યાર્થી /પ્રશિક્ષક તરીકે પ્રૌઢ શિક્ષણમાં રુચિ રાખતા હોય; તદ્દુપરાંત સામાજિક/સલાહકાર કાર્યકર્તા; આ બધાં જ લોકોની સૂચના સ્થાનિક પ્રૌઢ શિક્ષણ કેન્દ્રોને આપશે અને તેને આની સાથે જોડશે. જાહેરાતો અને ઘોષણાઓ તથા બિન-સરકારી સંસ્થાઓ અને અન્ય સ્થાનિક સંગઠનોની પ્રવૃત્તિઓ તથા વિવિધ પહેલ (શરૂઆતો)ના માધ્યમથી પણ પ્રૌઢ શિક્ષણની તકોનો વ્યાપકપણે પ્રચાર કરવામાં આવશે.

**૨૧.૯**. પાંચમું, સમુદાયો અને શૈક્ષણિક સંસ્થાનોમાં અભ્યાસ કરવાની ટેવ વિકસાવવા પુસ્તકો સુધીની પહોંચ અને પ્રાપ્યતાને વધુ સારી બનાવવી જરૂરી છે. આ નીતિ ભલામણ કરે છે કે તમામ સમુદાયો, શૈક્ષણિક સંસ્થાઓ- વિદ્યાલય, મહાવિદ્યાલય અને વિશ્વવિદ્યાલયમાં એવાં પુસ્તકોનો યોગ્ય પુરવઠો સુનિશ્ચિત કરવો કે જેથી દરેક વિદ્યાર્થીઓ - જેમાં વિશેષ જરૂરિયાતવાળા વિદ્યાર્થીઓ પણ સામેલ છે, તેમની જરૂરિયાતો અને રુચિને પૂરી કરી શકાય. કેન્દ્ર અને રાજ્ય સરકાર એ સુનિશ્ચિત કરશે કે દેશભરમાં દરેક - જેમાં સામાજિક આર્થિક રીતે વંચિત લોકો, તેમજ ગ્રામીણ અને અંતરિયાળ વિસ્તારોમાં રહેતા લોકો પણ સામેલ છે, પુસ્તકો સુધી પહોંચી શકે અને બધા માટે પુસ્તકોનું મૂલ્ય તેમની ખરીદ ક્ષમતાની અંદર હોય. જાહેર અને ખાનગી બંને પ્રકારની એજન્સીઓ/સંસ્થાઓ ભારતીય ભાષાઓમાં પ્રસિદ્ધ થયેલ પુસ્તકોની ગુણવત્તા અને આકર્ષણ વધારવા માટેની વ્યૂહરચના બનાવવામાં કામ કરશે. પુસ્તકોની ઓનલાઇન ઉપલબ્ધતાને વધુ સારી કરવા અને વિજાણું (**Digital**) પુસ્તકાલયને વધુ વ્યાપક બનાવવા માટે પગલાં લેવામાં આવશે. સમુદાયો અને શૈક્ષણિક સંસ્થાઓમાં ઊર્જાસભર પુસ્તકાલયોની રચના અને તેનું સફળ સંચાલન સુનિશ્ચિત કરવા માટે વાજબી સંખ્યામાં પુસ્તકાલય કર્મચારીઓની ઉપલબ્ધતા થાય તથા તેમના વ્યાવસાયિક વિકાસ માટે તેવું

કારકિર્દી વ્યવસ્થાપન માળખું બનાવવાની જરૂર છે. અન્ય પ્રયત્નોમાં વિદ્યાલયના પુસ્તકાલયોને સમૃદ્ધ બનાવવા, વંચિત વિસ્તારોમાં ગ્રામીણ પુસ્તકાલયો તેમજ વાંચનાલયોની સ્થાપના કરવી, ભારતીય ભાષાઓમાં વાંચન સામગ્રી ઉપલબ્ધ કરાવવી, બાળ-પુસ્તકાલય તેમજ ફરતું-પુસ્તકાલય ખોલવા, ભારતભરમાં વિવિધ વિષયોની સામાજિક પુસ્તક ક્લબની સ્થાપના તથા શૈક્ષણિક સંસ્થાન અને પુસ્તકાલયોમાં પરસ્પર સહયોગ વધારવાનો સમાવેશ થાય છે.

**૨૧.૧૦**. છેલ્લે, ઉપરોક્ત તમામ પાસાને દ્રઢ કરવા માટે તકનીકીનો લાભ લેવામાં આવશે. સરકારી અને લોકકલ્યાણકારી પહેલ (શરૂઆતો) તેમજ સાથે સાથે જાહેર વિજાણું સ્રોત અને સ્પર્ધાઓ દ્વારા પ્રૌઢ શિક્ષણ માટે ગુણવત્તાયુક્ત તકનીકી આધારિત વિકલ્પ, જેવા કે એપ, ઓનલાઇન કોર્સ/મોડ્યુલ, ઉપગ્રહ આધારિત ટીવી ચેનલો, ઓનલાઇન પુસ્તકો અને **ICT** થી સુસજ્જ પુસ્તકાલયો અને પ્રૌઢ શિક્ષણ કેન્દ્ર વગેરે વિકસિત કરવામાં આવશે. ઘણી બાબતોમાં, ગુણવત્તાયુક્ત પ્રૌઢ શિક્ષણનું સંચાલન ઓનલાઇન અથવા મિશ્રિત સ્થિતિમાં ચલાવી શકાશે.

## ૨૨. ભારતીય ભાષાઓ, કલા અને સંસ્કૃતિનું સંવર્ધન

**૨૨.૧**. ભારત સંસ્કૃતિનો સમૃદ્ધ ભંડાર છે - જે હજારો વર્ષોમાં વિકસિત થયેલ છે અને અહીં કલા, સાહિત્યિક કૃતિઓ, પ્રથાઓ, પરંપરાઓ, ભાષાકીય અભિવ્યક્તિઓ, કલાકૃતિઓ, ઐતિહાસિક તથા  સાંસ્કૃતિક ધરોહરના સ્થાનો વગેરેમાં અભિવ્યક્ત થતું દેખાય છે. ભારતમાં ભ્રમણ, ભારતીય આતિથ્ય સત્કારનો અનુભવ લેવો, ભારતની સુંદર હસ્તકલા અને હાથ બનાવટના વસ્ત્રો ખરીદવા, ભારતના પ્રાચીન સાહિત્યનું વાચન કરવું, યોગ અને ધ્યાનનો અભ્યાસ કરવો, ભારતીય દર્શનશાસ્ત્રથી પ્રેરિત થવું, ભારતના અનન્ય તહેવારોમાં ભાગ લેવો, ભારતના વૈવિધ્યપૂર્ણ સંગીત તથા કલાની પ્રશંસા કરવી અને ભારતીય ચલચિત્રોને જોવા વગેરે એવા કેટલાક આયામ છે જેના દ્વારા વિશ્વભરના કરોડો લોકો પ્રતિદિન આ સાંસ્કૃતિક ધરોહર સાથે જોડાય છે, તેનો આનંદ માણે છે અને લાભ પ્રાપ્ત કરે છે. આ સાંસ્કૃતિક અને પ્રાકૃતિક સંપદા છે કે જે ભારતના પર્યટન સૂત્ર મુજબ ભારતને ખરેખર "અતુલ્ય! ભારત" બનાવે છે. ભારતની આ જ સાંસ્કૃતિક સંપત્તિનું સંરક્ષણ અને સંવર્ધન અને પ્રસાર, દેશની અગ્રીમ પ્રાથમિકતા હોવી જોઈએ, કારણ કે તે દેશની ઓળખની સાથે સાથે તેની અર્થવ્યવસ્થા માટે પણ ખૂબ જ મહત્વપૂર્ણ છે.

**૨૨.૨**. ભારતીય કલા અને સંસ્કૃતિનુ સંવર્ધન ફક્ત રાષ્ટ્ર માટે જ નહિ પરંતુ વ્યક્તિ માટે પણ મહત્વપૂર્ણ છે. બાળકોમાં સંસ્કૃતિ સાથે પોતાની ઓળખ અને તાદાત્મ્ય કેળવવા અને અન્ય સંસ્કૃતિઓની કદર કરવા માટે, સાંસ્કૃતિક જાગૃતિ અને અભિવ્યક્તિ જેવી પ્રમુખ ક્ષમતાઓ બાળકોમાં વિકસાવવી જરૂરી છે.બાળકોમાં તેમના સાંસ્કૃતિક ઇતિહાસ, કલા, ભાષા અને પરંપરાની ભાવના તથા જ્ઞાનના વિકાસ દ્વારા જ એક સકારાત્મક સાંસ્કૃતિક ઓળખ અને આત્મ-સન્માન નિર્મિત કરી શકાય છે. આથી, વ્યક્તિગત અને સામાજિક કલ્યાણ માટે સાંસ્કૃતિક જાગૃતિ અને અભિવ્યક્તિનું પ્રદાન મહત્વપૂર્ણ છે.

**૨૨.૩**. સંસ્કૃતિના પ્રસાર માટેનું સૌથી મહત્વપૂર્ણ સાધન કલા છે. કલા- સાંસ્કૃતિક ઓળખ અને જાગૃતિને સમૃદ્ધ બનાવવા અને સમુદાયોને ઉન્નત કરવા ઉપરાંત વ્યક્તિઓમાં બોધાત્મક અને સર્જનાત્મક ક્ષમતા વિકસિત કરવા તથા વ્યક્તિગત આનંદ વધારવા જાણીતી છે. વ્યક્તિગત પ્રસન્નતા/સુખાકારી, બોધાત્મક વિકાસ અને સાંસ્કૃતિક ઓળખ એ મહત્વપૂર્ણ કારણો છે કે જેના માટે તમામ પ્રકારની ભારતીય કલાઓ, પ્રારંભિક બાલ્યાવસ્થાની સંભાળ તથા શિક્ષણના શરૂઆતથી જ તમામ સ્તરે વિદ્યાર્થીઓને પ્રદાન કરવી જોઈએ.

**૨૨.૪**. ભાષા, નિ:સંદેહ કલા અને સંસ્કૃતિ સાથે અતૂટ રીતે જોડાયેલ છે. વિવિધ ભાષાઓ, દુનિયાને જુદી જુદી રીતે જુએ છે, તેથી મૂળભૂત રીતે કોઇ ભાષા બોલવાવાળા વ્યક્તિ પોતાના અનુભવોને કેવી રીતે સમજે છે અથવા તેને કેવી રીતે ગ્રહણ કરે છે તે એ ભાષાની સંરચનાથી નક્કી થાય છે. ખાસ કરીને, કોઇ એક સંસ્કૃતિના લોકોની બીજી સંસ્કૃતિના

લોકો સાથે વાતચીત કરવી જેવા કે કુટુંબના સભ્યો, અધિકૃત વ્યક્તિઓ(વડીલો), સમવયસ્કો, અપરિચિત વગેરે ભાષાથી પ્રભાવિત થાય છે તથા વાતચીતની પદ્ધતિ પણ પ્રભાવિત કરે છે. અનુભવોની સમજ અને તે જ ભાષાના વ્યક્તિઓની સાથેની વાતચીતમાં પરિચિતતા 'પોતીકાપણું' આ બધુ સંસ્કૃતિનું પ્રતિબિંબ અને દસ્તાવેજ છે. તેથી, સંસ્કૃતિ આપણી ભાષાઓમાં જડિત છે. સાહિત્ય, નાટક, સંગીત, ફિલ્મ વગેરે સ્વરૂપમાં કલાની સંપૂર્ણ પ્રશંસા ભાષા સિવાય શક્ય નથી. સંસ્કૃતિના સંરક્ષણ, સંવર્ધન અને પ્રસાર માટે, આપણે તે સંસ્કૃતિની ભાષાઓનું સંરક્ષણ અને સંવર્ધન કરવું પડશે.

**૨૨.૫.** દુર્ભાગ્યે, ભારતીય ભાષાઓ પ્રત્યે યોગ્ય ધ્યાન અને કાળજી રાખવામાં આવ્યા નથી, જેના કારણે છેલ્લા ૪૦ વર્ષમાં દેશ ૨૨૦ ભાષાઓ ગુમાવી બેઠો છે. યુનેસ્કોએ 197 ભારતીય ભાષાઓને 'લુપ્ત પ્રાય' જાહેર કરી છે. જુદી જુદી ભાષાઓ વિલુપ્ત થવાને આરે છે, ખાસ કરીને તે ભાષાઓ એવી છે કે જેની લિપિ નથી. જ્યારે આ ભાષા બોલવાવાળા કોઇ સમુદાય અથવા જનજાતિના વરિષ્ઠ સભ્યનું મૃત્યુ થાય છે તો પણ તેમની સાથે ભાષા સમાપ્ત થાય છે; અને ઘણીવાર આ સમૃદ્ધ ભાષાઓ/સંસ્કૃતિઓની અભિવ્યક્તિને સાચવવા અથવા દસ્તાવેજીકરણ કરવા માટે કોઈ પ્રક્રિયા અથવા ઉપાય કરવામાં આવતા નથી.

**૨૨.૬.** આ ઉપરાંત, તે ભારતીય ભાષાઓ કે જે સત્તાવાર રીતે લુપ્તપ્રાય ભાષાઓની સૂચિમાં નથી - જેમ કે આઠમી અનુસૂચિની ૨૨ ભાષાઓ પણ વિવિધ પ્રકારની સમસ્યાઓનો સામનો કરી રહી છે.ભારતીય ભાષાઓના અધ્યયન અને અધ્યાપનને શાળા અને ઉચ્ચ શિક્ષણના દરેક સ્તરે સંકલિત કરવાની જરૂર છે. ભાષાઓ પ્રાસંગિક અને જીવંત રહે તે માટે, આ ભાષાઓમાં ઉચ્ચ ગુણવત્તાપૂર્ણ અધ્યયન અને મુદ્રિત સામગ્રીનો સતત પ્રવાહ હોવો જોઈએ - જેમાં પાઠ્યપુસ્તક, કાર્યપુસ્તિકા, વીડિયો, નાટક, કવિતાઓ, નવલકથા, પત્રિકાઓ વગેરે સામેલ છે. ભાષાઓના શબ્દકોષો અને શબ્દભંડાળને વિશેષત: સતત અપડેટ અદ્યતન બનાવતાં રહેવું જોઈએ અને તેનો પ્રસાર પણ કરવો જોઈએ કે જેમાં વર્તમાન સમસ્યાઓ અને ખ્યાલો પર આ ભાષાઓમાં ચર્ચાઓ કરી શકાય. વિશ્વના દેશો દ્વારા અંગ્રેજી, ફ્રેંચ, જર્મન, હિબ્રુ, કોરિયન, જાપાની વગેરે ભાષાઓમાં આ પ્રકારની અદ્યતન મુદ્રિત સામગ્રી બનાવાય છે અને દુનિયાની અન્ય ભાષાઓની મહત્વપૂર્ણ સામગ્રીનો અનુવાદ કરાય છે તથા શબ્દભંડોળને સતત અદ્યતન કરવામાં આવે છે. પરંતુ આપણી ભાષાઓને જીવંત અને પ્રાસંગિક બનાવી રાખવામાં મદદરૂપ એવી અધ્યયન સામગ્રી, મુદ્રિત સામગ્રી અને શબ્દકોષ બનાવવાની બાબતમાં ભારતની ગતિ ખૂબ ધીમી રહી છે.

**૨૨.૭.** આ ઉપરાંત અનેક ઉપાયો કરવા છતાં ભારતમાં ભાષા શીખવનાર કુશળ શિક્ષકોની મોટેભાગે અછત છે. ભાષા-શિક્ષણને પણ એવી રીતે સુધારવું જોઈએ કે જેથી તે વધુ અનુભવ આધારિત બને અને કેવળ સાહિત્ય, શબ્દભંડોળ અને ભાષાનું વ્યાકરણ પર જ નહીં, પરંતુ ભાષામાં વાતચીત અને પ્રત્યાયન કરવાની ક્ષમતા પર પણ ધ્યાન કેન્દ્રિત થાય. વાતચીત અને અધ્યયન-અધ્યાપન માટે ભાષાનો ઉપયોગ વધુ વ્યાપક પણે થવો જોઈએ.

**૨૨.૮.** શાળાના બાળકોમાં ભાષાઓ, કલા અને સંસ્કૃતિને પ્રોત્સાહન આપવા માટે પ્રકરણ 4 માં અનેક પહેલની ચર્ચા કરવામાં કરેલ છે. જેમાં શાળાના દરેક સ્તર પર સંગીત, કલા અને હસ્તકલા પર વધુ ભાર મૂકવો, બહુભાષ્યતાને પ્રોત્સાહન આપવા માટે ત્રિ-ભાષાના સૂત્રનો વહેલો અમલ અને સાથે સાથે જ્યાં શક્ય હોય ત્યાં માતૃભાષા/સ્થાનિક ભાષામાં શિક્ષણ તથા અનુભવ આધારિત ભાષા શિક્ષણ; ઉત્કૃષ્ટ સ્થાનિક કલાકારો, લેખકો, કારીગરો અને અન્ય નિષ્ણાતોને સ્થાનીય તજ્જ્ઞતાના વિવિધ વિષયોમાં વિશિષ્ટ પ્રશિક્ષક તરીકે શાળા સાથે જોડવા; પરંપરાગત ભારતીય જ્ઞાનમાં આદિવાસી અને અન્ય સ્થાનિક જ્ઞાનનો સચોટ સમાવેશ સમગ્ર અભ્યાસક્રમમાં કરવો, માનવવિદ્યાશાખા, વિજ્ઞાન, કલા, હસ્તકલા અને રમતગમત - જ્યાં પણ સંબધિત હોય ત્યાં, વધુ સુગમતા સાથે ખાસ કરીને માધ્યમિક શાળાઓમાં અને ઉચ્ચ શિક્ષણમાં સમાવેશ કરવો જેથી વિદ્યાર્થીઓ તમામ અભ્યાસક્રમોમાં સર્જનાત્મક, કલાત્મક, સાંસ્કૃતિક અને શૈક્ષણિક માર્ગો વિકસાવવા માટે આદર્શ સંતુલન કેળવી શકે.

**૨૨.૯**. ઉચ્ચ શિક્ષણ અને તેનાથી આગળના શિક્ષણ માટે તાલમેલ બેસાડવા નીચે દર્શાવેલ મુખ્ય પહેલને શક્ય બનાવવા માટે હવે પછી પણ ઘણાં પગલાંઓ લેવામાં આવશે. સૌ પ્રથમ, ઉપર મુજબના વિવિધ પ્રકારના અભ્યાસક્રમો વિકસાવવા અને શીખવવા માટે, શિક્ષકો અને અધ્યાપકોની ઉત્કૃષ્ટ ટીમ રચાવી પડશે. ભારતીય ભાષાઓ, તુલનાત્મક સાહિત્ય, સર્જનાત્મક લેખન, કલા, સંગીત, તત્વજ્ઞાન વગેરેના કાર્યક્ષમ વિભાગો અને કાર્યક્રમો સમગ્ર દેશભરમાં શરૂ કરવામાં આવશે અને આ વિષયોમાં (4 વર્ષની બી.એડ્. ડ્યુઅલ ડિગ્રી સહિતની) પદવીઓ વિકસાવવામાં આવશે. આ વિભાગો અને કાર્યક્રમો, આ શિક્ષણ નીતિને અમલમાં મૂકવા માટે દેશભરમાં ખાસ કરીને ઉચ્ચગુણવત્તાયુક્ત ભાષાના શિક્ષકોના એક મોટા સંવર્ગને તૈયાર કરવામાં મદદ કરશે સાથે સાથે કલા, સંગીત, તત્વજ્ઞાન અને લેખનના શિક્ષકોને પણ તૈયાર કરાશે. જેથી આ નીતિને કાર્યાન્વિત કરવા માટે તરત જ આવશ્યકતા હશે. આ તમામ ક્ષેત્રોમાં ગુણવત્તાયુક્ત સંશોધન માટે **NRF** ભંડોળ પૂરું પાડશે. ઉત્કૃષ્ટ સ્થાનિક કલાકારો અને કારીગરોને સ્થાનિક સંગીત, કલા, ભાષાઓ અને હસ્તકલાને પ્રોત્સાહન આપવા માટે મુલાકાતી અધ્યાપક તરીકે રાખવામાં આવશે જેથી વિદ્યાર્થીઓ જ્યાં અભ્યાસ કરે છે તે સંસ્કૃતિ અને સ્થાનિક જ્ઞાનથી વાકેફ છે તે સુનિશ્ચિત થાય. દરેક ઉચ્ચ શિક્ષણ સંસ્થા અને દરેક શાળા કે શાળા સંકુલનો ઉદ્દેશ એવો હોવો જોઈએ કે નિવાસી શિક્ષકો રાખે કે જેથી કલા, સર્જનાત્મકતા અને પ્રદેશ/દેશના સમૃદ્ધ ખજાનાથી વિદ્યાર્થીઓને વાકેફ કરી શકાય.

**૨૨.૧૦**. વધુ ઉચ્ચ શિક્ષણ સંસ્થાઓ અને ઉચ્ચ શિક્ષણમાં વધુ કાર્યક્રમો માટે ભાષા શિક્ષણના માધ્યમ તરીકે માતૃભાષા/સ્થાનિક ભાષાનો ઉપયોગ કરાશે અને/અથવા દ્વિભાષી કાર્યક્રમોની રજૂઆત કરશે જેથી પ્રવેશ અને કુલ નોંધણી ગુણોત્તર એમ બંનેમાં વધારો થાય અને તમામ ભારતીય ભાષાઓની તાકાત, ઉપયોગ અને જીવંતતાને પ્રોત્સાહન મળે; ખાનગી ઉચ્ચ શિક્ષણ સંસ્થાઓને પણ ભારતીય ભાષાઓનો શિક્ષણના માધ્યમ તરીકે અને/અથવા દ્વિભાષી કાર્યક્રમોની રજૂઆત કરે છે. તેમને પ્રોત્સાહિત કરી આગળ વધારવામાં આવશે. ચાર વર્ષના બી.એડ્.ડ્યુઅલ પદવી કાર્યક્રમોને બે ભાષાઓમાં ચલાવવાથી પણ મદદ મળશે જેમ કે દેશભરની શાળાઓમાં વિજ્ઞાનને બે ભાષામાં શીખવવા વિજ્ઞાન અને ગણિતના શિક્ષકોના સંવર્ગને તાલીમ આપવામાં પણ મદદ મળશે.

**૨૨.૧૧**. ઉચ્ચ શિક્ષણ વ્યવસ્થામાં અનુવાદ અને વિવેચન, કલા અને સંગ્રહાલય વહીવટ, પુરાતત્વ, કલાકૃતિ સંરક્ષણ, ગ્રાફિક ડિઝાઇન અને વેબ ડિઝાઇનનું નિર્માણ ઉચ્ચ ગુણવત્તાપૂર્ણ કાર્યક્રમો અને પદવીઓનું સર્જન કરવામાં આવશે. પોતાની કલા અને સંસ્કૃતિને સાચવવા અને પ્રોત્સાહન આપવા માટે, વિવિધ ભારતીય ભાષાઓમાં ઉચ્ચ ગુણવત્તાયુક્ત સામગ્રી વિકસાવવા, કલાકૃતિઓનું સંરક્ષણ કરવા, સંગ્રહાલયો અને વારસા અથવા પ્રવાસન સ્થળોની જાળવણી **(Curate)** કરવા અને ચલાવવા માટે ઉચ્ચ લાયકાત ધરાવતી વ્યક્તિઓનો તૈયાર કરવા, જેથી પ્રવાસન ઉદ્યોગને પણ વિકસાવી શકાય.

**૨૨.૧૨**. આ નીતિ સ્વીકારે છે કે વિદ્યાર્થીઓએ ભારતની સમૃદ્ધ વિવિધતાનું જ્ઞાન સૌ પ્રથમ આત્મસાત કરવું જોઈએ. તેનો અર્થ એ થયો કે સરળ પ્રવૃત્તિઓમાં વિદ્યાર્થીઓ દ્વારા દેશના જુદા જુદા ભાગોમાં પ્રવાસ કરવો વગેરે બાબતોનો સમાવેશ થશે, જે માત્ર પ્રવાસનને પ્રોત્સાહન આપશે એટલું જ નહીં, પરંતુ સમજણ તરફ દોરી જશે અને ભારતના વિવિધ ભાગોની વિવિધતા, સંસ્કૃતિ, પરંપરાઓ અને જ્ઞાનની પ્રશંસા પણ થશે. 'એક ભારત શ્રેષ્ઠ ભારત' અંતર્ગત દેશના 100 પ્રવાસન સ્થળોની ઓળખ કરાવામાં આવશે, જેમાં શૈક્ષણિક સંસ્થાઓ વિદ્યાર્થીઓને આ સ્થળો અને તેમના ઇતિહાસ, વૈજ્ઞાનિક યોગદાન, પરંપરાઓ, સ્વદેશી સાહિત્ય અને જ્ઞાન વગેરેનો અભ્યાસ કરવા મોકલશે.

**૨૨.૧૩**. ઉચ્ચ શિક્ષણમાં કલા, ભાષાઓ અને માનવવિદ્યાશાખાના ક્ષેત્રોમાં એવા કાર્યક્રમ બનાવવા કે જેથી રોજગારની તકો ઉભી થાય. આ પ્રકારના કાર્યક્રમો અને પદવીઓનું નિર્માણ રોજગારી માટે ઉચ્ચગુણવત્તાયુક્ત તકો પણ સાથે ઉત્પન્ન થશે, જે આ લાયકાતોનો અસરકારક ઉપયોગ કરી શકે છે. હજુ પણ સેંકડો એકેડેમી, સંગ્રહાલયો, આર્ટ ગેલેરીઓ અને હેરિટેજ સાઇટ્સને જેમની અસરકારક રીતે કામગીરી માટે લાયક વ્યક્તિઓની ગંભીર જરૂરિયાત છે.

જેવી આ જગ્યાઓ યોગ્ય લાયકાત ધરાવતા ઉમેદવારોથી ભરાશે અને વધુ કલાકૃતિઓને ભેગી કરી શકાશે અને સંરક્ષિત કરી શકાશે, આ સિવાય સંગ્રહાલય જેમાં વર્ચ્યુઅલ મ્યુઝિયમ/ઇ-મ્યુઝિયમની સાથે, ગેલેરીઓ અને હેરિટેજ સાઇટ્સ સહિતના આપણા વારસા અને ભારતના પ્રવાસન ઉદ્યોગને સંરક્ષિત રાખી શકાશે.

**૨૨.૧૪.** અનુવાદ અને વિવેચનાના સંદર્ભમાં ભારત પોતાના પ્રયત્નોને ઝડપથી વિસ્તારીત કરશે, જેનાથી સામાન્ય જનતાને વિવિધ ભારતીય અને વિદેશી ભાષાઓમાં ઉચ્ચ ગુણવત્તાયુક્ત અધ્યયન સામગ્રી અને અન્ય મહત્વપૂર્ણ લેખિત અને મૌખિક સામગ્રી ઉપલબ્ધ બની શકે. આ માટે ભારતીય અનુવાદ અને અર્થઘટન સંસ્થાન (**IITI**) ની સ્થાપના કરવામાં આવશે. આવી સંસ્થા દેશ માટે ખરેખર મહત્વપૂર્ણ સેવા પૂરી પાડશે તેમજ અસંખ્ય બહુભાષી ભાષા અને વિષય નિષ્ણાતો અને અનુવાદ અને અર્થઘટનના નિષ્ણાતોને રોજગારી આપશે, જે તમામ ભારતીય ભાષાઓને પ્રોત્સાહન આપવામાં મદદ કરશે. **IITI** તેના અનુવાદ અને અર્થઘટનના પ્રયાસોને વિકસાવશે અને જેમ જેમ લાયકાત ધરાવતાં ઉમેદવારોની જરૂરિયાત વધશે, દેશભરના વિવિધ સ્થળોએ તેને શરૂ કરી શકાશે જેથી સંશોધન વિભાગની સાથે સહભાગીતા સુગમતાથી થઇ શકે.

**૨૨.૧૫.** સંસ્કૃત ભાષાના બૃહદ અને મહત્વપૂર્ણ યોગદાન અને વિભિન્ન વિષયો અને સાહિત્યના વિવિધ પ્રકારો પર, તેનું સાંસ્કૃતિક મહત્વ અને તેના વૈજ્ઞાનિક સ્વભાવને કારણે સંસ્કૃતને કેવળ એક પ્રવાહવાળી પાઠશાળાઓ અને વિશ્વવિદ્યાલયો સુધી સીમિત ન રાખતાં તેને શાળાઓમાં ત્રિ-ભાષી સૂત્ર અંતર્ગત એક વિકલ્પ સ્વરૂપે તથા ઉચ્ચ શિક્ષણમાં પણ તેને મુખ્ય પ્રવાહમાં લાવવામાં આવશે. તેને એકલતામાં નહીં, પરંતુ રસપ્રદ અને નવીન રીતે ગણિત, ખગોળશાસ્ત્ર, તત્વજ્ઞાન, ભાષાશાસ્ત્ર, નાટ્યવિદ્યા, યોગ જેવા અન્ય સમકાલીન અને પ્રસ્તુત વિષયો સાથે જોડવામાં આવશે. આમ, બાકીની નીતિને અનુરૂપ સંસ્કૃત વિશ્વવિદ્યાલયો પણ ઉચ્ચ શિક્ષણની મોટી બહુવિદ્યાશાખાકીય સંસ્થાઓ બનવાની દિશામાં આગળ વધશે; સંસ્કૃત વિભાગો કે જે સંસ્કૃત જ્ઞાન પદ્ધતિઓ પર આધારિત શિક્ષણ અને ઉત્કૃષ્ટ આંતરવિદ્યાશાખાકીય સંશોધન હાથ ધરતાં હોય તેમને સંપૂર્ણ નવીન બહુવિદ્યાશાખાકીય ઉચ્ચ શિક્ષણ વ્યવસ્થામાં સ્થાપિત/મજબૂત કરવામાં આવશે. જો કોઈ વિદ્યાર્થી ઇચ્છે તો સંસ્કૃત એક સંપૂર્ણ બહુવિદ્યાશાખાકીય ઉચ્ચ શિક્ષણનો કુદરતી ભાગ બની જશે. એક અભિયાનની જેમ સમગ્ર દેશમાં મોટી સંખ્યામાં સંસ્કૃત શિક્ષકોનું વ્યાવસાયિકીકરણ ૪ વર્ષનો સંકલિત બહુવિદ્યાશાખાકીય બી.એડ્.- બે પદવી શિક્ષણ અને સંસ્કૃત દ્વારા કરવામાં આવશે.

**૨૨.૧૬.** આ જ રીતે ભારત તમામ શાસ્ત્રીય ભાષાઓ અને સાહિત્યનો અભ્યાસ કરતી પોતાની સંસ્થાઓ અને વિશ્વવિદ્યાલયોનું વિસ્તરણ કરશે, જેમાં હજુ સુધી તેમનું યોગ્ય ધ્યાન મળ્યું નથી તેવી હજારો હસ્તપ્રતોને એકત્રિત કરવા, તેનું ભાષાંતર કરવા અને તેનો અભ્યાસ કરવાના સઘન પ્રયાસો કરશે . એવી જ રીતે બધી જ સંસ્થાઓ અને વિશ્વવિદ્યાલયો જેમાં શાસ્ત્રીય ભાષાઓ અને સાહિત્યનું અધ્યાપન થાય છે તેમનો વિસ્તાર કરવામાં આવશે. હજુ સુધી ઉપેક્ષિત રહેલી લાખો હસ્તપ્રતોનો સંગ્રહ, સંરક્ષણ, અનુવાદ અને અભ્યાસનો દૃઢ પ્રયત્ન કરવામાં આવશે. સંસ્કૃત અને દેશની તમામ ભારતીય ભાષા સંસ્થાઓ અને વિભાગોને નોંધપાત્ર રીતે સક્ષમ બનાવવામાં આવશે, જેમાં વિદ્યાર્થીઓને અભ્યાસ માટે પર્યાપ્ત તાલીમ ખાસ કરીને મોટી સંખ્યામાં હસ્તપ્રતો અને અન્ય વિષયો સાથેના તેમના આંતરસંબંધો વિષે આપવામાં આવશે, શાસ્ત્રીય ભાષા સંસ્થાઓ પોતાની સ્વાયત્તા અકબંધ રાખવાની સાથે વિશ્વવિદ્યાલયોની સાથે સંબંધિત થવાનો પ્રયત્ન કરશે જેથી સઘન અને ગહન બહુવિદ્યાશાખાકીય કાર્યક્રમોના ભાગરૂપે અધ્યાપકો કામ કરી શકે અને વિદ્યાર્થીઓ પણ પ્રશિક્ષણ મેળવી શકાશે. સમાન ઉદેશ્ય પ્રાપ્ત કરવા માટે, ભાષાઓને સમર્પિત વિશ્વવિદ્યાલયો પણ બહુવિદ્યાશાખાકીય બનશે; જ્યાં પ્રસ્તુત હોય ત્યાં તેઓ શિક્ષણમાં બેવડી પદવી પ્રદાન કરશે જેથી તે ભાષામાં ઉત્કૃષ્ટ ભાષાના શિક્ષકો તૈયાર થઇ શકે. વધુમાં, ભાષાઓ માટે એક નવી સંસ્થાની સ્થાપના કરવાનો પણ પ્રસ્તાવ છે. વિશ્વવિદ્યાલય પરિસરમાં પાલી, ફારસી અને પ્રાકૃત ભાષાઓ માટે એક રાષ્ટ્રીય સંસ્થા/ સંસ્થાનો (નેશનલ ઇન્સ્ટિટ્યૂટ (અથવા ઇન્સ્ટિટ્યૂટ્સ) પણ સ્થાપવામાં આવશે. ભારતીય કલા, કલાના ઈતિહાસ અને

ભારતવિદ્યાનો અભ્યાસ કરતી સંસ્થાઓ અને વિશ્વવિદ્યાલયો માટે પણ આવી જ પહેલ કરવામાં આવશે. આ તમામ ક્ષેત્રોમાં ઉત્કૃષ્ટ સંશોધનને **NRF** દ્વારા ટેકો આપવામાં આવશે.

**૨૨.૧૭**. શાસ્ત્રીય, આદિવાસી અને લુપ્ત થતી ભાષાઓ સહિત તમામ ભારતીય ભાષાઓને સાચવવા અને પ્રોત્સાહન આપવા માટેના પ્રયાસો નવા જોશ સાથે હાથ ધરવામાં આવશે. લોકોની વ્યાપક ભાગીદારી સાથે તકનીકી અને જાહેર વિજાણું સ્રોત આ પ્રયાસોમાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવશે.

**૨૨.૧૮**. ભારતના બંધારણની આઠમી અનુસૂચિમાં ઉલ્લેખ કરાયેલી દરેક ભાષા માટે, અકાદમીની સ્થાપના કરવામાં આવશે જેમાં પ્રત્યેક ભાષાના મહાન વિદ્વાનો અને મૂળરૂપેથી તે ભાષા બોલવાવાળા લોકોનો સમાવેશ કરવામાં આવશે, જેથી તાજેતરના ખ્યાલો માટે સરળ છતાં સચોટ શબ્દભંડોળ નક્કી કરી શકાય અને નિયમિતપણે નવા શબ્દકોશો (વિશ્વની અન્ય ઘણી ભાષાઓ માટે સફળ પ્રયાસોની જેમ) પ્રસારિત કરી શકાય. આ શબ્દકોશોના નિર્માણ માટે એકેડેમી એકબીજાની સલાહ પણ લેશે અને કેટલાક કિસ્સાઓમાં શક્ય હોય ત્યારે સામાન્ય લોકો પાસેથી શ્રેષ્ઠ સૂચનો લે, જ્યારે પણ શક્ય બને ત્યારે શબ્દોને અપનાવવાનો પ્રયાસ પણ કરવામાં આવે. આ શબ્દકોશો વ્યાપકપણે પ્રસારિત થાય જેથી શિક્ષણ, પત્રકારત્વ, લેખન, વ્યાખ્યાન નિર્માણ વગેરેમાં તેનો ઉપયોગ થઇ શકે અને તેનાથી આગળ, અને વેબ તેમજ પુસ્તક સ્વરૂપે ઉપલબ્ધ થઇ શકે. આઠમી અનુસૂચિની ભાષાઓ માટેની આ એકેડેમીને કેન્દ્ર સરકાર દ્વારા રાજ્ય સરકારો સાથે પરામર્શ કરીને અથવા તેમની સાથેના સહયોગથી મળીને સ્થાપિત કરવામાં આવશે. એવી જ રીતે વ્યાપક સ્તરે બોલાતી અન્ય ભારતીય ભાષાઓ માટે અકાદમીની સ્થાપના પણ કેન્દ્ર અને/અથવા રાજ્યો દ્વારા કરવામાં આવશે.

**૨૨.૧૯**. ભારતની તમામ ભાષાઓ અને તેમની સંલગ્ન કલા અને સંસ્કૃતિનું દસ્તાવેજીકરણ વેબ આધારિત પ્લેટફોર્મ/પોર્ટલ/વિકિપીડીયા મારફતે કરવામાં આવશે, જેથી લુપ્ત થતી અને તમામ ભારતીય ભાષાઓ અને તેમની સંલગ્ન સમૃદ્ધ સ્થાનિક કલા અને સંસ્કૃતિને જાળવી રાખવામાં આવશે. આ મંચ પર વિડિયો, શબ્દકોષો, રેકોર્ડિંગ્સ અને અન્ય સામગ્રી જેમ કે ભાષા બોલવી (ખાસ કરીને વડીલો દ્વારા), વાર્તાઓ સાંભળવી, કવિતાનું પઠન કરવું, નાટકો કરવા, લોકગાયનો અને નૃત્યો વગેરે રજૂ કરાશે. દેશભરના લોકોને આ પ્લેટફોર્મ/પોર્ટલ/વિકિપીડીયામાં પ્રાસંગિક સામગ્રી ઉમેરી આ પ્રયાસોમાં યોગદાન આપવા માટે આમંત્રણ આપવામાં આવશે. વિશ્વવિદ્યાલયો અને તેમના સંશોધન જૂથો આ પ્રકારના મંચને સમૃદ્ધ કરવા માટે દેશભરના સમુદાયો સાથે કામ કરશે. આ સંરક્ષણ પ્રયાસો અને સંલગ્ન સંશોધન પ્રોજેક્ટ્સ, દા.ત. ઇતિહાસ, પુરાતત્વ, ભાષાવિજ્ઞાન વગેરે ને **NRF** દ્વારા નાણાંકીય સહાય પૂરી પાડવામાં આવશે.

**૨૨.૨૦**. સ્થાનિક તજ્જ્ઞ અને/અથવા ઉચ્ચ શિક્ષણ વ્યવસ્થામાં ભારતીય ભાષાઓ, કલા અને સંસ્કૃતિના અભ્યાસ માટે તમામ ઉંમરના લોકો માટે શિષ્યવૃત્તિ સ્થાપિત કરવામાં આવશે. ભારતીય ભાષાઓનું સંવર્ધન અને પ્રસાર ત્યારે જ શક્ય છે જ્યારે તેનો નિયમિત ઉપયોગ કરવામાં આવે અને તેનો ઉપયોગ અધ્યયન-અધ્યાપન માટે કરવામાં આવે. ભારતીય ભાષાઓમાં વિવિધ શ્રેણીઓમાં ઉત્કૃષ્ટ કવિતાઓ અને ગદ્ય માટે ઇનામો જેવા પ્રોત્સાહનો માટેના પગલાં લેવામાં આવશે, જેથી તમામ ભારતીય ભાષાઓમાં જીવંત કવિતા, નવલકથાઓ, વાસ્તવિક, પાઠ્યપુસ્તકો, પત્રકારત્વ અને અન્ય કૃતિઓ સુનિશ્ચિત કરવામાં આવશે. ભારતીય ભાષાઓમાં કુશળતાને રોજગારીની તકો માટે લાયકાતના માપદંડોના ભાગરૂપે સામેલ કરવામાં આવશે.

## ૨૩. તકનીકીનો ઉપયોગ અને સમન્વય

**૨૩.૧**. ભારત માહિતી અને સંચાર તકનીકીમાં અને અવકાશવિજ્ઞાન જેવા અન્ય અત્યાધુનિક ક્ષેત્રોમાં વૈશ્વિક અગ્રણી છે. ડિજિટલ ઇન્ડિયા અભિયાન સમગ્ર દેશને ડિજિટલ રીતે સશક્ત સમાજ અને જ્ઞાન અર્થતંત્રમાંપરિવર્તિત કરવામાં મદદ કરી રહ્યું છે. આ પરિવર્તનમાં શિક્ષણ મહ્ત્વપૂર્ણ ભૂમિકા ભજવશે, પરંતુ શૈક્ષણિક પ્રક્રિયાઓ અને અધ્યયન નીપજોમાં સુધારામાં તકનીકી પોતે જ મહ્ત્વપૂર્ણ ભૂમિકા ભજવશે; આમ, તમામ સ્તરેતકનીકી અને શિક્ષણ વચ્ચેનો સંબંધ અરસપરસ છે.

**૨૩.૨**. વિદ્યાર્થી ઉદ્યોગ સાહસિકો સહિત તકનીકી-સેવી શિક્ષકો અને ઉદ્યોગ સાહસિકોની સર્જનાત્મકતા સાથે સંકલાયેલા તકનીકી વિકાસની વિસ્ફોટક ગતિને જોતાં એ નક્કી છે કે તકનીકી શિક્ષણને અનેક રીતે અસર કરશે, જેમાંથી કેટલીક વર્તમાન સમયમાં આગાહી કરી શકાય છે. નવા તકનીકી ક્ષેત્ર જેવા કે કૃત્રિમ બુધ્ધિમત્તા **એઆઈ(AI)**, મશીન લર્નિંગ, બ્લોકચેઇન, સ્માર્ટ બોર્ડ, હેન્ડહેલ્ડ કમ્પ્યુટિંગ ડિવાઇસ, વિદ્યાર્થીઓના વિકાસ માટે એડેપ્ટિવ કમ્પ્યૂટર ટેસ્ટીંગ અને અન્ય પ્રકારના સોફ્ટવેર દ્વારા માત્ર એ પરિવર્તન નહિ થાય કે વિદ્યાર્થીઓ વર્ગખંડમાં શું શીખે છે, પરંતુ તેમાં પણ પરિવર્તન થશે કે તેઓ કેવી રીતે શીખે છે. આ રીતે આ ક્ષેત્રોમાં ભવિષ્યમાં પણ તકનીકી અને તેનાથી શૈક્ષણિક એમ બંને દૃષ્ટિથી વ્યાપક સંશોધનની જરૂર પડશે.

**૨૩.૩**. શિક્ષણના વિવિધ પાસાઓને સુધારવા માટે તકનીકીના ઉપયોગ અને સમન્વયને ટેકો આપવામાં આવશે અને અપનાવવામાં આવશે. પરંતુ તે પહેલાં બૃહદ સ્તર પર લાગુ કરાતા પહેલાં તેમનાં વાસ્તવિક સંદર્ભોમાં મજબૂત અને પારદર્શક રીતે મૂલ્યાંકન કરવામાં આવેલ હોય. શાળા અને ઉચ્ચ શિક્ષણ માટે શિક્ષણ,મૂલ્યાંકન, આયોજન, વહીવટ વગેરેમાં સુધારા માટે તકનીકીના ઉપયોગ પર વિચારોના મુક્ત આદાન- પ્રદાન માટે એક મંચ પ્રદાન કરવા માટે એક સ્વાયત્ત સંસ્થાના ભાગરૂપે રાષ્ટ્રીય શૈક્ષણિક તકનીકી ફોરમ (નેશનલ એજ્યુકેશનલ ટૅકનૉલૉજી ફોરમ - **NETF)**ની રચના કરવામાં આવશે. **NETF**નો ઉદ્દેશ તકનીકીને અપનાવવા અને કોઈ ક્ષેત્ર વિશેષમાં તેના ઉપયોગથી સંબંધિત નિર્ણયોને સરળ બનાવવાનો છે. **NETF** આ કાર્ય કેન્દ્ર અને રાજ્ય સરકારો, શૈક્ષણિક સંસ્થાઓના પ્રમુખો તથા અન્ય હિતધારકોને, નવીનતમ જ્ઞાન અને સંશોધનની સાથે શ્રેષ્ઠ કાર્યપ્રણાલીઓને એકબીજાથી પરિચિત કરી માર્ગદર્શનના અવસર આપી શકાશે. **NTEF** પાસે:

- (ક) તકનીકી આધારિત પ્રયાસો પર કેન્દ્ર અને રાજ્ય સરકારની એજન્સીઓને સ્વતંત્ર અને પુરાવા આધારિત સલાહ પૂરી પાડવી;
- **(**ખ) શૈક્ષણિક તકનીકીમાં બૌદ્ધિક અને સંસ્થાગત ક્ષમતાઓનું નિર્માણ;
- **(**ગ) આ ક્ષેત્રમાં વ્યૂહાત્મક રીતે અત્યંત પ્રભાવી કાર્યોની કલ્પના કરવી; અને
- (ઘ) સંશોધન અને નવીનતા માટે નવી દિશાઓને સ્પષ્ટ કરવા જેવી કામગીરી હશે.

**૨૩.૪**. શૈક્ષણિક તકનીકીના ઝડપથી બદલાતા ક્ષેત્રમાં પ્રસ્તુત રહેવા માટે **NTEF** શૈક્ષણિક તકનીકીમાં થતાં સંશોધનો અને તેની સાથે જોડાયેલી વિવિધ માહિતીનો નિયમિત પ્રવાહ જાળવી રાખશે. આ ઉપરાંત આ ક્ષેત્રમાં કાર્યરત્ ટૅક્નૉલૉજી ઇનોવેટર્સ અને અન્ય વિશેષજ્ઞો સાથે મળતી માહિતીનું વિશ્લેષણ કરવા માટે જોડાશે. જ્ઞાન અને તેના પ્રયોજનની તથા આ દિશામાં સતત નવા સર્જનને વધારવા, **NTEF** વિવિધ પ્રાદેશિક અને રાષ્ટ્રીય સંમેલનો વગેરેનું આયોજન કરશે.

**૨૩.૫**. તકનીકી પ્રયાસોનો મુખ્ય ઉદ્દેશ અધ્યયન, અધ્યાપન અને મૂલ્યાંકન પ્રક્રિયાઓમાં સુધારો, શિક્ષકોની તૈયારી અને વ્યાવસાયિક વિકાસને ટેકો આપવા, શૈક્ષણિક સુલભતા વધારવા અને શૈક્ષણિક આયોજન, વ્યવસ્થાપન અને સરળ બનાવવાના હેતુઓ માટે રહેશે, જેમાં, પ્રવેશ, હાજરી, મૂલ્યાંકન વગેરે સાથે સંબંધિત પ્રક્રિયાઓનો સમાવેશ થાય છે.

**૨૩.૬**. ઉપરોક્ત તમામ હેતુઓ માટે તમામ સ્તરે વિદ્યાર્થીઓ માટે સમૃદ્ધ શૈક્ષણિક સોફ્ટવેર વિકસાવવામાં આવશે અને તેમને ઉપલબ્ધ કરાવવામાં આવશે. આ પ્રકારના તમામ સોફ્ટવેર તમામ મુખ્ય ભારતીય ભાષાઓમાં ઉપલબ્ધ હશે અને અંતરિયાળ વિસ્તારોના વિદ્યાર્થીઓ દિવ્યાંગ વિદ્યાર્થીઓ સહિત વિવિધ વપરાશકર્તાઓ સુધી પહોંચી શકશે. તમામ પ્રાદેશિક ભાષાઓમાં તમામ રાજ્યો તેમજ **NCERT, CIET, CBSE, NIOS** અને અન્ય સંસ્થાઓ દ્વારા અધ્યયન અધ્યાપન સંબંધી ઇ-કન્ટેન્ટ વિકસાવવાનું ચાલુ કરવામાં આવશે અને તેને **DIKSHA** પ્લેટફોર્મ પર અપલોડ કરવામાં આવશે. આ મંચ પર ઉપલબ્ધ ઇ-કન્ટેન્ટનો ઉપયોગ શિક્ષકો વ્યવસાય સંબંધી વિકાસ માટે કરી શકે. **CIET**ને **DIKSHA** તેમજ અન્ય શૈક્ષણિક તકનીકીની પહેલને પ્રોત્સાહન આપવા અને તેનું વિસ્તરણ કરવા માટે મજબૂત કરવામાં આવશે. શાળાઓમાં શિક્ષકોને યોગ્ય ઉપકરણો ઉપલબ્ધ કરાવવામાં આવશે, જેથી શિક્ષકો અધ્યયન-અધ્યાપન સંબંધી ઇ-કન્ટેન્ટ યોગ્ય રીતે સંકલિત કરી શકે. **DIKSHA/SWAYAM** જેવા તકનીકી આધારિત શિક્ષણ મંચ **(Platforms)** વધુ સારા બનશે અને સમગ્ર શાળા અને ઉચ્ચ શિક્ષણમાં સંમિલિત થશે તથા વપરાશકર્તાઓ દ્વારા ક્રમાંક સમાવેશ થશે, જેથી સામગ્રી તૈયાર કરનારાઓ વપરાશકર્તાને અનુકૂળ અને ગુણાત્મક સામગ્રી બનાવી શકે.

**૨૩.૭**. સંપૂર્ણ શિક્ષણ વ્યવસ્થાને અનિવાર્યપણે પરિવર્તિત કરવામાં ઝડપથી વિકાસ પામતી પરિવર્તનશીલ તકનીકી પર વિશેષ ધ્યાન આપવાની જરૂર પડશે. જ્યારે 1986/1992ની રાષ્ટ્રીય શિક્ષણ નીતિ ઘડવામાં આવી હતી ત્યારે ઇન્ટરનેટની ક્રાંતિકારી અસરની આગાહી કરવી મુશ્કેલ હતી. આપણી વર્તમાન શિક્ષણ પદ્ધતિની આ ઝડપી અને વિક્ષેપક ફેરફારોનો સામનો કરવાની અસમર્થતાને કારણે ( વ્યક્તિગત રીતે અને રાષ્ટ્રીય સ્તરે) વધુને વધુ સ્પર્ધાત્મક દુનિયામાં જોખમી અને નુકસાનકારક સ્થિતિ તરફ લઈ જઈ રહ્યું છે. ઉદાહરણ તરીકે, કમ્પ્યૂટરો મોટા ભાગે વાસ્તવિક અને પ્રક્રિયાગત જ્ઞાનનો લાભ ઉઠાવવામાં મનુષ્યોને પાછળ છોડી રહ્યાં છે ત્યારે પણ તમામ સ્તરે આપણું શિક્ષણ વિદ્યાર્થીઓ પર ઉચ્ચકક્ષાની તેમની ક્ષમતાઓના વિકાસના સ્થાને વધુ પડતો બોજો નાખે છે.

**૨૩.૮**. આ નીતિ એવા સમયે ઘડવામાં આવી છે જ્યારે નિઃશંકપણે કૃત્રિમ બુધ્ધિમત્તા **એઆઈ (AI), 3D/7D Virtual Reality** જેવી પરિવર્તનકારી તકનીકીનો વિકાસ થયો છે. જેમ જેમ **એઆઈ AI** આધારિત આગાહીનો ખર્ચ ઘટશે તેમ તેમ **એઆઈ AI** કુશળ વ્યાવસાયિકોની સરખામણી કરી શકશે તેમજ તેનાથી પણ આગળ નીકળી શકાશે. અમુક નિદાનાત્મક કાર્યોમાં ડૉક્ટરો જેવા કુશળ વ્યાવસાયિકોને પણ મૂલ્યવાન સહાય મળશે. પરિવર્તન લાવવા માટે **એઆઈ AI**ની ક્ષમતા સ્પષ્ટ છે. જેની ત્વરિત પ્રતિક્રિયા બાબતે શિક્ષણ વ્યવસ્થા હોવી જોઈએ. **NETF**નું કાયમી કાર્ય ઉભરતી તકનીકીનું તેમની ક્ષમતા અને અંદાજિત સમયમર્યાદાને આધારે વર્ગીકરણ કરવાનું રહેશે. સમયાંતરે આ વિશ્લેષણ **એમએચઆરડી MHRD** સમક્ષ રજૂ કરવાનું રહેશે. આ નિવેશના આધારે **એમએચઆરડી MHRD** એતકનીકીની ઔપચારિક ઓળખ કરશે, જેમના ઉદયને શિક્ષણ પદ્ધતિ તરફથી પ્રતિભાવોની જરૂર છે.

**૨૩.૯**. **એમએચઆરડી MHRD**ની નવી ક્રાંતિકારી તકનીકીની ઔપચારિક માન્યતાના પ્રતિભાવમાં, રાષ્ટ્રીય સંશોધન પ્રતિષ્ઠાન તકનીકીમાં સંશોધન પ્રયાસોનો પ્રારંભ કરશે અથવા તેનું વિસ્તરણ કરશે. **એઆઈ AI**ના સંદર્ભમાં, **NRF** ત્રિપાંખિયો અભિગમ વિચારી શકે છેઃ (ક) મુખ્ય **એઆઈ AI** સંશોધનને આગળ વધારવા, (ખ) એપ્લિકેશન આધારિત સંશોધનને વિકસાવવું અને તૈયાર કરવું, અને (ગ) આરોગ્ય સંભાળ, કૃષિ અને જળવાયુ પરિવર્તન જેવા ક્ષેત્રોમાં વૈશ્વિક પડકારોને પહોંચી વળવા માટે આંતરરાષ્ટ્રીય સંશોધન પ્રયાસોને આગળ વધારવા.

**૨૩.૧૦.** ઉચ્ચ શિક્ષણ સંસ્થાઓ માત્ર ક્રાંતિકારી તકનીકી પર સંશોધન કરવામાં જ નહીં, પરંતુ અત્યાધુનિક ક્ષેત્રોમાં ઓનલાઇન અભ્યાસક્રમો સહિત શૈક્ષણિક સામગ્રી અને અભ્યાસક્રમોની પ્રારંભિક આવૃત્તિઓ બનાવવામાં પણ સક્રિય ભૂમિકા ભજવશે. એક વખત તકનીકી પરિપક્વતાનું સ્તર પ્રાપ્ત કર્યા બાદ હજારો વિદ્યાર્થીઓ સાથે ઉચ્ચ શિક્ષણ સંસ્થાઓને આદર્શ રીતે આ શિક્ષણ અને કૌશલ્યના પ્રયાસોને આગળ વધારવા માટે મૂકવામાં આવશે, જેમાં નોકરીની તૈયારી માટે લક્ષિત તાલીમનો સમાવેશ થશે. ક્રાંતિકારી તકનીકી કેટલીક નોકરીઓને નકામી બનાવશે અને તેથી

કૌશલ્ય અને કૌશલ્યનો અભિગમ કે જે કાર્યક્ષમ છે અને ગુણવત્તા રોજગારીનું સર્જન કરવા અને ટકાવી રાખવા માટે વધુ મહત્વપૂર્ણ બની રહેશે. સંસ્થાઓને આવી તાલીમ આપવા માટે સંસ્થાગત અને બિનસંસ્થાકીય ભાગીદારોને મંજૂરી આપવાની સ્વાયત્તતા હશે, જે કૌશલ્ય અને ઉચ્ચ શિક્ષણ માળખા સાથે સંકલિત થશે.

**૨૩.૧૧**. વિશ્વવિદ્યાલયોનો ઉદ્દેશ યંત્ર આધારીત અધ્યયન તેમજ બહુવિદ્યાશાખાકીય ક્ષેત્રો **એઆઈ AI** અને **X** તેમજ આરોગ્ય સંભાળ, કૃષિ અને કાયદા જેવા વ્યાવસાયિક ક્ષેત્રોમાં **Ph.D.** અને અનુસ્નાતક કાર્યક્રમો પ્રદાન કરવાનો છે. તેઓ સ્વયમ જેવા મંચ મારફતે આ ક્ષેત્રોમાં અભ્યાસક્રમો વિકસાવી શકે છે અને પ્રસારિત કરી શકે છે. ઝડપથી અપનાવી લેવા માટે, ઉચ્ચ શિક્ષણ સંસ્થાઓ આ ઓનલાઇન અભ્યાસક્રમોને સ્નાતક અને વ્યાવસાયિક કાર્યક્રમોમાં પરંપરાગત શિક્ષણ સાથે મિશ્રિત કરી શકે છે. **HEI** ડેટા એનોટેશન, ઇમેજ વર્ગીકરણ અને સ્પીચ ટ્રાન્સક્રિપ્શન જેવી **એઆઈ AI** વેલ્યુ ચેઇનને ટેકો આપવા માટે ઓછી કુશળતા ધરાવતા કાર્યોમાં લક્ષિત તાલીમ પણ આપી શકે છે. શાળાના વિદ્યાર્થીઓને ભાષાઓ શીખવવાના પ્રયાસો ભારતની વિવિધ ભાષાઓ માટે ભાષાની કુદરતી પ્રક્રિયા વધારવાના પ્રયાસોથી સંકલન કરવામાં આવશે.

**૨૩.૧૨**. જેમ જેમ ક્રાંતિકારી તકનીકી વિકસતી જશે, તેમ તેમ શિક્ષણ અને વર્તમાન શિક્ષણ સામાન્ય જનતાને તેમની સંભવિત ક્રાંતિકારી અસરો વિશે જાગૃતિ વધારવામાં મદદ કરશે અને સંબંધિત મુદ્દાઓનું સમાધાન પણ કરશે. આ તકનીકી સાથે સંબંધિત બાબતો અંગે જાહેર સંમતિની જાણ કરવી જરૂરી છે. શાળામાં, વર્તમાન બાબતો અને નૈતિક મુદ્દાઓના અભ્યાસમાં **NETF/MHRD** દ્વારા ઓળખપાત્ર તકનીકીઓ પર ચર્ચાનો સમાવેશ થશે. શિક્ષણ ચાલુ રાખવા માટે યોગ્ય સૂચના અને ચર્ચા સામગ્રી પણ તૈયાર કરવામાં આવશે.

**૨૩.૧૩**. માહિતી એ **એઆઈ AI** આધારિત તકનીકી માટે મુખ્ય સ્રોત છે અને પ્રદત **(Data)** વ્યવસ્થાપન અને પ્રદત સંરક્ષણ સાથે સંકલાયેલા ગોપનીયતા, કાયદાઓ અને માપદંડો વગેરે અંગે જાગૃતિ ફેલાવવા માટે મહત્વપૂર્ણ છે. **એઆઈ AI** આધારિત તકનીકીના વિકાસ અને ઉપયોગ સાથે સંબંધિત નૈતિક મુદ્દાઓ પર પણ પ્રકાશ પાડવો જરૂરી છે. આ જાગૃતિ વધારવાના પ્રયાસોમાં શિક્ષણ મહત્વની ભૂમિકા ભજવશે. અન્ય ક્રાંતિકારી તકનીકી કે જે આપણી જીવનશૈલી બદલવાની અપેક્ષા છે અને તેથી, સ્વચ્છ અને નવીનીકરણીય ઊર્જા, જળ સંરક્ષણ, સાતત્યપૂર્ણ ખેતી, પર્યાવરણ સંરક્ષણ અને અન્ય હરિત પહેલનો સમાવેશ થાય છે; જેમાં શિક્ષણમાં પ્રાથમિકતા આપવામાં આવશે.

## ૨૪. ઓનલાઇન અને ડિજિટલ શિક્ષણઃ તકનીકીનો ન્યાયપૂર્ણ ઉપયોગ સુનિશ્ચિત કરવો

**૨૪.૧**. નવા સંજોગો અને વાસ્તવિકતાઓ માટે નવી પહેલની જરૂર છે. તાજેતરની મહામારી અને રોગચાળામાં વધારો જોતા જરૂરી છે કે આપણે જ્યારે પણ પરંપરાગત અને વ્યક્તિગત શિક્ષણના માધ્યમો શક્ય ન હોય ત્યારે ગુણવત્તાયુક્ત શિક્ષણના વૈકલ્પિક માધ્યમો સાથે તૈયાર છીએ. આ સંબંધમાં રાષ્ટ્રીય શિક્ષણ નીતિ ૨૦૨૦ તેના સંભવિત જોખમો અને જોખમોને સ્વીકારતી વખતે તકનીકીના લાભોનો લાભ ઉઠાવવાના મહત્વને માન્યતા આપે છે. તેમાં શિક્ષણની સમસ્યાઓના ઉકેલ અથવા તેને ઘટાડવાના કાર્યમાં ઓનલાઇન/ ડિજિટલ શિક્ષણની મદદ કેવી રીતે મેળવી શકાય તે નક્કી કરવા માટે કાળજીપૂર્વક માળખું અને યોગ્ય રીતે તૈયાર કરવામાં આવેલા પ્રાયોગિક અભ્યાસોની ભલામણ કરવામાં આવી છે. દરમિયાન, ગુણવત્તાયુક્ત શિક્ષણ પ્રદાન કરવા માટે વર્તમાન ડિજિટલ પ્લેટફોર્મ અને ચાલુ **ICT** આધારિત શૈક્ષણિક પહેલોનો સ્વીકાર અને વિસ્તાર વર્તમાન તથા ભવિષ્યના પડકારોને પહોંચી વળવા માટે કરવો જોઈએ.

**૨૪.૨**. જોકે, ડિજિટલ ઇન્ડિયા અભિયાન અને પરવડે તેવા કમ્પ્યૂટિંગ ઉપકરણોની ઉપલબ્ધતા જેવા સંયુક્ત પ્રયાસો દ્વારા ડિજિટલ સગવડતાઓનો અભાવ નાબૂદ ન કરવામાં આવે ત્યાં સુધી ઓનલાઇન/ડિજિટલ શિક્ષણનો લાભ ઉઠાવી

શકાશે નહીં. એ મહત્વપૂર્ણ છે કે ઓનલાઇન અને ડિજિટલ શિક્ષણ માટે તકનીકીનો ઉપયોગ સમાનતાના લક્ષ્યને સિદ્ધ કરવા સંબંધિત સમસ્યાઓનું સમાધાન કરે છે.

**૨૪.૩.** શિક્ષકોને ઓનલાઇન શિક્ષણ માટે યોગ્ય તાલીમ અને વિકાસની જરૂર છે. એવું ધારી શકાય નહીં કે પરંપરાગત વર્ગખંડમાં એક સારો શિક્ષક આપોઆપ ઓનલાઈન વર્ગખંડમાં સારો શિક્ષક બની જશે. અધ્યાપનશાસ્ત્ર માં જરૂરી ફેરફારો ઉપરાંત, ઓનલાઇન મૂલ્યાંકન માટે પણ અલગ અભિગમની જરૂર પડે છે. ઓનલાઇન પરીક્ષાઓ હાથ ધરવા માટે અનેક પડકારો છે, જેમાં ઓનલાઇન વાતાવરણમાં પૂછવામાં આવતા પ્રશ્નોના પ્રકારો, નેટવર્ક અને વીજળીના વિક્ષેપોને સંભાળવા અને અનૈતિક પદ્ધતિઓને અટકાવવાનો સમાવેશ થાય છે. અમુક પ્રકારના અભ્યાસક્રમો/વિષયો જેવા કે પર્ફોર્મિંગ આર્ટ્સ અને સાયન્સ પ્રેક્ટિકલના સંદર્ભમાં ઓનલાઇન/ડિજિટલ શિક્ષણની મર્યાદાઓ છે, જેને નવીન પગલાં સાથે આંશિક હદ સુધી દૂર કરી શકાય છે. વધુમાં, જ્યાં સુધી ઓનલાઇન શિક્ષણને અનુભવી અને પ્રવૃત્તિ આધારિત શિક્ષણ સાથે મિશ્ર કરવામાં નહીં આવે, ત્યાં સુધી તે શિક્ષણના સામાજિક, અસરકારક અને મનોશારીરિક પરિમાણો પર મર્યાદિત ધ્યાન કેન્દ્રિત કરીને સ્ક્રીન આધારિત શિક્ષણ બની જશે.

**૨૪.૪** ડિજિટલ તકનીકીના ઉદય અને શાળાથી ઉચ્ચ શિક્ષણ સુધી તમામ સ્તરે અધ્યયન અધ્યાપન માટે તકનીકીનો લાભ ઉઠાવવાના ઉભરતા મહત્વને જોતાં, આ નીતિ નીચેની પહેલ માટે મુખ્ય ભલામણો કરે છે.

**(ક) ઓનલાઇન શિક્ષણ માટે અજમાયશી અભ્યાસઃ** ઓનલાઈન શિક્ષણની મર્યાદાઓ જેવી કે વિદ્યાર્થીને વિજાણું યંત્રની ટેવ, **e-content** કેવા સ્વરૂપમાં તૈયાર કરવું વગેરેનો ઉકેલ લાવવાની સાથેસાથે શિક્ષણ સાથે ઓનલાઇન શિક્ષણને જોડવાના લાભોનું મૂલ્યાંકન કરવા માટે **NETF, CEIT, NIOS, IGNOU, IITs, NITs** વગેરે જેવી યોગ્ય એજન્સીઓને અજમાયશી અભ્યાસોની એક શ્રેણી હાથ ધરવા માટે સૂચિત કરવામાં આવશે. આ અજમાયશી અભ્યાસોના પરિણામો જાહેર રીતે જણાવવામાં આવશે અને તેનો ઉપયોગ સતત સુધારા માટે કરવામાં આવશે.

**(ખ) ડિજિટલ માળખું:** ભારતના વ્યાપને આધારે વિવિધતા, જટિલતા અને ઉપકરણ ઉપલબ્ધતા (**Device Penetration)**ને ઉકેલવા માટે શિક્ષણના ક્ષેત્રમાં ખુલ્લા, આંતરસંચાલિત, વિકસી શકાય તેવા જાહેર વિજાણું માળખાના નિર્માણની આવશ્યકતા છે જેનો ઉપયોગ અનેક મંચ અને કેન્દ્રિય ઉકેલ દ્વારા કરી શકાય છે. આ સુનિશ્ચિત કરશે કે તકનીકી આધારિત ઉકેલો તકનીકીમાં ઝડપી પ્રગતિ સાથે જૂના ન થઈ જાય.

**(ગ) ઓનલાઇન ટીચિંગ પ્લેટફોર્મ અને સાધનો:** શિક્ષકોને વિદ્યાર્થીઓની પ્રગતિ પર નજર રાખવા માટે માળખાગત, વપરાશકર્તાને અનુકૂળ, સમૃદ્ધ સહાયક સાધનો પૂરા પાડવા માટે **SWAYAM/DIKSHA** જેવા યોગ્ય વર્તમાન ઇ-લર્નિંગ પ્લેટફોર્મને વિસ્તૃત કરવામાં આવશે. ઓનલાઇન વર્ગો યોજવા માટે દ્વિ-માર્ગીય વીડિયો અને દ્વિ-માર્ગીય ઓડિયો ઇન્ટરફેસ એ વાસ્તવિક જરૂરિયાત છે, જે વર્તમાન મહામારીએ દર્શાવ્યું છે.

**(ઘ) સામગ્રી સર્જન, ડિજિટલ રિપોઝિટરી અને પ્રસાર:** કોર્સ વર્ક, લર્નિંગ ગેમ્સ એન્ડ સિમ્યુલેશન, ઓગમેન્ટેડ રિયાલિટી અને વર્ચ્યુઅલ રિયાલિટી સહિતની સામગ્રીનો વિજાણું (**Digital)** ભંડાર વિકસાવવામાં આવશે, જેની અસરકારકતા અને ગુણવત્તા બાબતે વપરાશકર્તાઓ દ્વારા રેટિંગ માટે સ્પષ્ટ જાહેર વ્યવસ્થા વિકસાવવામાં આવશે. આનંદદાયક અધ્યયન માટે વિદ્યાર્થીઓને યોગ્ય સાધનો જેવી કે એપ્લિકેશન્સ, ભારતીય કલા અને સંસ્કૃતિ, અનેક ભાષાઓમાં, સ્પષ્ટ ઓપરેટિંગ સૂચનાઓ સાથે પણ બનાવવામાં આવશે. વિદ્યાર્થીઓને ઇ-કન્ટેન્ટના પ્રસાર માટે વિશ્વસનીય બેકઅપ મિકેનિઝમ પૂરું પાડવામાં આવશે.

**(ચ) ડિજિટલ સાધનો સુધીની પહોંચના સંદર્ભમાં અભાવની ચિંતા:** હજુ પણ વસ્તીનો નોંધપાત્ર વર્ગ છે, જેમની ડિજિટલ પહોંચ અત્યંત મર્યાદિત છે, ટેલિવિઝન, રેડિયો અને કમ્યુનિટી રેડિયો જેવા વર્તમાન સામૂહિક માધ્યમોનો વ્યાપક ઉપયોગ, પ્રચાર અને પ્રસારણ માટે કરવામાં આવશે. વિદ્યાર્થીઓની વસ્તીની વિવિધ

જરૂરિયાતોને પહોંચી વળવા માટે વિવિધ ભાષાઓમાં આવા શૈક્ષણિક કાર્યક્રમો ૨૪/૭ ઉપલબ્ધ કરાવવામાં આવશે. તમામ ભારતીય ભાષાઓમાં સામગ્રી પર વિશેષ ધ્યાન કેન્દ્રિત કરવામાં આવશે અને તેની જરૂર પડશે. ડિજિટલ સામગ્રીએ શક્ય હોય ત્યાં સુધી શિક્ષકો અને વિદ્યાર્થીઓ સુધી તેમની સૂચનાના માધ્યમ પ્રમાણે પહોંચવું પડશે.

**(છ) વર્ચ્યુઅલ પ્રયોગશાળાઓ:** વર્તમાન ઇ-લર્નિંગ પ્લેટફોર્મ જેવા કે **DIKSHA, SWAYAM SWAYAMPRABHA**નો પણ વર્ચ્યુઅલ લેબ બનાવવા માટે ઉપયોગ કરવામાં આવશે, જેથી તમામ વિદ્યાર્થીઓ ગુણવત્તાયુક્ત વ્યવહારૂ અને પ્રયોગ આધારિત શીખવાના અનુભવોની સમાન સુલભતા મેળવી શકે. પ્રી-લોડેડ સામગ્રી ધરાવતા ટેબ્લેટ જેવા યોગ્ય ડિજિટલ ઉપકરણો મારફતે **SEDG** ના વિદ્યાર્થીઓ અને શિક્ષકોને પૂરતી પહોંચ પૂરી પાડવાની શક્યતાને ધ્યાનમાં લેવામાં આવશે અને વિકસાવવામાં આવશે.

**(જ) શિક્ષકો માટે તાલીમ અને પ્રોત્સાહનોઃ** શિક્ષકો અધ્યેતા કેન્દ્રિત શિક્ષણ અને ઓનલાઇન ટીચિંગ પ્લેટફોર્મ અને સાધનોનો ઉપયોગ કરીને ઉચ્ચ ગુણવત્તાયુક્ત ઓનલાઇન સામગ્રી સર્જક કેવી રીતે બનવું તે અંગે સખત તાલીમમાંથી પસાર થશે. વિદ્યાર્થીઓની વિષયવસ્તુ સાથે અને એકબીજા સાથે સક્રિય ભાગીદારી સંદર્ભે શિક્ષકની ભૂમિકા પર ભાર મૂકવામાં આવશે.

**(ઝ) ઓનલાઈન મૂલ્યાંકન અને પરીક્ષાઓ:** રાષ્ટ્રીય મૂલ્યાંકન કેન્દ્ર અથવા **PARAKH,** શાળા શિક્ષણ બોર્ડ, **NTA** જેવી યોગ્ય અને નિશ્ચિત વિભાગો દ્વારા મૂલ્યાંકનના માળખાઓનું નિર્માણ અને વહન કરવામાં આવશે. જેની ડીઝાઇન ક્ષમતાઓ, પોર્ટફોલિયો, સમજૂતી, પ્રમાણિત વિશ્લેષણાત્મક મૂલ્યાંકન વગેરેને ધ્યાનમાં રાખી કરવામાં આવશે. ૨૧મી સદીના કૌશલ્ય પર ધ્યાન કેન્દ્રિત કરતા મૂલ્યાંકનની નવી તરકીબોનું અધ્યયન તકનીકીનો ઉપયોગ કરીને કરવામાં આવશે.

**(ટ) મિશ્રિત અધ્યયન પ્રતિમાન (**Blended Models of Learning): ડિજિટલ શિક્ષણના પ્રચાર અને પ્રસારમાં પ્રત્યક્ષ હાજરીની અનુભૂતિ જાળવવી પણ એટલી જ મહત્વની છે તેને ધ્યાનમાં રાખતા જ મિશ્રિત અધ્યયન (**Blended Learning)** ના અલગ અલગ વિષયોને અસરકારકનવીન મોડેલ્સના નવા સ્વરૂપ ઓળખી અને વ્યવહારમાં લાવવાનો પ્રયત્ન હાથ ધરવામાં આવશે.

**(ઠ) ધારાધોરણોની સ્થાપના: NETF** અને તેને સમકક્ષ અન્ય વ્યવસ્થાઓ તેમજ એજન્સીઓએ ઓનલાઈન અથવા ડિજિટલ શિક્ષણના ક્ષેત્રમાં વધુ ખેડાણ અને સંશોધનકારી નવા વિષયવસ્તુ, તકનીકીના સાધનો તેમજ અધ્યાપનશાસ્ત્રોના માનાંકો પ્રસ્થાપિત કરવા જોઈએ. આ માનાંકોની મદદથી વિવિધ રાજ્યોના વિવિધ બોર્ડ, શાળા અને શાળા સંકુલો તેમજ ઉચ્ચ શિક્ષણ સંસ્થાઓને લગતી માર્ગદર્શિકાઓ તૈયાર કરવામાં મદદ કરશે.

**૨૪.૫. વિશ્વકક્ષાનું ડિજિટલ શિક્ષણ, ક્ષમતા અને વિષયવસ્તુ સર્જન માટે અલાયદું માળખું તૈયાર કરવું**

શિક્ષણમાં તકનીકી એ સાધન છે, સાધ્ય નથી અને નીતિગત ઉદ્દેશોનો અમલ કરવા માટે વિભિન્ન તકનીકી પરિતંત્રો **(Eco System)**ના ચાલકો(કર્મચારીઓ)ને સંગઠિત કરી એકબીજા સાથે યોગ્ય રીતે સાંકળવા પડશે. ઈ-શિક્ષણના શાળા અને ઉચ્ચત્તર શિક્ષણ એમ બંનેની આવશ્યકતાઓ ઉપર ધ્યાન આપવા માટે મંત્રાલયમાં બુનિયાદી માળખા માટે ડિજિટલ સામગ્રી અને ક્ષમતા નિર્માણની વ્યવસ્થા કરવા માટેના ઉદ્દેશો માટે એક સમર્પિત એકમની સ્થાપના કરવામાં આવશે. તકનીકીનો ઝડપી વિકાસ થઈ રહ્યો હોવાથી ઉચ્ચ ગુણવત્તાવાળા ઈ-લર્નિંગને વિદ્યાર્થીઓ સુધી પહોંચાડવા માટે તજ્જ્ઞોની જરૂરિયાત રહે છે. આ માટે એક એવાં ઓજસ્વી પરિતંત્રને **(Eco System)**ને પ્રોત્સાહન આપવાની જરૂર છે, જે માત્ર ભારતમાં ભારતની વિસ્તાર, વિવિધતા, સમતા સામેના પડકારોનો માત્ર ઉકેલ જ ન શોધે, પરંતુ સતત બદલાતી અને વિકાસ પામતી તકનીકી સાથે પણ સમાયોજન સાધી શકે. આથી આ કેન્દ્રમાં પ્રશાસન, શિક્ષણ,

શૈક્ષણિક તકનીકી, ડિજિટલ અધ્યાપનશાસ્ત્ર અને મૂલ્યાંકન, ઇ-ગવર્નન્સ વગેરે ક્ષેત્રોથી જોડાયેલ તજ્જ્ઞોનો સમાવેશ થશે.

# વિભાગ IV. અમલીકરણ વ્યૂહરચના

## ૨૫. કેન્દ્રીય શિક્ષણ સલાહકાર બોર્ડનું સશક્તિકરણ

**૨૫.૧**. આ નીતિના સફળ અમલીકરણ માટે રાષ્ટ્રીય, રાજ્ય, સંસ્થાકીય અને વ્યક્તિગત સ્તરે, લાંબા ગાળાના વિઝન (દર્શન), નિપુણતાની સતત હાજરી અને સંબંધિત લોકો દ્વારા લેવાયેલા વધુ મક્કમ પગલાંની જરૂર છે. આ સંદર્ભમાં, આ નીતિ કેન્દ્રીય શિક્ષણ સલાહકાર બોર્ડ (**CABE**)ના સશક્તિકરણની ભલામણ કરે છે, જે માત્ર શિક્ષણ અને સાંસ્કૃતિક વિકાસ સંબંધિત મુદ્દાઓ પર વ્યાપક પરામર્શ અને સમીક્ષા માટે એક મંચ જ નથી, તેના ઘણા વ્યાપક ઉદ્દેશ્યો છે. ફરીથી રચાયેલી અને ફરીથી સ્થપાયેલી **CABE** માનવ સંસાધન વિકાસ મંત્રાલય અને રાજ્ય કક્ષાએ સંબંધિત એકમો/સંસ્થાઓ સાથે મળી દેશમાં શિક્ષણના વિઝનને (દર્શનને) સતત વિકસાવવા, સ્પષ્ટ કરવા, મૂલ્યાંકન કરવા અને પ્રોત્સાહન આપવા માટે જવાબદાર રહેશે. તેણે સતત આવા સંસ્થાકીય માળખાઓને તૈયાર કરી તેની સમીક્ષા કરતા રહેવું જોઈએ જે આ વિઝનને (દર્શનને) પ્રાપ્ત કરવામાં મદદરૂપ થશે.

**૨૫.૨**. શિક્ષણ અને અધ્યયન ઉપર ધ્યાન કેન્દ્રિત કરવા, માનવ સંસાધન વિકાસ મંત્રાલય **એમએચઆરડી (MHRD)** ને શિક્ષણ મંત્રાલય (**MoE**) તરીકે ફરીથી નામાભિધાન કરવામાં આવશે.

## ૨૬. નાણાંકીય વ્યવસ્થા: બધાને પરવડે તેવું ગુણવત્તાયુક્ત શિક્ષણ

**૨૬.૧**. નીતિ શૈક્ષણિક રોકાણોમાં નોંધપાત્ર વધારો કરવા માટે પ્રતિબધ્ધ છે, કારણ કે આપણા યુવાનોના ઉચ્ચ-ગુણવત્તાવાળા શિક્ષણ કરતાં સમાજના ભવિષ્ય માટે આનાથી વધુ સારું કોઈ નથી. દુર્ભાગ્યે, ભારતમાં શિક્ષણ પરનો જાહેર ખર્ચ **GDP**ના ૬% ના સૂચિત સ્તરની નજીક આવ્યો નથી. ૧૯૬૮ ની નીતિની કલ્પના મુજબ, ૧૯૮૬ ની નીતિમાં પુનરાવર્તિત, અને જે હતું તેને ૧૯૯૨ નીતિની સમીક્ષામાં તેને વધુ પુષ્ટિ આપવામાં આવી. વર્તમાનમાં જાહેર (સરકાર - કેન્દ્ર અને રાજ્યો) ભારતમાં શિક્ષણ પરનો ખર્ચ **GDP**ના આશરે ૪.૪૩% છે (બજેટનું વિશ્લેષણ ખર્ચ ૨૦૧૭ -૧૮) અને શિક્ષણ તરફના કુલ સરકારી ખર્ચમાં માત્ર ૧૦% (આર્થિક સર્વે ૨૦૧૭ -૧૮). આ સંખ્યા સૌથી વિકસિત અને વિકાસશીલ દેશો કરતાં ઘણી ઓછી છે.

**૨૬.૨**. ભારતમાં શ્રેષ્ઠતા સાથે અને દેશ અને અર્થવ્યવસ્થાના ફાયદાઓને કારણે શિક્ષણનું લક્ષ્ય પ્રાપ્ત કરવા માટે, કેન્દ્ર અને તમામ રાજ્ય સરકારો દ્વારા આ શિક્ષણ નીતિ શિક્ષણના રોકાણમાં નોંધપાત્ર વધારાને સમર્થન આપે છે. કેન્દ્ર અને રાજ્યના શિક્ષણ ક્ષેત્રે જાહેર રોકાણ વધારવા માટે **GDP**ના ૬% સુધી પહોંચવાનું કામ કરશે. ભારતની આર્થિક, સામાજિક, સાંસ્કૃતિક, બૌદ્ધિક અને તકનીકી પ્રગતિ અને ભારતના વિકાસ માટે જરૂરી, ઉચ્ચ ગુણવત્તાપૂર્ણ અને સમતાપૂર્ણ સરકારી શિક્ષણ પ્રણાલી માટે શિક્ષણ પર આટલું રોકાણ કરવું ખૂબ જ મહત્વપૂર્ણ છે.

**૨૬.૩**. ખાસ કરીને મહત્વની બાબતના અને શિક્ષણ સાથે સંકલાયેલા ઘટકો માટે આર્થિક સહાય પૂરી પાડવામાં આવશે જેમ કે, સૌને માટે શિક્ષણની પહોંચ સુનિશ્ચિત કરવી, શીખવાના સંસાધન, પોષણ સહાય, વિદ્યાર્થીઓની સલામતી અને આરોગ્ય, શિક્ષકો અને કર્મચારીઓની પૂરતી સંખ્યા, શિક્ષકોનો વિકાસ, વંચિત તથા પછાત અને સામાજિક આર્થિક રીતે પછાત સમૂહ માટે સમતાપૂર્ણ ઉચ્ચગુણવત્તાનું શિક્ષણ  આપવા તમામ પ્રયત્નો કરવામાં આવી રહ્યા છે.

૨૬.૪. મૂળભૂત સુવિધાઓ અને સંસાધનોને લગતા એક સમયના ખર્ચ ઉપરાંત, આ નીતિ શિક્ષણ પદ્ધતિ વિકસાવવા માટેના ભંડોળ માટે: (ક) ગુણવત્તાવાળા પ્રારંભિક બાળ શિક્ષણ માટે સાર્વત્રિક જોગવાઈ; (ખ) સાક્ષરતા અને સંખ્યાજ્ઞાનની મૂળભૂત ક્ષમતાને વધારવા માટે; (ગ) બધા શાળા સંકુલ/જૂથો માટે પૂરતા અને યોગ્ય સંસાધનો; (ઘ) ખોરાક અને પોષણ (નાસ્તો અને મધ્યાહ્ન ભોજન) પ્રદાન કરવા માટે; (ચ) શિક્ષક-પ્રશિક્ષણ અને શિક્ષકોના સતત વ્યાવસાયિક વિકાસમાં રોકાણ; (છ) શ્રેષ્ઠતાના પોષણ માટે વિશ્વવિદ્યાલયો અને મહાવિદ્યાલયોમાં સુધારો; (જ) સંશોધનનો વિકાસ; અને (ઝ) તકનીકી અને ઓનલાઇન શિક્ષણનો વ્યાપક ઉપયોગ પર ભાર મૂકવો જોઈએ.

૨૬.૫. શિક્ષણ ક્ષેત્ર માટે ઉપલબ્ધ મર્યાદિત નાણાં પણ સામાન્ય રીતે જિલ્લા/સંસ્થા સ્તરે સમયસર ખર્ચ કરવામાં આવતા નથી, જેના કારણે તે રકમના લક્ષ્યાંક ઉદ્દેશ્ય પ્રાપ્ત કરવામાં મુશ્કેલી પડે છે. તેથી નીતિગત ફેરફારો દ્વારા પૂરા પાડવામાં આવતા બજેટના ઉપયોગમાં કાર્યક્ષમતા વધારવાની જરૂરિયાત છે. નાણાંકીય વહીવટ અને વ્યવસ્થાપન કાળજી લેશે કે ભંડોળ સરળતાથી, સમયસર અને પર્યાપ્ત માત્રામાં ઉપલબ્ધ થાય. અને તે પ્રામાણિકપણે ખર્ચ કરવો જોઈએ. વહીવટી પ્રક્રિયાઓમાં ફેરફાર કરી સુવ્યવસ્થિત કરવામાં આવશે જેથી વિતરણ તંત્રના કારણે, કોઈ વધુ અવ્યયિત શેષ રહે નહીં. સરકારી સંસાધનોના કાર્યક્ષમ ઉપયોગ અને ભંડોળના અટકાવને (પાર્કિંગને) ટાળવા માટે, **GFR, PFMS** અને 'સમયસર ફાળવણી'ની જોગવાઈ અમલીકરણ એજન્સીઓને આપવામાં આવશે. રાજ્ય/ઉચ્ચ શિક્ષણ સંસ્થાઓમાં પ્રદર્શન આધારિત ભંડોળ તંત્ર તૈયાર કરી શકાય છે. તેવી જ રીતે **SEDG** માટે ફાળવવામાં આવેલા ભંડોળના મહત્તમ ફાળવણી અને ઉપયોગ માટે કાર્યક્ષમ પદ્ધતિની ખાતરી કરવામાં આવશે. સૂચિત નવી નિયમનકારી પ્રણાલી, જેમાં ભૂમિકાઓનું વિભાજન અને પારદર્શક સ્વપ્રગટીકરણ, સશક્તિકરણ અને સંસ્થાઓની સ્વાયત્તતા, મુખ્ય હોદ્દા પર ઉત્તમ અને લાયક નિષ્ણાતોની નિમણૂક વગેરે સામેલ છે. આ નાણાંના સરળ, ઝડપી અને પારદર્શક વિનિમયમાં મદદ મળશે.

૨૬.૬. આ નીતિ શિક્ષણના ક્ષેત્રમાં ખાનગી લોકકલ્યાણકારી પ્રવૃત્તિઓને પુનર્જીવિત, સક્રિયરૂપે પ્રોત્સાહિત કરવા અને ટેકો આપવાની ભલામણ કરે છે. ખાસ કરીને, નાણાંકીય સમર્થનના ઉપરાંત, જે અન્ય તેમને પૂરૂ પાડવામાં આવ્યુ હોય. કોઈપણ જાહેર સંસ્થા શૈક્ષણિક અનુભવોને વધારવા માટે ખાનગી લોકકલ્યાણ ભંડોળ ભેગું કરવાની દિશામાં પહેલ કરી શકે છે.

૨૬.૭. આ નીતિ ઘણા મોરચે શિક્ષણના વ્યાપારીકરણના મુદ્દા સાથે કામ કરવાનો પ્રયાસ કરે છે, એક 'સરળ પણ સખત' નિયમન દૃષ્ટિકોણ સામેલ છે. જે નાણાં, પ્રક્રિયાઓ, પદ્ધતિઓ, ઉપલબ્ધ અભ્યાસક્રમો અને કાર્યક્રમોમાં સંપૂર્ણ પારદર્શિતા સાથે સ્વ પ્રગટીકરણ; જાહેર શિક્ષણમાં પૂરતું રોકાણ તથા તમામ સરકારી અને ખાનગી સંસ્થાઓમાં સુશાસન અને વ્યવસ્થાપન પર ભાર મૂકે છે. એ જ રીતે, વધુ ખર્ચની પુન:પ્રાપ્તિ માટેની તકો પણ જરૂરિયાતમંદ અથવા લાયક વર્ગોને અસર કર્યા વિના શોધવામાં આવશે.

## ૨૭. અમલીકરણ

૨૭.૧. કોઈપણ નીતિની અસરકારકતા તેના અમલીકરણ પર આધારિત છે. આવા અમલીકરણની જરૂર પડશે બહુવિધ પહેલ અને ક્રિયાઓ, જે બહુવિધ સંસ્થાઓ દ્વારા વ્યવસ્થિત રીતે સુમેળમાં લેવાની રહેશે. તેથી, આ નીતિના અમલીકરણનું સંચાલન વિવિધ સંસ્થાઓ કરશે જેમકે **MHRD, CABE**, કેન્દ્ર અને રાજ્ય સરકારો, શિક્ષણ સંબંધિત મંત્રાલયો, રાજ્યના શિક્ષણ વિભાગ, બોર્ડ, **NTA**, શાળા અને ઉચ્ચ શિક્ષણની નિયમનકારી સંસ્થાઓ, **NCERT, SCERT**, શાળાઓ અને **HEI** સમયરેખાઓ અને સમીક્ષા માટેની યોજના, તેની ખાતરી કરવા માટે કે નીતિ તેની ભાવના અને ઉદ્દેશ્યમાં, યોજના અને સુસંગતતાના સુમેળ દ્વારા લાગુ કરવામાં આવે છે આ તમામ સંસ્થાઓ શિક્ષણ

સાથે સંકલાયેલા છે.

**૨૭.૨.** અમલીકરણ માટે આ મુજબના સિદ્ધાંતો દ્વારા માર્ગદર્શન આપવામાં આવશે. પ્રથમ, આ નીતિના હાર્દરૂપ પાસાઓ અને ઉદ્દેશોનું અમલીકરણ સૌથી મહત્વપૂર્ણ બાબત હશે. બીજું, આ નીતિની દરેક પહેલનો અમલ તબક્કાવાર કરવો પડશે કારણ કે દરેક મુદ્દાના અમલમાં ઘણાં સોપાનો છે અને નીચેના (પાયાના) સોપાનો સફળતાપૂર્વક અમલમાં ના મુકાય તો તેના પછીના સોપાનોમાં સફળ ના થઇ શકાય. ત્રીજો સિદ્ધાંત છે અગ્રતાક્રમ આપવો એટલે કે આ નીતિના બધા મુદ્દાઓમાંથી ક્યા મુદ્દાઓને અગ્રતાક્રમ આપવો તે નક્કી કરવું જેમાં તત્કાલ પ્રયાસોની જરૂર હોય એવા મુદ્દાને પ્રથમ ન્યાય આપવો. ચોથું, અમલીકરણમાં સર્વગ્રાહિતા અને સર્વાંગીપણું એ ચાવીરૂપ બાબત રહેશે કારણ કે આ નીતિ એક્સૂત્રીય અને સર્વાંગી છે, તેથી તેના ટુકડા નહિ પણ સર્વાંગી અમલીકરણથી જ ઇચ્છિત ઉદ્દેશોની પ્રાપ્તિ થશે. પાંચમું, શિક્ષણ એ સમવર્તી વિષય હોવાથી તેમાં કેન્દ્ર અને રાજ્યો વચ્ચે કાળજીપૂર્વક આયોજન, સંયુક્ત દેખરેખ અને સહયોગી અમલીકરણની જરૂર પડશે. છઠ્ઠું, કેન્દ્ર અને રાજ્ય સ્તરે સમયસર જરૂરી માનવીય, માળખાકીય અને નાણાંકીય સંસાધનોની ક્ષતિપૂર્તિ એ આ શિક્ષણ નીતિના સંતોષકારક અમલ માટે નિર્ણાયક બનશે. અંતે, બધી પહેલની અસરકારકતા સુનિશ્ચિત કરવા માટે કાળજીપૂર્વક વિશ્લેષણ અને બહુવિધ સમાંતર અમલીકરણ પગલાઓ વચ્ચેના જોડાણોની સમીક્ષા જરૂરી રહેશે. આમાં પ્રારંભિક તબક્કે કરેલા કેટલાક આર્થિક રોકાણનો પણ સમાવેશ કરવામાં આવશે (જેમ કે પ્રારંભિક બાળપણની સંભાળ અને શિક્ષણ માટેના ભૌતિક સંસાધનોની વ્યવસ્થા) કે જે બધા માટે મજબૂત આધાર અને સરળ પ્રગતિ સુનિશ્ચિત કરવા માટે આવશ્યક રહેશે.

**૨૭.૩.** કેન્દ્ર અને રાજ્યકક્ષાએ સંબંધિત મંત્રાલયો સાથે મળીને નીતિના અમલીકરણ માટે વિષય મુજબ નિષ્ણાતોની અમલીકરણ સમિતિ બનાવવામાં આવશે. જેથી આ નીતિના તમામ ઉદ્દેશોને તબક્કાવાર અને સ્પષ્ટરૂપથી પ્રાપ્ત કરવામાં ઉપરોકત સિદ્ધાંતો અનુસાર એક વિસ્તૃત કાર્યાન્વયન યોજના તૈયાર કરશે. **MHRD** અને રાજ્યો દ્વારા રચિત નિયુક્ત જૂથો દ્વારા કાર્યાન્વયન મુદ્દાઓ માટે તૈયાર કરેલ લક્ષ્યો અનુસાર નીતિની પ્રત્યેક વર્ષે સંયુક્ત સમીક્ષા કરવામાં આવશે અને આ સમીક્ષા **CABE** ની સાથે વહેંચવામાં આવશે. ૨૦૩૦-૪૦ ના દાયકા સુધીમાં, આખી નીતિ ક્રિયાન્વિત અવસ્થામાં આવી ગઈ હશે અને તેની એક વધુ વ્યાપક સમીક્ષા કરવામાં આવશે.

*********

| ટૂંકાક્ષરી | | |
|---|---|---|
| ABC | Academic Bank of Credit | -- |
| AI | Artificial Intelligence | કૃત્રિમ બુદ્ધિમત્તા |
| AC | Autonomous degree-granting College | પદવી એનાયત કરનાર સ્વાયત્ત મહાવિદ્યાલયો |
| AEC | Adult Education Centre | પ્રૌઢ શિક્ષણ કેન્દ્ર |
| API | Application Programming Interface | -- |
| AYUSH | Ayurveda, Yoga and Naturopathy, Unani, Siddha and Homeopathy | આયુર્વેદ, યોગ અને નેચરોપેથી, યુનાની, સિદ્ધ અને હોમીયોપેથી |
| B.Ed. | Bachelor of Education | -- |
| BEO | Block Education Officer | -- |
| BITE | Block Institute of Teacher Education | -- |
| BoA | Board of Assessment | -- |
| BoG | Board of Governors | -- |
| BRC | Block Resource Centre | -- |
| B.Voc | Bachelor of Vocational Education | વ્યવસાયલક્ષી શિક્ષણના સ્નાતક |
| CABE | Central Advisory Board of Education | કેન્દ્રિય શિક્ષણ સલાહકાર બોર્ડ |
| CBCS | Choice Based Credit System | -- |
| CBSE | Central Board of Secondary Education | કેન્દ્રીય માધ્યમિક શિક્ષણ બોર્ડ |
| CIET | Central Institute of Educational Technology | કેન્દ્રીય શૈક્ષણિક તકનીકી સંસ્થાન |
| CMP | Career Management and Progression | કારકિર્દી વ્યવસ્થાપન અને પ્રગતિ |
| CoA | Council of Architecture | વાસ્તુકલા પરિષદ |
| CPD | Continuous Professional Development | સતત વ્યાવસાયિક વિકાસ |
| CRC | Cluster Resource Centre | જૂથ સંસાધન કેન્દ્ર |
| CWSN | Children With Special Needs | વિશિષ્ટ જરૂરિયાતવાળા બાળકો |
| DAE | Department of Atomic Energy | પરમાણું ઉર્જા વિભાગ |
| DBT | Department of Biotechnology | જૈવપ્રૌદ્યોગિકી વિભાગ |
| DEO | District Education Officer | જીલ્લા શિક્ષણ અધિકારી |
| DIET | District Institute of Education and Training | જીલ્લા શિક્ષણ અને તાલીમ ભવન |
| DIKSHA | Digital Infrastructure for Knowledge Sharing | -- |
| DSE | Directorate of School Education | શાળા શિક્ષણ નિયામક |
| DST | Department of Science and Technology | વિજ્ઞાન અને તકનીકી વિભાગ |
| ECCE | Early Childhood Care and Education | પ્રારંભિક બાળ સંભાળ અને શિક્ષણ |
| EEC | Eminent Expert Committee | પ્રખ્યાત વિશેષજ્ઞ સમિતિ |
| GCED | Global Citizenship Education | વૈશ્વિક નાગરીકત્વનું શિક્ષણ |
| GDP | Gross Domestic Product | સકલ ઘરેલું ઉત્પાદ |
| GEC | General Education Council | સામાન્ય શિક્ષણ પરિષદ |
| GER | Gross Enrolment Ratio | કુલ નોંધણી ગુણોત્તર |

| | | |
|---|---|---|
| GFR | General Financial Rule | સામાન્ય વિત્તીય નિયમ |
| HECI | Higher Education Commission of India | ભારતીય ઉચ્ચતર શિક્ષણ આયોગ |
| HEGC | Higher Education Grants Council | ઉચ્ચ શિક્ષણ અનુદાન પરિષદ |
| HEI | Higher Education Institutions | ઉચ્ચ શિક્ષણ સંસ્થાઓ |
| ICAR | Indian Council of Agricultural Research | ભારતીય કૃષિ સંશોધન પરિષદ |
| ICHR | Indian Council of Historical Research | ભારતીય ઈતિહાસ સંશોધન પરિષદ |
| ICMR | Indian Council of Medical Research | ભારતીય તબીબી સંશોધન પરિષદ |
| ICT | Information and Communication Technology | માહિતી અને પ્રત્યાયન તકનીકી |
| IDP | Institutional Development Plan | સંસ્થાકીય વિકાસ યોજના |
| IGNOU | Indira Gandhi National Open University | -- |
| IIM | Indian Institute of Management | ભારતીય વ્યવસ્થાપન સંસ્થાન |
| IIT | Indian Institute of Technology | ભારતીય તકનીકી સંસ્થાન |
| IITI | Indian Institute of Translation and Interpretation | ભારતીય અનુવાદ અને અર્થઘટન સંસ્થાન |
| ISL | Indian Sign Language | ભારતીય સાંકેતિક ભાષા |
| ITI | Industrial Training Institute | ઔદ્યોગીક તાલીમ સંસ્થા |
| M.Ed. | Master of Education | શિક્ષણના અનુસ્નાતક |
| MBBS | Bachelor of Medicine and Bachelor of Surgery | -- |
| MERU | Multidisciplinary Education and Research Universities | બહુવિદ્યાશાખાકીય શિક્ષણ અને સંશોધન વિશ્વવિદ્યાલયો |
| MHFW | Ministry of Health and Family Welfare | આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રાલય |
| MHRD | Ministry of Human Resource Development | માનવ સંસાધન વિકાસ મંત્રાલય |
| MoE | Ministry of Education | શિક્ષણ મંત્રાલય |
| MOOC | Massive Open Online Course | -- |
| MOU | Memorandum of Understanding | સમજૂતી કરાર |
| M. Phil | Master of Philosophy | -- |
| MWCD | Ministry of Women and Child Development | મહિલા અને બાળવિકાસ મંત્રાલય |
| NAC | National Accreditation Council | રાષ્ટ્રીય માન્યતા પરિષદ |
| NAS | National Achievement Survey | રાષ્ટ્રીય સિદ્ધિ સર્વેક્ષણ |
| NCC | National Cadet Corps | -- |
| NCERT | National Council of Educational Research and Training | રાષ્ટ્રીય શૈક્ષણિક સંશોધન અને તાલીમ પરિષદ |
| NCF | National Curriculum Framework | રાષ્ટ્રીય અભ્યાસક્રમ માળખું |
| NCFSE | National Curriculum Framework for School Education | રાષ્ટ્રીય શાળા શિક્ષણ અભ્યાસક્રમ માળખું |
| NCFTE | National Curriculum Framework for Teacher Education | રાષ્ટ્રીય શિક્ષક પ્રશિક્ષણ અભ્યાસક્રમ માળખું |
| NCIVE | National Committee for the Integration of Vocational Education | વ્યાવસાયિક શિક્ષણના એકીકરણ માટેની રાષ્ટ્રીય પરિષદ |
| NCPFECCE | National Curricular and Pedagogical Framework for Early Childhood Care and Education | પ્રારંભિક બાળસંભાળ અને શિક્ષણ માટેનું રાષ્ટ્રીય અભ્યાસક્રમ અને અધ્યાપનશાસ્ત્ર |

| | | |
|---|---|---|
| | | માળખું |
| NCTE | National Council for Teacher Education | રાષ્ટ્રીય શિક્ષક પ્રશિક્ષણ પરિષદ |
| NCVET | National Council for Vocational Education and Training | રાષ્ટ્રીય વ્યાવસાયિક શિક્ષણ અને તાલીમ સંસ્થાન |
| NETF | National Educational Technology Forum | રાષ્ટ્રીય શૈક્ષણિક તકનીકી ફોરમ |
| NGO | Non-Governmental Organization | બિનસરકારી સંસ્થા |
| NHEQF | National Higher Education Qualifications Framework | રાષ્ટ્રીય ઉચ્ચ શિક્ષણ યોગ્યતા માળખું |
| NHERC | National Higher Education Regulatory Council | રાષ્ટ્રીય ઉચ્ચ શિક્ષણ નિયમન પરિષદ |
| NIOS | National Institute of Open Schooling | રાષ્ટ્રીય મુક્ત શિક્ષણ સંસ્થાન |
| NIT | National Institute of Technology | રાષ્ટ્રીય તકનીકી સંસ્થાન |
| NITI | National Institution for Transforming India | -- |
| NPE | National Policy on Education | રાષ્ટ્રીય શિક્ષણ નીતિ |
| NPST | National Professional Standards for Teachers | શિક્ષક માટેના રાષ્ટ્રીય વ્યાવસાયિક માનાંકો |
| NRF | National Research Foundation | રાષ્ટ્રીય સંશોધન પ્રતિષ્ઠાન |
| NSQF | National Skills Qualifications Framework | રાષ્ટ્રીય કૌશલ્ય લાયકાત માળખું |
| NSSO | National Sample Survey Office | -- |
| NTA | National Testing Agency | -- |
| OBC | Other Backward Classes | -- |
| ODL | Open and Distance Learning | મુક્ત દૂરસ્થ શિક્ષણ |
| PARAKH | Performance Assessment, Review and Analysis of Knowledge for Holistic development | -- |
| PCI | Pharmacy Council of India | -- |
| PFMS | Public Financial Management System | -- |
| Ph.D. | Doctor of Philosophy | -- |
| PSSB | Professional Standard Setting Body | વ્યાવસાયિક માનાંક નિર્ધારણ સંસ્થા |
| PTR | Pupil Teacher Ratio | વિદ્યાર્થી શિક્ષક ગુણોત્તર |
| R&I | Research and Innovation | સંશોધન અને નવીનીકરણ |
| RCI | Rehabilitation Council of India | -- |
| RPWD | Rights of Persons with Disabilities | દીવ્યાંગોના અધિકારો |
| SAS | State Achievement Survey | રાજ્ય મૂલ્યાંકન સર્વેક્ષણ |
| SC | Scheduled Caste(s) | અનુસૂચિત જાતિ |
| SCDP | School Complex/Cluster Development Plans | શાળા સંકુલ |
| SCERT | State Council of Educational Research and Training | રાજ્ય શૈક્ષણિક સંશોધન અને તાલીમ પરિષદ |
| SCF | State Curricular Framework | રાજ્ય અભ્યાસક્રમ માળખું |
| SCMC | School Complex Management Committee | શાળા સંકુલ વ્યવસ્થાપન સમિતિ |
| SDG | Sustainable Development Goal | સાતત્યપૂર્ણ વિકાસ લક્ષ્યાંકો |
| SDP | School Development Plan | શાળા વિકાસ યોજના |
| SEDG | Socio-Economically Disadvantaged Group | સામાજિક-આર્થિક રીતે વંચિત જૂથ |

| | | |
|---|---|---|
| SEZ | Special Education Zone | વિશેષ શિક્ષણ ઝોન |
| SIOS | State Institutes of Open Schooling | રાજ્ય મુક્ત શિક્ષણ સંસ્થાન |
| SMC | School Management Committee | શાળા વ્યવસ્થાપન સમિતિ |
| SQAAF | School Quality Assessment and Accreditation Framework | -- |
| SSA | Sarva Shiksha Abhiyan | સર્વ શિક્ષા અભિયાન |
| SSS | Simple Standard Sanskrit | સરળ પ્રમાણભૂત સંસ્કૃત |
| SSSA | State School Standards Authority | રાજ્ય શાળા માનાંક પ્રાધિકરણ |
| ST | Scheduled Tribe(s) | અનુસૂચિત જનજાતિ |
| STEM | Science, Technology, Engineering, and Mathematics | વિજ્ઞાન, તકનીકી, ઈજનેરીવિદ્યા અને ગણિતશાસ્ત્ર |
| STS | Sanskrit Through Sanskrit | સંસ્કૃત દ્વારા સંસ્કૃત |
| SWAYAM | Study Webs of Active Learning for Young Aspiring Minds | -- |
| TEI | Teacher Education Institution | શિક્ષક પ્રશિક્ષણ સંસ્થાન |
| TET | Teacher Eligibility Test | શિક્ષક અભિયોગ્યતા કસોટી |
| U-DISE | Unified District Information System for Education | -- |
| UGC | University Grants Commission | વિશ્વવિદ્યાલય અનુદાન આયોગ |
| UNESCO | United Nations Educational, Scientific and Cultural Organization | -- |
| UT | Union Territory | કેન્દ્રશાસિત પ્રદેશ |
| VCI | Veterinary Council of India | ભારતીય પશુચિકિત્સા પરિષદ |

*****